વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૪મું
જાન્યુઆરી - ૨૦૧૯
અંક : ૪૮૮

મંગલ મંદિર ● જાન્યુઆરી-૨૦૧૯ ● ૧
(કુલ પાના : ૮૪)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર









: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાળા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060

Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org


A NAVNEET product
A PENCIL ONCE DREAMT IN COLOUR. AND THE DREAM BECAME A REALITY.
PREMIUM COLOUR PENCILS
24 COLOUR PENCILS
PRE - SHARPENED FULL BONDED LEAD.
COLOUR PENCIL 2 IN 1- PACK OF 12
COLOUR PENCIL 2 IN 1- PACK OF 18
Choose Youva Colour Pencils and see how an otherwise regular drawing starts getting dramatic. Think of people, places, landscapes, objects and bring them to life on your drawing paper. Don't stop. Dream on.
YOUVA
ART of being COOL
www.youvaworld.com

DEEP Industries Limited

Oil & Gas Exploration
Production & Services



- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

• CONTACT DETAILS •


Deep Industries Limited

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ

**અમદાવાદ**

**આયોજીત**



## સમસ્ત જૈનો માટે

# સાતમો લગ્નોત્સુક પરિચય મેળો

**રવિવાર તા.૧૦-૩-૨૦૧૯ ના રોજ બપોરે ૩.૦૦ કલાકેથી રાખેલ છે.**
**આ સંમેલનમાં ભાગ લેવા ઈચ્છુક દિકરા-દિકરીઓએ**
**શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે ના કાર્યાલયનો સંપર્ક કરવો.**

હીરજી પાસુ શાહ (મો. 93203 16868)
કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**સંપર્કસૂત્ર**

**શ્રીમતી વિણાબેન સંઘવી** 80007 39698
**શ્રીમતી નીતાબેન સંઘવી** 97372 66648
**શ્રીમતી અમીબેન શાહ** 99796 51929

છેલ્લા ૪૨ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

### લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- તબીબી ક્ષેત્રે નવું કીર્તિમાન
  વિશ્વમાં પ્રથમ વખત ટેલિ રોબોટિક સર્જરી કરવામાં આવી .......... ૭
- સ્વાગતમ્ .......... **રજનીકાંત ઓઝા** .......... ૮
- સમાજ સેવા સમર્પિત કાર્યકરને શુભ કામના! .......... **દિનેશ આર. મહેતા** .......... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક .......... ૧૦

**દીપશીખા**

- સફળતા માટે વિચાર મેનેજ કરો
- સફળતાની એક પદ્ધતિ : 'કિઝેન' મેનેજમેન્ટ .......... **ડૉ. પૂજા કોટક, સંકલન : આર.એન. કોટક** .......... ૧૧
- આ દેહ ઈશ્વરની થાપણ છે .......... **સંગ્રાહક : ગાંધી યુરો કેર, અમદાવાદ** .......... ૧૨
- સમજણના સૂર : જીતવું છે? .......... **પ્રાસાદિકા : ભાર્ગવી દોશી** .......... ૧૨

**YOUTH CLUB**

- **Golden Rays!!** .......... ૧૩

**લેખ વિભાગ**

**પ્રાસંગિક**

- મંગલ મંદિર માનવસેવા પરિવાર – બગોદરામાં રસ્તે રઝળતા
  મંદબુદ્ધિ, નિરાધારની સુશ્રુષા અને પરિવાર મિલન .......... **કિરણ ચાંપાનેરી 'સેતુ'** .......... ૧૪
  **ફ્રીલાન્સ પત્રકાર**

**પ્રજાતંત્ર**

- બંધારણ અને આપણી ફરજ - ૧ .......... **મિતેષ સોલંકી, એંકર, જર્નાલિસ્ટ** .......... ૧૬
  **M.Sc., M.Phil., MBA**

**કચ્છ**

- કચ્છનું સંશોધન માંગતું સ્થાપત્ય : વડીમેડી .......... **નરેશ પી. અંતાણી** .......... ૧૯

**જીવન વૃત્તાંત**

- જેમ્સ ઑફ ઈન્ડિયા : અરુણા અસફઅલી .......... **નેહા ભાવેશ પારેખ** .......... ૨૧

**વિચાર મંથન**

- આગળ વધતી દુનિયા સાથે કદમ મિલાવવા હોય તો... .......... **ડૉ. યાસીન દલાલ** .......... ૨૫
- પરિવર્તન .......... **મુરજી ગડા** .......... ૨૭

**સંસ્કૃતિ**

- રામાનંદાચાર્યજીના જીવન પ્રસંગ .......... **કિશોર સાધુ** .......... ૨૮
  **મદદનીશ પ્રકાશન અધિકારી, ગુજરાત રાજ્ય સહકારી સંઘ**

**ફરજ પાલન**

- દીકરી બચાવો - દીકરી ભણાવો : એક અલગ સંદર્ભમાં .......... **નવીન પારેખ** .......... ૨૯
  **Ph.D., Scholar in Jain Philosophy**
- એક આદર્શ તબીબની પ્રાથમિકતા .......... **ડૉ. સુધીર ચી. મોદી** .......... ૩૨

**વાર્તા**

- એક માનો પશ્ચાત્તાપ .......... **ડૉ. ઊર્મિલા શાહ** .......... ૩૪
- સાચો રસ્તો .......... **અરુણા અરુણ ઠક્કર** .......... ૩૬
- ચોથું પરિમાણ .......... **હંસરાજ કંસારા** .......... ૪૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**સહમંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## પ્રકીર્ણ


- ભારતમાં શાકાહારી પરંપરા સનાતન કાળથી ચાલી આવી છે.... **ડૉ. મિહિર એમ. વોરા**.... ૪૪
- આ અઘરું નથી... ● ઉત્તમ વિચારનું મહાન ફળ! .............................. **જયંતિ ધોકાઇ**.... ૪૫
- ગુજરાતની અનોખી સંસ્થા : ગુજરાત નગરપાલિકા પરિષદ ...................... **પૃથ્વી શાહ**..... ૪૬


## સફળતા


- કેટલીક સફળ વ્યક્તિની પાછળ એના જીવન સાથીનો હાથ હોય છે...**પ્રવીણચંદ્ર શામજી શાહ (ધરમશી)**..... ૪૭


## ચટકદાર


- પાણીપુરી વિશે અવનવું!............................................................**નજમા ગોલીબાર**.... ૪૯


## રંગભૂમિ


- ઉત્તમ ફિલ્મી કથાગીત તરીકે મશહૂર – 'એક થા ગુલ ઔર એક થી બુલબુલ'.......... **સંકલન - આસ્વાદ : જીના વીરેન શેઠ**.... ૫૦


## એક નજર


- સુગંધી પુષ્પો ...................................................................................... ૫૩
- રાષ્ટ્રીય ચિહ્ન ● રાષ્ટ્રીય ધ્વજ ● ભારત વિશેની અન્ય માહિતી ● રાષ્ટ્રીય ગીત.............. ૫૪
- વિશ્વમાં આવેલા ધરતીકંપ (વર્ષ ૨૦૦૫ સુધી) ..................................................... ૫૫
- વંદે માતરમ ● ઓલિમ્પિક્સ ......................................................................... ૫૬
- મેરા દેશ મહાન ..................................................................................... ૫૭
- ભારતની સર્વપ્રથમ વ્યક્તિ .......................................................................... ૫૮
- મહાપુરુષોના સમાધિ સ્થળ ● ભારતના વડા પ્રધાનોના નામ ........................................ ૫૯


## ધારાવાહિક નવલકથા


- છોરાંવછોઈ – (૨૭) જ્યોતિકાએ માની ઉદાસીનું કારણ જાણ્યું ..................................**હંસરાજ સાંખલા**..... ૬૦


## વૈવિધ્ય


- અમદાવાદના પ્રાચીન જિનાલયો - ૩ .....**પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)**..... ૬૩
- જોક્સ જંકશન ....................................................................................... ૬૪


## મનોરમ્ય


- કાંટો કા સફર : **દીપકપુરી 'દર્દે દિલ'** ● શોધ : **રમીલા પી. મહેતા**......................... ૬૫
- આંઉં : **રવિ પેથાણી 'તિમિર'** ● પ્રભુ તેરી કૃપાસે... : **દિનેશ ગરવા 'દીપ'** ................ ૬૫
- રોકડેંજી રામાયણ – ધોરા રણ : **પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ'** ● વિચારો : **જયંતિ ધોકાઇ**............. ૬૬
- હાઈકુ : **ધીરુભાઈ ભટ્ટ** ................................................................................ ૬૬
- મેરા હી મેરા ન થા : **'આરસી' શાહ** ................................................................ ૬૭


## નિયમિત વિભાગો


- બાલુડેં જ્યું ગાલિયું..................................... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**..... ૬૭
- જાણવા જેવું ● *Nano Nine* શબ્દ રમત-૧૪૮............. **સંકલન : રજનીકાંત પારેખ**..... ૭૦
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૧૦૫).................. **સંકલન : રજનીકાંત પારેખ**..... ૭૩
- વલોવતન .................................................. **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**..... ૭૫
- સમાજ દર્પણ ......................................................................................... ૭૭
- સંસ્થા સમાચાર ...................................................................................... ૭૭
- ઊડતી નજરે .......................................................................................... ૮૦


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# તબીબી ક્ષેત્રે નવું કીર્તિમાન
# વિશ્વમાં પ્રથમ વખત ટેલિ રોબોટિક સર્જરી કરવામાં આવી

ગુજરાતના - ગાંધીનગરમાં રહીને અમદાવાદના એસ.જી. હાઈવે પર આવેલી એક હોસ્પિટલમાં ધમનીના બ્લોકેજને કારણે હૃદયરોગના ભયથી પીડાતી એક મહિલા પર ટેલિરોબોટિકથી સફળતાપૂર્વક સર્જરી કર્યાના સમાચાર ઉત્સાહપ્રેરક છે. દર્દીની ધમનીમાંનો મુખ્ય અવરોધ દૂર કર્યા બાદ સ્ટેન્ટ બેસાડવાની સર્જરી અમદાવાદના ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડૉ. તેજસ પટેલે તાજેતરમાં ખૂબ સફળતાપૂર્વક પાર પાડીને એક નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. બીજી તરફ, અમદાવાદમાં દર્દી પાસે ઉપસ્થિત તબીબોની ટીમનું નેતૃત્વ લેનાર હતા ડૉ. સંજય શાહ. **વિશ્વમાં કરવામાં આવેલી આ પ્રકારની આ પ્રથમ રિમોટ પર આધારિત સર્જરી થઈ છે.** માનવ પર ટેલિરોબોટિક દ્વારા જટિલ સર્જરી કરવાનો વિશ્વમાં આ પ્રથમ કિસ્સો છે. આવી રીતે એક માનવ હૃદય અન્ય જરૂરતમંદ વ્યક્તિના શરીરમાં પ્રત્યારોપણ કરવાની એક મુશ્કેલ સર્જરી પણ થોડા વર્ષ અગાઉ ગુજરાતમાં અમદાવાદની એક હોસ્પિટલમાં સફળતાપૂર્વક કરવામાં આવી હતી. જો કે, આ પ્રકારની સર્જરી અન્ય રાજ્યોમાં છેલ્લા કેટલાય સમયથી થઈ રહી છે. **પરંતુ સર્જરીના અત્રે જણાવાયેલ કિસ્સાઓથી ગુજરાત રાજ્યનું નામ મેડિકલ ક્ષેત્રે રોશન થયું છે** એમાં બે મત નથી. ઉપરોક્ત ટેલિરોબોટિક સર્જરી મેડિકલ ટર્મ્સમાં પરક્યુટેનસ કોરોનરી ઈન્ટરવેન્શન (પી.સી.આઈ.) તરીકે જાણીતી છે. અગાઉ તે સર્જરી એન્જિયોપ્લાસ્ટિ વિથ સ્ટેન્ટથી ઓળખાતી હતી. નવી ટેકનોલોજીના કારણે દર્દીના શરીર પર મોટી વાઢકાપ વિના સર્જરી આસાનપૂર્વક કરી શકાશે, જે એક મહત્ત્વની બાબત છે.

જાહેર થયેલી માહિતી અનુસાર ડૉક્ટરે ગાંધીનગરમાં રહીને કોમ્પ્યુટર કમાન્ડથી સર્જરી કરીને રોબોટને રક્તવાહિનીમાં અંદર લઈને સંકોચાઈ ગયેલી ધમનીને પહોળી કરી હતી. ત્યારબાદ તેમાં સ્ટેન્ટ બેસાડીને રક્ત પ્રવાહને થોડી જ વારમાં સામાન્ય કર્યો હતો. આ સમગ્ર સર્જરી લગભગ આઠ મિનિટમાં જ પૂરી કરવામાં આવી હતી. જે એક જ્વલંત સિદ્ધિ સમાન ગણી શકાય. **આધુનિક સાયન્સ અને ટેકનોલોજીના કારણે આ પ્રકારની સર્જરી શક્ય થઈ છે** એમ જણાવવામાં જરાય અતિશયોક્તિ થતી નથી.

આ ટેકનોલોજીનો લાભ હવે દૂરના અને અંદરના ગામોને મળશે જે ખૂબ જ અગત્યનો મુદ્દો છે. અંદરના ગામોના લોકો તાત્કાલિક શહેરમાં આવીને જટિલ સર્જરી કરવા બધી રીતે શક્તિમાન હોતા નથી. તેવા કિસ્સાઓમાં આ પ્રકારની તબીબી પ્રક્રિયા અતિ લાભકારક બની શકે છે. આ કારણે માનવ જીવનને તુરત જ બચાવી લેવાનું હવે શક્ય બનશે તેવો વિશ્વાસ અસ્થાને નથી.

નિષ્ણાત તબીબોનો લાભ લેવા માટે દૂરના ગામોમાં તાલીમ પ્રાપ્ત કરેલી તબીબી ટીમ તૈયાર કરવાની કામગીરી કરવી પડશે. આ રીતનું સેટ-અપ એક વખત તૈયાર થઇ જતાં ખૂબ દૂરની વ્યક્તિને જરૂરી સારવાર તુર્ત જ આપી શકાશે. લકવા, હૃદયરોગ જેવી બીમારીની સારવારમાં આ ટેકનોલોજી આગામી થોડા સમયમાં અતિ મહત્ત્વની ભૂમિકા ભજવી શકશે. આ કિસ્સા પરથી એટલું ચોક્કસ કહી શકાય કે ટેલિરોબોટિક તબીબી પ્રક્રિયાને અગર વ્યવસ્થિત કરવામાં આવશે તો ભારત જેવા દેશોમાં તબીબી ક્ષેત્રે ક્રાંતિ સર્જાશે. **જરૂરી અને સમયસર તબીબી સારવારના અભાવે દૂર ગામડાંઓના દર્દીઓના મોત થતા હોય છે. તેને આ પ્રકારની ટેકનોલોજીથી બચાવી શકાશે.** એટલું જ નહીં, પરંતુ તેમના માટે આ સંશોધન બધી જ રીતે આશીર્વાદરૂપ સાબિત થશે.

વિશ્વમાં ઇતિહાસ સર્જતી આ સર્જરી કરવા બદલ બંને બાજુના સંબંધિત ડૉક્ટર તથા તેમની ટીમ અભિનંદનને પાત્ર છે. **આ ઉત્કૃષ્ટ સિદ્ધિને હજુ આગળ લઇ જવા માટે સરકાર તરફથી જરૂરી તમામ મદદ મળે તે ખૂબ મહત્ત્વનું છે.** આજે આપણો રાષ્ટ્ર ઉપરોક્ત ક્ષેત્રમાં જાપાન, અમેરિકા જેવા દેશોની સરખામણીએ અનેક વર્ષો પાછળ ચાલે છે. આ સ્થિતિમાંથી બહાર આવવા માટે દરેક જ્ઞાતિના સમાજો તથા ખાનગી સંસ્થાઓ પોતાની ચીલાચાલુ પ્રવૃત્તિઓના સ્થાને સાયન્સ, ટેકનોલોજી, આઈ.ટી. અને સંશોધન ક્ષેત્રે યુવાવર્ગને પ્રોત્સાહિત કરવા માટે વિચારવાનો સમય આવી ગયો છે. તે સાથે સ્કૂલ, બોર્ડ તેમજ દરેક યુનિવર્સિટી લેવલે આ પ્રકારનું પરિવર્તન થવું જોઈએ. તો જ યુવાવર્ગ, તેમનો પરિવાર અને સમગ્ર સમાજ પ્રગતિ કરી શકશે. એટલું જ નહીં પરંતુ સામાન્ય પ્રજાજન તેનાં થકી લાંબાગાળે સુખ તથા શાંતિની અનુભૂતિ કરી શકશે.

દરમિયાન, આ તબક્કે આપણે અપેક્ષા સેવીએ કે નવા વર્ષ – ૨૦૧૯માં આ પ્રકારના માહોલનું સર્જન થતાં જ રાજ્ય અને રાષ્ટ્ર ખરા અર્થમાં વિકાસના પંથે આગળ જઈ શકશે. ■

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

**જાન્યુઆરી માસ**

૦૧ નૂતન વર્ષ દિન
૦૯થી ૧૧ પ્રવાસી ભારતીય દિન
૧૧ લાલબહાદુર શાસ્ત્રી પુણ્યતિથિ
૧૨ યુવા દિન (સ્વામી વિવેકાનંદ જન્મદિન)
૧૪ મકરસંક્રાંતિ દિન
૧૫. થલ સેના દિન
૨૩. દેશપ્રેમ દિન (સુભાષચંદ્ર બોઝનો જન્મદિન)
૨૫ મતદાર દિન
૨૬. પ્રજાસત્તાક દિન
૩૦ શહીદ દિન (મહાત્મા ગાંધી પુણ્યતિથિ, રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન)

## વિશ્વ : અગત્યના દિન

**જાન્યુઆરી માસ**

૦૧ નૂતન વર્ષ દિન
૧૦ વિશ્વ હાસ્ય દિન
૩૦ શહીદ દિન (મહાત્મા ગાંધી પુણ્યતિથિ)
વિશ્વ કસ્ટમ દિન.

## સ્વાગતમ્




*અડધી રાતે*
*બારણે*
*ટકોરા*
*પડ્યા.*
*બારણાં*
*ખોલી*
*જોયું તો*
*૨૦૧૯નું વર્ષ*
*ઊભું હતું.*

**– રજનીકાંત ઓઝા**



# સમાજ સેવા સમર્પિત કાર્યકરને શુભ કામના!



**શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ**

***ચલ પડે હૈં હમ તો, મંઝીલ પાકર હી રૂકેંગે; કભી ઠહરી હુઈ બારીશ, હમને નહીં દેખી.***

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની એક ખાસ વિશિષ્ટતા રહી છે કે, એની પાસે સમાજસેવા સમર્પિત અનેક આગેવાનો અને કાર્યકર્તાઓ છે. સમાજને દાયકાઓથી એમની સમાજ સેવાઓનો લાભ મળતો રહ્યો છે. પરિણામે સમાજ અવિરતપણે સર્વાંગી વિકાસ અને પ્રગતિ સાધી રહ્યો છે. સમાજ પણ એમની સેવાઓની સમય ઉચિત નોંધ લે છે.

સમાજ સેવા સમર્પિત આવા એક મહાનુભાવના જન્મ દિવસની ખુશીમાં તા. ૧૮-૧૨-૨૦૧૮ના રોજ સમાજ દ્વારા જોગાનુજોગ આયોજિત એક કાર્યક્રમ અંતર્ગત તેમનું વિશેષ સન્માન થયું અને પ્રસંગોચિત અભિવાદન કરવામાં આવ્યું. આ મહાનુભાવ છે... આપણા લાડીલા સદાય યુવાન શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ.

શ્રી પ્રતાપભાઈએ આ વર્ષે ૧૭ ડિસેમ્બરના રોજ ૭૫ વર્ષ પૂરા કર્યા. તેમનો જન્મ કચ્છમાં અબડાસા તાલુકાના તેરા મુકામે થયો. કચ્છમાં વિવિધ સ્થળોએ અભ્યાસ પૂરો કરીને અંજારમાં થોડા વર્ષ પોતાના વ્યવસાયમાં કાર્યરત રહ્યા. ત્યારબાદ ૧૯૭૨થી અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવી. ૧૯૭૫થી આ સમાજમાં પણ સેવાભાવી કાર્યકર તરીકે પોતાનું યોગદાન આપવાનું શરૂ કર્યું. ૨૦૦૧ના ભૂકંપ પશ્ચાત સમાજ આયોજિત રાહતકાર્યો માટે રાત-દિવસ જોયા વિના કાર્યરત રહ્યા. જન્મ ભોમકાના ભાંડુઓ માટે જરૂરી સહાય અર્થે અવિરત પ્રયાસ કરતા રહ્યા. સમાજને પોતાની કાર્યશક્તિ અને સમર્પિત ભાવનાનો પરિચય આપ્યો. ત્યારબાદ એમણે આપણા સમાજની અવિરત સેવા કરી છે. તેમની સેવાઓની વિસ્તૃત નોંધ લેવી હોય તો આ અંકના પૃષ્ઠો ઓછા પડે. માટે એટલું જ કહેવું બસ થશે કે, પ્રગતિશીલ સમાજની પ્રત્યેક પ્રવૃત્તિઓમાં તેમનું યોગદાન રહ્યું છે. વર્ષ ૨૦૦૨થી તેઓશ્રીએ સમાજના મંત્રી તરીકે સેવાઓ આપી. એ સમય દરમિયાન સમાજના સીમાસ્તંભ ત્રણે ભવનો અને ખાસ કરીને વિશ્રામ ગૃહની રચના અને વિકાસમાં એમનું નોંધપાત્ર યોગદાન રહ્યું. તેમાં પણ આ ઈમારતોના રિનોવેશન કાર્યો, મેડિકલ સેન્ટરના નવીનીકરણ માટે તથા તેનો વ્યાપ વિસ્તૃત કરવામાં, ડાયાલિસિસ સેન્ટરને કાર્યરત કરવામાં તથા વિશ્રામ ગૃહ ખાતે કચ્છ સાંસ્કૃતિક મ્યુઝિયમ સ્થાપવામાં એમણે મહત્ત્વની ભૂમિકા અદા કરી.

શ્રી પ્રતાપભાઈ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પ્રાયોજિત કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના પણ સ્થાપક સભ્ય તથા ત્યારથી આજપર્યંત મંત્રીપદે કાર્યરત છે. જ્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હાલે મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રીના હોદ્દા પર બિરાજમાન છે.

આ રીતે ચાર દાયકા કરતા વધુ સમયથી શ્રી પ્રતાપભાઈ આ સમાજ સાથે સમર્પિત રહીને સેવાભાવ સાથે પોતાનું યોગદાન પ્રદાન કરી રહ્યા છે. જેની 'મંગલ મંદિર' સગર્વ નોંધ લે છે. એમને ૭૬મા જન્મ દિવસની વધાઈ આપે છે અને એમના દીર્ઘાયુની કામના કરે છે.

***— દિનેશ આર. મહેતા, 'મંગલ મંદિર' તંત્રી મંડળ***

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● શનિવાર, તા. ૧૯-૧-૨૦૧૯ રાત્રે ૮.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી (બેઝમેન્ટ હોલ) | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિનું આયોજન. એક્સેલર્સ ફાઉન્ડેશન અને શ્રી કચ્છી જૈન સેવા સમાજના ઉપક્રમે. | "ક્ષમા વીરસ્ય ભૂષણમ્" – સેમિનાર. |
| ● રવિવાર, તા. ૨૦-૧-૨૦૧૯ (સમય : ફોન સંપર્ક દ્વારા) | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ધોરણ-૮ થી ધોરણ-૧૨માં ભણતા બાળકો માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ |
| ● મંગળવાર, તા. ૨૨-૧-૨૦૧૯ બપોરે ૧૨ થી ૨ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મેડિકલ સમિતિ | ડાયાબિટીસના દર્દીઓ તથા આંખના પડદાની તકલીફવાળા દર્દીઓ માટે રેટિના સ્ક્રીનિંગનો કેમ્પ. |
| ● શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૯ સવારે ૯.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ સિનિયર આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ દ્વારા. |
| ● સોમવાર, તા. ૩૧-૧-૨૦૧૯ (ઈનામી નિબંધ સ્પર્ધામાં નિબંધ મોકલવાની અંતિમ તારીખ) | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | બાળ કલ્યાણ સમિતિ | (૧) ઉંમર વર્ષ ૮ થી ૧૩. (૨) ઉંમર વર્ષ ૧૪થી ૨૦ સમાજના સભ્ય પરિવારના બાળકો માટે ઈનામી નિબંધ સ્પર્ધા. |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

*નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોની વિગતવાર માહિતી સંસ્થા સમાચાર વિભાગમાં જે તે સમિતિના અહેવાલમાં ઉપલબ્ધ છે.*


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

## સફળતા માટે વિચાર મેનેજ કરો

આપણા વિચારોનું મેનેજમેન્ટ થઈ શકે છે. મેનેજમેન્ટની ઘણી શાખાઓ છે અને કોઈપણ બાબતને મેનેજમેન્ટ સાથે જોડી શકાય છે. આ શાખામાં વિચારોનું મહત્ત્વ અને નિયંત્રણ દર્શાવાય છે. આપણે વિવિધ પ્રકારના વિચારો સતત કરતાં હોઈએ છીએ જેમાંના ઘણા નિરર્થક હોય છે. આવા વિચારોનો કચરો આપણા મગજમાં ભેગો થાય છે કારણકે આપણે મગજની સફાઈ કરતા નથી. આમ નકામા વિચારો પર ધારીએ તો કાબૂ મેળવી શકાય છે. માનસિક સ્વચ્છતા અભિયાન ચલાવવું પડે છે.

વિચાર મનુષ્ય જીવનમાં પ્રથમ પગલું છે. 'વિચાર તેવું વર્તન' ઉક્તિ છે. દરેક વ્યક્તિ, તે કેવું વિચારે છે તેને આધારિત છે. આપણી બોલચાલ, પ્રવૃત્તિના પાયામાં ઝુંડ હોય છે. ઘણાં માને છે કે વિચારો નિયંત્રિત કરી શકાતા નથી. એવું નથી, થોડા પ્રયત્નોથી તે તરંગોને નિયંત્રિત કરી શકાય છે. **વિચારોના મેનેજમેન્ટથી સારું ભવિષ્ય ઘડી શકાય છે.** આપણી ભાવનાઓ વિચારાધીન હોવાથી વિચારોની સમીક્ષા તટસ્થતાથી થાય તો નકારાત્મકતા ઓછી થાય છે. એમાં પણ જો ધ્યેય સ્પષ્ટ હોય તો વિચારોને એ દિશા તરફ વાળી શકાય છે. ખોટી માન્યતાઓ કે અમુક પૂર્વગ્રહો દૂર થઈ શકે છે. નિષ્પક્ષ થવું પડે છે. વિચાર કરવાથી જે જોઈતું હોય તે દૂર ભાગે છે. ઇચ્છિત વસ્તુ માટે પોઝિટિવ વિચારો અને નાના પણ હેતુલક્ષી પગલાં થકી વિચારો સ્પષ્ટ અને કેન્દ્રિત થાય છે અને સફળતા મળે છે.

એક શક્તિશાળી વિચારને અપનાવવાથી ખોટા વિચારો સ્વયં દૂર થાય છે. વિચારો આપણી પોતાની પસંદગી છે અને મનને વારંવાર ભરોસો આપવો પડે છે. મનને ખુશ રાખવાથી હકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે. **આપણા વિચારો જીવન પ્રત્યેનો આપણો અભિગમ નક્કી કરે છે. તેથી વિચારોને મેનેજ કરતા શીખો.**

વિચારોનું મેનેજમેન્ટ આપણી સફળતાનું અગત્યનું કદમ છે.

## સફળતાની એક પદ્ધતિ : 'કિઝેન' મેનેજમેન્ટ

આપણે જીવન સાફલ્યતા માટે અનેક પદ્ધતિ / ટેકનિક્સની જાણકારી મેળવતા હોઈએ છીએ અને યોગ્ય રીતરસમનો ઉપયોગ કારકિર્દી - વ્યવસાયની સફળતા મેળવવા કરતા હોવાથી અત્રે 'કિઝેન' (KAIZEN) જાપાનીઝ મેનેજમેન્ટ પદ્ધતિના સિદ્ધાંતો સમજવાનો ઉપક્રમ છે. જેમાં આંતરિક શક્તિ દ્વારા સતત સુધારણા ઉપર ભાર મૂકેલ છે.

જાપાનના સમુરાઈ યોદ્ધાઓ પ્રખ્યાત છે. તેમનું એક સૂત્ર છે : 'કોઈ આશા ન રાખો, સમસ્યાઓ (કાર્ય) માટે તૈયાર રહો.' 'કર્મણ્યે વાધિકારસ્તે, મા ફલેષુ કદાચન.' ભારતીય શાસ્ત્રો પણ આજ વાત કહે છે. આવી જાગૃતિ વ્યક્તિમાં ચેતના જગાડે છે અને તેથી તે સતત પ્રવૃત્તિશીલ રહે છે. આથી આંતરિક પ્રેરણાનું બળ વધે છે અને ધ્યેય સિદ્ધિ સફળતાનો માર્ગ સરળ બને છે. **સફળતાનો માર્ગ વાંકો-ચૂકો અને ઉતાર-ચઢાવવાળો હોય છે. તે ક્યારેય પણ સરળ કે સીધો નથી હોતો. તેથી દરેક અડચણોનો સામનો કરો, હતાશ ન થાઓ પણ યુદ્ધ ચાલુ રાખો એ 'કિઝેન' સૂચવે છે.** કોઈ સ્થિતિ શ્રેષ્ઠ કે પૂર્ણ નથી હોતી. તેમાં સુધારાને અવકાશ હોય છે. જે સફળતાને વરેલા જ કરી શકે છે. અત્રેનો સુધારો માત્ર વ્યક્તિગત જ નથી પણ તે સમાજને પણ ઉપયોગી છે, અન્યને પણ લાભકારક છે.

આ એક એવી 'રેસ' છે જેનો કોઈ અંત નથી. 'સતત બસ સતત જ છે.' અહીં કોઈ પડાવ કે મુકામ નથી. ઘણા 'શૂન્ય'માંથી સર્જન કરતા હોય છે. કેમકે પરિશ્રમ જ અત્રે શ્રેષ્ઠ વિકલ્પ છે. અહીં કોઈ શોર્ટકટ નથી. કોઈ જાદુઈ છડી નથી. **વિકાસનો મહેનતકસ માર્ગ જ છે જે કદાપિ ન છોડવો તે અત્રે સાર છે.** ટોપ પર પહોંચવા મહેનત અને મહાવરાની અત્રે શીખ છે. મિત્રો, દુનિયાનો કોઈપણ મેનેજમેન્ટ સિદ્ધાંત હોય, આપણી મહેનત જ રંગ લાવે છે. તમો વિદ્યાર્થી, પરીક્ષાર્થી, ઉમેદવાર કે વ્યવસાયિક હો, મહેનતના હાર્દને સમજો અને સફળતા મેળવો.

*ડો. પૂજા કોટક - રાજકોટ*

*સંકલન : આર. એન. કોટક - રાજકોટ*

*સૂર્યની જેમ બધાને ચમકવું છે પરંતુ તેના માટે પ્રથમ તો સૂર્યની જેમ જાતને બાળવી પડે છે!*

## આપની તસવીર સાથે મૌલિક લેખ / કૃતિ આવકારપાત્ર

*'મંગલ મંદિર'ને અનુરુપ તથા તેના નીતિ-નિયમોને આધીન મૌલિક લેખ / કૃતિ વગેરે પ્રકાશિત કરવા અર્થે મોકલાવવા તજજ્ઞ લેખકશ્રીઓ તથા સમાજના પરિવારજનોને આહ્વાન આપીએ છીએ. આપશ્રીની કોઈપણ પ્રકારની કૃતિ મોકલાવો ત્યારે તેની સાથે આપની એક તસવીર જરૂર મોકલાવશો.*

## આ દેહ ઇશ્વરની થાપણ છે

કોઈ પદાર્થ, વસ્તુ કે વ્યક્તિત્વ – એ માણસને સુખ કે દુઃખ નથી આપતા. પરંતુ તેમાં આસક્તિ નિર્માણ થતાં તે દુઃખનું કારણ બને છે અને સુખ પ્રાપ્તિ કરવી હોય તો તેની આસક્તિ છોડવાથી સુખ મળે છે. આ આસક્તિને શાસ્ત્રીય પરિભાષામાં 'રાગ' કહે છે જે માણસને રડાવે છે.

પડોશમાં કોઈ દીકરો ગુજરી જાય તો રડવું નથી આવતું. પરંતુ પોતાનો દીકરો - ઘર આંગણે પણ નહીં, પણ દિલ્હીમાં ઘરથી આટલે દૂર અવસાન પામ્યો છે એ સમાચાર મળતાં માણસ અત્યંત દુઃખી થાય છે. માઠા સમાચાર તેને રડાવે છે.

તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરતાં એવું નથી લાગતું કે સંતાનને નવ માસ ગર્ભધારણ કરવાનો, પ્રસૂતિની પીડા સહન કરવાનો, જન્મ્યા પછી તેનું મળમૂત્ર સાફ કરવાનું - તેનું મૃત્યુ થાય તો તે કાયમ માટે રડાવે - આ સંતાન તેનું દુશ્મન નથી બનતું? તેના ઉછેરમાં મા-બાપને કયું સુખ મળ્યું?

તો સવાલ એ થાય કે પોતીકા સંતાન માટે આસક્તિ ન રાખે તો તેનું લાલન-પાલન કઈ રીતે થાય? સંતાનો પ્રત્યેની આસક્તિ તો તેને પ્રેમ કરવાની પ્રેરણા આપે છે.

તેવી જ રીતે વેપારધંધામાં આસક્તિ તો તેને તેમ કરવાની પ્રેરણા આપે છે કે સંતાન પ્રત્યેની આ આસક્તિ છોડી દો. તો પછી સવાલ એ થાય કે કુટુંબનું રક્ષણ, તેમનું ભરણપોષણ કઈ રીતે થાય? તેમને પોતીકા માન્યા છે તેથી તો મા-બાપ તેનું ભરણપોષણ કરે છે.

પરંતુ મહાપુરુષોના આ કથન માટે થોડી ગેરસમજ થાય છે. સંતાન માટેની આસક્તિથી જ તેમનું રક્ષણ - ભરણપોષણ કરી શકાય એવું નથી. પરંતુ તેના પ્રત્યે આસક્તિ ન રાખતાં તેના પ્રત્યેની કર્તવ્યબુદ્ધિથી તેનું ભરણપોષણ વધુ સારી રીતે થઈ શકે છે.

હોસ્પિટલમાં સેવા આપતી નર્સ, દર્દીના મળમૂત્ર પણ સાફ કરે છે અને તેની સારવાર પણ કરે છે. **કારણકે તે તેની કર્તવ્યબુદ્ધિથી કરે છે, નોકરી કરે છે માટે નહીં.**

શાસ્ત્ર એમ નથી કહેતું કે કુટુંબની આસક્તિ છોડી દો. વેપાર ધંધાની આસક્તિ છોડી કમાવાનું બંધ કરો. પરંતુ તેમાં કર્તવ્યબુદ્ધિ રાખી તેનો અમલ કરવામાં આવે તો તે માનસિક કષ્ટ તો નહીં જ આપે, પરંતુ ભગવાનમાં મનને એકાગ્ર કરવામાં મદદરૂપ થશે.

ભગવાને સંતાન યા સંપત્તિ – જે કાંઈ આપ્યું છે, તે તેના થાપણરૂપ સમજીને માનવી વ્યવહાર કરશે તેની દુઃખ નિવૃત્તિ થશે અને થાપણનું રક્ષણ કર્યાનો સંતોષ અને આનંદ મળશે.

**વાસ્તવમાં પોતાની કર્તવ્યબુદ્ધિથી કર્મ કરતી વખતે માણસે પોતાનો અહમ્ છોડવાનો છે.** 'મેં કર્યું છે.' 'હું કરૂં છું.' તેનો ત્યાગ કરી તેને આપેલી શક્તિથી મારું કર્તવ્ય કાર્ય કરું છું. એ ભાવના જ જીવનને આનંદદાયી બનાવશે. આ ભાવના જ માણસને સંસારનો અનુરાગ છોડાવી પ્રભુ પ્રત્યેનો અનુરાગ વધારશે.

*સંગ્રાહક : ડો. ગૌરાંગ ગાંધી,*
*ગાંધી યુરો કેર, અમદાવાદ.*
*ફોન : (૦૭૯) ૨૬૫૮૦૪૩૮*

## સમજણના સૂર

### જીતવું છે?

તમે જો માનતા હો કે તમે હારશો
– તો તમે હારી જ જવાના.

તમે જો માનતા હો કે તમારામાં હિંમત નથી
– તો તમે કાયર જ રહેવાના.

તમને જીતવું તો ગમે જ,
પણ તમે એવું વિચારતા હો કે
તમે જીતી નહીં શકો
– તો ખાતરી રાખો કે તમે નહીં જ જીતો.

***સફળતાનો પાયો છે આત્મવિશ્વાસ.***

જિંદગીની દોડ જીતનાર હંમેશાં
શક્તિશાળી જ હોય એવું જરૂરી નથી.

*જેણે જીતવાનો સંકલ્પ કરી*
*આરંભ કર્યો હોય તે જ જીતે છે.*

*પ્રસાદિકા : ભાર્ગવી દોશી*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# YOUTH CLUB

## Golden Rays!!

Success will never lower
its standard to accommodate you.
You have to raise your standard
to achieve it.

***"For every bird God provides food but not in their nest."***

Confidence doesn't come
when you have all the answers.
But it comes when
you are ready
to face all the questions.

There were hundreds of
yesterdays that passed
and so many tomorrows
still to come;
but remember,
there's only one today
to enjoy...!!

Health does not always
come from medicine.
Most of the time
it comes from peace of mind,
peace in the heart, peace of soul
it comes from
laughter and love.

When we educate our brain,
we should not neglect
to educate our heart.
Because, world do not require
only good ideas but also
required good souls.

Cleanse your heart daily
with forgiveness. Avoid jealousy to
keep yourself nourished always.
Sprinkle yourself with love,
it is the sweetest perfume.
Wear a smile to give your face a
perfect glow.
Life is beautiful.

"One must learn from a balloon
filled with Hydrogen or Helium.
It is not what's outside
but what's inside
that takes one to the top...!!"


It is good to seat alone
for atleast sometime everyday.
But when you seat alone
don't seat with your past.
Seat alone to design your present
and dream your future.

## સમાજની વિવિધ સેવાકીય યોજનાઓમાં દાન / ભેટ મોકલાવવા અપીલ

- ★ *આપના પરિવારમાં અથવા આપના ધંધા - રોજગાર સંબંધી કોઈપણ પ્રકારના નાના-મોટા પ્રસંગોએ સમાજને યાદ કરીને ઉદાર દિલે દાન / ભેટ મોકલાવવાનું યાદ રાખશો.*
- ★ *પરિવારમાં સ્વર્ગસ્થજનોની સ્મૃતિમાં પણ સમાજને દાન / ભેટ આપી શકાય છે.*

પ્રાસંગિક

# મંગલ મંદિર માનવ સેવા પરિવાર – બગોદરામાં રસ્તે રઝળતા મંદબુદ્ધિ નિરાધારની સુશ્રુષા અને પરિવાર મિલન



કિરણ ચાંપાનેરી 'સેતુ'
ફ્રીલાન્સ પત્રકાર

ચાલીસ-પચાસ વર્ષ પહેલા આપણાં સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ જોઈએ તેવી સારી ન હતી. એમાંય સ્ત્રી વિધવા હોય તો એની સ્થિતિ આ સંસારમાં ઘણી જ કફોડી અને દયનીય બની જતી. અને એમાંય સંતાન સાવ નાના હોય તેની તો વાત જ ન પૂછો... સૌ સગાવહાલાં આવી કપરી વેળાએ સાંત્વના અને સહિયારો આપવાના બદલે મોં ફેરવી લે છે. હૂંફને બદલે હડધુત કરાય. આવકારને બદલે અવગણના અને ઉપેક્ષા કરાય... સમાજ તરછોડે... **સ્વાર્થનું સંગીત ચારેકોર બાજે... કોઈ નથી કોઇનું દુનિયામાં આજે... તનનો તંબુરો જોજે બેસૂરો થાય ના...** જેવી પરિસ્થિતિ વિધવા અને તેના સંતાનોની થઈ જાય છે... નૈયા ઝુકાવી મેં તો જોજે ડૂબી જાય ના... ઝાંખો ઝાંખો દીવો મારો જો જે બુજાય ના...

અમદાવાદથી સૌરાષ્ટ્રમાં જતા નેશનલ હાઈવે નંબર એ-આઠ પર બગોદરા ગામની સરહદમાં પ્રવેશતા જો સવારના નવ દસ અને સાંજનો સમય હોય તો રસ્તાની જમણી બાજુએ સિત્તેર-નેવુ ભાઈઓ ગોળગોળ ચક્કર મારતા નજરે પડે... એ બધા છે મંગલ મંદિર માનવ સેવા પરિવારમાં બિરાજતા 'ભગવાન'! અમદાવાદથી બાવળા અને બાવળા છોડીએ એટલે ભાયલા મોગલ આઈનું ધામ આવે અને એથી આગળ પંદરેક કિલોમીટરે 'જનસેવા એ જ પ્રભુસેવા'ના ધામ સમા મંગલ મંદિર માનવ સેવા પરિવારમાં ફરતા 'ભગવાન'ના દર્શન થાય. **પંડપીડાએ રઝળતા, દુઃખી નિરાધાર, બિનવારસી માનવીઓને અહીં આસરો અને રોટલો આપી સારવાર, સુશ્રુષા, સેવા કરવામાં આવે છે અને તેમને 'ભગવાન'થી સંબોધન કરાય છે.** મંગલ મંદિર માનવ સેવાના પૂજારી છે બેંતાલીસેક વર્ષના દિનેશભાઈ મનજીભાઈ લાઠિયા અને તેમના સાથીઓ!

મંગલ મંદિર માનવ સેવા પરિવારમાં બેઠાં બેઠાં દિનેશભાઈ લાઠિયા સાથે વાતો કરતા તેમને પૂછ્યું કે આ પ્રકારના કાર્યમાં કઈ રીતે જોડાયા? અને તેમના ચહેરા પર દુઃખની આછેરી લહેરખી પ્રસરી ગઈ... અને વેદનાસભર વામી નીકળી પડી તેનો સાર પહેલા પેરેગ્રાફમાં વર્ણવ્યો તેવો છે. અને પછીની વાત તેમના જ શબ્દોમાં... મારી છ માસની ઉંમરે મારા પિતાશ્રીનું અવસાન થયેલું. મારા મોટા ત્રણ ભાઇ અને એક બહેન. સૌથી નાનો હું. અમે પાંચ ભાંડરડાંઓએ નાની વયે પિતાનું છત્ર ગુમાવ્યું. પરિવારના આવા સંજોગોમાં હું શાળાએ જઈ ન શક્યો અને અભણ રહી ગયો. વારસામાં ખેતી મળેલી પણ તેય સૂકી ખેતી. સગાઓ સ્નેહ આપવાને બદલે અમારા પર હસે. પ્રેમ અને વાત્સલ્યની હૂંફના અભાવે તકલીફો મળે. પણ આ સંસારમાં સૌની દેખભાળ કરનાર પરમકૃપાળુ પરમેશ્વર બેઠો છે! મારી બા અંજુબેને અમને સૌ ભાઈ-બહેનોને મોટા કર્યા. પણ મારા મનમાં પેલી અભાવગ્રસ્તતા પડેલી. હું કોઈને રઝળતા જોઉં, દુઃખીઓને જોઉં એટલે મને મારું બચપણનું દુઃખ યાદ આવે... અને હું તેમને મારાથી બને તે રીતે મદદરૂપ બનવા પ્રયાસ કરું, તેમનું દુઃખ હળવું કરવા મદદરૂપ થાઉં...

મોટો થયો એટલે ભાવનગરનાં શિહોર તાલુકાનું સરકડિયા (સોન) મારું વતનનું ગામ છોડી ૧૯૯૨માં કમાવા માટે બાપુનગર - અમદાવાદ આવ્યો. બાપુનગરમાં રહી હીરા ઘસવાનું કામ ૨૦૦૨ સુધી કર્યું. હીરા ઘસવાની સાથે સાથે બીજાને મદદરૂપ થતો રહેતો. એમાં કચ્છ ભુજના ભૂકંપમાં ત્યાં જઈ પીડિતોની સેવામાં જોડાયો. અમરેલીના બાબાપુરમાં આવેલ પૂર વખતે અને સુરતમાં આવેલ તાપી નદીમાં પૂર વખતે પૂરપીડિતોની સેવા કરી. ગોધરા હત્યાકાંડ વખતે ઘરવિહોણા થયેલા અને બગીચામાં આશરો લઈ રહેલાઓ માટે સતત ચાર દિવસ સુધી પૂરીશાકના ભોજનની વ્યવસ્થા કરેલી. બનાસકાંઠા ધારેના વિસ્તારમાં અતિવૃષ્ટિ સમયે પીવાનું પાણી અને ફૂડ પેકેટ પહોંચાડેલા. અમદાવાદમાં દાણી લીમડાની ચાલીમાં વરસાદના પાણી ભરાઈ જતા ત્યાં પીવાનું પાણી અને નાસ્તો પોલીસની મદદ લઈને પહોંચાડેલો. મેઘાણીનગર, કોતરપુર, વટવા, દરિયાપુર વિસ્તારની ચાલીઓમાં વરસાદી પાણીમાં ફસાયેલાને પોલીસ અધિકારી મંજીતાબેન વણઝારાની સહાયથી ફૂડ પેકેટ અને પીવાનું પાણી પહોંચાડેલું. આ રીતે જ્યાં દુઃખી, પીડિતો, નિરાધાર વ્યક્તિઓની મારાથી થાય તે સેવા કરતો...

ફરી વતનના ગામે જઈ બી.ટી. કોટન બીજનું પ્લોટિંગ "અવધૂત" ફાઉન્ડેશનના નામે કર્યું. વતનના ગામ સરકડિયા ગયા પછી રસ્તે રઝળતા, દુઃખી નિરાધાર, અસ્થિર મગજની વ્યક્તિઓને જુદી જુદી સંસ્થાઓમાં લઈ જઈ દાખલ કરાવું. બારેજા ગામના જગાભાઈ પ્રજાપતિએ મને ફોન કરેલો કે ત્રણેક વરસના બાળકને લઈ એક બહેન ગામમાં ફરે છે. આ બાળક સાથે બહેનને લઈ મંજીતાબેન વણઝારા પાસે ગયો. પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ નોંધ લખાવી સુરતની માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટમાં દાખલ કરાવેલી. ત્યાં ત્રણ માસ સારવાર લીધી. તપાસ કરતા તેના પરિવારની ભાળ મધ્ય પ્રદેશના જાંબુ ગામ હોવાની મળેલી. એટલે તેના ગામ જઈ આ બહેન અને બાળકનું તેના પરિવાર સાથે મિલન કરાવેલું. સમયની અનુકૂળતાએ સનાથલ સર્કલની બાજુમાં વચ્છરાજ હોટલ પર અમારું નાનકડું ગ્રુપ રસ્તાઓ પર રઝળતા, ભટકતા, બિનવારસી પ્રભુજીને નવડાવીએ, વાળ-નખ કાપીએ, પાટાપીંડી કરીએ, ખવડાવીએ અને અન્ય સંસ્થા સુધી પહોંચાડવાનું કામ કરતા...

આ રીતે એક વખત સંસ્થામાં પીડિત વ્યક્તિને દાખલ કરાવી વતનના ગામ સરકડિયા જવા માટે બગોદરા વહેલી સવારે ઉતરેલો. બગોદરામાં સવારે જ અસ્થિર મંદબુદ્ધિની બહેન મળી. એને પહોંચાડવા માટે ૧૮૧ અભયમ ગાડીને ફોન કરેલો. દોઢેક કલાકે અભયમની ગાડી આવી ત્યાં સુધીમાં પેલી બહેન ચાલી ગયેલી. ગામમાં તે બહેનની શોધ કરતા હતા ત્યાં બીજી અસ્થિર મંદબુદ્ધિની બહેન મળી. એટલે તેને બોટાદની માનવ સેવા મંદબુદ્ધિ આશ્રમમાં મૂકી પાછો બગોદરા આવ્યો. ત્યાં બીજી બે અસ્થિર મંદબુદ્ધિની બહેનો મળી. તેમને બોટાદ મૂકીને પાછો આવ્યો ત્યારે સવારમાં મળેલ બહેન છેક સાંજે મળી. તેને પણ બોટાદની સંસ્થામાં દાખલ કરી. આમ એક જ દિવસમાં બગોદરામાંથી ચાર અસ્થિર મંદબુદ્ધિની બહેનોને બોટાદની સંસ્થામાં દાખલ કરાવી. આ ઘટનાથી બગોદરા ગામના સરપંચના પરિચયમાં આવ્યો. સરપંચ સાથે કંઈ ઓળખાણ નહીં. પણ તેમણે મને પૂછેલું કે, દિનેશભાઈ તમારે શેની જરૂરત છે? ત્યારે મેં જણાવેલું કે આમ તો મારે કંઇ જરૂર નથી પણ હું આ અસ્થિર મંદબુદ્ધિના, દુઃખ પીડિત આત્માઓની સેવા કરી શકું તે માટે ભૂમિ મળે તો એક જગ્યાએ બેસી તેમની સેવાનું કામ થઈ શકે. તેમણે ગામસભા બોલાવી આગેવાનોની મુલાકાત કરાવી. તેમનું કહેવું હતું કે બગોદરાના અને બાવળા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના પ્રમુખ રમેશભાઈ મકવાણા હા પાડે તો જમીન ફાળવીએ. એટલે રમેશભાઈને મળીને વાત કરી. તેઓ પણ જમીન આપવા તૈયાર થયા.

તા. ૧૩-૧૧-૨૦૧૫ના રોજ જમીન ફાળવવાનો ઠરાવ થયો. બગોદરા ગામના સહયોગથી મળેલ ત્રણ એકર જમીન પર આઠ મિત્રોએ મળીને તા. ૧૫-૧૧-૨૦૧૫ના રોજ ભૂમિ પૂજન કર્યું અને તા. ૧૫-૫-૨૦૧૬ના રોજ નવ ભગવાનની સેવાના અહીં શ્રીગણેશ કર્યા. મેં ૨૦૦૪માં પ્રભુજી - ભગવાનોને સારા મકાનમાં, સારી સ્થિતિમાં રાખવાની પ્રાર્થના કરેલી, જે તા. ૧૫-૫-૨૦૧૬ના રોજ પૂર્ણ થઈ. આ સંસ્થાનો પ્રારંભ થતા, જે મારા સાથીઓ હતા તે ધીમે ધીમે ખસતા ગયા કારણકે સંસ્થામાં તો લાખ બે લાખ રૂપિયા જોડવાના આવે. પણ પ્રભુજીની સેવા માટે કોઈને કોઈ મળતા રહ્યા અને પ્રશ્નો ઉકેલાતા ગયા. મંજીતાબેન વણઝારા અમદાવાદના પ્રકાશભાઈ જૈનને લઈ સંસ્થામાં આવ્યા. પ્રકાશભાઈએ ત્રણ લાખ રૂપિયાનું આર્થિક યોગદાન આપ્યું. બોપલ - અમદાવાદના રાહુલભાઈ જૈનનો આર્થિક સહકાર મલતો રહે છે. શેરપુરા ગામના કચ્છી પટેલ સામાજિક કાર્યકર સવજીભાઈએ અહીં બોર કરાવી પાણીની સમસ્યા ઉકેલી દીધી. આમ, મારા મિત્રો અને સમાજમાંથી આર્થિક સહયોગ મળવા લાગ્યો.

મંગલ મંદિર માનવ સેવા પરિવાર - આશ્રમ ૯ પ્રભુજીઓની સેવાથી પ્રારંભ થયેલ. આજે ૯ માતાજીઓ સહિત ૧૦૪ પ્રભુજીઓની સેવા થઈ રહી છે. બે વર્ષમાં કુલ ૪૦૦થી વધુ લોકોની સારવાર કરવામાં આવી. અહીં આશ્રમમાં સારવાર દરમ્યાન સારું થતા પ્રભુજીઓને તેમના પરિવાર સાથે મિલન કરાવાય છે. આ રીતે ૨૬૫ પ્રભુજીઓનું તેમના પરિવાર સાથે મિલન કરાવ્યું છે. જેમાં ગુજરાત સહિત દેશભરના મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પંજાબ, ઝારખંડ, તામિલનાડુ, કેરલ અને નેપાળ સુધી સંસ્થાના ખર્ચે પ્રભુજીઓને તેમના પરિવાર સુધી પહોંચાડ્યા છે. આ રીતે જૂના કોબા - ભાટ ગામના રહેવાસી પ્રભુજી રણછોડભાઈ ફુલાભાઈ પટેલનું હમણાં ૨૫ વર્ષે તેમના પરિવાર સાથે મિલન થયું. આશ્રમમાં સવારે પ્રભુ પ્રાર્થના, પૌષ્ટિક આહાર, વ્યાયામ, યોગ, સંગીત, મનોરંજન અને હાસ્ય, આરોગ્યની કાળજી રાખવામાં આવે છે.

કોઈનો ફોન આવે કે જાણ કરે કે આ સ્થળે બિનવારસી વ્યક્તિ રોડ પર કે અન્ય સ્થળે બેઠેલી કે સૂતેલી છે તો સંસ્થાની એમ્બ્યુલન્સ વાન ત્યાં પહોંચી જાય છે અને નજીકના પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ નોંધાવી પ્રભુજીને આશ્રમ લાવી, વાળ-નખ કાપી, નવડાવી, ભોજન આપવામાં આવે છે. અસ્થિર મગજના હોય તો અમદાવાદની માનસિક સારવાર હોસ્પિટલ, દિલ્હી દરવાજામાં સારવાર કરાવાય છે. આ દવાખાનાના મુખ્ય ડૉ. ચૌહાણ સાહેબનો સહકાર સારો મળે છે. અન્ય પ્રભુજીની સારવાર સિવિલ હોસ્પિટલમાં કરાવાય છે. તમારી નજરે આવા કોઇ દુઃખી, નિરાધાર, બિનવારસી પ્રભુજી પડે તો આ સંસ્થાના

**(અનુ. : જુઓ પાના નં.-૧૮ ઉપર)**

પ્રજાતંત્ર

# બંધારણ અને આપણી ફરજ – ૧

મિતેષ સોલંકી

*૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત સ્વતંત્ર રાષ્ટ્ર ઘોષિત થયું. સાર્વભૌમ, પ્રજાલક્ષી, પ્રજાસત્તાક રાષ્ટ્રમાં પ્રશાશન માટે આવશ્યક બંધારણ ઘડતર હેતું ૨૬ જાન્યુઆરી, ૧૯૪૮ના ડૉ. બી.આર. આંબેડકરના નેતૃત્વ હેઠળ બંધારણ સભાનું ગઠન થયું. બંધારણ સભાએ ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ સર્વાનુમતે બંધારણ સ્વીકાર્યું હતું. આ લેખિત બંધારણ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ (પ્રજાસત્તાક દિવસ)થી અમલમાં આવ્યો. આ ભવ્ય બંધારણ બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર ભારતની પ્રજાની આકાંક્ષાઓ, અરમાનો અને અભિલાષાઓ વ્યક્ત કરે છે. બંધારણની જોગવાઈ હેઠળ નાગરિકો માટે ચોક્કસ મૂળભુત હક્કો પ્રાપ્ત થાય છે તે સાથે ફરજ અને જવાબદારીઓ પણ નિભાવવાની હોય છે. ભારતના મૂળ બંધારણમાં ૮ પરિશિષ્ટો અને ૩૯૫ કલમો હતી.*


*આ બંધારણની વિગતો અને તેની વિશિષ્ટતાઓ વિશે સરળ ભાષામાં 'મંગલ મંદિર'ના વાચકવર્ગ માટે શ્રેણીબધ્ધ લેખમાળા પ્રસ્તુત કરે છે.... તજજ્ઞ લેખક, જર્નાલિસ્ટ, એક સફળ એંકર, વર્કશોપ - સેમિનાર - સંયોજક, પુસ્તકોની ડિઝાઈન - રેખાચિત્ર તૈયાર કરનાર અમદાવાદના શ્રી મિતેષ એમ. સોલંકી. જેઓ **M.Sc., M.Phil., MBA** જેવી ઉચ્ચ ડિગ્રી ધારક છે.*

***– તંત્રી મંડળ***

પ્રિય વાચક મિત્રો, એક નવતર પ્રયોગના ભાગરૂપે આજથી ''બંધારણ અને આપણી ફરજ'' નામની લેખશ્રેણી શરૂ કરી રહ્યા છીએ. વિષયનું શીર્ષક ઘણું બધું કહી જાય છે પરંતુ બંધારણ જેવા સર્વજન સંબંધિત વિષય પર વિગતવાર ચર્ચા કરતા મારે કેટલીક ઐતિહાસિક બાબતોની ટૂંકી માહિતી આપવી છે. મિત્રો, આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે ભારતમાં વિશ્વની સૌથી મોટી લોકશાહી છે, ભારત એક ગણતંત્ર દેશ છે, ભારત એક પ્રજાસત્તાક દેશ છે વગેરે. પરંતુ ઉપરોક્ત શબ્દો ભારતને ઓળખ તરીકે ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજથી મળ્યા. (વિક્રમ સંવત પ્રમાણે જોઈએ તો માગશર સુદ સાતમ, ૨૦૦૬) જે દિવસે ભારતની બંધારણ સભાએ બંધારણનો સ્વીકાર કર્યો અને તે બંધારણ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજથી અમલમાં આવ્યું. પરંતુ વર્ષ ૧૯૪૯ પહેલા ભારત કેવું હતું? ભારતનો વહીવટ કેવી રીતે કરવામાં આવતો? **ભૂતકાળમાં ડોકિયું કરતાં ખ્યાલ આવે કે ભારત પાસે તો ૫૦૦૦ વર્ષ જૂનો ઇતિહાસ અને સંસ્કૃતિ છે** અને આ સમયગાળા દરમિયાન મોટાભાગે આપણે રાજાશાહી પ્રકારની રાજ્ય વ્યવસ્થા જોઈ છે. લેખિત ઈતિહાસની વાત કરીએ તો ચાણક્ય લિખિત **"કૌટિલ્ય"**માં મૌર્ય સામ્રાજ્યના બંધારણ વિશે માહિતી મળે છે. ત્યારબાદ **"આઈના-એ-અકબરી"**માં અકબરના સમયના કાયદા / બંધારણનો ઉલ્લેખ જોવા મળે છે. ઈતિહાસની ઉપરોક્ત આછીપાતળી ઝાંખી મેળવ્યા બાદ મારે વાચકમિત્રોને પ્રશ્ન પૂછવો છે કે શું આપણે ખરા અર્થમાં રાજાશાહી અને લોકશાહી વચ્ચેનો તફાવત જાણીએ છીએ? ચાલો, તેનો થોડો વિગતે અને બંધારણની દૃષ્ટિએ અભ્યાસ કરીએ.



*ભારતના બંધારણના આર્કિટેક્ટ ડૉ. બી. આર. આંબેડકર (વચ્ચે) બંધારણ સંબંધિત કામગીરીમાં કાર્યરત જણાય છે.*



*વચગાળાની સરકારના વડા પંડિત જવાહરલાલ નહેરુ (જમણી તરફ) ભારતના બંધારણ પર પોતાના હસ્તાક્ષર કરતા દૃષ્ટિગોચર થાય છે.*



*બંધારણ સભાના પ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદ બંધારણ સમિતિએ મંજૂર કરેલ પ્રજાસત્તાક ભારતના બંધારણ પર પોતાના હસ્તાક્ષર કરી રહ્યા છે.*

| રાજાશાહી | લોકશાહી |
|---|---|
| કોઈ એક વ્યક્તિ કેન્દ્રમાં રહે છે. | દેશના નાગરિકો કેન્દ્રમાં હોય છે. |
| રાજા કહે તે કાયદો. | લોકો દ્વારા ચૂંટવામાં આવેલ પ્રતિનિધિઓ બહુમતીથી નક્કી કરે તે કાયદો. |
| રાજાશાહીમાં પ્રજાએ રાજાને વફાદાર રહેવું પડે છે. | લોકશાહીમાં નાગરિક કોઈ વ્યક્તિને નહીં પરંતુ બંધારણ પ્રત્યે વફાદારી દર્શાવે છે. |
| રાજાશાહીમાં પ્રજાએ પોતાની ફરજો નિભાવવી જરૂરી છે. | લોકશાહીમાં નાગરિકોએ પોતાની જવાબદારી નિભાવવી જરૂરી છે. |
| રાજાશાહીમાં કેટલાક નજીકના લોકોને વિશેષાધિકાર મળે છે જેના કારણે સત્તાનો દુરુપયોગ જોવા મળે છે. | બંધારણ કોઈને પણ વ્યક્તિ વિશેષ બનાવતું નથી. કાયદો દરેક માટે સમાન રહે છે. |
| રાજાશાહીમાં વ્યક્તિની સ્વતંત્રતા, સમાનતા, અધિકાર અને આત્મ ગૌરવને સ્થાન નથી. | બંધારણ દેશના દરેક વ્યક્તિને વ્યક્તિગત સ્વતંત્રતા, સમાનતા, અધિકાર અને આત્મગૌરવ આપે છે. |

અર્વાચીન ઈતિહાસની વાત કરીએ તો ભારતમાં ઈ.સ. ૧૬૦૦માં બ્રિટીશ લોકો વેપાર અર્થે આવ્યા અને લગભગ ૨૫૦ વર્ષ સુધી રહ્યા. આ સમયગાળો ભારતના બંધારણના જન્મ માટે ઘણો જ અગત્યનો રહ્યો. આ સમયગાળા દરમિયાન વિવિધ ધારા તેમજ કમિશન ભારતમાં આવ્યા અને તેના યોગ્ય અને તાર્કિક વિરોધ દ્વારા જ **આપણા મહાન સ્વતંત્રતા સેનાનીઓએ અંગ્રેજોને અનુભવ કરાવી દીધો કે અમે અમારા દેશનો વહીવટ સુવ્યવસ્થિત રીતે કરી શકીએ તેવી ક્ષમતા ધરાવીએ છીએ.** વાચક મિત્રોને વિશેષ માહિતી નીચે કોષ્ટકમાં આપેલ છે.

| વર્ષ | ધારો | વિગત / વિશેષતા |
|---|---|---|
| ૧૭૭૩ | નિયામક ધારો | ઈસ્ટ ઈન્ડિયા કંપનીના કાર્યોને નિયંત્રિત કરવા માટે ભારતમાં લાગુ થયો. |
| ૧૭૮૪ | પીટ્સ ઈન્ડિયા ધારો | ઈસ્ટ ઈન્ડિયા કંપની હેઠળ આવતા વિસ્તારને બ્રિટીશ અધિકૃત ભારત નામ અપાયું. |
| | | કંપનીના રાજકીય અને વ્યાપારી કાર્યોનું વિભાજન કરવામાં આવ્યું. |

| | | |
|---|---|---|
| ૧૮૧૩ | ચાર્ટર એક્ટ | કંપનીએ શિક્ષણ પાછળ ભારતમાં રૂપિયા એક લાખ ખર્ચવાનું નક્કી કર્યું. |
| ૧૮૩૩ | ચાર્ટર એક્ટ | બંગાળના ગવર્નરને ભારતના ગવર્નર જનરલ બનાવવામાં આવ્યા. |
| ૧૮૫૩ | ચાર્ટર એક્ટ | ગવર્નર જનરલની પરિષદના ધારાકીય અને વહીવટી કાર્યો અલગ કરવામાં આવ્યા. |
| ૧૮૫૮ | ભારત શાસન અધિનિયમ | ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનનો અંત અને બ્રિટીશ તાજનું શાસન શરૂ થયું. |
| ૧૮૬૧ | ભારત પરિષદ અધિનિયમ | વાઈસરોયની ધારાકીય પરિષદમાં ભારતીયોને સભ્યપદ મળ્યું પરંતુ સત્તા આપવામાં ન આવી. |
| ૧૮૯૨ | ભારત પરિષદ અધિનિયમ | બિનસત્તાવાર સભ્યોની પરોક્ષ રીતે સીમિત ચૂંટણી કરવામાં આવી. ભારતમાં ચૂંટણીની શરૂઆત. |
| ૧૯૦૯ | ભારત પરિષદ અધિનિયમ | મોર્લે-મિન્ટો સુધારો – અલગ મતદાર મંડળની શરૂઆત કરી. ભારતમાં કોમવાદના બીજ રોપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. જેના પરિણામો ભારત આજે પણ ભોગવી રહ્યું છે. |
| ૧૯૧૯ | ભારત પરિષદ અધિનિયમ | મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારો – કેન્દ્રિય અને પ્રાંતીય વિષયોની યાદી તૈયારી કરી. જે વર્તમાન બંધારણમાં અનુસૂચિ-૭ તરીકે જોવા મળે છે. |
| ૧૯૩૫ | ભારત શાસન અધિનિયમ | ભારતના બંધારણની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર થઈ. કુલ ૩૨૧ અનુચ્છેદ અને ૧૦ પરિશિષ્ટ મૂકવામાં આવ્યા. |
| ૧૯૪૭ | ભારત સ્વતંત્રતા ધારો | ભારતમાં બ્રિટીશ શાસનનો અંત અને ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત સ્વતંત્ર રાષ્ટ્ર ઘોષિત થયું. |

મિત્રો, થોડી ટૂંકમાં વિગત આપવાનું મુખ્ય કારણ બંધારણ વિશે માહિતી મેળવતા પહેલા તેના ભૂતકાળ વિશે જાણી લેવું ખૂબ જરૂરી છે. આવતા લેખમાં આપણે આગળ વધીશું.

**"જય હિંદ"**

*ઇ/૧, ગોયલ પ્લાઝા, જજીસ બંગલો રોડ,*
*વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૭૧૨૯૨૪૨૦૧*

## મંગલ મંદિર માનવ સેવા પરિવાર

**(અનુ. : પાના નં.-૧૫ ઉપરથી ચાલુ)**

ફોન નંબર ૯૯૭૮૦ ૯૫૧૫૯, ૭૫૬૭૦ ૭૩૮૭૩, ૯૭૭૩૦ ૨૬૦૬૬ પર જાણ કરી સેવાયજ્ઞમાં સહયોગી બનશો.

આ વિસ્તારના ધારાસભ્ય અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તા. ૮-૫-૨૦૧૭ના રોજ તેમનો જન્મદિન અને દિવાળીની ઉજવણી મંગલ મંદિર માનવ સેવા પરિવારમાં પ્રભુજીઓ સાથે કરી છે અને ફળ અર્પણ કરેલ છે. તો છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં વિજય મળ્યા પછી તરત અહીં આ પ્રભુજીઓના આશીર્વાદ લઈને પછી રોડ શો કરેલ.

તેમના પરિવાર અંગે પૂછતા દિનેશભાઈનો જવાબ હતો કે આશ્રમના પ્રભુજીઓ મારો પરિવાર. મોટા ભાગનો સમય અહીં પ્રભુજીઓની સેવામાં જ ગાળવાનો. સરકડિય ગામે મારા બા, પત્ની, નાનો પુત્ર રહે છે. મોટો પુત્ર અવધૂત નવમા ધોરણમાં ભણે છે. તેની જવાબદારી મારા મિત્રએ લીધી છે. બાપુનગરમાં તેના ઘરે રહી ભણે છે. મારા આ સેવા કાર્યથી મારા પરિવારના પાંચ સભ્યોને થોડીક તકલીફ પડતી હશે પણ દુઃખી, નિરાધાર, બિનવારસી પ્રભુજીઓની તકલીફની સરખામણીએ તો અમારી તકલીફ નહીં જેવી લેખાય. કેટલાય પ્રભુજીનું પરિવાર મિલન થાય, કેટલાકનું વર્ષે - બે વર્ષે - પાંચ-પચ્ચીસ વર્ષે પરિવાર મિલન થાય... આટલા વર્ષો પછી પરિવારને પોતાના વિખૂટા પડેલા દીકરો, પિતા, પત્ની, દીકરીના દર્શનથી, પરત મળવાથી કેટલો આનંદ થતો હશે... આ પરિવાર મિલન વખતે એમના આનંદની લાગણી સામે મારા પરિવારની તકલીફ તો કંઈ જ ન કહેવાય...

***લાખ લાખ સલામ છે દિનેશભાઈની આ ઉમદા ભાવનાને...***

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર હા.સો.,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

કચ્છ

# કચ્છનું સંશોધન માગતું સ્થાપત્ય : વડીમેડી



નરેશ પી. અંતાણી

આ પ્રકરણમાં કચ્છના એક એવા સ્થાપત્યની ચર્ચા કરવાની છે, કે જે આજે બહુ ઓછું પ્રકાશમાં છે. તેના અંગે સંશોધન થવાનું હજુ ઘણું બાકી છે.

પુરાતત્ત્વ ક્ષેત્રે કચ્છ અંધૌના ક્ષત્રપ શિલાલેખો અને પૂર્વ અને પશ્ચિમ કચ્છમાં મળી આવતી હડપ્પીય વસાહતોને કારણે આજે વધુ જાણીતું બન્યું છે. જો કે કચ્છનો મધ્યકાલીન ઇતિહાસ પણ પુરાતત્ત્વ ક્ષેત્રે યાદગાર છે. કેરા, કંથકોટ, અંજારનું ભડેશ્વર, કોટાય વગેરે મંદિરોનું સ્થાપત્ય બેનમૂન છે. આજ સમયનું એક એવું સ્થાપત્ય બહુ ઓછું ચર્ચામાં આવ્યું છે, તે ભુજથી નખત્રાણા જતાં માર્ગમાં પુંઅરેશ્વરની દક્ષિણ દિશામાં એક પ્રાચીન વસાહત પધ્ધરગઢ આવેલી છે. ગઢ જો કે ચારેબાજુથી ખખડી ગયો છે, પણ આ ગઢની અંદર વડીમેડી તરીકે ઓળખાતા એક મહેલ જેવું સ્થાપત્ય.

મધ્યમ કદના મંદિરો કરતાં મોટાં એવા આ સ્થાપત્ય વડીમેડીનું તલમાન ઉત્તર - દક્ષિણે ૨૧.૨૦ મીટર અને પૂર્વ પશ્ચિમે ૧૮.૮૫ મીટરનું માપ ધરાવે છે. તેના ભોંયતળિયા ઉપરાંત ઉપર એક માળનું બાંધકામ પણ છે. મુખ્ય માર્ગથી પણ દેખાય છે. ગુજરાતના ઇતિહાસના અધિકૃત પ્રકાશનોમાં પણ આ સ્મારકનો ઉલ્લેખ નથી કરાયો એ એક આશ્ચર્યજનક લાગે છે. વડીમેડીના નજીકના જ પુંઅરેશ્વરની નોંધ લેવાઇ છે જ્યારે તેની લગોલગ જ આવેલું આ સ્મારક ચૂકાયું તે હેરત જરૂર પમાડે.

આ સ્થાપત્યને સ્થાનિક લોકો પુંઅરાના મહેલ તરીકે ઓળખે છે. ઇતિહાસમાં ક્વિદંતિમાં ઉલ્લેખાયેલા રા'પુંઅરા અને જખના પ્રસંગો આ મહેલમાં ઘટ્યા હોય એવું પણ સંભવી શકે તેવું પુરાતત્ત્વવિદ્ દિનકરભાઈ મહેતાનું માનવું છે.

દિનકરભાઈ આ સ્થાપત્ય અંગે આગળ નોંધે છે કે, આ સ્થાપત્ય કદમાં મોટું છે. તેની ઉત્તરમાં થોડો ભાગ આગળ વધારી સોપાન બનાવાયા છે. તેની અન્ય કોઈ બાજુએ સોપાન નથી. આથી આ સ્થાપત્ય ઉત્તરાભિમુખ હોવાની શક્યતા છે. મંદિરની જગતીની જેમ જ આ સ્થાપત્ય પણ વેદીબંધ છે. વેદીબંધ ચારે તરફથી તૂટેલ હોવા છતાં તેની દક્ષિણ-પૂર્વનો થોડો ભાગ બચી ગયો હોઈ તે વેદીબંધ છે તેવું કહી શકાય.



વેદીબંધમાં મંદિર સ્થાપત્યની માફક જ ભીટ્ટ, જાડયકુંભ, કર્ણક, આંતરપટ્ટ, ગ્રાસપટ્ટી અને કળશ વગેરે અંગો જોવા મળે છે અને એ ચૈત્યબારી તથા કીર્તિમુખથી અલંકૃત કરેલાં છે.

આ સ્થાપત્યની જગતીની ઊંચાઈ દોઢ મીટર છે. તેના ઉત્તર તરફ આવેલાં પગથિયાં પસાર કર્યા પછી તેની પૂર્વ અને પશ્ચિમ દિશામાં ખુલ્લી જગ્યા છે પરંતુ નષ્ટ થયેલી દીવાલોમાં બંને બાજુની શિલાઓ એક સમયે ત્યાં દરવાજાઓ હશે એવું અનુમાન કરવા પ્રેરે છે. મુખ્ય પ્રવેશદ્વારની સામે નાનો ચોક છે. સ્થાપત્યના સામાન્ય સ્તરથી આ ચોક થોડો નીચો છે. પાણીના નિકાલ માટે ઉત્તર તરફ પાણીની નીક બનાવવામાં આવી છે જે પૂર્વની તરફ ફંટાઈ જાય છે. આ જળમાર્ગનો એક છેડો ચોકમાં અને બીજો છેડો પૂર્વની દીવાલમાં જોઈ શકાય છે. જેથી આખા સ્થાપત્યમાં પાણીના નિકાલની સુંદર વ્યવસ્થા અહીં જોઈ શકાય છે. મધ્યમાં આ ચોકની ત્રણે — પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ તરફની દિશામાં દ્વારશાખ જોઈ શકાય છે. દ્વારશાખ સિવાયનો ભાગ પડી ગયો છે. અત્યારે કુલ સાત દ્વારા આ મહાલયના હશે એવું અનુમાન દેખાતા પુરાવાઓ ઉપરથી કરી શકાય છે. દ્વારશાખ સિવાય કોઇ પથ્થર કે દીવાલ નથી. દ્વારશાખ અલંકૃત છે. એક દીવાલની દ્વારશાખમાં નૃત્ય કરતા તાપસો જોઈ શકાય છે. પૂર્વ તરફના દ્વારશાખના લલાટબિંબમાં ગણેશનું સ્થાપન કરવામાં આવ્યું છે. જ્યારે નીચેના ભાગે બુધ્ધ કે જૈન તીર્થંકરની પ્રતિમા જણાય છે.

### ● પુંઅરાનો મહેલ કે પાશુપતનો શૈવમઠ?

ઉપર આપણે જોયું કે વડીમેડીની એક દીવાલની દ્વારશાખમાં નૃત્ય કરતા તાપસો જોઈ શકાય છે. પૂર્વ તરફના દ્વારશાખના લલાટબિંબમાં ગણેશનું સ્થાપન કરવામાં આવ્યું છે. જ્યારે નીચેના ભાગે બુદ્ધ કે જૈન તીર્થંકરની પ્રતિમા જણાય છે. આ પ્રતિમા બુદ્ધ કરતા તીર્થંકરની હોવાને વધુ માન્યતા પુરાતત્ત્વવિદો આપે છે. તેની બીજી તરફ આસનસ્થ સૂર્ય છે. પશ્ચિમ તરફની દીવાલના દ્વારશાખની નીચેના ભાગે ગણેશ દંપતિના દર્શન થાય છે, જ્યારે બીજી તરફના શિલ્પો ઘસાઈ ગયા હોઈ ઓળખી શકાતા નથી.

વડીમેડીના સાત દ્વારશાખમાંથી ત્રણ ઉભી છે અને બાકીની દ્વારશાખના ઉંબર જ જોઈ શકાય છે. અહીં નાના મોટા અને અડધા મળી કુલ ૩૦ સ્તંભો આવ્યા છે. જેમાં ૧૮ સ્વતંત્ર અને ૧૨ અડધા સ્તંભો છે. આખાય પરિસરમાં દીવાલો ક્યાં હશે તે અનુમાન કરવું મુશ્કેલ છે. બે માળના આ સ્થાપત્યમાં ઉપરના માળે જવાના પગથિયા કઈ તરફ હશે તે પણ જોઈ શકાતું નથી. નીચેના માળના સ્તંભોમાં શણગારેલી માનવ આકૃતિઓ જોઈ શકાય છે. જ્યારે ઉપરના માળના સ્તંભોમાં અલંકૃત પ્રાણીઓ અને કીચક કોતરાયેલા દેખાય છે.

આ સ્મારક કેરાના શિવ મંદિરથી જૂનું અને પુંઅરેશ્વરથી સમકાલીન હોવાનું મંતવ્ય દિનકરભાઈ મહેતાનું છે. આ સ્થાપત્ય શેનું હશે તે સમજી શકાતું નથી. તેની ઓળખના અભાવે જ કદાચ ગુજરાતના ઈતિહાસમાંથી તેની બાદબાકી કરાઈ હશે? આ સ્થાપત્ય કોઈ મંદિર હોય તેવું તો જણાતું નથી કારણકે અહીં દેવાલયના કોઈ ચિહ્નો જોવા મળતા નથી. એક પણ જગ્યાએ ગર્ભગૃહના આધારો પણ મળતા નથી. વિતાનો પણ સાદા પાટડાના સામાન્ય છે. જો કોઈ દેવાલય હોય તો તે અલંકૃત હોય. આ સ્થાપત્ય કોઈ મહાલય હોય તેમ પણ માની શકાય એમ નથી કારણકે ગુજરાતમાં ક્યાંય પણ આ પ્રકારના મહાલય જોવા મળતા નથી, તેમ મહાલયમાં આ પ્રકારના દ્વારશાખ પણ હોવાની સંભાવના ઓછી છે.

આમ, આ સ્થાપત્ય મંદિર કે દેવાલય હોવાના કોઈ સગડ જોવા મળતા નથી. પ્રાચીન કે મધ્યકાલીન સમયમાં નિર્માણ કરાયેલા સ્થાપત્યોમાં દેવાલય, જળાશય, વાવ, કુંડ વગેરે રાજ્યાશ્રયથી નિર્માણ કરાયા હોવાના આધારો મળે છે અને આવા અનેક સ્થાપત્યોની અહીંથી આપણે વાત પણ કરી છે. પણ **આ પ્રકારનું સ્થાપત્ય માત્ર ને માત્ર કચ્છમાં જોવા મળ્યું છે.** ત્યારે આ સ્થાપત્ય શેનું છે તે કળવું થોડું અઘરું પડે તેમ છે. વળી આ પ્રકારનું વિશાળ સ્થાપત્ય કોઈ રાજ્યાશ્રય વિના નિર્માણ કરવું પણ શક્ય નથી.

પુંઅરેશ્વરના નિર્માણ માટે લોકોક્તિ મળે છે કે તે પુંઅરાએ તેની રાણીની પ્રસન્નતા માટે બંધાવ્યું. પણ સ્મારક માટે આવી કોઈ કથા પણ કચ્છના લોકસાહિત્યમાં જોવા મળતી નથી.

આ સ્થાપત્યને ગુજરાતના ઈતિહાસ સાથે સરખાવીએ તો સોલંકી વંશના સ્થાપક મુળરાજે પાટણની સત્તા સંભાળ્યા પછી આસપાસના પ્રદેશો પર પણ પોતાનું આધિપત્ય જમાવ્યું. એ સમયે કચ્છ અને આબુના રાજ્યો પણ હાંસલ કરી 'મહારાજાધિરાજ'નું પદ મેળવ્યું, ત્યારે સોલંકી વંશના અંત સુધી કચ્છ પર ઓછેવત્તે અંશે તેઓની સત્તા રહી છે અને તેના આધારો ભદ્રેશ્વર, રવેચી મંદિર, રાપર સહિત અનેક સ્થળોએથી મળી આવે છે.

વડીમેડીનું આ સ્થાપત્ય પાશુપતાચાર્યનો શૈવમઠ પણ હોઈ શકે તેવું અનુમાન કરાય છે. મધ્યકાળમાં આવા મઠ હોવાના આધારો મળે છે. જો કે વડીમેડીનું સ્થાપત્ય તો અજોડ જ છે. મધુસુદન ઢાંકીના મતે આ સ્થાપત્ય દસમી સદીનું છે. એ સમયે સોલંકી રાજવી ભીમદેવ પહેલાએ કચ્છમાં શૈવ આચાર્ય અજપાલને ભૂમિદાન કર્યું હતું અને શૈવ આચાર્ય અજપાલ શૈવમઠના અધિપતિ હતા. આથી આ વડીમેડીનું સ્થાપત્ય પણ શૈવમઠ હોવાનું અનુમાન કરી શકાય છે. સ્મારકનો સમય પણ પુંઅરાનો સમકાલીન દસમી સદીનો છે. તેથી તે શૈવ મઠ હોઈ શકે. વડીમેડીનું આ સ્મારક શિવ મંદિરને સંલગ્ન હોય તો તેનો નિર્માણ કાળ પણ દસમી સદી માની શકાય. ભીમદેવે ભૂમિદાન આ મઠને આપ્યું હોય તો તે આજ શૈવમઠ હોઈ શકે તેવું માનીને ચાલીએ તો આ સ્થાપત્ય એ ગુજરાતના પાશુપત મઠોમાંનો એક ઉત્તમ નમુનો માની શકાય. જો કે રામસિંહજી રાઠોડ તેને પુંઅરાનો મહાલય ગણાવે છે. આમ, આ સ્થાપત્ય ખરેખર શાનું છે તે સંશોધનનો વિષય છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

જીવન વૃત્તાંત

# જેમ્સ ઓફ ઇન્ડિયા : અરુણા અસફ અલી



નેહા ભાવેશ પારેખ

*અય મેરે વતન કે લોગો, જરા આંખમેં ભરલો પાની,*
*જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની.*

સ્વતંત્રતા, આઝાદી, ફ્રીડમ — આ બધા શબ્દો જેટલા બોલવામાં કે સાંભળવામાં સારા અને સહેલા લાગે છે એટલા જ મેળવવામાં મુશ્કેલ હોય છે. આપણો દેશ લગભગ બસ્સો કરતા પણ વધારે વર્ષોથી અંગ્રેજોની ગુલામી કરી રહ્યો હતો. અંગ્રેજો અહીં વ્યાપાર અર્થે આવ્યા હતા પણ આપણા દેશની જાહોજલાલી જોતાં અહીં જ પોતાની સત્તા બનાવી લીધી. અંગ્રેજોની ગુલામીમાંથી મુકત કરી દેશને આઝાદ કરવા માટે અનેક નામી અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાનું સર્વસ્વ કુરબાન કર્યું હતું. મહાન ક્રાંતિકારીઓએ ભારે કષ્ટો સહન કર્યા હતા. અનેક યાતનાઓ વેઠી હતી. પોતાની જાનની પરવા કર્યા વગર તેઓ રાત-દિવસ અંગ્રેજો સામે લડતા રહ્યા. એમની લાઠીઓ ખાતા રહ્યા, એમના અન્યાયનો ભોગ બનતા રહ્યા.

**ગાંધીજી, સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ, જવાહરલાલ નહેરુ, લાલબહાદુર શાસ્ત્રી, શહીદ ભગતસિંહ, લોકમાન્ય તિલક, લાલા લજપતરાય, ચંદ્રશેખર આઝાદ....** અધધ... આવા અસંખ્ય ક્રાંતિકારીઓએ પોતાનું આખું જીવન દેશને નામ સમર્પિત કરી દીધું હતું. અઢળક જુવાનો હિંસક ક્રાંતિનો માર્ગ અપનાવી અંગ્રેજોની ક્રૂરતા અને રોષનાં ભોગ બન્યા હતા અને પોતાના પ્રાણોની આહૂતિ આપી હતી. અનેક લોકોએ પોતાના ઘરબાર ખોયા, માલ-મિલ્કત ખોઈ. અનેક માતાઓએ પોતાના પુત્રો ખોયા, કોડભરી હજારો સ્ત્રીઓનાં કપાળેથી સૌભાગ્યનો ચાંદલો ભૂંસાઈ ગયો. આઝાદીની લડાઈમાં અગણિત દેશબંધુઓએ તન, મન અને ધનનું બલિદાન આપીને માભોમની સેવા કરી હતી. આ સેનાનીઓની કુરબાનીને કેમ ભૂલાય? આજે તેમાંના કેટલાક શહીદોનું નામ સુવર્ણ અક્ષરોથી લખાઈને ઈતિહાસના પાના પર અમર થઈ ગયું છે પણ આમાંના કેટલાક મહિલા ક્રાંતિકારીનું નામ જવલ્લે જ કોઈ યાદ રાખે છે.

આજે હું તમને એવા જ એક મહિલા સ્વાતંત્ર્ય સેનાનીની વાત કરીશ. જ્યારે મહિલાઓને ઘરની બહાર નીકળવાની પરવાનગી પણ મળતી ન હતી એ જમાનામાં તે પોતાની નીડરતા, સાહસિકતા, યોગ્યતાના એક મિશાલ હતા. ભલે, આપણા યુવાધન પાસે એમના વિશે ખાસ માહિતી નથી પણ દેશને આઝાદ કરાવવામાં એમનું અમૂલ્ય યોગદાન રહ્યું છે.

એ મહાન સ્ત્રીનું નામ છે **અરુણા અસફ અલી.**

અરુણા ગાંગુલીનો જન્મ ૧૬ જુલાઈ, ૧૯૦૯ના રોજ પંજાબના કાલકા ગામમાં થયો હતો. જન્મે તેઓ બંગાળી બ્રાહ્મણ હતા. એમના પિતાજીનું નામ ઉપેન્દ્ર ગાંગુલી હતું. નૈનીતાલમાં તેઓ એક હોટલનાં માલિક હતા. એમના માતાજીનું નામ અંબાલિકા દેવી હતું.

ભણવામાં અરુણા નાનપણથી જ અત્યંત તેજસ્વી હતા. વર્ગમાં હંમેશાં પ્રથમ નંબર લાવતા. એમની કુશાગ્ર બુધ્ધિ અને વાક્ચાતુર્યનાં ગુણ આખી શાળામાં જગજાહેર હતા.

લાહોરમાં એમનું બાળપણ વીત્યું અને નૈનીતાલથી ગ્રેજ્યુએશન પૂરું કર્યા પછી કલકત્તાની ગોખલે મેમોરિયલ સ્કૂલમાં શિક્ષિકા બની ભણાવવા લાગ્યા હતા.

કલકત્તામાં શિક્ષિકાની નોકરી દરમિયાન તેઓ ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અસફ અલીનાં સંપર્કમાં આવ્યા. જેઓ એક પ્રસિધ્ધ વકીલ પણ હતા અને એમનાથી લગભગ એકવીસ -બાવીસ વર્ષ મોટા હતા. ધીમે ધીમે એમની મૈત્રી પ્રેમમાં પરિણમી. બંનેના ધર્મ અલગ અને પાછા ઉંમરમાં પણ આટલો તફાવત હોવાથી પરિવારમાં એમનો ખાસ્સો વિરોધ થયો પણ એ બધાથી પર જઈને ફક્ત ઓગણીસ વર્ષની ઉંમરમાં પરિવાર અને સમાજની વિરૂધ્ધ જઈને એમણે ૧૯૨૮માં અસફ અલી સાથે લગ્ન કરી લીધા. એમના લગ્નમાં એમના પરિવારનાં કોઈ સદસ્ય તો જોડાયા ન હતા પણ **ગાંધીજી અને જવાહરલાલ નહેરુ જેવા વરિષ્ઠ નેતાઓએ એમના પરિવાર બની લગ્નમાં હાજરી આપી હતી.** લગ્ન બાદ એમના જીવનનો મકસદ બદલાઈ ગયો. તેમને પતિનાં પગલે ચાલવાનું નક્કી કરી લીધું અને એમની સાથે સ્વતંત્રતા સંગ્રામમાં જોડાઈ ગયા. તેઓ ગાંધીજીના આદર્શોને ખૂબ માનતા હતા. તેઓ પતિ સાથે ગાંધીજી અને જવાહરલાલ નહેરુનાં ભાષણ સાંભળવા તેમની સભાઓમાં જવા લાગ્યા.

૧૯૩૦માં ગાંધીજીએ મીઠાના સત્યાગ્રહ માટે સાર્વજનિક સભાઓને સંબોધીને સરઘસ કાઢ્યા હતા. અંગ્રેજ સરકારે મીઠા

પર ટેક્ષ લગાવ્યો હતો, એનો ગાંધીજીએ અહિંસક વિરોધ કર્યો હતો. પહેલીવાર અરુણાએ એમના પતિ સાથે કોઈ આંદોલનમાં ભાગ લીધો હતો. ગાંધીજીના નેતૃત્વ હેઠળ અરુણા અલી આંદોલનમાં ખૂબ આગળ પડતો ભાગ ભજવતા હતા. તેમનામાં એક કાબેલ નેતા બનવાના તમામ ગુણો હતા. **જયપ્રકાશ નારાયણ, ડો. રામ મનોહર લોહિયા, અચ્યુટ પટવર્ધન જેવા સમાજવાદીઓનાં વિચારોનો એમના પર જબરદસ્ત પ્રભાવ પડ્યો હતો.** ૧૯૩૦માં એમણે પણ ગાંધીજીની સાથે સાથે સભાઓ ભરી સરઘસ કાઢ્યા.

અંગ્રેજ સરકારે પોતે રખડું છે અને પ્રજાને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવી એમની ધરપકડ કરી. ગાંધી ઈરવીનના સમજોતા દરમિયાન બીજા બંદીઓને છોડી દેવામાં આવ્યા પણ અરુણાને છોડાયા નહીં. તેમની સાથેના બીજા મહિલા ક્રાંતિકારીઓએ જેલમાં ધમાચકડી મચાવી કે અરુણાને છોડો તો જ અમે જેલમાંથી બહાર નીકળીશું. પણ અંગ્રેજોએ એમની આ વાત માન્ય રાખી નહીં. છેવટે ગાંધીજીને વચ્ચે પડવું પડ્યું. ગાંધીજીએ બીજા મહિલા ક્રાંતિકારીઓને જેલમાંથી બહાર નીકળવા માટે સમજાવ્યા પછી જ ક્રાંતિકારીઓ જેલમાંથી બહાર નીકળવા માટે માન્યા. અરુણાને છોડવા માટે પક્ષમાં જન આંદોલન શરૂ થયા એટલે બ્રિટીશ સરકારે નાછૂટકે એમને છોડવા પડ્યા. આ બનાવ પછી તેઓ ધીરે ધીરે પ્રસિધ્ધ થવા લાગ્યા. જેલમાંથી છૂટ્યા પછી પણ એમના સરઘસો, એમનાં આંદોલનો, ઠેર ઠેર સભાઓ યોજવાનું તો ચાલુ જ હતું. હવે તેઓ અંગ્રેજો સામેની લડતમાં વધારે ને વધારે સક્રિય બનતા ગયા. દેશની સેવા કરવા માટે એમનું ખૂન વધારે ગરમ થતું ગયું. તેઓ કોઇનાથી ડરે એવા ન હતા. બમણા જોરથી એમણે અંગ્રેજોને ટક્કર આપવાનું નક્કી કરી લીધું. એમની નેતાગીરીથી અંગ્રેજો ઉશ્કેરાઇ ગયા હતા. પોલીસ અરુણાને પકડવાની તક જ શોધતી હતી.

૧૯૩૨માં ફરીથી એમને બંદી બનાવીને તિહાર જેલમાં મોકલી દેવામાં આવ્યા. તિહાર જેલમાં એમની અને એમના સાથીદારો સાથે અત્યંત ખરાબ વર્તન થતું હતું. આ અન્યાયના વિરોધમાં એમણે સાથીદારો સાથે ભૂખ હડતાળ શરૂ કરી દીધી. એમનાં આ પગલાથી કેદીઓ સાથે થતાં વર્તનમાં થોડોઘણો સુધારો થયો પણ અરુણાને એકલાને અંબાલાના કોઈ એકાંત કારાવાસમાં ધકેલી દેવામાં આવ્યા. પરંતુ એમના આ સતત પ્રયાસોને લીધે તિહાર જેલમાં કેદીઓ સાથેના વર્તનમાં ચોક્કસ સુધારો થયો હતો. જેના પરિણામરૂપે એમને ત્યાંથી તરત જ છોડી દેવામાં આવ્યા. ત્યાંથી છૂટ્યા પછી દસ વર્ષ માટે રાષ્ટ્રીય આંદોલનથી અલગ કરી દેવામાં આવ્યા. પણ એ કંઈ એમને એમ બેસી રહે એવા ન હતા. એ પછી તેમણે ગરીબ અને નિર્બળ લોકો માટે કામ કરવાનું શરૂ કર્યું. **ઉપરાંત સ્ત્રીઓના હક્ક અને શિક્ષણ માટે પણ તેઓ લડતા રહ્યા.**

૧૯૪૨માં એમણે પોતાના પતિ સાથે મુંબઇના કોંગ્રેસ અધિવેશનમાં ભાગ લીધો. તેઓ કોંગ્રેસ સમિતિના એક સક્રિય સભ્ય હતા. બ્રિટીશ શાસનના અંતની જરૂરિયાત પર ૧૯૪૨ની ૮મી ઓગસ્ટે કોંગ્રેસ સમિતિ દ્વારા **"અંગ્રેજો, ભારત છોડો"** નામનો એક ઠરાવ પસાર થયો. આ મહાસમિતિએ ભારતની મુક્તિ કાજે અહિંસક માર્ગે આંદોલન શરૂ કરવાની પણ મંજૂરી આપી. બીજા દિવસે એટલે કે ૯મી ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ મુંબઇના ગોવાળિયા મેદાનમાં અધિવેશનને ચાલુ રાખવા સાથે એક વિશાળ જાહેરસભા યોજી હતી. પરંતુ આગેવાનો ભેગા થાય અને લડત ચાલુ થાય એ પહેલા જ ગિરફતારીનો દોર ચાલુ થઈ ગયો અને અનેક નેતાઓને જેલમાં પૂરી દેવામાં આવ્યા. ગોવાળિયા તળાવ મેદાનમાં એમણે બાકી રહેલાં સભ્યોની સાથે રહીને અંગ્રેજો સામે ભારતનો રાષ્ટ્રધ્વજ લહેરાવી અંગ્રેજોને દેશ છોડી દેવા માટે ખુલ્લો પડકાર ફેંક્યો અને પોતાની ખમીરતાનો નમૂનો આપ્યો. એ પછી તો પોલીસે લાઠીચાર્જ શરૂ કર્યા. આખા મેદાનમાં ભાગદોડ મચી ગઈ. ચારેબાજુ અંધાધૂંધી છવાઈ ગઈ. મેદાનમાં પોલીસ દ્વારા ફાયરિંગ પણ થયું અને **'ભારત છોડો' ચળવળની શરૂઆત થઈ. આ ચળવળથી તેઓ '૧૯૪૨ની ઝાંસીની રાણી' તરીકે ઓળખાવા લાગ્યા.** અંગ્રેજોની લાઠીઓનો બેસુમાર માર અને બંદૂકની ગોળીઓને છાતી પર ઝીલીને કેટલાય દેશભક્તો શહીદ થઈ ગયા પરંતુ અંગ્રેજોની આંખોમાં ધૂળ નાખી અરુણા ત્યાંથી ભાગવામાં સફળ રહ્યાં અને ભૂગર્ભમાં જતા રહ્યા. ભૂગર્ભમાં રહીને પણ એમણે ગાંધીજી અને બીજા નેતાઓની ગિરફતારી સામે અંગ્રેજોનો વિરોધ કરી સભાઓ યોજી. દેશ માટે કુરબાન થવાની એમની ભાવના જ્વલંત હતી. તેઓ સંપૂર્ણપણે દેશભક્તિનાં રંગે રંગાઈ ગયા હતા. ૧૯૪૨ના 'હિંદ છોડો' સત્યાગ્રહથી અરુણાજીએ એક મહાન દેશપ્રેમી તરીકેની પોતાની ઓળખ બનાવી લીધી હતી. ૧૯૪૨થી ૧૯૪૬ સુધી દિલ્હી, મુંબઈ, કલકત્તા જેવા જુદા જુદા શહેરોમાં ફરી ફરીને આંદોલનો કરવામાં સક્રિય રહ્યા અને લોકોમાં નવજાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો. પોતાનાં અન્ય સાથીઓ સાથે રહીને તેઓ પ્રચાર માટે રેડિયો અને પેમ્ફલેટનો ઉપયોગ કરતા. પોલીસ તેમને શોધવા બેબાકળી બની ગઈ હતી પણ તેઓ પોલીસની પકડમાં આવી ના શક્યા. એ પછીના વર્ષોમાં તેઓ **'ધ ગ્રાન્ડ ઓલ્ડ લેડી ઓફ ધ ઇન્ડિપેન્ડન્સ મુવમેન્ટ'** તરીકે જાણીતા થયા.

તેમને પકડવા માટે એરેસ્ટ વોરન્ટ જાહેર કરવામાં આવ્યું હતું પણ કોઈપણ રીતે પોલીસની જાળમાંથી બચી જવામાં નસીબે તેમને સાથ આપ્યો હતો. તેમના દિલોદિમાગ પર બસ એક જ ઝનૂન સવાર હતું કે કોઈપણ રીતે દેશને અંગ્રેજોની

ગુલામીમાંથી મુક્ત કરાવવો છે અને એક આઝાદ હિંદની સ્થાપના કરવી છે. ભૂગર્ભમાં રહીને પણ એમણે શ્રી રામ મનોહર લોહિયા સાથે કોંગ્રેસ પાર્ટી દ્વારા બહાર પડતાં **'ઇન્કલાબ' નામના માસિક મેગેઝિનનું સંપાદન કર્યું હતું.** આ મેગેઝિન દ્વારા સમાજનાં કેટલાય નવયુવાનોને દેશ માટે કંઈ કરી છુટવાની ભાવના પ્રબળ બની.

હવે પોલીસ એમને પકડવા અધીરી બની ગઈ હતી. **પોલીસની નજરમાં હવે તે મોસ્ટ વોન્ટેડ લેડી બની ચૂક્યા હતા.** સરકારે એમની તમામ સંપત્તિ જપ્ત કરીને વેચી દીધી હતી. એમને પકડવા માટે સરકારે પાંચ હજાર રૂપિયાનું ઇનામ પણ ઘોષિત કર્યું હતું. આ બધા સમાચાર સાંભળીને એમણે માનસિક સ્વસ્થતા તો જાળવી રાખી પણ શારીરિક રીતે તેમની તબિયત બગડી હતી. તેઓ ખૂબ લથડી ગયા હતા. એમની ખરાબ તબિયતનાં સમાચાર સાંભળીને ગાંધીજીને ખૂબ દુઃખ થયું. એમણે અરુણાજીને સરન્ડર થવા સમજાવ્યા હતા છતાં તેઓ ટસ ના મસ ના થયા. પોતાની બધી જ સંપત્તિ સરકાર દ્વારા જપ્ત થઈ ગઈ હોવા છતાં તેઓએ આત્મસમર્પણ ના કર્યું. જ્યારે એમની તબિયત ખૂબ ખરાબ થઈ ગઈ ત્યારે એમને દિલ્હીના કરોલબાગમાં ડૉક્ટર જોશીની હોસ્પિટલમાં થોડા સમય માટે રાખવામાં આવ્યા હતા. ગાંધીજીને આ સમાચાર મળ્યા કે તરત જ એમણે પોતાના હાથે લખેલી એક ચિઠ્ઠી સેવક મારફતે અરુણાજીને મોકલાવી. તેમાં લખ્યું હતું કે, 'મને તારી હિંમત માટે માન છે પણ આમને આમ તારી તબિયત વધારે ખરાબ થતી જશે. આપણું મિશન હવે પૂરું થવાની તૈયારીમાં જ છે. હવે તું ભૂગર્ભમાંથી બહાર આવી જા અને તારી જાતને સરેન્ડર કરી દે. તને પકડવાનું જે ઇનામ ઘોષિત થયું છે **એ આપણે હરિજન જાતિનાં વિકાસ માટે વાપરીશું.**' ગાંધીજીની ચિઠ્ઠી વાંચ્યા પછી પણ અરુણાનું મન ના પીગળ્યું પણ એમને પોતાની જાત પર ગર્વ થયો. એ ચિઠ્ઠી એમણે આખી જિંદગી ખજાનાની જેમ સાચવી, ને છેવટે એમના ઘરનાં બેઠક રૂમમાં ફ્રેમ બનાવીને લગાવી હતી. છેવટે ૨૬ જાન્યુઆરી, ૧૯૪૬નાં રોજ સરકારે એમના ઉપરથી અરેસ્ટ વોરન્ટ હટાવી દીધું પછી જ એમણે પોતાની જાતને પોલીસના હવાલે કરી.

છેવટે ભારતને આઝાદ કરવાનાં ચક્રો ગતિમાન થયા અને અંગ્રેજોને હાર માનવી પડી. મહાન ક્રાંતિકારીઓની કુરબાની રંગ લાવી. લોર્ડ માઉન્ટ બેટને ભારતને સ્વાધીન જાહેર કર્યું. ૧૯૪૭ના ઓગસ્ટ મહિનાની ૧૫મી તારીખે આપણો દેશ આઝાદ થયો. એ પછી તેઓ સંપૂર્ણ રીતે પતિ સાથે રાજકારણમાં જોડાઈ ગયા.

૧૯૪૮માં એમણે સમાજવાદી પાર્ટી સાથે મળીને પોતે એક સોશિયાલિસ્ટ પાર્ટી બનાવી. એના થોડા સમય પછી એ પોતાના પતિની કોમ્યુનિસ્ટ પાર્ટી સાથે જોડાઈ ગયા. ૧૯૫૩માં તેમના પતિ અસફ અલીનું મૃત્યુ થયું. એ પછી તેઓ માનસિક રીતે ભાંગી પડ્યા હતા. મન કઠણ કરી તેઓએ વિધાતાનાં નિયમને સ્વીકારી લીધો અને એ પછી તેઓ રાજકારણમાં વધારે સક્રિય થઈ ગયા અને સતત કામ કરતા રહ્યા.

૧૯૫૮માં એમણે ભારતની કોમ્યુનિસ્ટ પાર્ટી છોડી દીધી અને **તેઓ દિલ્હીના પ્રથમ મેયર તરીકે ચૂંટાઈ આવ્યા. દિલ્હીમાં સફાઈ અને સ્વાસ્થ્ય પર એમણે ખૂબ પ્રસંશનીય કામ કર્યું.** દિલ્હીના વિકાસમાં એમનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. પોતાનાં જીવનકાળ દરમિયાન તેઓ સતત સમાજ કલ્યાણનાં જુદા જુદા કાર્યો સાથે સંકળાયેલા રહ્યા. જયપ્રકાશ નારાયણની સાથે મળીને એમણે દૈનિક સમાચાર પત્ર **'પેટ્રિયાટિક'** અને સાપ્તાહિક સમાચાર પત્ર **'લિંક'**નું સંપાદન કાર્ય શરૂ કર્યું. જવાહરલાલ નહેરુ જેવા વરિષ્ઠ નેતાની ઓળખાણનાં કારણે એમનાં સમાચાર પત્રો ખૂબ ઓછા સમયમાં પ્રસિધ્ધિ પામ્યા પણ રાજકારણીઓની અંદરો અંદર ખટપટ થતાં થોડા સમય બાદ એમણે સંપાદનનું કામ છોડી દીધું હતું. હવે તેઓ થાકી ગયા હતા. રાજકારણમાં થતી ખેંચતાણથી કંટાળી ગયા હતા. એમણે મેયર પદેથી પણ રાજીનામું આપી દીધું અને ફરીથી ક્યારેય કોઈ સરકારી નોકરી કે ચૂંટણીમાં નહીં ઊભા રહેવાનું નક્કી કર્યું હતું. **અલબત્ત, એ સ્વ. ઇંદિરા ગાંધીજી અને રાજીવ ગાંધીના ખાસ મિત્રોમાંના એક હતા.**

**અરુણાજીએ પોતાનું આખું જીવન દેશ માટે અને પછી સમાજ કલ્યાણના કાર્યો માટે સમર્પિત કરી દીધું હતું.** અરુણા અસફ અલીનું જીવન ભારતનાં સ્વરાજય માટે એક રાષ્ટ્રીય યજ્ઞ સમું છે. એમનાં જીવનકાળ દરમિયાન તેઓ ઘણીબધી ઉપલબ્ધિઓના હક્કદાર બન્યા હતા.

૧૯૬૪માં અરુણા અસફ અલીને આંતરરાષ્ટ્રીય **લેનિન શાંતિ પુરસ્કાર**થી નવાજવામાં આવ્યા હતા. તે ઉપરાંત ૧૯૯૧માં આંતરરાષ્ટ્રીય સમજણ માટે તેઓને **જવાહરલાલ નહેરુ પુરસ્કાર** પણ મળ્યો હતો. ૧૯૯૨માં રાષ્ટ્ર નિર્માણના કાર્ય હેઠળ તેઓને **'પદ્મ વિભૂષણ'** ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમય જતાં એમની તબિયત વધારે ખરાબ રહેતી હતી. તેઓ લાંબો સમય પથારીવશ રહ્યા. સિત્યાસી વર્ષનું જીવન જીવી **૨૯ જુલાઈ, ૧૯૯૬**ના આ મહાન સ્વાતંત્ર્ય સેનાનીએ દુનિયાને હંમેશાં માટે અલવિદા કહી દીધી.

એમના મૃત્યુના એક વર્ષ પછી એટલે કે **૧૯૯૭માં ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર "ભારત રત્ન"**થી સન્માનિત કરી એમનાં મૃત્યુને શ્રદ્ધાંજલિ આપવામાં આવી

હતી. દેશની જનતા આ મહાન વ્યક્તિને હંમેશાં યાદ રાખે એ માટે **ભારતીય ટપાલ સેવા દ્વારા ૧૯૯૮માં એમના નામની એક ટપાલ ટિકિટ બહાર પડી હતી.** આજે પણ નવી દિલ્હીમાં એમના નામનો રસ્તો છે, જે 'અરુણા અસફ અલી માર્ગ'ના નામે ઓળખાય છે.

આજે ભલે આ મહાન ક્રાંતિકારી આપણી વચ્ચે નથી પણ એમના જીવન ચરિત્રમાંથી એમનાં જોશીલા સ્વભાવ, નીડરતા, એમની કાર્ય કરવાની ક્ષમતા, એમની સાચી દેશ ભક્તિ વગેરેથી એમની બાહોશતાનો સચોટ પરિચય થાય છે. તેઓ હંમેશાં એવું કહેતા : **'જો તમે જીવનમાં આવતી અમૂલ્ય તકનો લાભ લેવાની હિંમત નહીં કરો તો તમે જીવનમાંથી ક્યારેય કંઈ પણ મેળવી શકશો નહીં.'**

મને ખાતરી છે કે આપણામાંથી મોટા ભાગના લોકો એમના વિશે, એમના કાર્યો વિશે આજ સુધી અજાણ હતા પરંતુ આજે આ લેખ દ્વારા અરુણા અસફ અલીના જીવનનો આપણને પરિચય થાય છે. ભારતનાં એક મહાન મહિલા સ્વાતંત્ર્ય સેનાની તરીકે એમનું નામ આપણી યુવા પેઢીનાં મુખ પર સદાય ગૂંજતું રહેશે.

ભારત દેશની આઝાદી માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર વીર શહીદોને કોટી કોટી વંદન.

**જય હિન્દ, જય ભારત.**

*એ/૩૨, ઇશાન-૩, પ્રહલાદ નગર, અમદાવાદ.*
*મો. ૯૦૯૯૭ ૬૬૯૯૯*

## વિશ્વાસ કોણ રાખશે?

*બીજાનાં દળણાં દળી દળીને*
*અને પેટે પાટા બાંધીને*
*સંતાનને ઉછેરનારી, મોટાં કરનારી*
*અને ભણાવી, પરણાવી*
*સારી સ્થિતિએ પહોંચાડનારી*
*માતાને*
*પત્નીના ગુલામ બનીને*
*પીડા આપનારાં,*
*હડસેલી દેનારાં*
*અને એ રડતી આંખે*
*વૃદ્ધાશ્રમને આશરે રહેવા જવું પડે*
*એ સ્થિતિ ઊભી કરનારાં*
*સંતાનોનો*
*વિશ્વાસ કોણ રાખશે?*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

## કચ્છી દશા ઓસવાલ નાતજા ચમકેં કચ્છજા તેજસ્વી તારા

**કચ્છમાં સૌપ્રથમ બબ્બે વખત MP થનાર મહાપુરુષ કચ્છ રત્નને એક આદર્શ આજીવન નેતા**

જન્મ : સને ૧૯૦૨  સ્વ. તા. ૨૭-૦૯-૧૯૭૦

**શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી ખોના (તેરા/માટુંગા)**

ભવાનજી શેઠજો નાતમેં જીંમાન થ્યોં તીંય રાજકાજમેં માન
ગાંધીજી જે બોલતેં, ઝુકી વ્યા ઈ જવાન
કૈકવરે પ્રમાણ થઈ વ્યા ખજાનચી, પૂરે અઢળક ધન
બ્રિટિશ જે નજરે ચડ્યા, જેલ વ્યા ઈ સજ્જન
ઈનીંતેં પ્રજા પ્રસન્ન થઈ, MP થ્યા પૂરા બબ્બવાર
પાર્લામેન્ટમેં કચ્છજી, ખૂબ રખ્યાં તે ન્યાર,
તેરેં મેં ઈસ્પિતાલ ક્યાં સટુકડી, જૈ હરે કૈઈ નિંડાવડા રોગ,
જખૌ જે ધરિયા મત્થે, શરૂ ક્યોં લવણ ઉદ્યોગ,
ગાંધીધામ કંડલા સુધી, નગરીજો આધાર
બંદર ક્યાં મુંભઈ સમું, પચ્છમજે હિનપાર
સ્ટીમરું અચેં વિલાયત જ્યું, તેંકે લગે ન વાર
ને કંડલાજે બંદર મત્થે, રોજી રડે હજાર
કંડલાજે બંદર મત્થે, નાં નાં થ્યા ઉદ્યોગ
શહેર થ્યો આય ઠાવકો, રેલસેં થ્યો સંજોગ,
માલ વિને પંજાબ સુધી, પંજ ક્રોડ કેં રોજ,
નેહરૂ - વલ્લભ વા ફીદા ગુણજા વા ગરોજ
કચ્છ-કચ્છીએં જે કારણે, જેં ધારે ગિણા ભેખ
અમૃત બેંકે ડૈંઈ કરે, ઝેર જીરવ્યા છેક
સને ૧૯૪૮જોં નાતજે પહેલે સંમેલનજા પ્રમુખ થ્યા જોરદાર
સને ૧૯૫૨મેં કચ્છ જે ધરતીકંપ ટાણે સેંવા ડિનો પારાવાર
શ્રી ભવાનજી શેઠ જન્મ્યા ભલેં, કચ્છ ભૂમિતેં સાર
બબ્બ ડુકાર ટામે સદ્ગુરૂ સેવા સંઘકે સેવા ડીના અપાર
૧૯૭૦મેં સપ્ટેમ્બર સત્યાવીજો, સૂરજ છડે વ્યો જોર
ભવાનજી શેઠ હલ્યા વ્યા ને અજપણ કોઈ ન કરે સગે ઈનીજી હોડ
સ્વર્ગે વ્યા ભવાનજી, રશ્મિન ચેં કૈક કરે સુકાજ
કચ્છ જા વ્યા આત્માને, વ્યા જ્ઞાતિજા શિરતાજ.
એમની સેવાઓ ખરેખર વંદનીય-પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે.

- શેઠશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી ખોના (તેરા / માટુંગા)
મહાદાનેશ્વરી હંસકુમાર શેઠ, કરોડેંસેં ક્યાં વડ્ડાદાન
પિતા ભવાનજી શેઠને જમકુમાજો ને રોશન ક્યાં તેરા ગામજો નામ.
- રમેશભાઈ નારાણજી દંડ (તેરા/ગાંધીધામ) જેઓ આશાપુરા માતાનો મડના જાગીરના ટ્રસ્ટી જ્યારથી ટ્રસ્ટ બન્યો ત્યારથી ટ્રસ્ટી છે.
કચ્છ એકમના ૨૫ વરસથી પણ વધુ પ્રમુખપદે રહ્યા હતા.
શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસર તેરા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ અને શ્રી તેરા પાંજરાપોળ – આ ત્રણે સંસ્થાઓના છેલ્લા ૪૮ વરસથી ટ્રસ્ટી પદે છે.
- પ્રતાપભાઈ નારાણજી દંડ (તેરા/અમદાવાદ) કચ્છી જૈન સેવા સમાજજા પ્રમુખ આંઈ પ્રતાપભાઈ. વરી મુખપત્ર 'મંગલ મંદિર'જા તંત્રી થૈ સેવા કઈયે સવાઈ.
- લહેરચંદ આણંદજી ખોના (સાંધવ/આદિપુર) મહાજનના પ્રમુખ અને કચ્છ એકમના માનદ્ મંત્રી છે.
- મહેશ ખીમજી લાલકા (વારાપધ્ધર/આદિપુર) હાલે કચ્છ એકમના પ્રમુખ છે.

(અમને જેટલી માહિતી મળી છે એ મુજબ ઉપરની વિગત આપી છે.)

**સંકલનકર્તા : રશ્મિન ખોના (મુંબઈ) ● મો. ૮૮૭૯૩૨૯૪૦૪**

**છપાવનાર : એક સદ્ગૃહસ્થ**

વિચાર મંથન

# આગળ વધતી દુનિયા સાથે કદમ મિલાવવા હોય તો....



ડૉ. યાસીન દલાલ

બ્રહ્માંડની આ વિરાટ લીલામાં પૃથ્વી નામના એક નાનકડા ઉપગ્રહ પર માણસ જાતે બે હજાર વર્ષની ઉજવણી કરી એનું કોઈ મહત્ત્વ નથી. કેમકે, બ્રહ્માંડમાં આવું કોઈ આયોજન કે નિશ્ચિત લીલા જ નથી. આ તો બધા કાર્લ સેગનના શબ્દોમાં કહીએ તો એક 'વિરાટ વિસ્ફોટ'નો ખેલ છે. કોઈ જાતના પ્રયોજન વિના આકાશગંગામાં હજારો - લાખો ગ્રહો, ઉપગ્રહો અને તારા ફરી રહ્યા છે. એમાંથી કોઈ તો અકસ્માતે સળગીને નાશ પણ પામે છે, તો વળી ક્યાંક એક ગ્રહના ટુકડા થઈને એમાંથી ઉપગ્રહો પણ બને છે. કોઈ ગ્રહ ઉપર અત્યંત ગરમ હવામાન છે, તો ક્યાંક આખા ગ્રહ ઉપર બરફ છવાયેલો છે. પૃથ્વી પર ગુરુત્વાકર્ષણ હોવાથી અહીં જીવસૃષ્ટિ પેદા થઈ શકી અને એમાં પણ અણુ અને એના વિઘટનના સિદ્ધાંત પણ ઘણીબધી વસ્તુઓના સર્જન - વિસર્જનનો આધાર છે. આ બધું છેલ્લા બસો-અઢીસો વર્ષમાં વિજ્ઞાને આપણને શીખવ્યું.

આ સંદર્ભમાં **આઇન્સ્ટાઇન** જેવા વૈજ્ઞાનિકને મિલેનિયમની શ્રેષ્ઠ પ્રતિભા ઘોષિત કરવામાં આવે, એ બધી રીતે યોગ્ય કહેવાય. **વાસ્તવમાં આ સહસ્ત્રાબ્દીની સર્વશ્રેષ્ઠ ઉપલબ્ધિ જ વિજ્ઞાન અને ટેકનોલોજીની છે.** ખગોળ વિજ્ઞાનથી માંડીને તબીબી ક્ષેત્ર સુધી આધુનિક વિજ્ઞાને જ પ્રગતિ કરી છે. એ પ્રગતિ ન થઈ હોત તો આપણામાંથી મોટાભાગના તો આ નવી સદી જોવા માટે જીવતા પણ ન રહ્યા હોત. એક જમાનામાં સરેરાશ આયુષ્ય જ ૪૦થી ૪૫ વર્ષનું હતું. આજે સુધરેલા દેશોમાં તો એ વધીને ૯૦-૯૫ વર્ષે પહોંચ્યું છે અને હજી આ પ્રગતિની કૂચ સતત ચાલુ જ છે. આવતી સદીમાં મનુષ્યનું વૃદ્ધત્વ રોકવા અને એને કાયમ માટે યુવાન રાખવાના પ્રયોગો પણ સફળ થાય એવી પૂરી શક્યતા છે. એટલું જ નહીં, હૃદયથી કિડની સુધીના શરીરના મોટાભાગના અંગઉપાંગોની અદલાબદલી પણ હવે શક્ય બનવાની છે. કૃત્રિમ લોહી બનાવવાના પ્રયોગો ચાલુ છે અને જીવશાસ્ત્રની મદદથી એવા બીજા અવનવા પ્રયોગો ચાલી રહ્યા છે. જેની વાતો પણ અત્યારે અત્યંત રોમાંચક લાગે છે અને ઈન્ટરનેટ ઉપર લોકો પોતાની શારીરિક તકલીફનું વર્ણન કરે છે અને દુનિયાભરમાંથી ડૉક્ટરો એના ઉપચાર બતાવે છે. **આપણા માટે તો છેલ્લા બે-ત્રણ વર્ષમાં કમ્પ્યુટર અને ઇન્ટરનેટ આપણા ઘરઆંગણે આવ્યા, એ જ આ સદીની કે સહસ્ત્રાબ્દીની સૌથી મોટી ઉપલબ્ધિ છે.** આપણામાં જો થોડી દીર્ઘદષ્ટિ, સૂઝ અને થોડું વ્યવસ્થિત આયોજન હોય તો આ નવી શોધખોળોની મદદથી દેશની કાયાપલટ કરી શકીએ. પણ, **આપણે હજી એકબાજુ ઇન્ટરનેટ અને બીજી બાજુ ધાર્મિક શ્રદ્ધા, અંધશ્રદ્ધા, કથાઓ અને ધાર્મિક વિખવાદોમાં રાચનારી પ્રજા છીએ.**

એક સામયિક સહસ્ત્રાબ્દીની શ્રેષ્ઠ પ્રતિભાનું સર્વેક્ષણ કર્યું તો એમાં મુદ્રણ વિદ્યાની શોધ કરનાર **જહોન ગુટેનબર્ગ**નું નામ નીકળ્યું! અને, વાત પણ સાચી છે. ગુટેનબર્ગે જો મુદ્રણકળાની શોધ ન કરી હોત તો આ લેખ વાચકોને વાંચવા ન મળી શકત અને આટલા બધા દૈનિકો અને સામયિકોની અજાયબ દુનિયા આપણી નજર સામે ઉઘડી જ ન હોત. વાસ્તવમાં ગુટેનબર્ગની આ એક શોધ પછી જ માનવજાતની પ્રગતિના દ્વાર ખૂલ્યા છે એમ કહી શકાય. ૧૪૫૦માં મુદ્રણકળાની શોધ થઈ, એ પહેલાં માણસ કાગળ ઉપર સાદી શાહીથી લખી શકતો એટલું જ. ગુટેનબર્ગને વિચાર આવ્યો, કે આ રીતે લહિયાઓ બાઇબલની નકલો તૈયાર કરે એમાં ખૂબ સમય લાગે છે. એના કરતાં લખાણની એકસરખી અનેક નકલો છાપી શકાય એવું કંઈક વિચારવું જોઈએ. એમાંથી મુદ્રણની કળા વિકસી. પહેલાં પુસ્તકો છપાયાં, પછી દૈનિકો શરૂ થયા અને ૧૮૯૫માં **લુમિયેર ભાઈઓએ** સિનેમાની શોધ કરી અને માધ્યમોની દુનિયામાં એક ક્રાંતિ આવી ગઈ. એ પછી વીસમી સદી આવી અને રેડિયો, ટેલિવિઝન, ટેલિફોન, ગ્રામોફોન, ગ્રામોફોન રેકર્ડ — એવી અવનવી શોધો થતી જ રહી અને **સદીઓ સુધી ગુફાઓમાં રહેનાર માણસ એકાએક હવામાં ઉડવા લાગ્યો અને દરિયાના પાણી ઉપર સ્ટીમરમાં તરવા લાગ્યો. બધી રીતે વિચારીએ તો આ સહસ્ત્રાબ્દી વિજ્ઞાન અને ટેકનોલોજીને ફાળે જ જાય છે.** એમાં પણ છેલ્લા ૪૦૦ વર્ષમાં એવી જબરદસ્ત શોધખોળો એટલી ઝડપથી થઈ છે કે, એ પહેલાના લાખો વર્ષ આપણે કઈ રીતે વીતાવ્યા હશે એની કલ્પનાથી ગ્લાનિ થઈ આવે.

૧૯૦૧માં **માર્કોની**એ રેડિયો બનાવ્યો. ૧૯૦૩માં **રાઇટ બંધુઓ**એ વિમાનની શોધ કરી. ૧૯૦૭માં **આર્થર ડોને** ફેસીમિલ મશીન બનાવ્યું. ૧૯૨૬માં **ગોડાર્ડે** રોકેટ તૈયાર કર્યું અને ચંદ્ર ઉપર પહોંચવા માટેના કાર્યક્રમનું શિલારોપણ થઈ ગયું. ૧૯૩૩માં રડારની શોધ થઈ. ૧૯૩૮માં ઝેરોક્ષ મશીન બન્યું. એ જ વર્ષે બોલપેન બની. ૧૯૩૯માં હેલિકોપ્ટર આવી ગયું. ૧૯૪૬માં **જહોન મેકલી**એ પહેલું ડિજિટલ કમ્પ્યુટર વિકસાવ્યું. ૧૯૪૭માં પોલેરોઇડ કેમેરો બન્યો. ૧૯૫૬માં વી.સી.આર. આવી ગયું. ૧૯૬૨માં **આર્થર ક્લાર્ક**ની કલ્પના સાકાર થઈ અને પહેલું **કોમ્યુનિકેશન સેટેલાઇટ 'ટેલસ્ટાર'** બન્યું. ૧૯૭૨માં પોકેટ કેલ્ક્યુલેટર બન્યા. ૧૯૭૫માં પર્સનલ કમ્પ્યુટર આવ્યું. ૧૯૭૬માં નાસાએ પ્રથમ સ્પેસ શટલ બનાવ્યું. ૧૯૭૯માં વોકમેન બન્યું.

અને વિજ્ઞાનની આ શોધ સિલસિલાની સમાંતરે તબીબી વિજ્ઞાને પણ અવનવી તરક્કી ચાલુ જ રાખી. ૧૯૨૧માં ડાયાબિટીસના દર્દીઓ માટે ઇન્સ્યુલીન વિકસાવાયું. ૧૯૫૨માં પોલિયોની રસી શોધાઈ ગઈ. ૧૯૫૬માં ગર્ભનિરોધક ગોળી બની. ૧૯૭૮માં પ્રથમ ટેસ્ટટ્યુબ બેબીનો જન્મ થયો. એ પહેલાં છેક ૧૯૪૩માં કિડનીની બીમારી માટે ડાયાલિસિસ મશીન બની ચૂક્યું હતું. આ થોડા દાખલા છે. આ ઉપરાંત તબીબી વિજ્ઞાને શીતળાના રોગ પર વિજય મેળવ્યો અને ક્ષયને કાબૂમાં લીધો. **ડો. એરહોર્ડે હૃદયનું પ્રત્યારોપણ કર્યું.** કિડનીની પણ અદલાબદલી થવા માંડી.

અને આ બધી જ શોધખોળો અમેરિકા, જર્મની, ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, ઓસ્ટ્રિયામાં થઈ છે. એમાં ભારત, ચીન, પાકિસ્તાન કે ઇન્ડોનેશિયા ક્યાંય આવતા નથી. વાસ્તવમાં આપણે તો આપણી નિષ્ફળતાઓની જ ઉજવણી કરવાની છે.

આપણે ત્યાં હેલિકોપ્ટર પણ ઉડે છે અને બળદગાડાં પણ ચાલે છે. મુખ્ય પ્રધાનો એકબાજુ ઇન્ફર્મેશન ટેકનોલોજીનાં સપના જુએ છે અને બીજી બાજુ દિવસો સુધી બેઠાં બેઠાં કથા સાંભળે છે. દાળ ઢોકળીની સાથે ઇટાલિયન પીઝા પણ ગોઠવાઈ ગયા છે. કમ્પ્યુટર આવી ગયું છે, પણ લોકો એના પર કુંડળી કઢાવે છે. વીડિયો દ્વારા કથા શ્રવણ ચાલે છે અને ઝેરોક્ષનો ઉપયોગ પરીક્ષાના પ્રશ્નપત્રો ફોડવામાં થાય છે. શાંતિમય સહઅસ્તિત્વનો આપણો આ તદ્દન નવો મૌલિક અભિગમ છે. એકબાજુ દરરોજ ડઝનબંધ નવવધૂઓને સળગાવી દેવાય છે અને બીજી બાજુ સંસદમાં ૩૩ ટકા મહિલા આરક્ષણના ખરડા રજૂ થાય છે. અમદાવાદમાં એક તરફ લોકો નળમાં ભળી ગયેલા ગટરના પ્રદૂષિત પાણી પીને ઝાડા-ઉલટી અને કોલેરાના શિકાર બને છે અને બીજી બાજુ ઊંચી હોટલોમાં મિનરલ વોટરની બોટલો પીરસાય છે. ઓરિસ્સામાં દસ હજાર માણસો વાવાઝોડાથી મરી રહ્યા હતા, ત્યારે આપણા સંસદસભ્યો પોતાને મળતા મફત વિમાન પ્રવાસ વધારવાના ઠરાવ પર મતદાન કરી રહ્યા હતા. એકબાજુ પર્સનલ કોમ્પ્યુટરની બોલબાલા છે અને બીજી બાજુ ખેતરમાં આપણો ખેડૂત હજી જાતે હળ ચલાવીને વાવણી કરે છે. ઇન્ટરનેટ ઉપર જ્યોતિષીઓએ જથ્થાબંધ વેબસાઇટ ખોલી નાખી છે. તમારા ઘરનું બારણું કઈ દિશામાં રાખો તો પ્રમોશન મળે એની સલાહ અપાય છે.

૨૧મી સદીના આરંભે આપણે આવા હજારો ભવ્ય વિરોધાભાસોમાં રાચી રહ્યા છીએ. **આપણી પાસે ભવિષ્યનું કોઇ વિઝન નથી, દૃષ્ટિ નથી, આયોજન નથી.** નેતાઓ સત્તા ટકાવવા માટે હવામાં બાચકાં ભરી રહ્યા છે. વૈજ્ઞાનિકોને ઝડપી ટ્રેન બનાવવામાં નહીં, પણ બોમ્બ અને મિસાઇલમાં વધુ રસ પડી રહ્યો છે. ન્યાયાધીશો દુબઈમાં બેઠાં બેઠાં છોટા શકીલ ફોન કરે એ મુજબ આરોપીને પકડે છે અને છોડી મૂકે છે.


૨૧મી સદીમાં વિશ્વની સાથે કદમ મિલાવવા હોય તો એક સ્પષ્ટ અને સીધી વિકાસરેખા દોરવી પડશે. ભૂતકાળના સાંસ્કૃતિક વળગણ અને મિથ્યાભિમાનમાંથી બહાર આવવું પડશે. મધરાતે શેરીઓમાં ફટાકડા ફોડવાથી ૨૧મી સદી આવી જશે નહીં, એને માટે નજર ભવિષ્ય તરફ ફેરવવી પડશે. એક પગ અણુયુગમાં અને બીજો પગ છાણયુગમાં રાખવાથી વિકાસ નહીં થાય. **આવતી સદી 'ક્લોનિંગ'ની સદી છે. આવતી સદી ઇન્ટરનેટ ઉપર તબીબી સલાહ મેળવવાની સદી છે.** આવતી સદી ઇશાક આસીમોવ અને આર્થર ક્લાર્કની કાર્લ સેગનની કલ્પનાઓ સાકાર કરવાની સદી છે. વિજ્ઞાન અને ટેકનોલોજી એ ઉપરછલ્લા સુશોભન માટેના આભૂષણો નથી, પણ જીવનના દરેક નિર્ણયમાં અપનાવવાની ચીજ છે. પાણીની અછત નિવારવી હોય કે વાવાઝોડાને રોકવા હોય તો ટેકનોલોજી પાસે ઉપાય પડ્યા છે. આપણી પાસે એ ટેકનોલોજીના ઉપયોગની સૂઝ અને ઇચ્છાશક્તિ જોઈએ.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

*ભગતસિંહના માતા-પિતાએ જ્યારે તેના લગ્ન કરાવવાની કોશિશ કરી ત્યારે ભગતસિંહે કહેલું કે મારી દુલ્હન માત્ર અને માત્ર મૃત્યુ હશે અને એમ કહીને તેઓએ ઘર છોડી દીધું હતું અને હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન પાર્ટીમાં જોઈન્ટ થઈ ગયા હતા.*

વિચાર મંથન

# પરિવર્તન



મુરજી ગડા

**છેલ્લા એક દાયકામાં આપણી જીવનશૈલીમાં જેટલું પરિવર્તન આવ્યું છે, એટલું એનાથી પહેલાંના પાંચ દાયકાઓમાં માંડ આવ્યું હશે.** આ નિવેદન માત્ર આજને લાગુ નથી પડતું પણ આઝાદી પછીના દરેક દાયકા માટે પણ એટલું જ લાગુ પડે છે. વિશેષમાં આ ચક્રમાં આપણે એકલા નથી. સારી દુનિયા ઝડપથી બદલાતી જીવનશૈલીના તબક્કામાંથી પસાર થઈ રહી છે.

આપણા માટે શું બદલાયું છે એના પર એક ઊડતી નજર કરીએ. છેલ્લાં ૭૦ વર્ષમાં ખોરાક બદલાયો છે, પોષાક બદલાયો છે, બાળલગ્નો બંધ થયાં છે, સ્ત્રીઓના પુર્નલગ્નો સ્વીકારાયા છે, શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, આવરદા વધી છે, સ્વાસ્થ્ય સુધર્યું છે, સુખસગવડના સાધનો વધ્યા છે, સંદેશા વ્યવહાર વિકસ્યો છે, વાહનવ્યવહાર વિકસ્યો છે, એકંદરે બધાંની આર્થિક પ્રગતિ થઈ છે, ધંધાના નવા ક્ષેત્રો ખુલ્યા છે, વર્ણ અને જ્ઞાતિનાં બંધન વગર જેને જે વ્યવસાય ગમતો હોય એ કરવાની સ્વતંત્રતા મળી છે, વગેરે વગેરે. આ સૂચિ ઘણી લાંબી થઈ શકે, પણ લેખનો એ મુખ્ય આશય નથી. આટલા ફેરફાર તો આના આગલા ૫૦૦ વરસમાં પણ નહોતા થયા.

આમાંના કેટલાક ફેરફાર સક્રિયપણે કરવામાં આવ્યા છે. જ્યારે મોટા ભાગના ફેરફાર દુનિયામાં ચાલતા પરિવર્તનના પ્રવાહ સાથે અનાયાસે થતા ગયા છે. **આ ઝડપી સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પરિવર્તન પાછળનું સૌથી મોટું પરિબળ રહ્યું છે શહેરીકરણ અને ઘેરબેઠાં મળતી માહિતી.** પરિવર્તન મોટા શહેરોથી શરૂ થાય છે. ત્યાં રહેતા અને આપણાથી અલગ જીવનશૈલી ધરાવતા બીજા લોકોના સંપર્કમાં આવવાથી આપણને વાજબી લાગતી અને અનુકૂળ આવતી જીવનશૈલી આપણે અપનાવીએ છીયે. સાથે સાથે પરિવર્તનનો વિરોધ કરતા પરીબળોનો અંકુશ પણ શહેરોમાં ઢીલો હોય છે. જે લોકો ગામડાંઓમાં રહે છે, એમના માટે સ્વતંત્રતા અને આબાદી ઘણા ધીમા રહ્યા છે.

**પરિવર્તન તો હંમેશાં થતું રહ્યું છે.** વખતોવખત એની ગતિ ઓછી કે વધુ થાય છે. અત્યારના આ ઝડપી પરિવર્તનના સમયમાં બધા જ ક્ષેત્રો ઝડપથી બદલાઈ રહ્યા છે. પરિવર્તનનું આ વાવાઝોડું ધીમું પડવાના હાલ કોઈ એંધાણ દેખાતા નથી. ઉલટાનું તે વેગ પકડી રહ્યું છે. આ વેગ જ્યારે પણ ધીમો પડશે ત્યાં સુધી ઘણું બધું બદલાઈ ગયું હશે.

ઘણી બધી વાતમાં ભવિષ્ય ભાખનારા જ્યોતિષીઓ આ પરિવર્તનના ભાવિ વિશે કંઈ કહેતા નથી. આપણે તો આપણી કલ્પના દોડાવી શકીએ છીએ.

ભૂતકાળમાં ધાર્મિક, સામાજિક અને રાજકીય વિચારધારા આધારિત પરિવર્તનોએ લોકોને વિભાજિત કર્યા હતા. વર્તમાનનું પરિવર્તન પહેલા કરતાં જુદુ છે. એની દિશા અને ધ્યેય દુનિયાના એકીકરણ તરફ છે. એ કેટલે અંશે સફળ થશે અને ક્યાં અટકશે એ તો સમય જ બતાવશે. **જે વિચારધારા પ્રબળ હશે, જેનું માર્કેટિંગ જોરદાર હશે તેનું વર્ચસ્વ રહેશે.**

રાજકીય ક્ષેત્રે થતાં પરિવર્તનોમાં ગુલામી નાબૂદ થઈ છે. બધે જ ધીરે ધીરે લોકશાહી પ્રસરી રહી છે. યુરોપમાં રાષ્ટ્રીય સરહદોનું મહત્ત્વ ઝાંખુ થયું છે. બધે જ ઝડપથી શહેરીકરણ થઈ રહ્યું છે, વગેરે. આઝાદી વખતે ભારતની ૧૦% વસતિ એટલે માત્ર ૩-૪ કરોડ લોકો શહેરોમાં રહેતા હતા, આજે ૩૦% એટલે કે ૩૫-૪૦ કરોડ લોકો શહેરોમાં રહે છે. આવતા ૪૦-૫૦ વરસમાં ભારત સહિત બધા દેશોની અડધી વસતિ શહેરોમાં રહેતી હશે.

સાંસ્કૃતિક ક્ષેત્રે આવા એકીકરણમાં પુરુષોનો અને સ્ત્રીઓનો પોષાક મોખરે રહ્યો છે. એક જ પોષાક ધંધાદારી દુનિયામાં સર્વમાન્ય થઈ રહ્યો છે. પ્રાદેશિક પોષાકો હવે પ્રસંગોપાત વપરાશના રહ્યા છે. મુખ્ય ધંધાકીય અને ટેકનિકલ ભાષા તરીકે અંગ્રેજી સર્વત્ર સ્વીકારાઈ રહી છે. સંગીત, નૃત્ય અને ખોરાકમાં એકીકરણ (ફ્યુઝન) થઈ એક નવું જ સ્વરૂપ ઉપસવા લાગ્યું છે. બીજા ક્ષેત્રોને પણ થોડા સમયમાં પરિવર્તન આંબી જશે.

પ્રવાસ સહેલો અને ઝડપી બન્યો છે. લોકોનું સ્થળાંતર અને દેશાંતર વધ્યું છે. પરિણામે યુવા પેઢીમાં રંગભેદ, જાતિભેદ ઓછા થઈ આંતરજાતિય અને આંતરધર્મિય લગ્નો શક્ય બન્યા છે અને વધી રહ્યા છે. આખી દુનિયાની માહિતી અને જ્ઞાન ઘેર બેઠા ઈન્ટરનેટ પર મળી શકે છે. મોબાઈલ દ્વારા ગમે ત્યાંથી જોઈએ એની સાથે સતત સંપર્કમાં રહી શકાય છે.

ભૂતકાળમાં ઘણી સંસ્કૃતિઓ, જાતિઓ, ભાષાઓ વગેરે લુપ્ત થઈ છે જેની પાછળ કુદરતી ઘટનાઓ કે પછી

(અનુ. : જુઓ પાના નં.-૩૩ ઉપર)

સંસ્કૃતિ

# રામાનંદાચાર્યજીના જીવન પ્રસંગ



ડૉ. કિશોર સાધુ

સ્વામી વિવેકાનંદ અમેરિકામાં હતા ત્યારે બનેલી આ ઘટના છે. સ્વામીજીએ વ્યાખ્યાન આપ્યું. વ્યાખ્યાનને અંતે પ્રશ્નોત્તરી હતી. એક ખ્રિસ્તી પાદરીએ સ્વામીજીને મૂંઝવવા માટે પ્રશ્ન પૂછ્યો : 'શું તમારા દેશમાં ઈસુ ખ્રિસ્તની સમકક્ષ કોઈ મહાપુરુષ ક્યારેક જન્મ્યા છે?'

સ્વામીજીએ ત્વરિત પ્રત્યુત્તર આપ્યો કે, ''હા, પ્રત્યેક દસકામાં ઈસુ ખ્રિસ્તની સમકક્ષ બેસી શકે તેવા મહાપુરુષો અમારા દેશમાં જન્મતા રહે છે.''

**ભારત એક એવી ભૂમિ છે, જ્યાં અધ્યાત્મકેન્દ્રી ભારતીય સંસ્કૃતિની જ્યોત પાંત્રીસ હજાર વર્ષથી સતત અને અસ્ખલિત સ્વરૂપે પ્રજ્વલી રહી છે** કારણકે તેના પોષણ અને રક્ષણ માટે સદાકાળ આ ભૂમિમાં વિભૂતિમાન મહાપુરુષોરૂપી સાચાં મોતી પાકતાં જ રહે છે. એટલે ભારતભૂમિનું પોત જ એવું છે કે, તે જ્યારે પોકાર કરે ત્યારે ભગવાન કે ભગવાનની વિભૂતિ સ્વરૂપ મહાપુરુષો પ્રગટતા રહ્યા છે અને આ સંસ્કૃતિ - જ્યોતને પોષણ આપતા રહ્યા છે. જેમ ઘી થી પાત્રનું અને પાત્રથી ઘી નું રક્ષણ થાય છે તેમ **સંસ્કૃતિમાંથી મહાપુરુષો નીપજે છે અને તેમના થકી સંસ્કૃતિ પોષાય અને વૃધ્ધિ પામે છે.** અધ્યાત્મકેન્દ્રી આપણી સનાતન હિંદુ સંસ્કૃતિને પોષણ અને રક્ષણ આપનાર આવી જ એક વિભૂતિ છે - જગતગુરૂ સ્વામી રામાનંદાચાર્ય. તેમના જીવનના અનેક પાવન પ્રસંગો છે. તેમાંથી એક જોઈએ....

મહારાષ્ટ્રની ધરતી સંત જ્ઞાનેશ્વરને **'માઉલી'** કહે છે. એટલે કે મા કહે છે. કારણકે, મહારાષ્ટ્રની સંસ્કૃતિ સંત જ્ઞાનેશ્વરનું પયઃપાન કરી ઉછરી છે. આ સંત જ્ઞાનેશ્વરજીનો જન્મ જગદગુરુ સ્વામી રામાનંદાચાર્યજીના આશીર્વાદથી થયો હતો.

જગદ્‌ગુરુ રામાનંદાચાર્યજી રામેશ્વરમની યાત્રા માટે નીકળ્યા હતા. રસ્તામાં મહારાષ્ટ્રના આણંદી ગામમાં રોકાણ કર્યું. રામાનંદસ્વામીનો ઉતારો મારૂતિ મંદિરમાં હતો. દરરોજના નિયમ પ્રમાણે રુકિમણીદેવી (સંત જ્ઞાનેશ્વરના માતા) મારૂતિ મંદિરમાં દર્શન કરવા આવ્યા. મોટા સંત આવ્યાના સમાચાર સાંભળી તેમના દર્શન કરવા રુકિમણીદેવી ગયા. તેમણે સંન્યાસી રામાનંદાચાર્યજીને પ્રણામ કર્યા. રામાનંદાચાર્યજીએ સધવા સ્ત્રીનો પહેરવેશ જોઈ પુત્રવતી ભવના આશીર્વાદ આપ્યા. આ આશીર્વાદ સાંભળી રુકિમણીદેવી અને અન્ય હાજર લોકો તો હતપ્રભ થઈ ગયા. કારણકે તેમના પતિ વિઠ્ઠલ પંત તો લગ્નના થોડા જ સમય બાદ સંન્યાસી થઈ ગયા હતા. રામાનંદાચાર્યજી રુકિમણીદેવીના ભાવ વાંચી ગયા. તેમણે રુકિમણીદેવી પાસેથી સમગ્ર ઘટના સાંભળી અને તેઓ એ પણ સમજી ગયા કે પોતાના શિષ્ય ચૈતન્ય સ્વામી છે તે જ રુકિમણીદેવીના પતિ વિઠ્ઠલ પંત છે. રામાનંદસ્વામી યાત્રા પરિપૂર્ણ કરી કાશી પહોંચ્યા. તેમણે ચૈતન્ય સ્વામીને બોલાવ્યા. ખૂબ ઠપકો આપ્યો અને કહ્યું કે, સંન્યાસ ધારણ કરવા તમે તમારા ગૃહસ્થ જીવનની વિગતોની મને જાણ કરી નથી. નિઃસંતાન તરુણ પત્નીને છોડી સંન્યાસ ધારણ કરવાની ગૃહસ્થને શાસ્ત્રની અનુમતિ નથી. આ રીતે સંન્યાસ લેનાર અને તેને સંન્યાસ આપનાર બંને દોષી છે. આ અપરાધમાંથી મુક્ત થવાનો ઉપાય છે કે તમે ઘરે પાછા જાવ અને પુનઃ ગૃહસ્થ જીવન સ્વીકારો.

ગુરુની આજ્ઞા માન્ય રાખી ચૈતન્ય સ્વામી પુનઃ વિઠ્ઠલ પંત બન્યા. ગૃહસ્થ જીવન સ્વીકારી વિઠ્ઠલ પંત અને રુકિમણીદેવી સાત્વિક અને પ્રભુ ભક્તિમય જીવન જીવવા લાગ્યા. ગૃહસ્થ જીવન દરમિયાન તેમને ચાર સંતાન થયા : (૧) નિવૃત્તિનાથ - ઈ.સ. ૧૨૭૩, (૨) જ્ઞાનેશ્વરજી - ઈ.સ. ૧૨૭૫, (૩) સોપાનદેવ - ઈ.સ. ૧૨૭૭, (૪) મુક્તાબાઈ - ઈ.સ. ૧૨૭૯.


સંત જ્ઞાનેશ્વરજીએ ૨૧ વર્ષની નાની વયે જીવંત સમાધિ લીધી. મોટા ભાઈ નિવૃત્તિનાથને ગુરુ બનાવ્યા. ગુરુ આજ્ઞાથી સોળ વર્ષની વયે ગીતા પર મરાઠી ભાષામાં ભાષ્યગ્રંથ જ્ઞાનેશ્વરીની રચના કરી. તે પછી અમૃતાનુભવ અને અભંગ પણ રચ્યા. જ્ઞાનેશ્વર મહારાજે ભારતભરના અગણિત લોકોને ધ્યાન, સત્સંગ, ભજન કીર્તન દ્વારા પ્રેરણા અને માર્ગદર્શન આપ્યું.

*મદદનીશ પ્રકાશન અધિકારી,*
*ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ-૧.*
*મો. ૯૪૨૭૬ ૨૦૧૩૨*

*અગર આપણે એક કલાક સુધી હેડફોનનો ઉપયોગ જારી રાખીએ તો કાનના જીવાણુંઓની તાકાત લગભગ ૭૦૦ ગણી વધી જાય છે.*

ફરજ પાલન

# દીકરી બચાવો - દીકરી ભણાવો એક અલગ સંદર્ભમાં



નવીન પારેખ
(Ph.D. Scholar in Jain Philosophy)

## "દીકરી બચાવો - દીકરી ભણાવો"

માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ સર્વ સ્વીકૃત અભિયાનને મેં વર્તમાન સમયમાં આપણા સમાજની દીકરીઓ માટે અલગ સંદર્ભથી રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે જે દરેક પુત્રીના અભિભાવકોએ ધ્યાનમાં લેવાની જરૂર છે. આ લેખ ડર પેદા કરવા માટે નથી પરંતુ સંભવિત વાવાઝોડા સામે પૂરતી કાળજી લેવા માટે છે. આપણી લક્ષ્મી સ્વરૂપ બેટી આપણી નજર સમક્ષ લૂંટાય, એ કયો પિતા સહન કરી શકશે? મોટાભાગે આપણે વ્યાપારી પ્રજા છીએ અને વ્યાપારના સિદ્ધાંતો મુજબ દરરોજના હિસાબ-પુરાંત-જમા-ઉધાર વગેરેની સમીક્ષા જરૂરી છે. જેથી આપણા ધંધાકીય માપદંડ અપેક્ષા મુજબ છે કે નહીં તેનો ખ્યાલ રહે અને નબળા પરિણામો માટે યોગ્ય નીતિ ઘડવી પડે - વર્તમાન પોલિસીમાં ફેરફાર કરવો પડે. વ્યાપારના આ સામાન્ય નિયમને નજર અંદાજ કરવાનું પરિણામ નાનો વ્યાપારી પણ સારી રીતે સમજે છે. **ધંધાના સ્થળે બાહોશ પુરવાર થયેલા આપણે આપણા પરિવાર સાથે બેસીને પારિવારિક "રોજમેળ" તપાસવાનો સમય લગભગ ગુમાવી દીધો છે.** આપણને મળેલ ૨૪ કલાકના દિવસનું વિભાજન કરીએ તો સામાન્ય રીતે પરિવાર સાથે વિતાવવાનો સમય જે બચે છે તેમાંથી મોટાભાગનો સમય મોબાઈલ સ્વાહા કરે છે. પરિણામે પરિવાર માટે ગુણાત્મક સમય (Quality Time)નું ઇન્વેસ્ટમેન્ટ કરવા આપણે નાદાર પુરવાર થઈએ છીએ. સમસ્યાનું વાવેતર અહીં શરૂ થાય છે.

એક સામાન્ય દાખલો લઈએ તો થોડા સમય પહેલાં સોશિયલ મીડિયા ઉપર ખૂબ જ વાઇરલ થયેલ એક સત્ય કિસ્સો લઈએ. સમીક્ષા સંજીવ જૈન. ઉ.વ. ૨૦, સ્ટુડન્ટ, મધ્ય પ્રદેશ. જે હૈદ્રાબાદ અભ્યાસ કરે છે. તેણી હવે તા. ૧૧-૦૫-૨૦૧૮ની એફિડેવીટ નં. ૩૩૭૪ (Telangana State) પ્રમાણે અલિયા બેગમ મોહમ્મદ આદિલખાન બની છે. તેલંગાણા વક્ફ બોર્ડે તા. ૧૪-૦૫-૨૦૧૮વાળા પત્રથી ધર્મ પરિવર્તનનું પ્રમાણપત્ર પણ આપી દીધું છે. એટલું જ નહીં, પરંતુ મેરેજ સર્ટિફિકેટ Nampally Dargah, Hyderabad (Telangana) નું એડ્રેસ બતાવી ઈસ્યુ પણ કરી દીધું. આપણે આ ઘટનાને સામાન્ય ગણીને કદાચ બહુ ગંભીરતાથી નહીં લઈએ કારણકે આ ઘટના આપણા પરિવારની નથી. પરંતુ Anything can happen to anybody એ વાસ્તવિક્તાને સ્વીકારવી જ પડે. આપણે બહુ જ સરળ અને અહિંસક કોમ્યુનિટી છીએ જેની દીકરીઓ કોઈપણ વિધર્મીનું સોફ્ટ ટાર્ગેટ બની શકે છે. મુસ્લિમ ધર્મ અને જૈન ધર્મ તો પૂર્વ અને પશ્ચિમ છે પરંતુ અન્ય જ્ઞાતિમાં પણ આપણી દીકરી સેટ થઈ શકશે? લગભગ નહીં. જૈન સમાજની દીકરી અન્ય સમાજમાં મેરેજ કરે તેવા મોટાભાગના કિસ્સા ફેઈલ જાય છે. કારણકે કોઈપણ વિધર્મી સાથે સામાજિક, ધાર્મિક કે અન્ય કારણોસર પોસ્ટ મેરેજ એડજસ્ટમેન્ટ થતું નથી. આ તારણ ભારતીય જૈન સંઘટના, પૂના દ્વારા ભારતના લગભગ જૈન સમાજની સામાજિક સમસ્યાઓના અભ્યાસ માટે કરવામાં આવેલ રિસર્ચનું પરિણામ છે. આ અભ્યાસ અંતર્ગત જૈન સમાજની કુલ ૧૨ સમસ્યાઓનું નિદાન કરવામાં આવેલ, જે પૈકી આપણે એક સમસ્યાના ઉકેલની વાત કરીએ છીએ.

જૈનેતર લગ્ન સમસ્યાથી કોઈપણ જૈન સમાજ અને કોઈપણ શહેર અપવાદ નથી. કબુતરને જમીન પર વેરેલા માત્ર દાણા જ દેખાય છે પરંતુ પારધીએ બિછાવેલ જાળ દેખાતી નથી. વ્યવહારીક ભોળપણવાળી મુગ્ધાવસ્થાની આ જ તો સમસ્યા છે. બેહોશ ઉંમરના રંગીન સ્વપ્નાઓ ગાઢ નિંદ્રામાં જ આવે છે. **કલ્પનાઓ અને વાસ્તવિક્તાઓ વચ્ચે ખૂબ જ અંતર હોય છે જે ઘટાડવા વૈચારિક વ્યાયામ કરવો પડે છે.** પરંતુ એ સમજ ઉછળકૂદ કરતી ઉંમરે ગેરહાજર હોય છે. માટે આ સમજણ સંતાનોને આપવાની જરૂર છે. ગંભીરતાથી વિચારીએ તો સાંસ્કૃતિક, સામાજિક અને નૈતિક ધોરણોમાં પરિવર્તન જેટલી ઝડપથી છેલ્લા ૨૫ વર્ષમાં આવ્યું છે, તે લગભગ ૨૦૦ વર્ષોમાં થયું નથી. **"પરિવર્તન એ વિકાસની પ્રક્રિયા છે" પણ એ ફિલોસોફી ધર્મ પરિવર્તન સુધી લઈ જાય તે સંદર્ભમાં અને એટલી હદે સ્વીકારવા જેવી નથી.**

જે દીકરીનો ૨૦-૨૨ વર્ષ સુધી ખૂબજ લાડકોડ અને પ્રેમથી ઉછેર કર્યો હોય તે માત્ર ૪-૬ મહિનાના કોઈના કહેવાતા પ્રેમના કારણે પોતાના તમામ સ્વજનોને છોડી દે કે ભાગી જાય તેવું શા માટે બને છે? (ધ્યાન રહે કે અતિ લાડકોડ એ ઉછેરની ખામીનો મુદ્દો છે Too Much is Too Bad) આટલા ટુંકા ગાળામાં ઝડપથી બ્રેઈનવોશ કઈ રીતે થાય છે? એક દીકરીના મા-બાપ તરીકે ૨૦-૨૨ વર્ષ સુધી તેના ઉછેરની નેટ પ્રેક્ટિસ કર્યા પછી પણ જ્યારે પીચ પર રમવાનું આવે ત્યારે આપણે કેમ ફેઈલ જઈએ છીએ, વિચારવાની જરૂર છે. દોષ કોઇને પણ નહીં આપી શકાય, મોબાઈલને પણ નહીં. જવાબદારી જે તે દીકરાના માતા-પિતાએ જ સ્વીકારવી પડે, કોઈ પણ બહાના કાઢ્યા વગર, મને કે તમને. **આપણા ધંધાકીય વ્યવહારો માટે આપણી પાસે પૂરતો સમય છે પરંતુ આપણું પ્રિય સંતાન ક્યાં જાય છે, ક્યારે જાય છે, કેમ જાય છે કે કોના સંપર્કમાં છે તે જોવાની આપણને ફુરસદ નથી.** દીકરીના Hunt-dog બનવાની વાત નથી પણ સમયને અનુલક્ષીને Watch-dog બનવું જરૂરી છે. દીકરીના ઠાઠમાઠ લગ્નનાં સ્વપ્ન માટે સંપત્તિ એકઠી કરતો અને ચલણી નોટો ગણવામાં વ્યસ્ત હાથ દીકરીની પીઠ પસારવા માટે હાજર નથી. **ધંધાકીય સમયની વ્યસ્તતા જ પરિવાર માટે ગુણાત્મક સમયનો દુષ્કાળ સર્જે છે.** અહીં એ સ્પષ્ટતા કરીએ કે માત્ર થિયેટર, રિસોર્ટ, પિકનિક, હિલ સ્ટેશનની ટુર, યાત્રા-પ્રવાસ એ અલગ વિષય છે અને પરિવાર માટે આપેલો ગુણાત્મક સમય અલગ વિષય છે. અમુક અંશે આ જવાબદારી જ્યાં સુધી મમ્મીઓ સંભાળતી હતી ત્યારે આ પ્રશ્ન એટલો ગંભીર ન હતો પરંતુ સોશિયલ મીડિયા, મોબાઈલ ચેટ, ટી.વી. સિરિયલો, કિટ્ટી પાર્ટીઓ અને પરચેઝ વન્ડર જેવા મહત્ત્વના એજન્ડાએ થોડોઘણો પણ સમય મમ્મીઓ પાસે હતો તે છીનવી લીધો. પરિણામે આપણી દીકરીઓ તેમનો ખોવાયેલો પ્રેમ સ્ક્રીન ઉપર (મોબાઈલ, ટી.વી., લેપટોપ, આઈપેડ, થિયેટર) કે બહારની દુનિયામાં શોધે છે. લગભગ પરિવારો દાદા-દાદી શૂન્ય થઈ ગયા છે. આપણે માઈક્રો ફેમિલીના નવા સ્વરૂપ તરફ જઈ રહ્યા છીએ ત્યારે **સંતાનોને સંયુક્ત કુટુંબમાંથી મળતો સંસ્કૃતિનો સાત્ત્વિક ખોરાક લગભગ બંધ થઈ ગયો છે. સંખ્યાબંધ મા-બાપ એવા છે કે જેમના સંતાનોનો હવાલો મોબાઈલ કે ટી.વી.ને સોંપીને નિશ્ચિંત બન્યા છે. જેને કારણે આપણી દીકરીઓના રોલ મોડેલ (Dream Hero) તરીકે કિરણ બેદી કે સુધા નારાયણમૂર્તિના બદલે પ્રિયંકા ચોપડા બને છે** અને તેની પસંદગીના ફોરેન બ્રાન્ડ લાઈફ પાર્ટનર Nick Jonas ના સ્વપ્નો જગ્યા લે છે અને ઘણાબધા બુદ્ધિવિહીન અનુકરણોનાં રીએક્શન્સ આપણે સામાજિક કે અન્ય પ્રસંગોએ જોઈએ છીએ.

## આ સમસ્યાનાં કારણો અને તેના સંભવિત ઉપાયો

૧. **ગુણાત્મક સમય (Quality Time) અને અર્થસભર વાતચીત (Meaningful Dialogues) :**

બહુ ચર્ચિત આ શબ્દો ખૂબ જ પ્રખ્યાત છે તેથી બહુ વિસ્તારમાં નહીં જઈએ. ગુણાત્મક સમય અને અર્થસભર વાતચીતની સાદી અને સરળ સમજ એ છે કે પપ્પા અને મમ્મીએ મુગ્ધાવસ્થામાં પ્રવેશેલી દીકરી સાથે આંખથી આંખ મિલાવીને માત્ર એને જ સ્પર્શતી બાબતો ઉપર વાતો કરવાની. માત્ર ૧૦ મિનિટ પણ પૂરતી છે. પરંતુ શરત એ છે કે આ સમયે કોઈપણ અન્ય વ્યક્તિની ઉપસ્થિતિ ન જોઈએ. ઉપરાંત No મોબાઈલ, No ટી.વી., No ન્યુઝપેપર અને No મેગેઝિન. **૧૦ મિનિટનો આંખનો સંપર્ક (Eye to Eye contact) જ જાદુઇ છે, વાતો એટલી મહત્ત્વની નથી.** જીવંત અને સ્નેહ નિતરતો સંપર્ક મહત્ત્વનો છે. બાજુમાં બેસીને વાતચીત કરવાની છે, લેવલ ટુ લેવલ વાત કરવાની છે, સામે બેસીને નહીં. પપ્પા અને મમ્મી દીકરીના ખભા પર હાથ મૂકીને પણ વાત કરી શકે. **દિલથી વાત કરો, દિમાગથી નહીં.** એના દિલ-દિમાગને વાંચવાનો પ્રયત્ન કરો અને વિચારોને સાચી દિશા આપો.

૨. **સ્ત્રી મિત્રને ત્યાં પણ રાત્રિ રોકાણ અનિચ્છનિય (No Night Stay at Friend's Home)**

સ્ત્રીમિત્રને ત્યાં સ્ટે સાથે સ્માર્ટ મોબાઈલની ઉપલબ્ધિ ઘણા દૂષણોની જનની બને છે. સવિસ્તાર વર્ણનની જરૂર નથી. આપ ઘણું વિચારી શકો છો. આ ઉંમરમાં પુરુષ મિત્ર કરતાં સ્ત્રીમિત્ર વધારે હાનિકારક અને પ્રેમસંબંધો વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવે છે. **દીકરીના મિત્ર વર્તુળનો સંપર્ક કરો અને તેમના વિચાર અને વ્યવહારનો અંદાજ મેળવો.** વિપરીત સંજોગોમાં યોગ્ય સલાહ આપો.

3. લાડકોડથી ઉછરેલ દીકરીને જ્યારે આપણે સ્માર્ટફોન એના હાથમાં આપીએ છીએ ત્યારે એના ફાયદા - ગેરફાયદાની શિખામણ આપતા નથી. ફોન માત્ર સંપર્ક માટે છે, નહીં કે અર્થવિહીન ચેટ માટે. કોઈપણ ફ્રેન્ડ રીક્વેસ્ટ ન સ્વીકારવાની, કે ન કરવાની. અજાણ્યા નંબર એટેન્ડ નહીં કરવા. મિત્રને પણ મોબાઈલ નહીં આપો - લોક રાખો. અનિચ્છનીય SMS / MMS મિત્રો સાથે નહીં પણ માત્ર મા-બાપ સાથે શેર કરો કારણકે એ જ યોગ્ય પગલાં લેશે.

૪. અજાણ્યા પુરુષનો ક્યારેય વિશ્વાસ ન કરો. માત્ર માતા-પિતા સિવાય ચરણસ્પર્શ કરવાનું ટાળો અને અન્ય વડીલોને વિવેકપૂર્ણ અંતરથી નમન કરો. **વયસ્ક દીકરીની પીઠ ઉપર હાથ મૂકવાનો અધિકાર માત્ર માતા-પિતા અને દાદા-દાદીને જ છે, સગા ભાઈ કે કાકાને પણ નહીં.** આ તારણ ઘણા રીસર્ચના આધારે આપેલ છે. કોઈની અંગત માન્યતા અલગ હોઈ શકે. ઘણી બાબતોનું સમર્થન શાસ્ત્રો પણ કરે છે પરંતુ વર્તમાન સમયમાં મોર્ડન દેખાવાની હોડ આવી બાબતોને આપણા માનસપટ પર આવવા દેતી નથી.

૫. પુરુષ મિત્ર કે સ્ત્રી મિત્ર પાસેથી કોઈપણ ભેટ પ્રસંગ સિવાય, વ્યાજબી કારણ વગર, વધારે કિંમતી અને વારંવાર ન સ્વીકારો. પુરુષ મિત્ર કે સ્ત્રી મિત્રની કોઈપણ પ્રપોઝલ અંગે માતા-પિતા સાથે ચર્ચા કરીને જ નિર્ણય લો. મિત્રવર્તુળમાં "ના" પણ સાંભળવાની આદત દરેકની હોવી જોઈએ. પુરુષમિત્ર કે સ્ત્રીમિત્ર સાથે ક્યારેય શરત ન લગાવો કારણકે એ તમારું દિલ જીતવા માટે હારવાનું પસંદ કરશે. માછલીને ઑફર કરાતા ખોરાકના ટુકડામાં કાંટો છુપાયેલો હોય છે એ સત્ય નજર સમક્ષ રાખો. દરેક સંબંધમાં તમારી મર્યાદાઓ નક્કી કરો અને તમારા પરિવારના સિદ્ધાંતો સાથે અસહમત બાબતોમાં એવા સંબંધ ખતમ કરો.

૬. વયસ્ક દીકરીની ડ્રેસિંગ સેન્સ સમય સાથે બદલાય છે. અહીં કોઈને મણીબેન બનીને રહેવાની વાત નથી **પરંતુ ફેશનના નામે ઉત્તેજનાત્મક વસ્ત્રો (Over exposing) પહેરીને આપણે યુવકોને કંઈક વધારે પીરસતા તો નથીને?** We cater something extra to boys. મર્યાદાસભર પરિધાન કદાચ જૂના વિચારની પેદાશ લાગશે પરંતુ આપણને પરમાત્માએ આપેલ મહામૂલ્ય અનામત તેના યોગ્ય સરનામે સલામત પહોંચાડવાની જવાબદારી માટે આ વિચાર અયોગ્ય તો નથી જ. નિર્ધન માણસ ક્યારેય લૂંટાતો નથી પરંતુ રૂપ વગરની યુવતી નહીં લૂંટાય તેની કોઈ ગેરંટી નથી. રૂપ, એ સ્ત્રીને મળેલ પ્રાકૃતિક સંપત્તિ છે, પ્રદર્શનમાં મૂકવાની જરૂર નથી. એક ટ્રે માં મૂકેલા ૨૦ શરબતના ગ્લાસ પૈકી માત્ર એક જ ગ્લાસમાં ઝેર છે પરંતુ આપણને ખ્યાલ નથી કે કયા ગ્લાસમાં ઝેર છે તો શું આપણે શરબત પીવાની હિંમત કરીશું? કયા યુવકના મનમાં શેતાન વસે છે એ કોઈ જાણી શકે નહીં. માટે **આપણી દીકરીની છઠ્ઠી ઇન્દ્રિય વિકસાવવાની જવાબદારી માત્ર માતા-પિતાની છે.**

જગ્યાની મર્યાદામાં રહીને માત્ર ૧૦ ટકા જ મુદ્દાઓને પ્રાયોરિટી આપીને આ લેખ અહીં પૂરો કરીએ. આ રજૂઆત મેં ઉપરોક્ત કિસ્સાને નજર સમક્ષ રાખીને, આ વિષય ઉપર "ભારતીય જૈન સંઘટના" પૂના દ્વારા કરવામાં આવેલ સર્ટિફિકેટ કોર્સના આધારે કરી છે. જેના સાથે શક્ય છે કે ઘણા લોકો અસહમત હોઈ શકે. પરંતુ એક બાબત ચોક્કસ છે કે ફાયર બ્રિગેડના માણસો બળતા ઘરમાં પોતાનું કોઈ સ્વજન કે પોતાની મિલ્કત ન હોવા છતાં દરેકને બચાવે છે કારણકે, આગમાં પોતે કેમ બચવું તથા બીજાને કેમ બચાવવા તેની ટ્રેનિંગ તેમણે લીધી હોય છે. **જ્યારે આખી દુનિયામાં વિષય - વાસનાની આગ લાગેલ હોય ત્યારે આપણી દીકરી એ માહોલમાં પણ જીવવા સક્ષમ બને એ માટે જરૂરી ટ્રેનિંગ (હિદાયત) આપવાની આપણી ફરજ છે** કારણકે તેના સુરક્ષિત ભવિષ્યની જવાબદારી પણ આપણી જ છે.

*૫૦૨, અજરામર એન્કલેવ, પ્લોટ નં.-૨૦૭,*
*રોડ નં.-૧૪, જવાહર નગર, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ.*
*મો. ૯૪૨૬૩૮૩૬૧૧*

## ગુજરાત નગરપાલિકા પરિષદ

**(અનુ. : પાના નં.-૪૬ ઉપરથી ચાલુ)**

સરકારે આ મુદત વધારી અઢી વરસ કરી આપી.

તાજેતરમાં સરકારના પરિપત્રથી પાલિકાના ચીફ ઓફિસરનો ખાનગી અહેવાલ લખવાની સત્તા પ્રમુખને બદલે કલેક્ટર હસ્તક મૂકાતા ચૂંટાયેલા પ્રમુખની સુચનાની અવગણનાના બનાવ બનતા આ સત્તા ફરી પ્રમુખ હસ્તક મૂકવા રજૂઆત કરી છે. હાલમાં ઘણી નગરપાલિકામાં ચીફ ઓફિસરની જગ્યા ખાલી છે જેથી અન્ય પાલિકાના ચીફ ઓફિસર ચાર્જમાં રહેવાથી કામમાં થતા વિલંબ અંગે પણ પરિષદ લડત આપી રહી છે. પાલિકાના પ્રમુખ પાસે નાણાંકીય સહિતની સ્થાનિક સત્તા હોય જેથી કાર્યક્ષમતાથી જનહિતમાં કાર્ય થાય એ દિશામાં પણ આ પરિષદ કાર્યવાહી કરી રહી છે.

નગરપાલિકામાં સ્થાનિક કક્ષાએ અનિયમિત રીતે થતી ભરતી સમાપ્ત થાય અને **નગરપાલિકા સેવા પસંદગી મંડળ** જેવું બોર્ડ સરકાર બનાવે એ અંગે પણ સરકારશ્રીમાં રજૂઆત થઈ છે.

આમ કસાયેલા, અનુભવી અને સમર્પિત કાર્યકરોની દેખરેખ હેઠળ ગુજરાત નગરપાલિકા પરિષદ અસ્તિત્વમાં આવતા સમગ્ર ગુજરાતની પાલિકાઓને તેમજ ગાંધીનગરની સ્થાનિક જનતાને આ પરિષદ અને તેનું ભવન આશિર્વાદરૂપ સાબિત થયેલ છે.

*ગાંધીનગર.*
*મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮*

ફરજ પાલન

# એક આદર્શ તબીબની પ્રાથમિકતા



ડૉ. સુધીર ચી. મોદી

ઈ.સ. ૧૯૬૮ની સાલની વાત છે. એમ.બી.બી.એસ. થયા બાદ મેં પ્રથમ સર્વિસ છોટા ઉદેપુર ખાતેની સરકારી હોસ્પિટલમાં મેડિકલ ઑફિસર તરીકે લીધી હતી. તે સમયે પણ મગજમાં એક ભાવના હતી કે ગરીબોની સેવા કરવી. છોટા ઉદેપુરની સરકારી હોસ્પિટલમાં એપોઈન્ટમેન્ટ મળતાં મેં તુરત સ્વીકારી લીધી. એવો વિચાર પણ ના આવ્યો કે અમદાવાદ જેવું શહેર છોડીને આદિવાસી વિસ્તાર ગણાતા છોટા ઉદેપુર જેવા નાના ટાઉનમાં ક્યાં જવાનું આવ્યું! મનમાં થયું કે આદિવાસી પેશન્ટોની સારવાર કરવાનો લાભ મળશે.

છોટા ઉદેપુર એટલે વડોદરા જિલ્લામાં છેવાડાના તાલુકાનું ખૂબ જ નાનું ટાઉન. વસ્તી ૨૫,૦૦૦ની હશે. અહીં દર સોમવારે હાટ ભરાય ત્યારે આજુબાજુના જંગલમાંથી આદિવાસીઓ ખરીદી માટે આવે. પુરુષો આગળના ભાગમાં પહોળી પટ્ટીવાળી લંગોટ અને ઉપર ખુલ્લા બટન વગરની બંડી જેવું પહેરે. સ્ત્રીઓએ કછોટાવાળી નાની સાડી અને બ્લાઉઝ પહેરેલું હોય. તેમના નાકમાં નથણી, કાનમાં લટકતા ઝુલણા અને પગમાં છડા હોય. અલબત્ત તે બધું ચાંદીના હોય અને સ્ત્રી-પુરુષો જૂથમાં ચાલે. ઘણી વખત પુરુષો વાંસળી વગાડતા પણ ચાલતા હોય. ત્યારે થાય કે વાંસળીના સૂર સાંભળ્યા જ કરીએ. સંગીત તો લોક જીવનમાં વણાયેલું જ હોય છે. વાંસળીના સૂરમાં હોય કે ઢોલના તાલમાં હોય કે રાવણહથ્થાના તારમાં હોય. સોમવારે છોટા ઉદેપુર સવારથી હાટમય બની જાય. નાના છૂટક વેપારીઓ પાથરણા પાથરીને વેચવા બેસી જાય. ટાઉનમાં પણ દુકાનો આદિવાસીઓની ખરીદી માટે તૈયાર થઈ જાય.

છોટા ઉદેપુરની સરકારી હોસ્પિટલ પણ ખૂબ જૂના સમયની હતી. તેમાં બે જનરલ વોર્ડ, એક પુરુષો માટે - બીજો સ્ત્રીઓનો, લેબર રૂમ, નાનું ઑપરેશન થિયેટર, એક્સ-રે રૂમ, નાની લેબોરેટરી, મોટું કમ્પાઉન્ડ વગેરે. કમ્પાઉન્ડના એક છેડે ડૉક્ટરને રહેવાનું મકાન. મારા સિનિયર ડૉક્ટર શાહ અહીં રહેતા હતા. મારું રહેવાનું હોસ્પિટલની બહાર સામે એક જૂના બંગલામાં હતું. આ મકાનની પાછળ જ હાટ ભરાય. આમ, અમે બે મેડિકલ ઑફિસર. ડૉ. શાહ થોડા વર્ષોથી ત્યાં હતા અને સરસ કામ કરતા હતા. નાના ઑપરેશન, સીઝેરિયન કરતા હતા. જે રીતે હોસ્પિટલ સંભાળતા હતા, તે જોઈને માન થાય.

શરૂઆતમાં મને પણ આદિવાસી પેશન્ટોને જોઈને નવાઈ લાગતી હતી. તેમના અમુક શબ્દો થોડા સમય બાદ સમજવા લાગ્યો. **જે સમાજ જોડે કામ કરવું હોય તેણે તે સમાજની ભાષા જાણવી ખૂબ અગત્યની છે.** તોજ તેમનામાં થોડા એકરૂપ થઈ શકો અને સમજી શકો. સવારે ૯ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી હોસ્પિટલમાં પ્રવૃત્ત રહીએ. બપોરે ત્રણેક કલાક જમવાના અને આરામના મળે. ત્યારબાદ ફ્રી.

આવા નાના ટાઉનમાં સાંજનો સમય પણ કેવી રીતે પસાર કરવો? લગ્ન થયા ન હતા. મારા જેવા બહારથી છોટા ઉદેપુરમાં જુદા જુદા ક્ષેત્રોમાં સર્વિસ કરવા આવેલા પરસ્પર મિત્રો થઈ જાય. તે પ્રમાણે ફોરેસ્ટ ઓફિસર, તાલુકા જજ, વેટરનરી ડૉક્ટર, પોસ્ટ માસ્ટર, કૉલેજના પ્રોફેસર વગેરે મિત્રો થઈ ગયા. અહીંની કૉલેજમાં છેલ્લા વર્ષમાં ભણતો છોટા ઉદેપુરનો વતની પણ મિત્ર થઈ ગયો. તેની સાથે ટેબલ ટેનિસ રમવાનું અથવા ઉપર જણાવેલ મિત્રો સાથે ગપાટા, ચેસ, પત્તા વગેરે રમવાના. કોઈ વખત સાંજે છોટા ઉદેપુરના બીજા છેવાડે વહેતી ઓરસંગ નદીના કિનારે ફરવા અને બેસવા જવાનું. નદીના વહેતા જળની સાથે આકાશમાં સૂર્યાસ્તના નજરાતા રંગો જોતાં જોતાં ખોવાઈ જવાનું. ક્યાં આ આકાશના રંગોનો નજારો, વહેતી નદીના તરંગો અને હું. અંધારાના ઓળા ઉતરતા ધીમે ધીમે ચાલતા જમવા જવાનું.

સરકારી હોસ્પિટલ એટલે પોસ્ટમોર્ટમ કરવાના આવે. આદિવાસીઓ એકબીજાના વેર લેવા તીર વડે મારી નાખે. આપણને એમ કે જંગલમાં રહેતી આદિવાસી પ્રજા ભોળી, શાંત અને પ્રકૃતિની સાથે જીવતી પ્રજા હોય. પરંતુ તેમનામાં પણ વંશપરંપરાગત વેરની જ્વાળા ચાલતી હોય. પોલીસ કેસ થાય પછી બીજા કે ત્રીજા દિવસે લાશ સડેલી હાલતમાં પોસ્ટમોર્ટમ માટે આવે. જે ડૉક્ટરે પોસ્ટમોર્ટમ કર્યું હોય, તેણે થોડા દિવસો બાદ વડોદરા કોર્ટમાં જુબાની આપવા જવાનું હોય. તે દિવસે હોસ્પિટલમાં એક જ ડૉક્ટર હોય. તે પ્રમાણે ડૉ. શાહ વડોદરા ગયા હોવાથી હોસ્પિટલ આખો દિવસ મારે જ સંભાળવાની હતી.

અગાઉ લખ્યા પ્રમાણે તે અઠવાડિયે સાંજે અમે મિત્રો વાતોના ગપાટા મારતા હતા. મેં તેઓને સવાલ કર્યો કે તમે કોઈએ કોઈ દિવસે બે હપ્તે વાળ કપાવ્યા છે? મેં કહ્યું વાળ

કપાવતા એકદમ બંધ કરી, બીજા સમયે જઈને ફરીથી વાળ કપાવવાના. બધા કહે : એવું તો થતું હશે? મેં કહ્યું, હા. ગઈકાલનો મારો આ અનુભવ છે. મેં બે હપ્તે વાળ કપાવ્યા.

પછી તો મેં વાત શરૂ કરી. ડૉ. શાહ સાહેબ વડોદરા ગયા હોવાથી સવારથી હું હોસ્પિટલ સંભાળતો હતો. બપોરે જમીને ત્રણ વાગે વાળ કપાવવા ગયો. આજના જેવી મોબાઈલ ફોન કે બીજી કોઈ સગવડ ન હતી. તેથી હોસ્પિટલની બહાર કોઈપણ કામે જાઓ ત્યારે ડ્યુટી પરની સિસ્ટરને કહીને જવાનું કે આ સ્થળે જાઉં છું. તે પ્રમામે સિસ્ટરને કહ્યું હતું કે બજારમાં હેર કટિંગ સલૂનમાં વાળ કપાવવા જાઉં છું.

તે પ્રમાણે હેર કટિંગ સલૂનમાં મારા વાળ કપાઈ રહ્યા હતા, ત્યાં હોસ્પિટલનો પટાવાળો ઉતાવળે આવ્યો અને કહ્યું, સાહેબ, તાત્કાલિક હોસ્પિટલ ચાલો. એક એક્સિડન્ટનો સિરિઅસ કેસ આવ્યો છે. ઘામાંથી લોહી બંધ થતું નથી. સિસ્ટરે તાત્કાલિક આવવા જણાવ્યું છે. હું અને વાળ કાપનાર ભાઈ બંને આ સંદેશો સાંભળી સ્તબ્ધ થઈ ગયા. તેમની કાતર ચાલતી બંધ થઈ ગઈ. હાથમાં તેમની તેમ જ રહી. અરીસામાં મારી સામે જોઈ રહ્યા. મેં કહ્યું, હવે અત્યારે વાળ કાપવાના રહેવા દો. મારે તાત્કાલિક હોસ્પિટલે જવું પડશે. તે બોલ્યા, આવા અડધા કપાયેલા વાળ કેવા લાગશે? મેં કહ્યું, કશો વાંધો નહીં. સાંજે આવીને બીજે હપ્તે વાળ કપાવી જઈશ. તેમના વ્યવસાયમાં તેમણે પહેલી વખત અનુભવ્યું કે ગ્રાહક અધવચ્ચે વાળ કપાવવાના બંધ કરાવીને જાય. આશ્ચર્યથી જોઈ રહ્યા. સલૂનમાં બેઠેલા બીજા ગ્રાહકો પણ હસતા હસતા જોઈ રહ્યા અને હું ખુરશીમાંથી ઊભો થઈ પટાવાળા સાથે હોસ્પિટલ જવા નીકળી ગયો. તે પેશન્ટની સારવારમાં સાંજના ૭ વાગી ગયા. ત્યારબાદ ફરીથી હેર કટિંગ સલૂનમાં જઈને વાળ કપાવવા બેઠો. કાતર ચલાવતા પહેલાં તે ભાઈએ પૂછ્યું : તે પેશન્ટને હવે કેમ છે, સારું છે? મેં કહ્યું, હા, હવે સારું છે. અને તેમણે આનંદથી કાતર ચલાવવા માંડી. આમ જીવનમાં પહેલીવાર બે હપ્તે વાળ કપાવ્યા. તે સલૂનવાળા ભાઈને પણ બે હપ્તે વાળ કપાવનાર ગ્રાહકનો પહેલી વખત અનુભવ થયો.

મારી વાત સાંભળી બધા મિત્રોએ તાળીઓ પાડી. એક મિત્ર બોલ્યો : ચાલો, ડૉક્ટરની આજની આ વાત પર બધા આઈસ્ક્રીમ ખાઈએ.

આમ, બે હપ્તે વાળ કપાવવાની વાત ખૂબ નાની છે પરંતુ મને તો જીવનભર યાદ રહેશે.

***વાત ખૂબ નાની છે, તોય ભઈલા મજાની છે.***

***૩, સમૃધ્ધ કેપીટલ, આર્યવૃંદ ફ્લેટની પાસે,***
***પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સિટી રોડ,***
***સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. મો. ૯૮૯૮૬૧૨૬૮૫***

## પરિવર્તન

**(અનુ. : પાના નં.-૨૭ ઉપરથી ચાલુ)**

આક્રમણકારોના હુમલા જવાબદાર હતા. આ વખતે જે કંઈ પણ લુપ્ત થશે તે લોકોએ સ્વેચ્છાએ છોડી દીધેલ હશે.

પરિવર્તનના આટલા જોરદાર પ્રવાહમાં **હજી પણ કેટલાક ક્ષેત્રોમાં ખાસ પરિવર્તન દેખાતું નથી. એવું એક ક્ષેત્ર છે ધાર્મિક માન્યતાઓ અને પરંપરાઓનું.** આમ તો ધાર્મિક વિચારધારાઓમાં પણ અંદરથી પરિવર્તન થયા છે. દરેક મુખ્ય ધર્મના અનેક ફાંટા અને પંથ એના પુરાવા છે. ધર્મગુરુઓ વચ્ચે અર્થઘટનના મતભેદ કે પછી અંગત પ્રતિષ્ઠા અને અનુયાયીઓ પર અંકુશ રાખવાની વૃત્તિથી એ થયું છે. આ બધા પરિવર્તન ઉપરછલ્લા હોઈ એનાથી અંધશ્રદ્ધા અને જડતા ઘટવાને બદલે વધી છે.

કુદરતી વાવાઝોડા સામે જે ઝુકતું નથી તે મોટા ભાગે સમુળગું નાશ પામે છે. પરિવર્તનના આ જબરદસ્ત વાવાઝોડા સામે જડ અંધશ્રદ્ધાઓ અને અજ્ઞાન ટકી રહેશે, ઝૂકશે કે સમુળગું નાશ પામશે તે તો સમય જ બતાવશે.

**બધા જ પરિવર્તન સારા કે આવકારદાયક નથી હોતા. કેટલાક વિનાશક પણ હોય છે.** માનવ જાતિનો અતિશય વસ્તી વધારો, જંગલોનો નાશ, મર્યાદિત કુદરતી સંપત્તિ સામે આપણી વધતી જરૂરિયાતો, વાતાવરણનું પ્રદૂષણ વગેરે દ્વારા આપણે કુદરતના નાજુક સમતોલનને છેડ્યું છે. એના પરિણામો ક્યારે અને કેવા આવશે એ ચોક્કસપણે કોઈ કહી શકે એમ નથી. એટલું તો ચોક્કસ છે કે તે સારા તો નહિ હોય.

ભૂતકાળમાં કુદરતી કારણોસર સંસ્કૃતિઓનો નાશ થયો છે. આજે પણ એવું થઈ શકે છે. કોઈ નવી જાતના બેક્ટેરિયા કે વાઈરસ મોટી સંખ્યામાં માનવ વસ્તીને ખતમ કરી શકે છે. ગીચ વસ્તીવાળા પ્રદેશમાં મોટો ઉલ્કાપાત, ભૂકંપ કે સુનામી ઘણી તારાજી સર્જી શકે તેના અનુભવ તાજા જ છે. વાયુ પ્રદૂષણને લીધે વધતું ઉષ્ણતામાન ધ્રુવ પ્રદેશના બરફને ઓગાળી દરિયાકાંઠાના શહેરોને ડૂબાડી શકે છે. આ ફક્ત કલ્પનાઓ નથી પણ વાસ્તવિક શક્યતાઓ છે. આપણે જે પરિવર્તનો કરી રહ્યા છીએ તેના ફાયદા આપણને જ મળવાના છે અને સાથે એના માઠાં પરિણામો પણ આપણે જ ભોગવવાના છે.

આ હતી માનવસર્જિત પરિવર્તનની વાતો. **પરિવર્તન તો કુદરતનો અવિરત ક્રમ રહ્યો છે. કુદરતમાં બધું સતત બદલાયા કરે છે.** એની ગતિ આપણી સમયગણના પ્રમાણે ખૂબ જ ધીમી હોવાથી આપણે તે અનુભવી શકતા નથી.

***૧, શ્યામ વાટિકા સોસાયટી,***
***વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.***
***મો. ૯૭૨૬૭૯૯૦૦૯***

વાર્તા

# એક માનો પશ્ચાત્તાપ



ડૉ. ઊર્મિલા શાહ

"અરે આવું સ્મિતા? આ શું કરવા માંડ્યું છે?"

"આ પુનિતાને જમાડું છું... એને સ્કૂલનો ટાઈમ થયો ને! હમણાં રિક્ષાવાળો આવી જાય ને પાછો! પણ કાકી તમે ક્યાંથી અત્યારમાં? આવો ને...!"

"ના, ના. તું તારે જમાડ ભાઈ... તું કંઈ મારા જેવી નવરી ઓછી જ છે... આ તો આજે અગિયારસ છે એટલે મંદિરે દર્શન કરવા ગઇ હતી તે વળતાં મને થયું કે લાવ બહુ દિવસથી તને જોઈ નથી તે ડોકિયું કરતી જાઉં! આજે તો ઉપવાસ છે એટલે અત્યારે બહુ કામ આમેય હતું નહીં... મંદિરમાં પેલા ગંગાબા મળ્યાં... એમનાં ખબરઅંતર પૂછ્યાં... ને બે ઘડીક બેઠાં. બહુ વખતે મળ્યાં ને! ને પછી પાછી વળતાં વળી તું યાદ આવી ગઈ... કેમ છે રજ્જુ... ઑફિસે ગયો હશે નહીં! ને તારો દીકરો! શું એનું નામ? મૂઈ મને તો નામેય યાદ રહેતાં નથી..."

"દર્શન."

"હા, હા... લે અલી બાઈ, ભગવાનનાં દર્શન યાદ રહે છે પણ તારા દીકરાનું નામ જ દર્શન છે તે યાદ નથી રહેતું. અને આ પુનિતા, નહીં? હવે તો મોટી થઈ... દર્શન ક્યાં ગયો?"

"એને વહેલી સ્કૂલ હોય છે કાકી... એટલે એને તો બપોરે આવીને જમવાનું છે પણ પુનિતાને અગિયાર વાગ્યાની સ્કૂલ એટલે એનું મારે વધારે ધ્યાન રાખવું પડે. સવા દસે તો રિક્ષાવાળો આવી જ જાય... ને એ બરાબર જમે નહીં એટલે પાસે બેસી જમાડવી પડે... નહીં તો પાછી સ્કૂલમાં ભૂખી જાય... એટલે હું જમાડવા બેઠી છું..."

"આ તમે બધાં હવે છોકરાંની પળોજણમાંથી જ ઊંચાં આવતાં નથી... અમારે તો છ છ છોકરાં મોટાં થયાં... ક્યાંય ક્યારેય કોઇને ય અમે તો જમાડ્યા નથી. અસલ તો બધાંય એક જ નિશાળમાં હોય ને બધાંયનો એક જ ટાઈમ હોય... દસ વાગે એટલે બધાને રસોડામાં જ થાળી દઇ બેસાડી દઉં... ને ફટાફટ રોટલી ઉતારતી જાઉં... વારાફરતી એક એકના ભાણામાં રોટલી પડતી જાય ને છોકરાં ખાતાં જાય... અરે! ક્યારેક તો હું પહોંચીય ન વળું તેવું થઈ જાય. અમારે છોકરાને ખવડાવવા ક્યારેય બેસવું પડતું ન હતું. અમારા વખતમાં મારી બાઈ ક્યાં તમારા જેવું હતું! **સવારથી ઊઠી બધું કામ હાથે ને છ છ છોકરાં આમ તમારી જેમ એક છોકરાને ખવડાવવા પાછળ અડધો કલાક કાઢીએ તો બાકીના પાંચ તો બિચારાં ભૂખ્યાં જ નિશાળે જાય ને!** અમારાં તો છોકરાંય એવાં ડાહ્યાં હતાં, ક્યારે મોટાં થઈ ગયાં તે અમને ખબરેય પડી નથી. સવાસોરિયાં હતાં પણ સવારનાં એક વાર નવડાવી - ધોવડાવી દીધાં એટલે પછી છુટ્ટા. ને ભણાવવાનું ય વળી કેવું! દફતર આપી સ્કૂલમાં મોકલ્યાં હોય ને ઘેર આવીને દફતર મૂકે તે બીજે દિવસે સ્કૂલમાં જતાં જ દફતર હાથમાં લે ને તોય એક્કેય બુદ્ધુ રહ્યાં છે? આ તમે બધાં તો અત્યારના વખતમાં છોકરાંમાંથી જ ઊંચાં આવતાં નથી ને! મારે છ છ વહુઓ છે પણ કોઈનુંય કંઈ કામ હોય તો એક કહેશે 'મારા પીન્ટુને આજે ક્લાસ છે... એને લેવા-મૂકવા જવાનું છે. મને નહીં ફાવે.' તો બીજી કહેશે, 'મારે અનિષને ભણાવવાનો છે. એને કાલે ટેસ્ટ છે.' તો વળી ત્રીજી કહેશે, 'બા, કાલે તો મારે કિટી પાર્ટી છે.' બધાંને જ કંઈ ને કંઈ હોય, કોઈને નવરાશ જ ક્યાં હોય છે! સારું છે, ભગવાને હજી મારા હાથપગ સલામત રાખ્યા છે ને બધું મારી જાતે કરી શકું છું. લે ત્યારે હું જાઉં. પછી તારી પુનિતાને સ્કૂલનું મોડું થશે..." ને એમ કહેતાં કાકી ઊઠ્યાં.

પણ કાકીની આ વાતે મારા મનને ઉશ્કેર્યું હતું. કાકીના આવ્યા પહેલાં એવી સરસ રીતે વાર્તા કહેતી હું પુનિતાને જમાડતી હતી. પણ કાકી આવ્યાં એટલે સાહજિક રીતે જ એમની સાથે વાત કરવી પડે. વડીલ છે ને! અને એટલે પુનિતાની વાર્તામાં તો ભંગ પડ્યો જ, પણ એને પૂરું જમાડી પણ ન શકી. રોજ બે રોટલી ખાય તેને ઠેકાણે એણે આજે માંડ એક રોટલી પૂરી કરી. ને બીજી તો એમને એમ પડી રહી... જેમતેમ તૈયાર કરી, છોકરું છે, તૈયાર થતાં જરા આમતેમ આંટા મારે, હરેફરે, રમત કરે, પણ છતાંય મોડું ન થાય એટલે તેને પટાવી પટાવીને ધીરજપૂર્વક તૈયાર કરવી પડે. હું જાણું છું કે **છોકરાંઓને ધમકાવીને કામ કરાવી તો શકીએ પણ એનાથી એના મગજ પર જે અસર થાય તેને કારણે તે સ્કૂલમાં આખો દિવસ અસ્વસ્થ રહે,** ભણવામાં તેનું ચિત્ત ચોંટે નહીં. ને નહીં તો ક્યારેક એના બહેનની ફરિયાદ પણ આવે કે તેણે આજે સ્કૂલમાં તોફાન કર્યું છે... છોકરાંને માનસિક રીતે સ્વસ્થ રાખીને

સ્કૂલમાં ન મોકલીએ એટલે એનો આખોય દિવસ બગડે એ હું બરાબર સમજું છું.

પણ કાકીની વાતે મને એવી તો ઉશ્કેરી દીધી કે હું પુનિતા ઉપર ખૂબ ગુસ્સે થઈ ગઈ. મારા મનમાં એક વંટોળ ઊભો થયો... ‘કાકીનાં છ-છ છોકરાં એમની જાતે ખાતાં, જાતે જ તૈયાર થતાં, જાતે જ ભણતાં, ને પુનિતાને કેમ મારે જ બધું કરી આપવું પડે! એને મેં જ બગાડી છે. મારામાં મારો વિશ્વાસ ડગી ગયો... મા તરીકે હું નિષ્ફળ છું એનું મારા મનમાં દુઃખ લાગ્યું ને એ બધો જ ગુસ્સો બિચારી નાદાન નિર્દોષ પુનિતા પર ઠલવાઈ ગયો. તેની પર હું પણ ગુસ્સે થઈ ગઈ.

“હવે તો હું તને જમાડવાની જ નથી. હાથે કેમ ન જમે? આખી જિંદગી કંઈ તને મા જમાડવા આવવાની છે? ખાવું હોય તો ખા નહીં તો સ્કૂલે ભૂખી જા... પછી સ્કૂલમાં ભૂખ લાગશે ત્યારે ખબર પડશે... બૂટ-મોજાં પહેર્યાં કે નહીં? આટલી મોટી થઈ છે પણ હજી કશું જાતે કરે છે જ ક્યાં? ક્યારે શીખશો આ બધું? આમ ને આમ “ઢ” રહેવાની છે...” અને કાકીએ મને એવી તો ઉશ્કેરી હતી કે એ સ્કૂલે જતી પુનિતાને મેં રોજની જેમ એક પપ્પી પણ ન કરી અને વહાલથી આવજો પણ ન કર્યું... બિચારી પુનિતા... જતાં જતાં મારી સાડીનો છેડો પકડી... “મા વ્હાલી! મને આવજો તો કર મા!” કહેતી હતી પણ કાકીના શબ્દો સતત મારા કાને અફળાતા હતા ને હું એટલી અસ્વસ્થ બની ગઈ હતી કે પુનિતાની સામે એકાદ વ્હાલભરી નજર પણ ન માંડી શકી. ને પુનિતા... રિક્ષા દેખાતી બંધ થઈ **ત્યાં સુધી જાણે મારી સામે એક વ્હાલભર્યા સ્મિતની અપેક્ષા સાથે જોતી રહી. જોતી જ રહી.** એને સ્કૂલે જવા વિદાય કરી ને હું ઘરમાં આવી કામે લાગી પણ મારું મન આજે સખત અસ્વસ્થ હતું. મને થયું, આના કરતાં તો કાકી આજે ન આવ્યાં હોત તો સારું થાત... વડીલ છે, એમને મારે માટે લાગણી છે અને એટલે મારી ખબર લેવા આ ઉંમરે ય ચાલીને આવ્યાં... પણ છોકરાંની સ્કૂલના જ ટાઈમે આમ કોઈ ગમે ત્યારે ટપકી પડે છે ત્યારે મારું બધું જ કામ ડિસ્ટર્બ થઈ જાય છે. **આપણે ત્યાં મન ફાવે ત્યારે, સામાનો વિચાર સુધ્ધાં કર્યા વિના આમ ટપકી પડવાની ટેવ બહુ જ વિચિત્ર છે.** એનાથી કેટકેટલી મુશ્કેલી ઊભી થાય છે! ને તેમાં બાકી હોય તેમ ટીકા અને ચર્ચા કરી મનને ઉશ્કેરે ને એને કારણે આપણાથી છોકરાની ઉપેક્ષા થઈ જાય. આપણો ને છોકરાનો બધાંનો આખો દિવસ બગડે... ને મને મનોમન ખૂબ પસ્તાવો થયો. મારા મનને સ્વસ્થ કરવા હું પૂજાના રૂમમાં ગઈ ને મેં ભગવાન પાસે બેસી પ્રાર્થના કરી, “હે ભગવાન! આજે મારાથી પુનિતાને ભારે અન્યાય થઈ ગયો છે. તું મને માફ કર. હું ખૂબ નાસીપાસ થઈ ગઈ હતી. કાકીની વાતથી ઉશ્કેરાઈ ગઈ હતી અને એનો શિકાર મેં પુનિતાને બનાવી. હું તેની પર ખૂબ ગુસ્સે થઈ. મારી બધી જ અકળામણ મેં તેની પર કાઢી. મારા એ ગુસ્સા માટે મને ક્ષમા આપ ભગવાન! મેં પાડેલા ઘાંટા, મારી અકળામણ, મેં આપેલા ઠપકાને, મેં મારેલી લપડાક માટે મને માફ કર ભગવાન! મેં ધીરજ ગુમાવીને તેને ઘાંટા પાડ્યા હતા તેનો મને ખૂબ પસ્તાવો થાય છે. મને મારા એ વર્તન માટે શરમ આવે છે. ભારોભાર પશ્ચાત્તાપ થાય છે. મને થાય છે ક્યારે પુનિતા સ્કૂલમાંથી પાછી ફરે ને હું તેને પગે પડીને માફી માગું! છેક જતાં સુધી તેણે મારા તરફથી વહાલની અપેક્ષાએ કેવી મીટ માંડી હતી ને છતાંય એ નિર્દોષ ખીલતી કળીને જોઈ મારું પથ્થરહૃદય સહેજેય પીગળ્યું નહીં! મારા અંતરમાં રહેલા દેવ! ત્યારે તમે ક્યાં ખોવાઈ ગયા હતા. મને મારા જ પોતાના બાળક તરફ દાનવની જેમ વર્તન કરતી તમે કેમ ન રોકી? હું મારી આ ભૂલને ક્યારેય નહીં ભૂલી શકું. મારી જાતને ક્યારેય માફ નહીં કરી શકું. મને હજી તેની આંખમાં રહેલી બીક દેખાય છે. એની ગભરાટભરી આંખો મારી નજર આગળથી હજી ખસતી નથી. મને હજી તેની આંખનાં એ આંસુ દેખાય છે. ને મને ખુશ કરવા મારી આસપાસ એ મથતી જાણે મારી નજર આગળ તરવરે છે. એને કારણે જ જાણે હું તેની પર ગુસ્સે થઈ હોઉં ને એ ગુનેગાર હોય એવી એની લાગણી હજી અત્યારે જાણે એના મોં પર મને દેખાય છે ને મારું અંતર મને જ પૂછે છે... “શું એમાં એનો વાંક હતો?” હે ભગવાન! બાળકની આ નિરાધાર પરિસ્થિતિની મને ખૂબ કરુણા ઉપજે છે. મા-બાપ પર તેને કેટલો બધો આધાર રાખવો પડે છે! **ખુદ મા જ માનવમાંથી દાનવ બની એ નિર્દોષ બાળક પર અત્યાચાર કરે છે ત્યારે તે કેવું નિઃસહાય બની જાય છે!**

અને છતાંય એના હૃદયની વિશાળતા! કેટલું બધું વિશાળ એનું દિલ છે. ક્ષણવારમાં તો મારાં એ બધાં જ વર્તનને એ ભૂલી જાય છે... મને માફ કરી દે છે અને મને વ્હાલ કરે છે. મને ગળે વળગે છે ને મને પ્રેમથી ચુંબન કરે છે... એની એ નિર્દોષ આંખોમાં ભગવાન, મને સાક્ષાત તારાં દર્શન થાય છે. ઈશ્વરે બાળકને આ કેટલી મોટી ભેટ આપી છે!

બધું જ ભૂલી જઈ શકે છે ને ઘડીવારમાં તો પાછું તેનું હૃદય પ્રેમથી છલકાઈ જાય છે. હે ભગવાન! તેં મારામાં વિશ્વાસ મૂકી મને આપેલી આ મહામૂલી ભેટને હું યોગ્ય રીતે સાચવી નથી શકતી તેનું મને પારાવાર દુઃખ છે, પણ મારી તને એક જ અરજ છે કે મને તું અપાર ધીરજ આપ, એવો ભરપૂર પ્રેમ આપ કે ફરીવાર હું ભૂલ ન કરું... મને માફ કર ભગવાન!!

*૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી ક્લબ સામે,*
*સરખેજ - ગાંધીનગર હાઈવે, અમદાવાદ.*
*ફોન : (૦૭૯) ૨૬૭૬૦૦૦૩, ૨૬૭૬૯૭૦૦*

વાર્તા

# સાચો રસ્તો



અરુણા અરુણ ઠક્કર

'ગુરુદેવ, હૃદયમાં કોઈપણ પ્રકારની વેદના કે વાસના છલોછલ કે ઓછા-વત્તા પ્રમાણમાં ભરેલા હોય તો ભક્તિ માર્ગ પર ચાલી શકાય ખરું? હૃદય ભગવાનો ભાર ઝીલી શકે ખરું?' પ્રવચનની વચમાં, જરાક અટકેલા ગુરુદેવને શહેરથી આવેલી કૃતિએ અચાનક જ પ્રશ્ન કર્યો. તેનું સૌંદર્ય, યુવાની આકર્ષક તો હતા જ અને એમાંય વળી ગામમાં એણે આવી હરકત કરી! બધા તેને આંખો ફાડીને જોવા લાગ્યા.

રામપુર નામના નાનકડા ગામમાં આ ગુરુદેવ એકાદ વર્ષથી અલખ જગાવી બેઠા હતા. ગામને પાદરે ખળખળ વહેતી નદીને કિનારે રાધાકૃષ્ણનું સુંદર મંદિર હતું. એ મંદિરની બાજુમાં કુટી બનાવી ગુરુદેવ રહેતા હતા. પચ્ચીસેક વર્ષની યુવાની એમના ચહેરા પર ચમકતી હતી. રાધાકૃષ્ણની સેવા-પૂજા ખૂબ જ સરસ રીતે કરતા હતા. સવાર-સાંજ સત્સંગમાં ક્યારેક ધૂન, ક્યારેક ભજન અને શ્લોકો સાથે ઉપદેશ ખરો જ. સવારે વૃદ્ધોની સંખ્યા રહેતી પણ સાંજે તો ધીરે ધીરે આખું ગામ આવવા લાગ્યું.

એમની પ્રતિભા, એમની વાણી, એમની દૃષ્ટિ, એમનું જ્ઞાન... રામપુરની સાથે આજુબાજુનાં ગામના લોકો પણ અહીં આવતા. ધાર્મિક ગ્રંથોનું વાંચન કરતા હોય તો શ્રોતાવર્ગ એમાં ગળાડૂબ હોય. ભજન હોય તો એના રંગમાં બધા જ રંગાય અને ધૂન તો મસ્ત બનીને બધા ગાવા લાગતા. મંદિરમાં દર્શન માટે આવનાર ચાનો પ્રસાદ પામતા. રાત્રે તો ગુરુદેવ દૂધ અને ફળાહાર જ કરતા. બપોરે ગામવાળાઓનો આગ્રહ હતો કે વારાફરતી બધાના ઘરેથી થાળી આવતી. મંદિરનું વિશાળ સંકુલ ચોતરફ હરિયાળી અને આધ્યાત્મિક સુગંધથી વધારે સુંદર લાગતું હતું.

એમના આગમનને બાર મહિના થઈ ગયા હતા. એ જ બોલતા અને બધા સાંભળતા. સવાલ પણ કરતા - શ્રોતાજનોને - ભક્તજનોને - અને કદીક એ જ સવાલનો જવાબ કોઈને ન આવડે તો પોતે જ આપતા. આજે પ્રથમ વખત કોઇએ એમને સવાલ કર્યો હતો. અયોગ્ય કે અસ્થાને સવાલ ન હતો. કૃતિના સવાલ પર બધાનું ધ્યાન હતું. કૃતિ રાજકોટથી એની સહેલીના ઘરે આવી હતી. કોલેજમાં ભણતી એક બિન્ધાસ્ત શહેરની છોકરી ધર્મસભાની વચ્ચે સવાલ લઇને ઉભી હતી.

એક માજીએ તો બૂમ પણ મારી, 'એ બેન, બેસી જા.' પણ એમ બેસે તે કૃતિ શાની? એની સહેલી સરલાએ એનો હાથ પકડી લીધો અને બેસવા માટે સંજ્ઞા કરી પણ કૃતિ ઊભી જ રહી. જીભ તો એકવાર પૂછીને મૌન થઈ ગઈ, પણ આંખ સતત પૂછતી હતી. હવે? બધાનું ધ્યાન ગુરુદેવ તરફ હતું. મંદિરમાં આરતીનો સમય થઈ ગયો એટલે કૃતિનો સવાલ સવાલ જ રહી ગયો. આરતી માટે ગુરુદેવ મંદિરમાં પહોંચી જ જતા.

પૂર્ણાહુતિનો શ્લોક બોલી ગુરુદેવ મંદિરમાં ગયા. કૃતિ પણ સરલા સાથે મંદિરમાં ગઈ. આટલી બધી ભીડમાં એ આગળ જ ઊભી રહી. આરતી બાદ કુટી તરફ જતા ગુરુદેવે કૃતિ પાસે અટકીને કહ્યું, 'આવતીકાલે આપણે તમારા સવાલ પર ચર્ચા કરીશું.' ગામડામાં જામતી વહેલી રાતે પોતાનું સામ્રાજ્ય જમાવી દીધું. વાળું પતાવી બધા ઊંઘી ગયા. સરલાએ કૃતિને સૂતી વેળાએ પૂછ્યું, 'તેં બધાની વચ્ચે આવો સવાલ કેમ કર્યો?' જાગતી હોવા છતાં ઊંઘના બહાને, કૃતિ એ સવાલનો જવાબ ખાઈ ગઈ.

બીજા દિવસની સવારે નિત્યક્રમ બાદ સત્સંગ સભા ભરાઈ. આજે તો સવારે પણ સારી એવી હાજરી હતી. ગુરુદેવે આવીને સુંદર શ્લોકપઠન કર્યું. ત્યાં તો કૃતિ ફરી ઊભી થઈ. ગુરુદેવે હાથથી એને બેસી જવા કહ્યું. 'તમારા સવાલમાં વાસના અને વેદના બંને છે ખરું ને?' કૃતિ હજુય બેઠી ન હતી. ગુરુદેવે ફરીથી બેસવા માટે સંજ્ઞા કરી તો એ એકદમ આગળ આવીને બેસી ગઈ ગુરુદેવની સન્મુખ!

ગુરુદેવે પણ તેની સામે નજર કરી કહ્યું, **'વેદના અને વાસના બંને તદ્દન ભિન્ન હોવા છતાં મનુષ્યના જીવનમાં તો બંને રહે જ છે.** આધ્યાત્મિક રીતે વેદનાને લઈએ તો જે વેદ - ના સમજે તેને વેદના થાય. પ્રત્યેક મનુષ્યને વેદનાનો અનુભવ થાય છે અને થતો જ રહે છે. કૃતિની આંખોમાં વેદના ઉભરાતી હતી. એ આંસુને રોકી શકતી ન હતી.

ગુરુદેવે આગળ ધપાવ્યું. 'આત્મા છે એ જ પરમાત્મા છે. એ તો પરબ્રહ્મ સાથે સંકળાયેલો છે. આ જે વેદના છે ને, એ તો મનને થાય છે. તનની વેદના પણ મનને સ્પર્શે છે. એક ઉઝરડાની વેદના હોય કે પછી વિરહની વેદના હોય

એ મનમાં રહેતી હોય છે. મન છે એ અતિશય ચંચળ છે. ખુશ થતાં પણ વાર નહીં અને દુઃખી થતાં પણ વાર નહીં... બસ, એ દરેક વસ્તુ માટે બહાના જ શોધ્યા કરે છે. માનવ મનથી બંધાયેલો છે અને વેદના માનવ મનમાં વસેલી છે.

બપોરનો સમય થઈ ગયો એટલે કૃતિ અડધો સવાલ સાથે લઈ, ઘરે ગઈ. આજે થાળીનો વારો સરલાનો હતો. એટલે એ ફરી પાછી ગુરુદેવ પાસે આવી. બસ, એમને જોઈને પાછી ચાલી ગઈ. સાંજે ફરી એ જ સત્સંગ... ફરી કૃતિ ઊભી થઈ. પાછી બેસી ગઈ. વેદના શારીરિક કે માનસિક હોઈ શકે. વિરહની વેદના તો રાધા-કૃષ્ણે પણ ભોગવી છે. સીતા-રામને પણ આ વેદના મળી છે પરંતુ એ તો ઈશ્વરની લીલા છે. એ એમના અવતારનું વર્ણન છે. આપણે તો સાધારણ મનુષ્ય છીએ. **આપણે જો પરમાત્મા સુધી પહોંચવા માગતા હશું તો પ્રથમ આત્મા સાથે ઐક્ય સાધવું પડશે અને આત્મા-પરમાત્માના મિલન સમયે વેદના - વાસના બંને લુપ્ત થઈ જાય છે.**

આરતી પૂર્ણ થયા બાદ ગુરુદેવ પાસે રાત્રે મંડળી જામતી. એમાં પણ દસ-બાર લોકોની સંખ્યા તો રહેતી જ. આજે રાત્રે તો કૃતિ એમાં પણ જોડાઈ. 'માફ કરજો, પણ કાલે સવારે મારે રાજકોટ માટે નીકળવું છે. મને મારા સવાલનો જવાબ જોઈએ છે.' ગુરુદેવે કૃતિને પોતાની પાસે બેસવા કહ્યું. બાકી બધા દૂર બેઠા. 'તું તારો સવાલ દોહરાવ...' ગુરુદેવ સામે એક વેધક નજર નાખી કૃતિએ તેની વોલેટમાંથી એક ફોટો કાઢ્યો અને ગુરુદેવ સામે ધર્યો.

ગુરુદેવે એને જોઈને આંખો ઝુકાવી દીધી. થોડીવાર માટે અકળ મૌન પથરાયું. થોડીવારે કૃતિ બોલી, 'હવે સીધી વાત પર આવું છું. મને ઉપદેશ, કથા કે મારા સવાલ કરતાં આ વાતમાં રસ છે.' ગુરુદેવે કૃતિ સામે સંમતિસૂચક દૃષ્ટિ કરી. **'આ તસવીર જોઈને ઓળખી તો ગયા ને? કે પછી...? ખેર, ઓળખાણની રેખા આપની આંખોમાં ઉપસી જ આવી છે.' ગુરુદેવ મૌન! મને ઓળખી અને દીદીને પણ... તો હવે તમને પૂછું છું કે અત્યારની એની હાલતની તમને ખબર છે? એ કઇ દશામાં જીવી રહી છે? તમે એની પૃચ્છા કરી છે?'**

ગુરુદેવ નિરૂત્તર રહ્યા.

અતીતને ફંફોળીને ધીરે ધીરે બહાર નીકળી રહ્યા હોય તેમ બોલ્યા, 'હા કૃતિ, હું ત્યાથી નીકળી ગયો પછી વળીને જોયું જ નથી. પૃચ્છા જ નથી કરી. હવે તું કહે કે કૃપા કેમ છે? શું કરી રહી છે?'

'હવે હું ગુરુદેવને બદલે દેવાંશથી વાત કરી રહી છું. તમારા બંને વચ્ચે શું બન્યું હતું? હું ત્યારે ત્યાં હાજર ન હતી. હું આવી ત્યારે તો બધું બદલાઈ ચૂક્યું હતું. મને સત્ય ઘટનાની ખબર નથી. મને બધું જ કહી દેનાર મારી દીદી મોં પર સો મણનું તાળું લગાવીને બેસી ગઈ છે.' કૃતિ હાંફી ગઈ.

બાજુમાં પડેલો પાણીનો ગ્લાસ એ એકીશ્વાસે ગટગટાવી ગઈ. **'મારી દીદીનું મૌન, એની વેદના, એની ઉદાસી અમારા આખા ઘરને કોરી ખાય છે.'** એ રડી પડી. આંસુ ધરાર ધસી આવ્યા અને સાથે દેવાંશની આંખો પણ આંસુઓને છુપાવવા સમર્થ ન રહી. **ભગવામાંથી દેવાંશનું સત્ય બહાર આવી ગયું.** 'દેવાંશ, બોલો, એવું તે શું થઈ ગયું કે દીદી અત્યારે કપાયેલી આંખો સાથે તરફડિયા મારી રહી છે... શા માટે? અને **અહીં તું, ઉપદેશક, સાધુ, સંન્યાસી બનીને જીવનના કયા વળાંક પર ઊભો છે? શા માટે?'**

સવાલોની વણઝાર... નિરુત્તર દેવાંશ... પરંતુ નિરુત્તર પણ ક્યાં હતા? અંદર આખા ભૂતકાળનો ભૂતાવળ જાગી ઉઠ્યો હતો. એણે પણ જિંદગીમાં ક્યારેય આ સ્વરૂપને ક્યાં ધાર્યું હતું? એની પણ ઈચ્છા હતી, કૃપા સાથે ઘર વસાવીને જીવનબાગ મહેકાવવાની. બચપણનો પ્યાર જવાન થઈ ગયો હતો. બસ, એ બધા દિવસો આંખો સામે આવીને નાચવા લાગ્યા.

પડોશી હોવાના નાતે બંનેના ઘરના સંબંધો ખૂબ સારા હતા. શાળા જીવન છૂટી ગયું અને ક્યારે કૉલેજકાળ આવી ગયો... ખબર જ ના પડી! કૃપા અને દેવાંશ તો પ્રણયમાં ગળાડૂબ હતા. સાવ તો બધા અજાણ પણ ન હતા અને કોઈને વાંધો પણ ન હતો. બંને તરફ ગાળેલું પાણી હતું એટલે એમના પ્રેમને તો ચીલાચાલુ બંધન નડવાના ન હતા. સાથે હરતા-ફરતા, ઢળતી સાંજે ડૂબતા સૂરજ સાથે, એકમેકની આંખોમાં ડૂબી જતા. નવરાત્રિમાં સાથે દાંડિયા, તો હોળીમાં રંગોની મજા! પતંગો ચગાવતા ને દિવાળીમાં દીવડા પણ પ્રગટાવતા.

એમનું સરસ મજાનું ગ્રૂપ હતું. કૃતિ પણ એમની સાથે જોડાયેલી જ રહેતી. બેંગ્લોર ભણવા માટે ગયેલી કૃતિ છ મહિને ઘરે પાછી આવી ત્યારે કંઈક અશુભ બની ગયું હતું. હવે પછી શું બન્યું એ સવાલ દેવાંશ સામે આવી ગયો હતો. 'કૃતિ, કૃપાને શું થયું છે? એને શું તકલીફ થઈ છે? તું શું કહેતી હતી, જીવ છે પણ નિર્જીવ બનીને...?'

'હા દેવાંશ, એ બધું મેં તને કહ્યું. તું સમજી પણ ગયો છે. કૃપાની હાલત ખૂબ જ ખરાબ છે. અમારા ઘરમાં એક રોબોટ વસે છે. બસ, શ્વાસોચ્છવાસની ક્રિયા સાથે યંત્રવત જીવતી...'

કૃતિ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. અમારા ઘરમાં ખુશીઓ ક્યાંક અલોપ થઈ ગઈ છે. મને એવા સમાચાર પણ મળ્યા છે કે, આ બધાની પાછળ ક્યાંક તારો હાથ છે. હા, હું પણ ભાગ્યમાં

માનું છું. તું જે ઉપદેશ આપીશ એ પણ હું સમજી શકું છું. મને ખબર છે કે અમારા ભાગ્યમાં તું કંઈ પણ બદલાવ ન લાવી શકે. પરંતુ એ માટે કુદરતે તને નિમિત્ત ઘડ્યો છે? **એ સમાચાર પર આંધળો વિશ્વાસ કરવાને બદલે એ સત્ય હકીકત તારી પાસેથી જાણવાની અપેક્ષા રાખીશ.'**

દેવાંશે એને પાણી આપ્યું. બંને ખુલ્લા પ્રાંગણમાં જ બેઠા હતા. વહેલા ઊંઘી જતા ગામમાં એવા લોકો હતા જે રાત્રે મોડે સુધી મંદિરે આવતા. ગુરુદેવે બાર મહિનામાં એક પણ એવું કાર્ય નહોતું કર્યું કે લોકો તેમના પર શંકા કરે. તેમના માટે બધાને માન હતું. સરલા અને એના પપ્પા પણ થોડે દૂર બેઠા હતા. આજે કૃતિ બધું સાંભળવા આતુર હતી, તો આ સમય દેવાંશ માટે પણ કબૂલાત વહોરવાનો હતો... બસ, હવે સમય પાકે સત્યનો સામનો કરવાની શક્તિ જાગે તો તેના હૈયામાં ધરબાયેલો એક બોજ હળવો થાય.

એક ઊનો નિઃશ્વાસ નીકળી ગયો દેવાંશનો... 'કૃતિ, તેં આવીને વેદના અને વાસના વિશે પૂછ્યું હતું ને? એ વેદનાનું મેં તને કહ્યું તો ખરું, પણ એ વેદના મેં અનુભવી છે, પારાવાર અનુભવી છે. મારી જિંદગીનો એ હિસ્સો, એ સમય, કે જેને મારી ભીતર ધરબી દીધો છે. એ કથા તો કરનાર પણ હું જ છું ને સાંભળનાર પણ હું જ... જેને ખબર પડી હતી, જે હમદર્દ હતા, એમને તો ક્યાંય છોડી આવ્યો છું. અમારા પ્રણય સંબંધની સાક્ષી એવી તું અમારા હૃદયવિચ્છેદ વિશે કંઈ જ નથી જાણતી. હવે મારી પાસેથી જાણવા ચાહે છે...'

કૃતિનું હૃદય પણ ખિન્ન હતું. **'હા દેવાંશ, તારી આ લાંબી દાઢી, લાંબા વાળ, ભગવા વસ્ત્ર, કપાળમાં તિલક, ચહેરા પર આધ્યાત્મિક તેજ –** આ બધું જોઈને આ દેવાંશ છે? એવો શક મને પણ થયો. પણ, તારી આંખોની ચમક અને બોલવાની ઢબ... મને દેવાંશ મળી જ ગયો. હું તો અહીં માત્ર ગામડાંની શાંતિ માટે આવી હતી. મને ખબર ન હતી કે અહિંયા મને દેવાંશ મળી જશે જેને હું ગલીએ ગલીએ ભટકીને શોધતી હતી. ખેર, કયા સંજોગોમાં, કયા સ્વરૂપે તું મળી તે ગયો...'

દેવાંશની આંખોમાં જૂનું સ્મિત ઉપસ્યું અને અલોપ પણ થઈ ગયું. સમયે પાસું બદલી લીધું છે. વર્તમાન આખો અલગ જ છે... ગુરુદેવ જે એક માનભર્યું સ્થાન ધરાવે છે તેમનો ભૂતકાળ દેવાંશની સામે ઊભો છે. જીભ નથી ઉપડતી. ઉપદેશ આપવો સહેલો છે, પોતાના ગુનાની કબૂલાત વહોરવી અઘરી છે, પણ આજે અડગ નિશ્ચય કરી લીધો છે દેવાંશે! બસ, આજે કૃતિને બધું કહી દેવું છે. યોગ્ય છે કે નહીં ખબર નથી, વિચારવું પણ નથી!

દેવાંશે કૃતિને કહ્યું, 'મને ખબર છે કે હું ગુનેગાર છું. અત્યારે હું જે મુકામ પર છું ત્યાંથી વળીને નજર કરવાથી એક ખીણ દેખાય છે. હા, હું સાવ નીચો દેખાઉં છું. દાવો તો નથી કરતો કે સાવ... પણ એ બધું ભૂલું તો છું જ. ખરેખર તો, જ્યારે આપણે આધ્યાત્મિક અનુભૂતિમાં ડૂબીએ ત્યારે આ 'હું' બહુ નડે છે. એટલે એને મેં છોડી પણ દીધો છે. ના, 'હું' ગુનેગારના રૂપમાં ક્યાંક ને ક્યાંક મને મળી જાઉં છું. બસ, એમ સમજ કે જેમ તું મને શોધતી હતી, એમ હું પણ તને શોધતો હતો.

કૃતિએ પ્રશ્નાર્થ નજરે એની સામે જોયું. મને? મને શા માટે? કૃપાને શા માટે નહીં? કૃપા સામે નજર મિલાવવા હું સમર્થ નથી. તે દિવસે જે થયું એ યોગ્ય નથી જ. બસ દેવાંશ, હવે વધારે કંઈ જ વાત નહીં. મને એ કારણ જણાવ અને પછી એનું મારણ પણ જણાવ. મારી દીદીને આમ ઝુરતી હું નથી જોઈ શકતી. **કોઈપણ ધર્મ એમ નથી કહેતો કે તમે તમારી જવાબદારીમાંથી ભાગીને સાધુ બની જાઓ. દીદીને સંભાળવાની જવાબદારી...**

એ પૂરું બોલી ન શકી. એને સમજાયું કે આ ખરું છે? યોગ્ય છે? પરંતુ જવાબ દેવાંશે જ આપ્યો. તું કાલે સવારે જ નીકળી જશે? 'હા.' મને કૃપાને મળવું હોય તો? કૃતિ આંખો ફાડીને તેને જોતી રહી. ખરેખર? 'હા. કૃતિ, શું તું આ ઉપકાર મારા પર કરશે ખરી? હું જે પરિસ્થિતિમાં છું ત્યાંથી આ બધું કદાચ અયોગ્ય હશે, પરંતુ જે ભૂલ થઈ છે તેના પ્રાયશ્ચિત માટે એને મળવું જ યોગ્ય રહેશે.'

'અગર કૃપા કહેશે તો તું ભગવા ત્યાગી શકીશ?'

ધગધગતો સવાલ છોડી, બોલાવવા આવેલી સરલા સાથે તે ચાલી નીકળી. બીજા દિવસે સવારે તે શાંતિથી ચાલી ગઈ એવું બધાએ જોયું પણ એ ભ્રમ હતો. એની ભીતર તો કૈંક ઉથલ-પાથલ મચી હતી. ગુરુદેવની તબિયત પણ નાદુરસ્ત હતી. બંને પક્ષે હવે શું થશે? યક્ષ પ્રશ્ન ઊભો હતો. કૃપાને મમ્મી-પપ્પાએ સાથે આવવાનું કહ્યું તો એ નીકળી આવી. એને હા-ના તો રહી જ ન હતી... એ અંદર જ રહી ગઈ હતી. બહારની દુનિયાથી અલિપ્ત... ન કોઈ ભાવ, ન કોઈ પ્રતિભાવ!

સાવ અચાનક કૃપાને દેવાંશ સામે લઈ જવી યોગ્ય રહેશે? એનો પ્રતિભાવ શું હશે? એ અવઢવમાં સવારે ત્યાં જવાનું નક્કી કર્યું. રાધા-કૃષ્ણના દર્શન બાદ બધા સત્સંગ માટે ગોઠવાયા. 'ૐ નમો ભગવતે વાસુદેવાય'ની ધૂનથી ગુરુદેવે ધર્મસભામાં પ્રાણ સિંચ્યો. ત્યારબાદ એમનું પ્રવચન ચાલું થયું. જાણે કે ભાવપ્રવાહ...

પ્રવચનમાં વચ્ચે કોયલના ટહુકા અને પર્ણો સિવાય કોઈ

જ અવાજ ન આવતો. **'આ વર્તમાન યુગમાં પ્રેમ, વેદના અને વાસના સાથે ભળી ચૂક્યો છે.** અથવા તો લોકોએ પ્રેમનો મનગમતો અર્થ કાઢીને મનગમતા બીબામાં ઢાળી લીધો છે. **જીવન અને પ્રેમને સાવ સીધો અને સાચો સંબંધ છે.** જીવન ક્યારે, કેવા વળાંક પરથી બદલતું જાય છે એ આપણે સામાન્ય માનવી ક્યાં સમજી શકીએ છીએ? રામને પણ રાજ્યાભિષેકને બદલે વનવાસ મળ્યો હતો ને! પરંતુ આ પરિવર્તનમાં જીવ શિવમાં ભળી જાય તો ભયો ભયો...'

ગુરુદેવ બોલતા અને ભાવિકો સાંભળતા. શ્લોક, ધૂન, પૂર્ણાહુતિ, આરતી... બધા ધીરે ધીરે વિખેરાઈ ગયા. કૃતિ મમ્મી-પપ્પા અને કૃપાને લઈને કુટિમાં ગઈ. બધાના જીવ પડીકે બંધાયા હતા. કૃપા હવે શું કરશે? હવે શું થશે? કૃતિએ ખામોશી તોડી. **'દેવાંશ, જુઓ... જોઈ લે મારી દીદીની હાલત, જોઈ લે... પછી શાંત ચિત્તે વિચાર કે તારો ધર્મ, તારી ફરજ શું કહે છે? અગર કોઈ જીવંત વ્યક્તિ તારા કારણે લાશ બનીને જીવતી હોય તો...?'**

એને ખામોશ થવું જ પડ્યું. એ ખામોશ થઈ ગઈ. એના સિવાય કોઈ જ નહોતું બોલતું. બધાની નજર કૃપા પર હતી. કૃપા કંઈક બોલે... પણ શું બોલશે? એ મૌન હતી. મમ્મી-પપ્પા, કૃતિ તો ટેવાયેલા હતા પણ દેવાંશ માટે આ રૂપ નવું અને અસહ્ય હતું. એના પપ્પા બોલ્યા, 'અમને ખબર નથી પડતી કે શું કહેવું? દીકરીની હાલત અમે જોઈ નથી શકતા... પરંતુ શું કરીએ? શું બોલીએ? આ બધું અણધાર્યું અને ઝડપથી થયું છે... મગજ કોઈ રસ્તો કાઢવા સક્ષમ નથી.'

હવે દેવાંશે મોં ખોલ્યું. 'હું ગુનેગાર છું કૃપાનો... તમારા બધાનો... અમારી વચ્ચે જે થયું એમાં મારો ગુનો હતો. એની સજારૂપે તમે લોકો, કૃપા, જે કહેશે તે કરવા તૈયાર છું. અગર કૃપાની સાથે જીવવાનું હશે તો જીવન એ દિશામાં જશે. હા, વર્તમાન સમયે જીવનમાં કોઈ ખેંચાણ, ઈચ્છા કે વાસના નથી રહ્યા. આધ્યાત્મિક અનુભૂતિથી અંતર ભરપૂર છે. અંદરનો ઉત્પાત તો ક્યારનોય શમી ગયો છે. **પરંતુ હા, ભીતરમાં કોઈને દુઃખી કરવાનો, છોડીને ભાગી જવાનો ભાર પડ્યો છે અને એ એક કૃપા જ ઉતારી શકે તેમ છે.'**

ફરી પાછી ખામોશી... પણ હવે કૃપાના હોઠ ફફડ્યા... પહેલાં આંખોમાં વાચા આવી. હવે આંસુ દડ્યા... આ પણ ઘણું હતું. એ રડી પણ ન હતી. હસવા-રડવાથી પર કૃપાની આંખો વરસી... ને એ બે આંસુ પાછળ તો ઘોડાપુર હતું. ખૂબ રડી... ખૂબ જ રડી. રડતી આંખોએ બધાએ તેને રડવા દીધી. કારણકે આ જ એની દવા હતી. આખરે આંસુ પણ ખૂટ્યા. મમ્મી-પપ્પાએ તેના પર હેતથી હાથ પસવાર્યા. કૃતિએ હથેળીએ હાથ લીધો.

કૃપા ઊભી થઈ. 'ચાલો.' દેવાંશે પૂછ્યું, 'કૃપા ક્યાં જાય છે?' 'દેવાંશ, જેમ તારા હૃદયમાં ભાર છે તેમ મારા હૃદયમાં પણ ભાર જ હતો. તે દિવસે જે થયું એમાં ગુનો તારો હતો પણ સાથે-સાથે ઉંમરનો, આપણા આટલા લાંબા સમયના સહવાસનો, વાતાવરણનો, એકાંતનો અને એ સમયનો પણ ગુનો હતો જ, પણ મેં તને ખૂબ જ ધુત્કાર્યો... બીજા દિવસે તારી સફાઈ ન સાંભળી તે ન જ સાંભળી. તારા ગયા પછી આ બધી વસ્તુઓનો અહેસાસ થયો. તું ખોટે રસ્તે તો નથી ગયો ને? તેં કોઈ ખોટું પગલું તો નથી ભરી લીધું ને? આ સવાલે, વેદના બનીને મારા પર કબજો જમાવી લીધો.'

બધા આભા બનીને એને જોઈ જ રહ્યા. આ તો એ જ કૃપા છે જે ક્યાંક ખોવાઈ ગઈ હતી. દેવાંશ પણ સંતોષભરી દૃષ્ટિથી તેને નીરખવા લાગ્યો. કૃતિની આંખોમાંથી ખુશી ઊભરાતી હતી. **'દેવાંશ, હવે ચાલો, બસ સમજી લે કે હવે વનવાસ પૂરો થયો...'**


'નહીં કૃતિ, દેવાંશ ક્યાંય નહીં જાય અને એ દેવાંશ તો અહીં છે જ નહીં. માત્ર એક જ ભાર સિવાય એ દેવાંશ ગુરુદેવમાં પરિવર્તિત થઈ ગયો છે. કેટલાય લોકોની.. આ આખા ગામની શુદ્ધ ભાવના એની સાથે જોડાયેલી છે. તો પ્લીઝ કૃતિ, આપણે અહીંથી જઈશું?'

આ કૃપા બોલે છે? બધાના ચહેરા પર સવાલ લીંપાઈ ગયો. દેવાંશે પણ કહ્યું, 'કૃપા, મારો ધર્મ...' 'બસ ગુરુદેવ, આપ આપના ધર્મને સાચવો. મારી જિંદગી મને ક્યાં લઈ જશે? હવે હું શું કરીશ? મને કંઈ જ ખબર નથી. પણ અંદરનો ઉત્પાત, વેદના, સન્નાટો બધાયે નાસી ગયા છે. હું એકદમ સ્વસ્થ છું. **બસ, મને જે જોઈતું હતું તે મળી ગયું છે. હું દેવાંશને સુખી, સારા અને સાચા પથ પર જોવા માંગતી હતી** અને એ છે તો પ્રેમ ક્યાં કાંઈ માંગે છે?' બસ, તેણે દેવાંશ સામે નજર માંડી. એકધારી... જાણે બધી ઉધારી પૂરી કરવા માંગતી હોય તેમ... અને વાતાવરણ પણ એવું હતું કે કોઈપણ કંઈપણ બોલવા સક્ષમ ન હતું. **દેવાંશ અને કૃપાની નજરનું મેઘધનુષ રચાયું. સાત રંગ ત્યાં જ આવી ગયા અને બસ, અંદર ને અંદર ઓગળી પણ ગયા, ભળી ગયા!** કૃપા ચાલતી થઈ... દેવાંશને એના જીવનપથ પર મૂકી પોતે પોતાના જીવનપથ પર મક્કમતાથી ડગ ભરવા માંડી. દૂર ક્યાંક સૂર રેલાઈ રહ્યા હતા, 'તન સે તન કા મિલન હો ન પાયે તો ક્યા? મન સે મન કા મિલન કોઈ કમ તો નહીં...'

*મંગલ સ્મૃતિ, ઘાટિયા ફળિયા, રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૭૯૫૩૯૧૭૮*

વાર્તા

# ચોથું પરિમાણ



હંસરાજ કંસારા

'મોટી બેન....'

હું મારી શાળાના ગેટ પાસે પહોંચી જ હતી કે, પાછળથી મને મારી શિષ્યા ચંપાનો અવાજ સંભળાયો. મેં પાછળ જોયું. મારાથી સહસા બોલાઈ ગયું, 'ચંપા...!'

ચંપા લગભગ દોડતી મારી પાસે આવી. મને પ્રણામ કર્યા. મેં વહાલથી એને બાથમાં લીધી. હું ગઈકાલે જ બહારગામથી આવી ગઈ હતી તેની એને ખબર પડી કે તરત જ એ મારા શાળાએ જવાના સમયે, શાળા પાસે મારી વાટ જોતી ઊભી હતી.

'મોટીબેન, અત્યારે તો હું માત્ર તમને જોવા અહીં આવી છું.' ચંપાએ મારી બાથમાંથી છૂટવાનો પ્રયાસ કરતાં કહ્યું.

'જોઈ લીધી? તો જા હવે...' એમ કહી, મેં એને છુટ્ટી કરી.

'અને સાંભળ, આવતીકાલે રવિવારે તું મારે ઘેર જરૂર આવજે. તારા ભાઈ સાહેબ બહારગામ જવાના છે એટલે રાત્રે મારી સાથે રહેવાનું કરીને જ આવજે.' મેં સ્કૂલ તરફ જતાં જતાં કહ્યું.

'પણ મોટીબેન... મારી વાત...'

'તારી વાત હું આવતીકાલે જ સાંભળીશ. જા હવે.' એમ કહી હું શાળાના કમ્પાઉન્ડ તરફ આગળ વધી. જતાં જતાં મેં ફરી એકવાર પાછળ જોયું. ચંપા મારી પીઠ તાકતી ત્યાં જ ઊભી હતી.

શહેરના પછાત વિસ્તારની એક કન્યાશાળામાં થોડા વર્ષ પહેલાં ચંપા ભણતી હતી. હું પણ એ જ શાળામાં શિક્ષિકા હતી. એ શાળાની નજીક એક ઝૂંપડપટ્ટીમાં એનું છાપરું હતું. ચંપાના પિતાનું અવસાન થઈ ગયું હતું. એનો એક નાનો ભાઈ હતો. પરિવારના ગુજરાન માટે ચંપાની મા પારકાં ઘરકામ કરતી હતી.

ચંપા વર્ણે શ્યામ હતી. એના નેણ-નક્શ, કદ-કાઠી સપ્રમાણ હતાં. એ બોલચાલે વિવેકી હતી. સ્વભાવે નમ્ર હતી. દેખાવે નમણી હતી. ભણવામાં સાધારણ, પણ શાળાની ઈતર પ્રવૃત્તિઓમાં આગળ હતી.

દસમા ધોરણમાં ચંપા મારી ક્લાસમાં આવી. એ વર્ષે મારી પુત્રી અને પુત્ર બંને ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ ગયાં. મારા પતિ એક ફાર્માસ્યુટિકલ કંપનીમાં મેડિકલ રીપ્રેઝેન્ટેટિવ હતા. એમને મહિનામાં દસ-બાર દિવસ બહાર રહેવું પડતું. એ દિવસોમાં મારા ઘરમાં હું તદ્દન એકલી થઈ જતી. એટલે ચંપાને એની માની સંમતિથી હું મારે ઘેર રહેવા બોલાવતી. આ કારણે અમે વધુ નિકટ આવ્યાં હતાં. અમારાં મન મળી ગયા હતા. એને મારા પ્રત્યે અપાર આદર હતો. મને એના પ્રત્યે વિશેષ મમતા હતી. પરંતુ ત્યારે અમારો આ સંગાથ થોડા સમય પૂરતો જ રહ્યો.

ચંપા નાની હતી ત્યારે જ એનાં લગ્ન થઈ ગયાં હતાં. હવે એ સાસરે જવાલાયક ઉંમરની થઈ ગઈ હતી. તેવામાં એનો પતિ બીમાર પડ્યો. એટલે એની સારવાર માટે ચંપાને એનો અભ્યાસ વચ્ચેથી છોડી, સાસરે રહેવા જવું પડ્યું.

આ વાતને સાતેક વર્ષ વીતી ગયાં. હું શાળાની મુખ્ય શિક્ષિકા બની ગઈ. મને મ્યુનિસિપલ ઓફિસર્સ કોલોનીમાં ફલેટ મળ્યો. અમે અમારું જૂનું પૈતૃક ઘર છોડી આ ફલેટમાં રહેવા આવી ગયાં. મારી પુત્રી પરણીને સાસરે ગઈ. મારા પુત્રે એનું ભણતર પૂરું કરી, વ્યવસાય હેતુ વિદેશ વસાવ્યું. હવે હું મારા ઘરમાં એકલી રહેવા ટેવાઈ ગઈ હતી. તેમ છતાં ક્યારેક મને એકલતા સાલતી ત્યારે હું મારાથી બહુ દૂર રહેતા પુત્ર અને પુત્રી તેમજ ચંપાને યાદ કરી લેતી.

બરાબર એ જ અરસામાં ચંપા એના સાસરેથી પાછી આવી ગઈ. એના પતિનું લાંબી બીમારી બાદ અવસાન થઈ ગયું હતું. એને કોઈ સંતાન નહોતું. એમના સમાજમાં નાતરું કરવાનો કોઈ બાધ નહોતો. પરંતુ ચંપાને ફરી કોઈનું ઘર વસાવવાની ઉતાવળ નહોતી. એને એની બીમાર માનો ઈલાજ કરાવવાનો હતો, નાના ભાઈને ભણાવવાનો હતો. પરંતુ આજીવિકા માટે પારકાં ઘરકામ કરવાનું એને ગમતું નહોતું. એને એના દસમા ધોરણ સુધીના અભ્યાસને અનુરૂપ કામની તલાશ હતી. એણે મને કોઈ એવું કામ અપાવવા કહ્યું. મેં મારા પતિને એમના સંપર્કો થકી કોઈ યોગ્ય કામ અપાવવા કહ્યું.

થોડા દિવસ પછી એક રવિવારે સવારે લગભગ દસેક વાગ્યે ચંપા મારા ઘેર આવી, ત્યારે મારા પતિ પણ ઘરમાં જ હતા. ચંપાના હાથમાં એક થેલો હતો. એ થેલા પર મહિલા ગૃહઉદ્યોગ મંડળની છાપ હતી. એણે એ થેલો જમીન પર મૂક્યો. અમને બંનેને પ્રણામ કર્યા. થેલામાંથી ફરસાણનું એક પેકેટ કાઢી એણે એ મારા હાથમાં મૂક્યું અને ઉત્સાહપૂર્વક કહ્યું, 'મોટીબેન, મને આ કામ મળી ગયું છે. મારા સૌથી પહેલા ગ્રાહક તરીકે તમે મને આશીર્વાદ આપો.'

ચંપાનો સ્વર ગળગળો હતો. એની ભીની આંખોમાં અમારા પ્રત્યેનો એનો આદરભાવ છલકાતો હતો.

ચંપાને કંઈક કામ મળ્યું તેથી મને સંતોષ થયો. મેં એને આશીર્વાદ આપ્યા. મારા પતિએ પણ એમાં સૂર પુરાવ્યો. એમણે કહ્યું કે, ચંપાને અત્યારે તો જે કામ મળ્યું છે તે કરે. દરમિયાનમાં તેઓ એના માટે બીજે ક્યાંક સારી નોકરી અપાવવા તજવીજ કરશે.

એક વર્ષ વીતી ગયું. ચંપા એના વ્યવસાય, એની માની દેખભાળ અને નાના ભાઈના ભણતર અંગેનાં કાર્યોમાં વ્યસ્ત રહેતી. દર રવિવારે ફરસાણ આપવા એ મારે ઘેર આવતી. મારા પતિ બહારગામ હોય ત્યારે રાત્રે પણ એ મારે ઘેર રોકાઈ જતી. ચંપા એના ઘરની અને એના મનની રજેરજ વાત મને કરતી.

ચંપાની બીમાર માનો ઇલાજ સરકારી હોસ્પિટલમાં ચાલતો હતો. આ હોસ્પિટલમાં રઘુરામ નામનો ચાલીસેક વર્ષનો એક પુરુષ – લેબોરેટરી આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. એની પત્નીનું અવસાન થઈ ગયું હતું. એનો એક ત્રણેક વર્ષનો પુત્ર હતો. ચંપાને એ સારી એવી મદદ કરતો. રઘુરામ ચંપાને એનું ઘર વસાવવા સમજાવતો. ચંપાની માની પણ એ જ ઇચ્છા હતી.

એક દિવસ ચંપા રઘુરામ અને એના પુત્રને લઈને મારે ઘેર આવી. મને ચંપા માટે રઘુરામ બધી રીતે યોગ્ય લાગ્યો. મેં સંમતિ આપી. ચંપા એના ભાઈની વાર્ષિક પરીક્ષા પૂરી થાય કે તરત જ રઘુરામ સાથે લગ્ન કરી લે, તેવું નક્કી થયું.

એ અરસામાં મારા પિતાની તબિયત અચાનક ખરાબ થતાં મને મારે ગામ જવું પડ્યું. ત્યાંથી એકાદ માસ પછી હું પાછી આવી. ત્યારે મને જાણ થઈ કે ચંપાએ એનું ફરસાણ વિતરણનું કામ છોડી દીધું હતું.

સાંજે મેં મારા પતિને ચંપા મળી હતી તે ખબર આપ્યા. એણે ફરસાણનું કામ બંધ કરી દીધું છે અને રવિવારે ઘેર આવવાની છે એ પણ કહ્યું.

રવિવારે મેં મારું અસ્તવ્યસ્ત ઘર ઠીક કર્યું. મારા પતિની ડાયરી, લેટરપેડ વગેરે ડ્રોઈંગરૂમમાં પડ્યા હતા તે એમના રૂમમાં ઠેકાણે મૂક્યા. બાથરૂમમાં પડેલાં કપડાં વોશિંગ મશીનમાં નાખ્યાં.

ચંપા છેક સાંજે આવી. દિવસ દરમિયાન હવે એને એની મા સાથે પારકાં ઘરકામમાં મદદ કરવા જવું પડતું હતું. જમી પરવારી, ઘરનું બધું કામ નિપટાવી રાત્રે નિરાંતે અમે વાતે વળગ્યા.

અમાસની રાત હતી. રૂમમાં આછું અંધારું હતું. બારીમાંથી દેખાતા આકાશના એક નાનકડા ટુકડામાં વેરાયેલા તારા ઝગમગતા હતા. પરંતુ એ પ્રત્યેક તારાની આસપાસ ઘેરો અંધકાર હતો.

વાત-વાતમાં મેં એને ફરસાણનું કામ અચાનક છોડી દેવાનું કારણ પૂછ્યું. મારા પ્રશ્નનો ઉત્તર ટાળવાના એણે ઘણા પ્રયાસ કર્યા. છેવટે મારા અતિ આગ્રહને વશ થઈ, મારી પાસે કોઈ નામઠામ ન પૂછવાનું વચન લઇ, એણે એની વિતક કહી.

વાત એની એ જ હતી. એ જ ત્રણ પરિમાણ... 'તકસાધુ શિકારી, જંગલરાજ અને નિર્બળ પ્રાણીની લાચારી...' સંક્ષેપમાં એની વાત કંઈક આ પ્રમાણે હતી.

ચંપા માત્ર વિશ્વાસપાત્ર પરિવારોને ઘેર જ નક્કી કરેલા દિવસે અને સમયે ફરસાણ આપવા જતી. એ દિવસે પણ એ એવા જ એક પરિવારને ઘેર ગઈ હતી. એ ઘરના માલિકે ડ્રોઈંગરૂમનું બારણું ખોલી એને આવકારી હતી. એમણે જણાવ્યું કે બેનને અચાનક બહારગામ જવાનું થયું છે. ચંપાએ એમને ફરસાણનાં પેકેટ આપ્યાં. એમણે ચંપાને ફરસાણના પૈસા આપ્યા. એમણે કહ્યું કે, એમના એક મિત્રની ઓફિસમાં એને લાયક એક નોકરી છે. સવારે દસથી સાંજે પાંચ વાગ્યા સુધી રિસેપ્શનિસ્ટની સહાયક તરીકે કામ કરવાનું છે. પગાર પણ સારો મળશે. ઇચ્છા હોય તો એ હમણાં જ અરજી લખી દે. ચંપાએ એ નોકરી માટે હા કહી. એમણે ચંપાને ડ્રોઈંગરૂમમાં બેસાડી, અરજી લખવા માટે પેડ આપ્યું. અરજી લખાવતાં અને એમાં સુધારા વધારા કરાવતાં એ શખ્સે ધીરે ધીરે પોતાનું પોત પ્રકાશ્યું. એનો અણસાર થતાંવેંત ચંપાએ એને જોરથી ધક્કો માર્યો. એ સોફા પરથી નીચે પટકાયો ચંપાએ એનો થેલો ઉપાડ્યો અને ઝડપથી ડ્રોઈંગરૂમની બહાર આવી પગથિયાં ઊતરી ગઇ. એ થોડીવાર નીચે ઊભી રહી. ત્યારે જ એને ખ્યાલ આવ્યો કે એનો દુપટ્ટો એ ઘરમાં જ રહી ગયો હતો. થોડીવારે સહજ થઇ, એ કોલોનીના મેઈન ગેટથી બહાર આવી ગઈ. થોડો વિચાર કરી એ રઘુરામને મળવા ગઈ.

રઘુરામે ચંપાની વાત ધ્યાનથી સાંભળી. એણે આ દુર્ઘટનાની વાત કોઈને પણ ન કહેવાનું અને ફરસાણનું કામ

તત્કાળ બંધ કરી દેવાનું કહ્યું. ત્યારથી એણે એ કામ છોડી દીધું હતું.

**ચંપાએ એની વાત પૂરી કરી. ત્યારબાદ એ મારા ખોળામાં માથું રાખી હળવે હૈયે ઊંઘી ગઈ. પરંતુ મને આખી રાત ઊંઘ ન આવી. ચંપાની વાતે મારા મનમાં ઉથલપાથલ મચાવી દીધી હતી.**

મારા ઘરમાં બધું વ્યવસ્થિત કરતાં ચંપાની અડધી લખેલી છેકછાકવાળી અરજી જેમાં હતી, તે લેટરપેડ મેં આજે જ મારા પતિના રૂમમાં ટેબલ પર મૂક્યું હતું. પરંતુ એના પર મેં કંઈ ધ્યાન આપ્યું નહોતું. ચંપાનો દુપટ્ટો પણ મારા ઘરમાં હોવાનું સમજી, મેં આજે જ એને ધોવા માટે વોશિંગ મશીનમાં નાખ્યો હતો. આ બંને બાબતો સહજ સમજી, મેં એના વિશે કંઈ વિચાર કર્યો નહોતો. પરંતુ હવે ચંપાની વાત સાંભળ્યા પછી મને એની ગંભીરતા સમજાઈ હતી. ચંપાને આ બાબતે કંઈ કહેવું વ્યર્થ હતું. બીજે દિવસે વહેલી સવારે જ એ એને ઘેર ગઈ. મારું મન એકદમ ક્ષુબ્ધ હતું. હવે મારે શું કરવું એની મથામણ હતી. મારી વ્યથા મારે કોને કહેવી? છેવટે મેં મારી પુત્રીને જ ફોન કર્યો. એણે મને સાંત્વના આપી. આ બાબતમાં હું જે કંઈ નિર્ણય કરું કે પગલાં ભરું એમાં એ છેવટ સુધી મારી પડખે જ રહેશે અને નાના ભાઈને પણ એ સમજાવી લેશે, એમ એણે કહ્યું. મને થોડી નિરાંત થઈ.

સાંજે મારા પતિનો ફોન આવ્યો. એમણે ચંપા વિશે પૂછ્યું. મેં એમને કહ્યું કે, ગઈકાલે રાત્રે ચંપા અહીં જ રહી હતી. મેં એ પણ કહ્યું કે હવે તરતમાં એનાં લગ્ન થવાનાં છે. એના પ્રતિભાવમાં મારા પતિએ ચંપાને એના લગ્ન નિમિત્તે કોઈ સરખું સોનાનું આભૂષણ ભેટ આપવાનું મને સૂચન કર્યું.

ત્યારબાદ ચોથા દિવસે વહેલી સવારે મારા ફ્લેટની ડોરબેલ રણકી. હું જાગતી જ હતી. મેં ચાલીની લાઈટ ઓન કરી. પ્રવેશદ્વાર પાસેની બારીનો પડદો હટાવી બહાર જોયું. મારી ધારણા મુજબ મારા પતિ ત્યાં ઊભા હતા. એમના માટે બારણું ખોલવાને બદલે મેં બારીનું બારણું અધખુલ્લું કરી ચાવીઓનો એક ગુચ્છો એમની તરફ ફેંક્યો અને કહ્યું, **'આ તમારા જૂના ઘરની ચાવીઓ છે. તમારો બધો જ સરસામાન ત્યાં પહોંચાડી દીધો છે. હવેથી તમારે ત્યાં જ રહેવાનું છે.'**

**'કેમ? શું વાત છે?' મારા પતિએ કઠોર સ્વરે પૂછ્યું.**

**'વાત શું છે, એ તમે તમારી જાતને જ પૂછજો. આજથી હું તમારી સાથેના મારા તમામ સંબંધ સમાપ્ત કરું છું.'**

'સવારના પહોરમાં તમાશો ન કર...' મારા પતિએ મારી વાતને વચ્ચેથી કાપતાં, હવે નરમ અવાજે કહ્યું, 'બારણું ખોલ, હું ઘરમાં આવું પછી તારે જે કહેવું હોય તે કહેજે.'

'ના, આ ઘરમાં હવે તમારું કોઈ સ્થાન નથી. આજથી તમારે મને કે આપણા સંતાનોને આજીવન મળવાનું નથી કે કોઈ વાત કરવાનો પ્રયાસ પણ કરવાનો નથી.' મેં એકદમ શાંત પણ મક્કમ સ્વરે મારો નિર્ણય સંભળાવ્યો.

'પણ મારી વાત...' મારા પતિનો સ્વર હવે દયામણો હતો.

'ના, હવે મારે તમારી કોઈ વાત સાંભળવી નથી અને હવે જો તમે મારી સાથે કે મારા સંતાનો સાથે વાત કરવાનો કે આ ઘરમાં આવવાનો પ્રયાસ કરશો તો હું કોઈપણ જાતની શેહશરમ રાખ્યા વિના અને પરિણામોની કંઈ પરવા કર્યા વિના તમારું વિકૃત માનસ છતું કરીશ...' એમ કહી મેં જોરથી બારી બંધ કરી દીધી, પડદો ઢાંકી દીધો. સાથેસાથે ચંપાની ઘટનાના મને સ્પર્શતા ચોથા પરિમાણ પર પણ હંમેશ માટે પડદો પાડી દીધો.

*એ-૧/૧/૪, સમૃધ્ધિ, રામેશ્વર એપાર્ટમેન્ટ,*
*દેવાશિષ સ્કૂલ પાસે, રામદેવનગર,*
*સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૫૫૮૩ ૭૬૩૬૬*

***(સાભાર : 'કચ્છમિત્ર')***

## ભારતમાં શાકાહારી પરંપરા


**(અનુ. : પાના નં.-૪૪ ઉપરથી ચાલુ)**

બચવું જોઈએ. આ લોકો દૂધના વિકલ્પમાં સોયા મિલ્ક, પનીરને બદલે સોયા પનીર જેવી અન્ય ચીજોનો ઉપયોગ કરે છે. વૈજ્ઞાનિકો આ બાબતે હજુ એકમત નથી. એક સર્વે પ્રમાણે વીગન લોકોમાં ડાયાબિટીસ ટાઈપ-૨ થવાની શક્યતાઓ ખૂબ જ ઘટી જાય છે.

વીગન લોકો ખોરાકમાં દૂધ અને તેની બનાવટની અન્ય ચીજોના બદલે ફળફળાદિ, શાકભાજી અને નટ્સ-સૂકા મેવાનો ઉપયોગ કરતા હોવાથી તેઓને ભરપૂર માત્રામાં એન્ટી ઓક્સિડન્ટ અને ઓમેગા-૩ મળે છે. પરિણામે તેઓને તણાવ અને એંગ્ઝાઈટીમાં પણ રાહત મળે છે. આ સંસ્કૃતિ દિવસો દિવસ વધતી જાય છે, જે એક સારી નિશાની છે. વિશ્વના અન્ય દેશોની માફક ભારતમાં પણ ધીરે ધીરે વીગન સંસ્કૃતિને લઈ રસ અને ચલણ બંને વધી રહ્યા છે. ભારતના દિલ્હી, મુંબઈ, બેંગલુરુ સહિતનાં અનેક મેટ્રો શહેરોમાં વીગન રેસ્ટોરન્ટ અને ગ્રોસરી સ્ટોર્સ ખૂલી ગયા છે, જ્યાં ખૂબ જ સરળતાપૂર્વક વીગન વાનગીઓ મળી રહે છે. અહીં વીગન જીવનશૈલી અને વીગન આહાર પ્રત્યે જાગરુકતા વધારવા માટે વીગન ઉત્સવ અને વીગન વાનગીઓની પ્રદર્શનીઓ પણ યોજાય છે, જે એક નવી પહેલ છે.

**ચાલો, નવા વર્ષે આપણે સૌ સંકલ્પ કરીએ કે આપણે પણ વીગન બનીએ....**

*સંદર્ભ : વિવિધ અખબારી લેખો અને*
*વીકીપીડિયા "વીગન શૈલી" ઉપર સર્ચ*



## સ્વ. શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા

*આગમન : તા. ૪-૧૧-૧૯૨૨ ● વિદાય : તા. ૨૦-૧-૨૦૧૪*

શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા ૯૦ વરસ સુધી સમાજસેવી અને ધર્મપરાયણ જીવન જીવી ગયા. યુવાન વયે મુંબઈમાં કોલેજકાળ દરમિયાન તેમણે આઝાદીની ચળવળમાં સક્રિય ભૂમિકા ભજવી. શરૂઆતથી જ તેઓશ્રી ગાંધીવાદી વિચારસરણીના રંગે રંગાયેલા હતા. મૂળ ગામ ગોધરા કચ્છના વતની એવા ઉમરશીભાઈએ તેમની સરકારી નોકરીની શરૂઆત ભુજથી કરી. સમાજકલ્યાણ વિભાગના અધિકારી તરીકે ભુજ કચ્છમાં એમણે એ સમયે સારી એવી લોકચાહના પણ મેળવેલી.

ત્યારબાદ અમદાવાદ ખાતે સમાજકલ્યાણ વિભાગમાં નિયામક પદે પહોંચ્યા હતા. છેલ્લા પછાત વર્ગના બોર્ડમાં તેઓશ્રી સભ્ય સચિવપદે નિવૃત્ત થયા. નિવૃત્તિ બાદ પણ તેઓશ્રી સતત સક્રિય રહ્યા. અમદાવાદની આણંદજી કલ્યાણજી પેઢી, જે જૈન મંદિરોનો વહીવટ કરે છે તેમાં વરસો સુધી મેનેજર તરીકે સેવાઓ આપી હતી. અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજ અને શ્રી કચ્છી સમાજમાં પણ સક્રિય સેવાઓ આપી.

તેમના પત્ની શ્રીમતી પ્રમીલાબહેન ઉમરશીભાઈ કુરુવા પણ સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. તેમના ૧૯૮૪માં અવસાન બાદ તેમની સ્મૃતિમાં પ્રમીલા કુરુવા ફાઉન્ડેશનની શરૂઆત કુરુવા પરિવારે કરી. તેમાં શ્રી ઉમરશીભાઈ સક્રિય રીતે સલાહકાર અને માર્ગદર્શક રહ્યા.

## પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન

**http://pramilakuruwafoundation.org**

પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન સંસ્થાની સ્થાપના ૧૯૯૭ દરમિયાન કરવામાં આવી છે. સંસ્થાનો મુખ્ય હેતુ જરૂરતમંદ અને નબળા લોકોની સહાય કરવાનો રહ્યો છે. તેમજ કેટલાક મહત્ત્વના ઈસ્યુસ / વિષયોમાં અવેરનેસ જાગૃતિ લાવવા સંસ્થા પ્રયાસ કરે છે. સંસ્થાને અપાયેલ દાન ઈન્કમટેક્ષમાં રાહતને પાત્ર છે.

૧. સંસ્થા મુખ્યત્વે નાતજાત, કોમના ભેદભાવ વગર જરૂરતમંદ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં મદદરૂપ થવા ફી, પુસ્તકો વગેરેની સહાય કરે છે. તેમજ મેરિટવાળા વિદ્યાર્થીઓને એવોર્ડો આપવા કે જે તે સંસ્થાને સ્પોન્સર પણ કરે છે.

૨. સંસ્થા દ્વારા ફૂડ કે અનાજ વિતરણ, કપડા વિતરણ જેવા કાર્ય અવારનવાર ગરીબો માટે થાય છે.

૩. મેડિકલ સહાય : જરૂરતમંદ લોકો અને ગરીબોને મેડિકલ રાહત આપવાનું કામ પણ ફંડની મર્યાદામાં થાય છે.

સમાજની અને વ્યક્તિની આ ત્રણ મુખ્ય જરૂરિયાતો છે જેમાં ગરીબો અને મધ્યમ વર્ગને સારી એવી સમસ્યાઓ હોય છે. સંસ્થા ફંડની મર્યાદામાં આવી સમસ્યામાં મદદરૂપ થવાનો પ્રયાસ કરે છે. તેમજ આ પ્રકારના કાર્યો કરતી અન્ય સંસ્થાઓને પણ મદદરૂપ થવાનો નાનો મોટો પ્રયાસ અવારનવાર કરે છે.

### અવેરનેસ / જાગૃતિના કાર્યક્રમો

જુદા જુદા ઈસ્યુસ ઉપર સંસ્થા દ્વારા માહિતી આપવાની તેમજ જાગૃતિ લાવવા માટે અવેરનેસ ઊભી કરવાની પ્રવૃત્તિ થાય છે. જેમાં આરોગ્ય, શિક્ષણ, રોજગારી, સ્વચ્છતા, પર્યાવરણ તેમજ વિકાસ અને હેરિટેજ, સંસ્કૃતિ વગેરે બાબતોમાં પ્રચાર કે અવેરનેસ માટે વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રચાર અભિયાન કરવામાં આવે છે.

### પુસ્તક અભિયાન

પુસ્તકોની ભેટ લાઈબ્રેરીઓમાં કે અન્ય પરબ વગેરે સંસ્થાઓને આપવા ઉપરાંત પુસ્તક પ્રકાશન પણ તાજેતરમાં કરેલ છે.

**ચૌલા કુરુવા**ના અને **પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન**ના પ્રેરણાત્મક અને આરોગ્યલક્ષી તાજેતરના પ્રકાશનો... આ પુસ્તકો ઓનલાઈન **E-book** તરીકે પણ ઉપલબ્ધ છે. **Visit : http://eshabda.com**


| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | સુખી થવાના સરળ ઉપાયો | (કિંમત : રૂા. ૧૧૦/-) | (૪) | હેપ્પીનેસ | (કિંમત : રૂા. ૬૦/-) |
| (૨) | આરોગ્ય - હેલ્થ ટિપ્સ | (કિંમત : રૂા. ૧૦૦/-) | (૫) | એવરગ્રિન રહો | (કિંમત : રૂા. ૬૦/-) |
| (૩) | આરોગ્યના અમૃત | (કિંમત : રૂા. ૧૫૦/-) | | | |

**આ તેમજ અન્ય પુસ્તકો સ્ટોક હશે ત્યાં સુધી 'મંગલ મંદિર'ના વાચકો અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો માટે ૨૫% ડિસ્કાઉન્ટથી મળશે.**

**chaulakuruwa@gmail.com ● મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦**

પ્રકીર્ણ

# ભારતમાં શાહાકારી પરંપરા સનાતન કાળથી ચાલી આવી છે



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, ઉપરનું શીર્ષક વાંચીને જરાક નીચેની વિગતો ઉપર એક નજર કરીએ તો, જો વિશ્વ ૨૦૫૦ સુધી સંપૂર્ણ શાકાહારી બની જાય તો દર વર્ષે લગભગ ૮ મિલિયન મૃત્યુ ઓછા થાય. વીગન (ચુસ્ત શાકાહારી) બનવાથી હૃદયની બીમારી, ડાયાબિટીસ, સ્ટ્રોક અને કેટલાક કેન્સરનો ભય એકદમ ઓછો થઈ જાય છે. માટે સારવાર ખર્ચમાં ૨-૩ ટકા બચશે.

ઑક્સફર્ડ માર્ટિન સ્કૂલ ઑફ ફ્યુટર ઑફ ફૂડ પ્રોગ્રામના એક સંશોધન મુજબ શાકાહાર અપનાવવાથી ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનમાં લગભગ ૬૦ ટકા ઘટાડો નોંધાશે. જો દરેક વ્યક્તિ શાકાહારી બની જાય તો ઓછો ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન થશે. **જેના કારણે ૫૭૦ અરબ રૂપિયાની વર્ષે બચત થશે.** ઇંગ્લિશમાં મૂળ તો 'ગો વેજિટેરિયન'ની સંસ્કૃતિ ફૂલી-ફાલી રહી છે અને હવે તો આનાથી પણ એક કદમ આગળ **'વીગન' એટલે કે 'અણિશુદ્ધ શાકાહારી' શબ્દ ધૂમ મચાવી રહ્યો છે,** જે એક સારી બાબત છે. આજે આવા વીગન લોકો પોતાને શાકાહારી કહેવામાં ગૌરવ અનુભવે છે. જેમકે શાહીદ કપૂર, આલિયા ભટ્ટ, સોનાક્ષી સિન્હા, અનુષ્કા શર્મા, જેકલીન ફર્નાન્ડિઝ, જહોન અબ્રાહમ, રાજકુમાર રાવ, કંગના રનૌત, સોનમ કપૂર, વિદ્યા બાલન, ઈશા ગુપ્તા અને આમીર ખાન સહિતના અનેક બોલીવુડ નાયક-નાયિકાઓ પોતે વીગન હોવાનું સ્વીકારે છે અને વીગન જીવનશૈલીનો પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે. તેના કારણે ભારતમાં પણ વીગન જીવનશૈલી ધીરે ધીરે વિસ્તરી રહી છે.

વીગન જીવનશૈલીની વધી રહેલી લોકપ્રિયતાને કારણે વિશ્વભરમાં ફ્રુટ આધારિત સ્ટાર્ટઅપની સ્થાપના થઈ રહી છે. જેના થકી વનસ્પતિમાંથી જ દૂધ, પનીર, મીટ વગેરે ખાદ્ય પદાર્થો બનાવાઈ રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી વિશ્વભરમાં વીગન ખાદ્યપદાર્થો અને ચીજવસ્તુઓની માંગ વધી રહી છે. ખાસ કરીને **ઓસ્ટ્રેલિયા, ચીન, જર્મની, અમેરિકા અને યુરોપમાં વીગન હોવું એ એક પ્રકારનું સ્ટેટસ બની ગયું છે.** પરિણામે વધુને વધુ લોકો વીગન બની રહ્યા છે. યુનાઇટેડ કિંગડમમાં લગભગ ૫ લાખથી વધુ લોકો પોતાને ચુસ્ત વીગન ગણાવે છે અને ત્યાં માંસના ઉપભોગમાં પહેલાની સરખામણીએ ૫૦% સુધીનો ઘટાડો નોંધાયો છે. અમેરિકામાં ૬ ટકા લોકોએ પોતાને વીગન ગણાવ્યા હતા. અત્યાર સુધી ત્યાં વીગન ભોજનની લોકપ્રિયતામાં ખૂબ મોટો વધારો થયો છે. ચીનમાં ૪%, બ્રાઝિલમાં ૭.૬% લોકો પોતાને વીગન ગણાવે છે. ગૂગલનું માનીએ તો પાછલાં ૫ વર્ષમાં ગૂગલ પર 'વીગનવાદ' શબ્દમાં સર્ચ કરવામાં ૫૫૦%નો વધારો થયો છે. એટલે કે વધુને વધુ લોકો વીગન જીવનશૈલી અંગે જાણવા ઉત્સુક બન્યા છે.

જર્મનીમાં ૬ લાખ લોકો અણિશુદ્ધ શાકાહારી એટલે કે વીગન છે. વીગન અર્થ વ્યવસ્થા હાલ જર્મનીમાં ચરમ સીમા પર છે. સોયામાંથી બનાવેલી કોફી અને ઇંડા વગેરેની કેક વેચનારા કોફી હાઉસો અહીંના બર્લિનમાં ઠેર ઠેર જોવા મળે છે અને **હવે તો ત્યાં એવા કપડાંની પણ માંગ વધી રહી છે જેમાં કોઈપણ પ્રકારનાં પશુ ઉત્પાદનોનો ઉપયોગ થયો ન હોય. બેલ્ટ, જુતામાં પણ માઇક્રો ફાઇબરનો ઉપયોગ થવા લાગ્યો છે.** અહીંના સર્વિસ સેક્ટરે પણ આ ટ્રેન્ડ અપનાવી લીધો છે.

ભારતમાં શાહાકારી પરંપરા સનાતન કાળથી ચાલી આવી છે. હવે આપણી શાકાહારી પરંપરા વિશ્વ નતમસ્તક બની અપનાવી રહ્યું છે. એક સમય હતો કે જ્યારે કોઈ ભારતીય પશ્ચિમના દેશોના પ્રવાસે હોય ત્યારે તેની સૌથી મોટી ચિંતા એ રહેતી કે, ત્યાં શાકાહારી ભોજન મળશે કે કેમ? અહીંથી કોઈ ત્યાં જાય અને કહે કે હું માંસાહાર નથી કરતો ત્યારે આવું કહેનારને ત્યાં વિચિત્ર નજરોથી જોવાતી હતી. હવે હોંશે હોંશે તેમને અપનાવવામાં આવે છે, જે એક સારી બાબત છે. **જે આપણી શાકાહારી સનાતન સંસ્કૃતિનો વિજય છે.** વીગન એ શાકાહારની શ્રેણીમાં જ આવે છે પરંતુ ઘણા શાકાહારી લોકો પ્રાણીઓમાંથી મળતી દૂધ અને તેની બનાવટો પ્રત્યે છોછ રાખતા નથી. જ્યારે વીગન લોકો પ્રાણીઓમાંથી મળતી બનાવટોનો ઉપયોગ કરવાનું કટ્ટરતાપૂર્વક ટાળે છે. ત્યાં સુધી કે આ લોકો મધથી પણ દૂર રહે છે. વીગન લોકો માને છે કે દૂધ-દહીં-પનીર-મધ જેવી ચીજવસ્તુઓ મેળવવા માટે પશુઓ સાથે ક્રૂરતા આચરવામાં આવે છે. માટે તે ખાવું એ એક પ્રકારનો માંસાહાર જ કરવા બરાબર છે. માટે આવી ચીજવસ્તુઓ પણ ખાવાથી

(અનુ. : જુઓ પાના નં.-૪૨ ઉપર)

વિચાર કણિકા

# આ અઘરું નથી....



જયંતિભાઈ ધોકાઈ

આપણું આજનું જીવન અનેક વિટંબણાઓ અને સંઘર્ષોથી ઘેરાયેલું છે - સભર છે! અત્ર-તત્ર-સર્વત્ર **એક જ 'ફરિયાદ' છે કે અમને સારા વિચાર કરવાનો સમય કે સારું સાહિત્ય વાંચવાનો સમય ક્યાં મળે છે?**

સમયની આવી સમસ્યા વચ્ચે પણ આપણે એવા અનેક માણસોને જોઈએ છીએ કે તેઓ એવી કશી અડચણોની પરવા કર્યા વગર ખૂબ વ્યવસ્થિત રીતે શાંતિથી પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા છે. અલબત્ત, આના કારણો અનેક હોઈ શકે પણ જો સુવ્યવસ્થિતપણે પોતાનું જીવન પસાર કરી શકે, જીવી શકે તો તે અવશ્ય પ્રશંસનીય કહેવાય.

સમય નથી એવી ફરિયાદ કરનારા લોકો માટે એક સુવિખ્યાત આંગ્લ નાટ્યકાર શેક્સપિયરે મજાકમાં કહ્યું છે કે...

"સમયના આગળના ભાગમાં 'ઝુલ્ફા' છે અને પાછળના ભાગમાં ટાલ છે. એટલે તો સમયને આગળના ભાગથી ઝડપનાર જ તેને પકડી શકે છે, પાછળથી પ્રયત્ન કરનારના હાથમાં (કામને ટાળનારના હાથમાં) તો માત્ર ટાલ જ આવે છે!

અર્થાત્... **હાથમાં આવેલ સમયને ઝડપીને તમારું કામ પૂરું કરો, નહીં તો નિષ્ફળ બની નિરાશ થશો.**

જીવન સાફલ્યનું વિપુલ સાહિત્ય આપનાર એક દિવંગત સાહિત્યકાર મુકુંદ પી. શાહે તેમના એક પુસ્તકમાં સરસ રીતે કહ્યું છે કે... "બેદરકારીથી અથવા બેકાળજીથી જ્યારે કામનું ભારણ વધી જાય તો સારો રસ્તો એ છે કે આપણે કરવાના કામોનું એક લિસ્ટ કરીને કામોને તેના મહત્ત્વ અનુસાર નંબર આપવા અને ત્યારબાદ એક પછી એક કામ કાર્યક્રમ પ્રમાણે હાથ પર લેવું. આમ કરવાથી કામ ઓછું થતું જશે અને અંતિમ કાર્ય પાર પાડતા તમે નિરાંતનો શ્વાસ લઈ શકશો.

સુવ્યવસ્થિત જીવન જીવવા માટે આપણે પણ જો અત્યારથી જ સજાગ રહીએ તો કદી નિષ્ફળતા નહીં મળે.

અને આ કંઈ અઘરું કે અશક્ય નથી જ.

## પ્રેરક પ્રસંગ

### ઉત્તમ વિચારનું મહાન ફળ!

એક અમેરિકન સજ્જન બીમાર પડ્યા. વાંચવાના ભારે શોખીન હોવાને લીધે પથારીમાં પડ્યા પડ્યા તે ઘણું વાંચતા.

દેશવિદેશનાં સામયિકો, પુસ્તકો તથા બીજી કેટલીય વાંચન સામગ્રીના ઢગલા પલંગના પાસેના ટેબલ પર જમા થયા. રોજના ૧૬-૧૬ કલાક તેમણે વાંચન કર્યે રાખ્યું. છતાં રસ પ્રમાણેનું બધું તે પૂરું કરી શકતા નહીં.

તેને એક દિવસ વિચાર સુઝ્યો : મને આટલો બધો સમય મળે છે, છતાં હું મારા રસનું ઉત્તમ સાહિત્ય પૂરું વાંચી શકતો નથી, **તો પછી જેઓને બહુ ઓછો સમય મળે છે અને છતાં રસરૂચિ મુજબ વાંચન જોઈએ છે તેઓ બિચારા શું કરતા હશે? ને સાહિત્યના તો ગંજના ગંજ ખડકાયા છે...!** લાવને તેમાંથી વાંચવાલાયક, ઉત્તમ, સૌને ઉપયોગી થઈ પડે તેવું થોડુંક જુદું તારવીને અલગ રીતે મેગેઝિન દ્વારા મૂકું!!... આ વિચારને તેમણે ખૂબ વાગોળ્યો, ખૂબ મંથન કર્યું, ખૂબ મહેનત કરીને આખરે તેમણે એ વિચારને મૂર્ત સ્વરૂપ આપ્યું.

**ને આમ 'રીડર્સ ડાઇજેસ્ટ'નો જન્મ થયો.** માત્ર અમેરિકા જ નહીં, વિશ્વના લગભગ તમામ દેશોમાં આજે તે એટલું જ લોકપ્રિય છે. તેનો ફેલાવો પણ કલ્પનાતીત છે!

ઉપરની વાત 'રીડર્સ ડાઈજેસ્ટ'ના સંસ્થાપક દ-વીટ વોલેસની છે.

**એક ઉત્તમ વિચારને પણ જો નિષ્ઠાપૂર્વક વળગી રહીને સાકાર બનાવાય તો તેનું કેવું ઉત્તમ ફળ મળે છે તેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.**

*જવાહર રોડ,*
*ઓખા-૩૬૧ ૩૫૦. (જિલ્લો : દ્વારકા)*

*બાજ પક્ષીની નજર માણસની નજર કરતાં ૪-૫ ગણી વધુ તેજ હોય છે. મતલબ મનુષ્યની આંખો જે વસ્તુને ૨૦ ફૂટ દૂરથી જોઈ શકે છે, બાજ તેને ૧૦૦ ફૂટ દૂરથી પણ જોઈ શકે છે.*

પ્રજાતંત્ર

# ગુજરાતની અનોખી સંસ્થા – ગુજરાત નગરપાલિકા પરિષદ

પૃથ્વી શાહ

સમયની સાથે દરેક નગર વિકાસ ઝંખે છે. રાજ્ય જ્યારે વિકાસ સાધવા માંગે છે, સ્વર્ણિમ ગુજરાતના સંકલ્પ લેવાય છે ત્યારે નગરની સમસ્યાને સમજી તેને વિકાસની કેડીએ આગળ ધપાવવાની જવાબદારી નગરસેવકોની બને છે. આ નગરસેવકોના મોભી એટલે કે નગરપાલિકાના પ્રમુખને પોતાના વિસ્તારની સમસ્યાઓના નિરાકરણ માટે રાજ્ય સ્તરે રજૂઆત કરવા ગાંધીનગર સચિવાલય અથવા નગરપાલિકાઓના નિયામકશ્રીની કચેરી ખાતે આવવું પડે છે. ભૂતકાળમાં વિવિધ નગરપાલિકાના પ્રમુખો પ્રશ્નોની રજુઆત માટે રાજ્યના મંત્રીશ્રીની ચેમ્બર બહાર વેઇટિંગ રૂમમાં એકબીજાથી અજાણ્યા બેસી રહેતા. ક્યારેક એક જ સમસ્યા માટે છૂટીછવાઈ રજુઆત થતી. પરિણામે પ્રશ્ન પ્રત્યે ઉચ્ચકક્ષાએ લક્ષ્ય અપાતું નહીં. આથી ૧૯૭૫-૭૬માં એ વખતના નગર પાલિકાઓના મોભીઓએ ગુજરાતની તમામ નગરપાલિકાઓનું સંગઠન રચવાનો નિર્ણય કર્યો. ગુજરાત નગરપાલિકા પરિષદ અસ્તિત્વમાં આવી. ગુજરાતની નગરપાલિકાઓને સ્પર્શતા સામાન્ય પ્રશ્નો, સમસ્યાઓ, આર્થિક મુશ્કેલીઓ વગેરે બાબતો અંગે પરિષદના નેજા હેઠળ સરકારશ્રીમાં અથવા સંબંધિત વિભાગોમાં અસરકારક રજૂઆતનું એક માળખું બન્યું.

ગુજરાતની નગરપાલિકાઓના હોદ્દેદારો અથવા કર્મચારીઓ સરકારી કામગીરી માટે અથવા જનતાની સુખાકારી સંદર્ભે રજૂઆત કરવા પાટનગર ગાંધીનગર આવે ત્યારે ઉતારાની હાડમારી અનુભવતા. આ સમસ્યા નિવારવા ગાંધીનગર ખાતે નગરપાલિકા પરિષદનું ભવન નિર્માણ કરવાનું નક્કી થયું. સરકારશ્રીએ પણ ઉદારતા દાખવી અને પથિકાશ્રમની પાછળના વિસ્તારમાં જમીન ફાળવવામાં આવી. આજથી ચાલીસથી વધુ વરસ અગાઉ નગરપાલિકાઓ પાસે ટાંચા સાધનો હતા અને આર્થિક સધ્ધરતા પણ ન હતી. તેથી ચાર લાખ રૂપિયા એકત્ર કરવાનું લક્ષ્યાંક કપરું હતું પરંતુ આણંદ નગરપાલિકાના એ વખતના પ્રમુખશ્રી બાબુભાઈ ગી. પટેલે બે લાખ રૂપિયા એકત્ર કરી આપ્યા. દોઢ વરસમાં તો આ પરિષદે ત્રણ મજલાનું વિશાળ ભવન ગાંધીનગરમાં ઊભું કર્યું. **સોવેનિયરની મદદથી પાંચ લાખ રૂપિયા એકત્ર કર્યા.** તક્તિ મૂકવાની શરતે આણંદ તથા નડિયાદ નગરપાલિકાએ આ પરિષદને અન્ય માતબર દાન પણ આપ્યું. આણંદ પાલિકાના એ વખતના પ્રમુખશ્રીએ દાખવેલ ઉત્સાહ, ધગશ અને પ્રેરણાની કદર કરી આ ભવનને તેમની સ્મૃતિમાં **"શ્રી બાબુભાઈ ગી. પટેલ નગરપાલિકા પરિષદ ભવન"** નામ અપાયું છે.

આ ભવનમાં નડિયાદ નગર પાલિકાએ આપેલ દાનમાંથી ૪૫ વ્યક્તિ બેસી શકે એવો એ.સી. કોન્ફરન્સ હોલ બનાવાયેલ છે. ઉપરાંત આણંદ નગરપાલિકાના સહયોગથી આશરે બસ્સો વ્યક્તિ લાભ લઈ શકે એવો સ્ટેજ, માઇકની સુવિધા સાથેનો વાતાનુકૂલિત હોલ પણ બનાવાયો છે. ઉતારા માટે ડોરમેટરીથી માંડી વાતાનુકૂલિત રૂમો પણ મર્યાદિત ભાડાના દરે બનાવાયા છે. ભવનના કાર્યાલય મંત્રીશ્રી રણજીત દેસાઈના જણાવ્યા અનુસાર **આજે આ ભવન ગુજરાતની નગરપાલિકાઓ ઉપરાંત ગાંધીનગરની સ્થાનિક જનતાને ઉપયોગી સાબિત થયેલ છે.** અહીં સમારંભો યોજાય છે, લગ્ન પ્રસંગો સંપન્ન થાય છે, આરોગ્ય શિબિરો થાય છે અને કેટલાક શૈક્ષણિક વર્ગોનું પણ રાહતભાડાથી આયોજન થાય છે.

આ સંસ્થાના રજૂઆતના પગલે જ ભૂતકાળમાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ તેમજ પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અસ્તિત્વમાં આવેલ.

હાલમાં નગરપાલિકા પરિષદના પ્રમુખપદે શ્રી પોપટલાલ એસ. પટેલ સેવાઓ આપી રહ્યા છે. તેઓ મહેસાણા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ હોવા ઉપરાંત રાજ્યકક્ષાના સહકારી અગ્રણી છે અને શિક્ષણ ક્ષેત્રના હામી હોવા સાથે કર્મશીલ કાર્યકર છે. તેમની સુઝ અને સબળ રજૂઆતથી રાજ્યની નગરપાલિકાઓના હિતમાં સરકાર મારફત નિર્ણયો લેવડાવી શકાયા છે. પ્રાથમિક શિક્ષણ માટેની ગ્રાન્ટ ૬૦ ટકાથી વધારી ૧૦૦ ટકા થઈ છે. રાજ્યમાં ઓક્ટ્રોય નાબૂદી બાદ પાલિકાઓને ૬ ટકા વૃધ્ધિના દરે ગ્રાન્ટ મળતી હતી, તે દસ ટકાના દરે આપવાનું ઠરાવાયું. નગરપાલિકાના પ્રમુખના હોદ્દાની મુદત એક જ વરસ કરી નંખાયેલ. પાલિકાના વિકાસ કામો જોતાં આ મુદત વધારવા પરિષદે અસરકારક રજૂઆત કરી અને

(અનુ. : જુઓ પાના નં.-૩૧ ઉપર)

સફળતા

# કેટલીક સફળ વ્યક્તિની પાછળ એના જીવનસાથીનો હાથ હોય છે

પ્રવીણચંદ્ર શામજી શાહ
(ધરમશી)

અંગ્રેજીમાં એક કહેવત છે "Behind every successful man, there is a woman." જેનો ગુજરાતીમાં અનુવાદ થાય છે કે "દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે." આ કહેવત વર્ષો જૂની છે અને જ્યારે તેની રચના થઈ હશે ત્યારે માત્ર પુરુષો ઘરકામ સિવાય બધા જ કામ કરતા હતા અને પુરુષ પ્રધાન સમાજ હશે. તેથી પુરુષ શબ્દ વાપરવામાં આવેલ હશે. ઉપરાંત અહીં દરેક શબ્દનો વપરાશ એ દર્શાવે છે કે ત્યારે જીવનસાથી વગર કોઈ પણ પુરુષ સફળ બન્યો નથી. મેં ક્યાંક એવું વાંચેલ છે કે ખ્રિસ્તી ધર્મમાં જ્યારે લગ્ન થાય છે ત્યારે જે પાદરી લગ્ન કરાવે છે તે છેલ્લે એવું કહે છે કે 'Now you are declared as man and wife.' હવે તમે પુરુષ અને પત્ની બન્યા. સાંપ્રત સમયમાં જ્યારે મહિલા અને પુરુષ બંને દરેક ક્ષેત્રમાં કામ કરે છે ત્યારે આ કહેવતને કેટલીક સફળ વ્યક્તિની પાછળ એના જીવનસાથીનો હાથ હોય છે Behind some succsssful person there is a Spouse કહેવું વધારે યોગ્ય છે.

દરેક સફળ વ્યક્તિની પાછળ એના જીવનસાથીનો હાથ હોય છે – આ કહેવતને સાર્થક કરતા કેટલાક પતિ-પત્નીના કિસ્સા જે મારા ધ્યાનમાં છે તે રજૂ કરું છું. મનુષ્ય મોટાભાગે ત્રણ પ્રકારે માહિતી અને જ્ઞાન પ્રાપ્ત કરે છે : વાંચન, શ્રવણ અને અનુભવથી. આ લેખમાં જે ત્રણ કિસ્સાઓ રજૂ કર્યા છે તે અનુક્રમે વાંચન, શ્રવણ અને અનુભવ પર આધારિત છે. આજના જમાનામાં હું અનેક સફળ વ્યક્તિઓને જાણું છું જેમણે એકલા રહીને આર્થિક કે વ્યવસાયિક સફળતા પ્રાપ્ત કરેલ છે અને જેમને લગ્ન, સફળતા માટે અવરોધ કે બાધારૂપ લાગે છે. **જીવનસાથીનું સફળતામાં યોગદાન છે અને તે રીતે સફળ દાંપત્યજીવન માટે ઉદાહરણરૂપ બને છે.** આજના જમાનામાં જ્યારે પૈસા કે પદ માટે ઘણી યોગ્ય વ્યક્તિઓ તો લગ્ન કરવાની નથી અથવા લગ્ન કર્યા પછી લગ્નને નહીં પણ પોતાના વ્યવસાયને પદોન્નતિ કે પૈસાના અર્જન માટે પ્રાથમિકતા આપે છે અને લગ્ન જીવનને દાવ પર લગાવે છે ત્યારે આ પ્રકારની વ્યક્તિઓના કિસ્સાઓ પ્રેરણારૂપ લાગે છે.

પ્રથમ કિસ્સામાં ભારતની ખૂબ સફળ અને પ્રખ્યાત કંપની ઈન્ફોસિસના આદ્ય સ્થાપક **શ્રી નારાયણમૂર્તિ** અને તેમના પત્ની **સુધા મૂર્તિ** (લગ્ન પહેલા સુધા કુલકર્ણી). બંને તાતાની ટેલ્કો કંપનીમાં સાથે કામ કરતા હતા અને પ્રેમમાં પડીને લગ્ન કર્યા. બંને જણા પોતાની નોકરીમાં ખૂબ સફળ હતા. પણ શ્રી નારાયણમૂર્તિએ નોકરી છોડીને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રમાં પોતાનો સ્વતંત્ર વ્યવસાય ચાલુ કરવાનો નિર્ણય લીધો ત્યારે તેમને શ્રીમતી સુધા મૂર્તિએ તે જમાનામાં રૂા. ૧૧,૦૦૦/-ની આર્થિક સહાય પોતાની સ્વકમાઈ અને બચતમાંથી કરેલ અને શ્રી નારાયણ મૂર્તિને કહેલ કે ત્રણ વર્ષ માટે પરિવારની સંપૂર્ણ જવાબદારી તે નિભાવશે. ત્યાર પછી પણ એકાદવાર પોતાના દાગીના વેચીને પણ સુધાજીએ શ્રી નારાયણ મૂર્તિને મદદ કરેલ તેવું પણ ક્યાંક વાંચવા મળેલ છે. પછી જ્યારે શ્રી નારાયણ મૂર્તિની ઈન્ફોસિસ કંપની બરાબર જામી ગઈ ત્યારે સુધાજીએ શ્રી નારાયણ મૂર્તિના કહેવાથી પરિવાર અને **ખાસ કરીને બાળકોની સંભાળ માટે પોતાની ધીકતી કમાણીની નોકરી છોડીને ઘર સંભાળવાનું પણ સ્વીકાર્યું.** આજે ઈન્ફોસિસ, એ ભારતની એના ક્ષેત્રમાં મોટી કંપની છે અને વિશ્વપ્રસિદ્ધ છે. જેનો શ્રેય શ્રી નારાયણ મૂર્તિ ઉપરાંત શ્રીમતી સુધાજીને પણ જાય છે.

બીજો જે કિસ્સો મેં સાંભળેલો છે તે વિવિધ ભારતીના શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમમાં પ્રખ્યાત ગઝલ ગાયકો અને શાસ્ત્રીય સંગીતના ક્ષેત્રમાં જેને ઉસ્તાદ કહેવાય તેવા જનાબ અહેમદ હુસૈન અને મહમદ હુસૈન બંધુઓના ઈન્ટરવ્યૂ પર આધારિત છે. ઈન્ટરવ્યૂમાં ઈન્ટરવ્યૂ લેનાર ભાઈએ તેમને પૂછ્યું કે, 'આપકી સફલતામેં આપકી બીબીઓંકા ક્યા હિસ્સા રહા હૈ?' આ પ્રશ્નના ઉત્તરમાં જનાબ અહેમદ હુસૈન સાહેબે જણાવ્યું કે, "હમ દોનોં ભાઈ બડે ખુશનસીબ હૈ કે હમારી બીબીઓંને કહા કિ આપ લોગ બસ મોઝિકી (સંગીત) પર હી ધ્યાન દીજીએ. બાકી સબ હમ સંભાલ લેંગે." તેમણે વધારામાં કહ્યું કે, "બેગમ (પત્ની) હૈ ઈસલિયે હમ બે-ગમ (સુખી) હૈ." આમ તેમણે પોતાની સફળતામાં પોતાની પત્નીના સહકારનો સ્વીકાર કર્યો અને તેમને યશ પણ આપ્યો.

ત્રીજો કિસ્સો મારા વ્યક્તિગત અનુભવ પર આધારિત છે. લગભગ ત્રીસ વર્ષ પહેલાં મહારાષ્ટ્રના અહમદનગર ખાતે સ્થિત ઈલેકટ્રિક મોટર બનાવતી પ્રખ્યાત ક્રોમ્પ્ટન ગ્રીવ્સ લિમિટેડ કંપનીમાં હું જે કંપની માટે કામ કરતો હતો તેના તરફથી

અઠવાડિયા માટે મારે કામસર રોકાવું પડેલ. ત્યારે ત્યાં મારા એન્જિનિયરીંગ કૉલેજના સહપાઠી અશોક કુર્ત કોટી મળી ગયા. ઘણી બધી વાતો કરી. તેમાંથી આ લેખને અનુરૂપ જે વાતો થઈ તેનો સારાંશ રજૂ કરું છું. એન્જિનિયરીંગ કર્યા પછી અશોકને એન્જિનિયરીંગ એટલે કે ટેકનિકલ ક્ષેત્રમાં નોકરી નહોતી મળતી તેથી કંટાળીને મુલુંડ સ્થિત તે જમાનાની પ્રખ્યાત રાલીસ વુલ્ફ કંપનીમાં માર્કેટિંગ વિભાગમાં નોકરી સ્વીકારી અને નોકરીએ લાગ્યા પછી તેના લગ્ન સરકારી બેંકમાં નોકરી કરતી કન્યા સાથે થયા. થોડા સમય પછી અશોકને આ માર્કેટિંગની નોકરી ગમવા લાગી અને તેને લાગ્યું કે આ માર્કેટિંગ એ ખૂબ સારું ક્ષેત્ર છે અને જો આમાં વધારે પ્રગતિ કરવી હોય તો માર્કેટિંગની વધારાની કોઈ ડિગ્રી પ્રાપ્ત કરવી જોઈએ. તેણે આ વાત તેની પત્નીને કરી અને તેમને પણ આ વાત સાચી લાગી. પછી પરસ્પર ચર્ચા વિચારણા કરીને અશોકે નોકરીમાંથી રાજીનામું આપીને મુંબઈની કોઈ સારી કોલેજમાંથી માર્કેટિંગમાં એમ.બી.એ. કર્યું. આ અભ્યાસકાળ સુધી તેની પત્નીએ જ સમગ્ર ઘર ચલાવવાની જવાબદારી સંભાળી. ત્યારબાદ અશોકે માર્કેટિંગના ક્ષેત્રમાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું અને ખૂબ સારી પ્રગતિ કરી. અમે જ્યારે મળ્યા ત્યારે તે ઈલેકટ્રિક કન્સ્ટ્રક્શન એન્ડ એન્જિનિયરીંગ કંપનીમાં માર્કેટિંગ મેનેજરના હોદ્દા પર હતો. (હું ત્યારે ડેપ્યુટી મેનેજર એટલે કે તેનાથી એક પગથિયું નીચી જગ્યા પર હતો.)

*સુરત*
*મો. ૯૯૭૮૯ ૦૩૨૪૭*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## 'મંગલ મંદિર'ની જાહેરાતના માસિક દરો

| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટી કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટી કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટી કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સીંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ :** ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

*"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો ચેક* ***(Payable at AHMEDABAD)*** */ ડ્રાફ્ટ મોકલાવવા વિનંતી.*

**નોંધ : જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

## "મંગલ મંદિર" : લવાજમનાં દરો

| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષના | : રૂા. ૧૫૦/- | ૫ વર્ષના | : રૂા. ૬૦૦/- |
| ૩ વર્ષના | : રૂા. ૪૦૦/- | આજીવન (૧૫ વર્ષના) | : રૂા. ૧,૫૦૦/- |

ચટકદાર

# પાણીપુરી વિશે અવનવું!



નજમા ગોલીબાર

સ્ટ્રીટ ફૂડની વાત અગર છેડાય તો આપણા મોઢે પહેલું નામ પાણીપુરીનું જ આવશે. જેને ખાતા પહેલાં જ મોઢામાં પાણી આવી જાય છે. પણ શું તમે જાણો છો કે પાણીપુરી સહુથી પહેલા ક્યાં બની હતી અને એનું નામ શું હતું? આપણા દેશમાં પાણીપુરીની શરૂઆત મગધ રાજ્યથી થઈ હતી, જેને આજે દક્ષિણ બિહારના નામે ઓળખવામાં આવે છે. પાણીપુરીનું મૂળ નામ 'ફૂલકી' છે. રાજસ્થાન અને ગુજરાતમાં ભલે 'ફૂલકી' એ ચપાતી અથવા રોટલીને કહેવામાં આવતું હોય, પણ ઉત્તર પ્રદેશના પૂર્વ વિસ્તારોમાં ફૂલકી એ પાણીપુરીનો પર્યાયવાચી શબ્દ ગણાય છે. અહીંના ગોલગપ્પા એટલે કે પાણીપુરીનો સ્વાદ પણ બીજી જગ્યાએથી જુદો છે. અહીં પાણીપુરીમાં મીઠું દહીં છાંટીને પીરસવામાં આવે છે, જે એને અલગ ટેસ્ટ આપે છે.

પાણીપુરીને ભારતીય લોકો બપોરે અથવા સાંજના સમયે ખાવાનું પસંદ કરે છે. એના અલગ અલગ જગ્યાએ અલગ અલગ નામ છે. દેશના ઘણા ભાગોમાં એને પાણીપુરી તરીકે જ ઓળખવામાં આવે છે. મહારાષ્ટ્રમાં આ નામ ખાસ પ્રચલિત છે.

જોકે છત્તીસગઢમાં એને 'ગુપચુપ' તરીકે ઓળખવામાં આવે છે. મધ્યપ્રદેશ અને ઓરિસ્સાના કેટલાક વિસ્તારોમાં પણ એને 'ગુપચુપ' કહીને જ બોલાવે છે. છત્તીસગઢમાં પાણીપુરીની અંદર ઉકાળેલા બટાકા અને ઉકાળેલા પીળા વટાણાનો ઉપયોગ થાય છે. અહીં પાણી સામાન્ય રીતે આંબલી અથવા આમચૂરથી બનાવવામાં આવે છે. ગુજરાતના કેટલાક ભાગોમાં પાણીપુરીને 'પકોડી' તરીકે ઓળખવામાં આવે છે. ઘણી જગ્યાએ તો પાણીપુરીમાં પાણીની જગ્યાએ સેવ, મીઠી ચટણી અને કાચી કાતરેલી ડુંગળી ભરવામાં આવે છે, તો ક્યાંક બાફેલા બટાકા અને ક્યાંક આખા મગનું પણ ફિલિંગ કરવામાં આવે છે.

ભારતના પૂર્વોત્તર રાજ્યોમાં પુચકા તરીકે ઓળખાય છે પાણીપુરી. ઉચ્ચારમાં ફરક હોવાને કારણે બંગાળી અને અસમિયા લોકો એને ફૂચકા અને રાજસ્થાની લોકો એને પિચકા કહે છે. અહીં પાણીપુરીમાં ફિલિંગ તરીકે બાફેલા બટાકા, બાફેલા દેશી ચણા, કોથમીર અને મસાલા નાખવામાં આવે છે. ઉત્તર પ્રદેશના અલીગઢમાં પાણીપુરીને પડાકા તરીકે ઓળખવામાં આવે છે. આટા અને સોજીથી બનેલા પડાકા અલગ - અલગ મસાલાથી બનેલા જુદી જુદી ફ્લેવરના પાણી સાથે પીરસાય છે. અહીં પાણીપુરીમાં ફિલિંગ તરીકે પાણીના સ્વાદ ઉપર વધારે ભાર અપાય છે. એટલે અલગ અલગ ફ્લેવરનું પાણી બનાવી પડાકા સાથે પીરસવામાં આવે છે. તો ઉત્તર પ્રદેશના જ કેટલાક વિસ્તારો અને મધ્ય પ્રદેશના હોશંગાબાદમાં પાણીપુરીને 'ટિક્કી' તરીકે ઓળખવામાં આવે છે. અહીં ફિલિંગ તરીકે બાફેલા બટાકા અને કાબુલી ચણાને અલગ અલગ મસાલા સાથે પીરસવામાં આવે છે. પાણી તરીકે આંબલીના પાણીનો ઉપયોગ કરાય છે.

રાજસ્થાન, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં ગોલગપ્પા એટલે કે પાણીપુરીને પતાસી અથવા પતાશાના નામે ઓળખવામાં આવે છે. અહીં સોજીના પતાશા પણ બને છે અને લોટ-મેંદાના પણ. જેમાં બાફેલા બટાકા અને પીળા વટાણાની ફિલિંગ કરવામાં આવે છે. પાણીપુરીના શાબ્દિક અર્થ થાય છે 'પાણીની રોટી.' પાણીપુરી શબ્દ પહેલીવાર ૧૯૫૫માં વપરાયો હતો, જ્યારે 'ગોલગપ્પા' શબ્દ પહેલીવાર ૧૯૫૧માં વપરાયો હતો.

પાણીપુરી ફક્ત સ્વાદ અને થ્રીલ માટે જ નથી ખાવામાં આવતી. **મોઢામાં જ્યારે છાલા પડી ગયા હોય છે ત્યારે પાણીપુરી ખાવાથી રાહત મળે છે. પાણીપુરીમાં હિંગ નાખવામાં આવે તો એસિડિટીને મટાડે છે.** ૪થી ૬ નંગની પાણીપુરીની પ્લેટમાં ૧૦૦ કેલેરી હોય છે. હવે તો ફ્લેવરવાળી પાણીપુરી ખૂબ જ મશહૂર થઈ ચૂકી છે. પણ આ કોઈ નવી શોધખોળ નથી. અગાઉ કહ્યું એમ ઉત્તર પ્રદેશના અલીગઢમાં 'પડાકા'ના નામે જે પાણીપુરી પીરસવામાં આવે છે એમાં વધારે ભાર અલગ અલગ ફ્લેવરવાળા પાણી પર જ મૂકાય છે.

પાણીપુરીના ખુમચા કે લારી પાસે સ્ત્રીઓ વધુ જોવા મળે છે. જેટલું આકર્ષણ સ્ત્રીઓને છે એટલું પુરુષોને નથી હોતું. એનું કારણ એ છે કે પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની ઈન્દ્રિયો વધારે સતેજ હોય છે. સ્ત્રીઓમાં સ્વાદને પારખનારા કોષો એટલે કે ટેસ્ટ બડ્સ વધુ હોય છે. સ્વાદની પ્રક્રિયા સાથે સહુથી વધુ સંકળાયેલી જીભ એ પણ સ્ત્રીની વધુ સક્રિય હોય છે તો પછી એ વાતની નવાઈ શું રહી કે સ્ત્રીઓ પાણીપુરી પાછળ પાગલ ન હોય?

*ગોલીબાર પબ્લિકેશન્સ, કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

રંગભૂમિ

## ઉત્તમ ફિલ્મી કથાગીત તરીકે મશહૂર :
# 'એક થા ગુલ ઓર એક થી બુલબુલ'

સંકલન - આસ્વાદ
જીના વીરેન શેઠ

*एक था गुल और एक थी बुलबुल*
*दोनों चमनमें रहते थे*
*है ये कहानी बिलकुल सच्ची*
*मेरे नाना कहते थे... एक था गुल...*

- **ફિલ્મ વિશે :**

'જબ જબ ફૂલ ખીલે' — સૂરજ પ્રકાશના દિગ્દર્શનમાં ૧૯૬૫માં બનેલી રોમેન્ટિક ડ્રામા ફિલ્મ છે. જેમાં **શશીકપૂર** અને **નંદા**એ મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ફિલ્મ એક બ્લૉક બસ્ટર સાબિત થઈ અને ૧૯૬૫ના વર્ષની બૉક્સ ઑફિસની બીજી સૌથી મહત્ત્વની સફળ ફિલ્મ બની. (યશ ચોપરાની ફિલ્મ 'વક્ત' પહેલા નંબર પર રહી.) ફિલ્મમાં **આનંદ બક્ષી**એ લખેલાં ગીતો **કલ્યાણજી - આણંદજી**એ સ્વરબદ્ધ કર્યા હતા. લક્ષ્મીકાંત પ્યારેલાલ જેઓ ત્યારે ખૂબ ઓછા જાણીતા હતા તેમણે તેમના સહાયક તરીકે કામ કર્યું હતું. ફિલ્મને હીટ બનાવવામાં તેનાં ગીતોએ ખૂબ મોટો ભાગ ભજવ્યો હતો.

પ્રસ્તુત ગીત પણ ફિલ્મનું ખૂબ જ પ્રસિદ્ધ થયેલું કથા-ગીત બન્યું.

- **ગીતનું રસદર્શન :**

ગીતમાંની કથા બહુ જ સીધી-સાદી છે. કોઈ લાંબી લપ નથી. બે પ્રેમી પંખીડા મળે છે. તેમની વચ્ચે પ્રેમ થાય છે. કોઈ કારણસર જુદા થઈ જાય છે. પ્રેમની કિંમત સમજે છે ને ફરી બધાં જ દુન્યવી બંધનો તોડી એકમેકમાં ભળી જાય છે.

ટિપિકલ વાર્તા - એક રાજા હતો, એક રાણી હતીથી શરૂઆત થઈને અંતે ખાધું-પીધું ને રાજ કર્યું એવો The End હોય એવી જ આ વાર્તા છે.

**પણ જે કમાલ છે એ વાર્તા કહેવાની કળામાં છે. એ માટેની જમાવટ કરવાની કુશળતામાં છે.** આનંદ બક્ષી સાહેબના સરળ શબ્દો, કલ્યાણજી આણંદજીનું ભાવવાહી સંગીત અને રફી સાહેબનો ઘેઘૂર - ઊંડાણભર્યો અવાજ તેમાં સાથે મળી શશી કપૂરની સાદગી અને નંદાની મોહક સુંદરતાની કેમેસ્ટ્રી... બીજું શું જોઈએ? ફિલ્મ પણ હીટ ગઈ અને આ ગીત પણ...

આ મશહૂર ગીત એક ઉત્તમ ફિલ્મી કથાગીતની શ્રેણીમાં હઠપૂર્વક બેસી શકે એટલું બળૂકું છે.

પોતાના નાના પાસેથી સાંભળેલી આ વાર્તા ખરેખર સાચી છે હોં! એમ ભારપૂર્વક કહેનારા નાયક વિશે કેટલીક કલ્પનાઓ કરી શકાય એમ છે. નાયક શક્ય છે કે માતા-પિતાના નાનપણમાં જ જતા રહેવાથી મોસાળમાં નાના પાસે ઊછર્યો હોય. અને નાના પાસે કદાચ પોતાના દોહિત્રને આપવા માટે બાહ્ય વૈભવ ન હોય પણ ગામડાના ગરીબ નાના પાસે એને આપવા માટે વાર્તાનો વૈભવ ચોક્કસ હશે.

બાળપણમાં વાર્તાઓ દ્વારા મળેલા સંસ્કારોના વારસાની સાથે ગામડાના સાદગીભર્યા જીવને જ નાયકના સરળતા યુક્ત ભોળપણને જાળવી રાખ્યું હોય. અને આ જ સરળતા આગળ જતાં નાયિકા (જે શહેરના વૈભવશાળી પિતાની એકમાત્ર ઉત્તરાધિકારી હતી)ના નાયક પ્રત્યેના આકર્ષણનું કારણ બન્યું હોય.

- **ગીતમાંની કથા :**

એક ગુલ (પુરુષ પક્ષી) અને એક બુલબુલ (સ્ત્રી પક્ષી) એક જ ઉપવનમાં રહેતા હતા. મીઠું મીઠું ગીત ગાતી બુલબુલ ગુલને ખૂબ ગમતી હતી. પોતાના હૈયાની વાત કરવી કઈ રીતે એ ગુલનો પ્રશ્ન હતો. કારણ ગુલ ખૂબ શરમાળ હતો. પોતાના હૃદયની વાતને શબ્દોમાં વ્યક્ત કરવાની તેનામાં હિંમત ન હતી.

હવે જુઓ, ગામડાના માણસની કોઠાસૂઝ. તે કહે છે બુલબુલનું ગીત તારી વાતો જેટલું જ મીઠું હતું, મધુર હતું. જાણે કહેતો ન હોય કે તારો રૂપાની ઘંટડી જેવો અવાજ મારા કાનમાં મીઠું-મધુરું સંગીત રેલાવી જાય છે. પણ જેમ ગુલ પોતાના હૃદયની વાત કરતાં શરમાતો હતો તેમજ હું પણ ગભરાઈ જાઉં છું.

બુલબુલ સુંદર છે નાયિકાની જેમ અને ગુલ શરમાળ છે નાયકની જેમ. લ્યો બોલો, ભાઈએ કેવું ફિટ બેસાડી દીધું સમીકરણ, હીરો = હું, હીરોઈન = તું.

આમ આડકતરી રીતે નાયક પોતાને કથામાં વણી લે છે.

નાયિકા સામે હળવેકથી પોતાના હૃદયની વાત પણ મૂકતો જણાય છે. નાયિકાના મુગ્ધ સૌંદર્યને જોઈ, શક્ય છે કે તેના મનમાં પણ પ્રથમ દૃષ્ટિએ પ્રેમના બીજ અંકુરિત થયા હોય. **તેથી જ ગુલ અને બુલબુલની વાત કરતાં કરતાં એ નિમિત્તથી એને વાત તો કરવી છે સાચા પ્રેમની!**

પણ કહેવાય છે ને કે હૃદયની વાતને લાંબો સમય સુધી છુપાવી નથી શકાતી. હૃદયના છાને ખૂણે બુલબુલને પ્રેમ કરતા ગુલના હૃદયની વાત બુલબુલને ખબર પડી જ જાય છે. એ જાણી જાય છે કે ગુલ એની પાછળ પાગલ છે, એને ખૂબ પ્રેમ કરે છે.

હવે જુઓ નાયક કેવો નટખટ છે, કેવી ચાલાકી કરે છે. આવી અધવચ્ચે આવી ગયેલા વાર્તા વિશે પૂછે છે કે તમને મારી વાર્તા ગમી હોય તો આગળ કહું? લ્યો બોલો, મઝધારે નાવને લઈ આવ્યા પછી કોઈ પૂછે કે બોલો હવે શું કરું?

વાર્તાનો રસ જ્યાં બરાબર જામ્યો છે ત્યાં આવો પ્રશ્ન પૂછે તો નાયિકા તો એમ જ કહે ને કે ના... ના... આગળ કહો ને! શક્ય છે કે નાયિકાની ઉત્કંઠા જગાડવા માટે જ નાયકે આ પ્રશ્ન કર્યો હોય. એને પણ સામેલ કરવાની નાયકની ભાવના હોય કે મારી વાર્તા તમે બરાબર સાંભળો છો ને? એમાં તમને બરાબર રસ આવે છે ને?

હવે આટલે પહોંચ્યા પછી તો એમ જ થાય ને કે પછી શું થયું હશે? કેટલાય પ્રશ્નો જાગે મનમાં.

નાયિકાએ નાયકને શું કહ્યું હશે? બુલબુલે ગુલને હા કહી હશે? તેનાથી નારાજ થઈ હશે? રીસાઈ ગઈ હશે? ચીડાઈ હશે? તેને પણ ગમ્યું હશે? તે પણ મનોમન ગુલને ચાહતી હશે? પણ ગુલ જ પહેલ કરે એની રાહ જોતી હશે? અનેક પ્રશ્નો જાગે, પણ તેનું સમાધાન તો... તો જ થાય જો વાર્તાનો દોર આગળ વધે.

ગુલની ચાહતે બુલબુલના મનમાં પણ પ્રેમની જ્યોત જગાડી હતી. ગુલના હૃદયના પ્રેમને બુલબુલે પણ વધાવ્યો. બંને પાત્રો એકબીજાના પ્રેમમાં એટલા ઓતપ્રોત બને છે કે એકબીજા વગર રહી શકતા નથી. પ્રેમમાં મજબૂર બનેલા પ્રેમી પંખીડાને એ પણ ચિંતા નથી હોતી કે ચારેબાજુના લોકો શું કહેશે? ચારેબાજુ એમના પ્રેમની જ ચર્ચા થતી હોય તો પણ તેમને કશો વાંધો નથી હોતો. તેઓ તો પોતાના પ્રેમમાં જ મસ્ત રહે છે. સાથે જીવવા, સાથે મરવાની કસમ લેતાં જ રહે છે.

બંને પ્રેમી પંખીડાઓ પ્રેમમાં રમમાણ હોય છે ત્યારે જ એક ગુલ, ખલનાયકના રૂપમાં આવીને બુલબુલને પકડીને લઈ જાય છે. હવે બુલબુલ વગરનો ગુલ મુરઝાઈ જાય છે. એનું જીવન કરમાઈ જાય છે, સૂનું થઈ જાય છે.

પ્રેમના રસ વગરનું જીવન, કેવું જીવન?

એમના મિલનનાં ગીતો લખવાવાળા શાયરો હવે એમની જુદાઈનાં ગીતો લખી રહ્યા હતા. બહારના સુંદર વાતાવરણમાં પણ પ્રિયપાત્રના વિરહને કારણે જાણે ગમગીની છવાઈ ગઈ હોય એવું લાગે છે. આંખોમાંથી વહી રહેલા આંસુઓ... કુદરતના સૌંદર્યને પણ ફિક્કું બનાવી દે છે.

**પણ ઇતિહાસ ગવાહ છે મિત્રો, સાચો પ્રેમ ક્યારેય કોઈ પણ દીવાલ, કોઈ જેલ, કોઇ બંધનથી રોક્યો રોકાયો નથી.** પછી ભલે ને એ દીવાલ પથ્થરની હોય, નાત-જાતની હોય, અમીરી-ગરીબીની હોય, રીતિ-રિવાજની હોય, જાતિ ધર્મ કે ભાષાની હોય કે અન્ય કોઈ પણ જાતના ભેદભાવની હોય.

વિખૂટા પડેલા પ્રેમી હૃદયની આહ એટલી પ્રચંડ હોય છે કે ગમે તેવી દીવાલ, જેલ કે પીંજરા તોડીને પણ પોતાના પ્રેમને મેળવે જ છે.

આખું જગત અને આખી ખુદાઈ મળીને પણ બે સાચા પ્રેમીઓને જુદા કરી શકતી નથી. સાચા પ્રેમીઓ મળીને જ રહે છે. એમનું મિલન નિશ્ચિત છે, શાશ્વત છે.

અંતે સૌ સારાં વાનાં થાય છે. ફરી પાછું એ જ મધુર સંગીત સંભળાવવા બુલબુલ પોતાના પ્રિયતમ પાસે આવી પહોંચે છે. એ સંગીત ગુલના સમગ્ર જીવનને સંગીતમય બનાવી દે છે. **કારણ એ સંગીતની મધુરતામાં છે પ્રેમનું માધુર્ય જે આખાય વિશ્વમાં સુંદરતમ ભાવના છે.**

- **કથા-સંદેશ :**

**પ્રેમ કરો તો પ્રેમ નિભાવવાની ટેક રાખજો. હિંમત રાખજો** - નાનકડી વાર્તા, ગહન સંદેશ.

નાયક એમ કહે છે કે મેં મારા નાના પાસેથી સાંભળેલી આ વાર્તા તદ્દન સાચી છે. એક વાર્તા જ્યારે સત્યઘટના હોય છે ત્યારે એનું મૂલ્ય અનેકઘણું વધી જતું હોય છે. જો વાર્તામાં માત્ર કલ્પના હોય તો એમાં સુંદરતા તો હોય છે પણ વાસ્તવિક્તા નથી હોતી. કારણ વાસ્તવિક્તા તો એક નક્કર હકીકત હોય છે.

જો આ વાર્તા સાચી હોય, વાસ્તવિક્તાની નજીક હોય, જો ત્યારે આવો પ્રેમ શક્ય હોય તો આજે પણ આવું જ વર્તન - આવો જ પ્રેમ થઈ શકે છે એમ નાયક કહેવા માંગે છે. અને એ દ્વારા એ પણ નાયિકા પાસેથી એવી જ પ્રીતની ઝંખના કરે છે. એવા જ પ્રેમનો આગ્રહ રાખે છે. જો ભવિષ્યમાં આવું કંઈ થાય તો તારી પાસેથી હું શું અપેક્ષા રાખું? એનો જવાબ ગીતમાં પરોક્ષ રીતે અપાઈ ગયો છે.

- **ગીતની મહત્તા :**

ફિલ્મમાં આ ગીતનું મહત્ત્વ એટલા માટે છે કારણકે આ

ગીતમાં જે કથા કહેવાઈ છે એ સમગ્ર ફિલ્મની કથાની ફોટો કોપી છે.

ગીતની જેમ જ ફિલ્મમાં પણ પ્રેમીઓનું મિલન, પ્રેમનો ઈઝહાર, જુદાઈ, પુનઃમિલન એ જ ઘટનાક્રમથી કથા આગળ વધી છે. અલબત્ત, ફિલ્માંકન કરવા માટે જરૂરી નાટકીયતા ઉમેરાઈ છે.

● **ગીતની ટેકનિકલ સાઇડ :**

એક ગીતને મશહૂર બનાવવામાં ઘણાં બધાં પરિબળો ભાગ ભજવતા હોય છે. ગીતના શબ્દો, એની સરળતા, એમાં રહેલું ગેયત્વ, એની લયબદ્ધતા, એમાં શબ્દોની ગૂંથણી, એનું સંગીત, એના ગાયકના અવાજ સાથે ગીતના ભાવોની એકરૂપતા, એમાં જુદા-જુદા વાજિંત્રોનો ઉપયોગ, એનું ફિલ્માંકન, એમાં રહેલા અદાકારોનો અભિનય, એમના ભાવોનું ગીતમાં રહેલા ભાવ સાથેનું તાદાત્મ્ય! બધું જ સાથે મળે ત્યારે એક સર્વાંગ સુંદર ગીત બને છે.

દિગ્દર્શકને એ ગીત ફિલ્મમાં ક્યાં મૂકવું એ વિશેની સ્પષ્ટતા અને એ સૂઝ પણ મોટો ભાગ ભજવે છે. આ ગીતના ફિલ્માંકનમાં એ પાસું પણ મજબૂત છે.

ગીત કાશ્મીરના પહાડી વિસ્તારમાં ફિલ્માવાયેલું છે. રસ્તો કાપવા માટે શરૂ કરાયેલી વાર્તા જેમ જેમ આગળ વધે છે તેમ તેમ નાયિકા એમાં ઓતપ્રોત થતી જાય છે.

જેમ જેમ રસ્તો કપાતો જાય છે તેમ તેમ શશી કપૂર નાયિકા નંદાને જે ઘોડા પર બેઠેલી હોય છે તેના ઘોડાને દોરતો જાય છે. રસ્તા સાથે વાર્તા પણ આગળ વધતી જાય છે અને વાર્તા સાથે નાયિકાની ઉત્કંઠા પણ વધતી જાય છે.

ગીતમાં પ્રેમીપંખીડા જુદાં થઈ જાય છે એ ક્લાઈમેક્સ વખતે દિગ્દર્શકે સૂઝ વાપરીને ગીતના ફિલ્માંકનને એક સ્થિરતા આપી છે. નાયક અને નાયિકા એક જગ્યાએ રોકાય છે ત્યારે જ, વાર્તાનું અંતિમ ચરણ જે તોડું કરુણ અને ભાવોનું પ્રાગટીકરણ માંગી લે તેવું છે તે આવે છે. તે વખતે એક ઠહરાવ છે, કોઈ ગતિ નથી.

ગીતની કહો કે ફિલ્મની, બહુ મોટી સ્ટોરી લાઇન ન હોવા છતાં કાશ્મીરનું મનમોહક સૌંદર્ય, શાલીન પ્રેમદશ્યો, તારૂ દત્તની આનંદદાયક સિનેમેટોગ્રાફી, શશી કપૂરનો ભોળપણયુક્ત ચહેરો અને નંદાની મુગ્ધતા ફિલ્મને અને ગીતને માણવાલાયક બનાવી જાય છે.

અને હા, ગીતના ગાયક, સંગીતકાર અને ગીતકારને પણ ફૂલ ક્રેડિટ આપવી જ પડે.

● **ગીતકાર :**

નાનપણથી જ ફિલ્મોમાં કામ કરીને કમાવાનાં સપના જોનારા આનંદ બક્ષી, ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવ્યા તો હતા પાર્શ્વગાયક બનવા માટે પણ ભગવાનદાદાએ ફિલ્મ 'ભલા આદમી'માં ગીતકાર તરીકે તેમને સૌપ્રથમ તક આપી. આ ફિલ્મે શરૂઆત તો કરી આપી પણ સાત વર્ષના સંઘર્ષ પછી ૧૯૬૫માં આવેલી આ ફિલ્મે તેમને નવી ઓળખ આપી. આ ફિલ્મનાં એમનાં ગીતો **પરદેશીયોંસે ના અખિયાં મિલાના** (લતા મંગેશકર - રફી સાહેબ), **યે સમાં... સમાં હૈ યે પ્યાર કા...** (લતા મંગેશકર), **ના ના કરતે પ્યાર તુમ્હીં સે...** (મોહમ્મદ રફી, સુમન કલ્યાણપુર), **એક થા ગુલ ઔર એક થી બુલબુલ** (મોહમ્મદ રફી, નંદા) દ્વારા એમનું નામ આખા ફિલ્મ જગતમાં મશહૂર થઈ ગયું.

● **સંગીતકાર :**

સંગીતકાર તરીકે જો કોઇ ગુજરાતી પ્રખ્યાત થયા હોય તો તેમાં **કલ્યાણજી આણંદજી બંધુઓનું નામ અગ્રેસર રહેશે. કચ્છ કુંદરોડીના આ ભાઈઓની જોડીની ઘણી ફિલ્મોએ સિલ્વર જ્યુબિલી ઊજવી છે.** ૧૯૭૦ના એક્શન ફિલ્મના દસકામાં આ જોડીએ સંગીત જગતમાં ધૂમ મચાવી દીધી હતી. જન્માષ્ટમી વખતે ગવાતું ગીત **'ગોવિંદા આલા રે આલા'** હોય કે પછી લગ્ન પ્રસંગનું **'મેરી પ્યારી બહેનિયાં બનેગી દુલ્હનિયા'** હોય, દેશભક્તિનું ગીત **'મેરે દેશ કી ધરતી સોના ઉગલે'** હોય કે 'પૂરબ ઔર પશ્ચિમ'નું **'ઓમ જય જગદીશ હરે' હોય...** એમના ગીતોને આજે પણ લોકો ભૂલ્યા નથી.

● **ગાયક :**

જેમના અવાજે સોનુ નિગમ, મોહમ્મદ અઝીઝ તથા ઉદિત નારાયણ જેવા ગાયકોને પ્રેરિત કર્યા એવા મોહમ્મદ રફી સાહેબ બહુમુખી સંગીત પ્રતિભાના ધણી હતા.

ભજન હોય, ગઝલ હોય, કવ્વાલી હોય, દેશભક્તિનાં ગીત હોય કે દર્દીલા કે જોશીલા ગીત હોય દરેક ઉંમર, દરેક વર્ગ, દરેક રસ-રૂચિવાળા લોકોને તેમણે પોતાના અવાજના જાદુમાં બાંધ્યા. સંગીતકાર જાણતા હતા કે અવાજને ત્રીજા સપ્તક સુધી લઈ જવાનું કામ માત્ર રફી જ કરી શકતા હતા. **એમના અવાજના આયામોની કોઈ સીમા ન હતી. ૧૯૪૦થી ૧૯૮૦ સુધી તેમણે ગાયેલાં ૫૦૦૦થી પણ વધારે ગીતો - ભારતીય તથા વિદેશી ભાષાઓમાં, તેમની પ્રસિદ્ધિને ચાર ચાંદ લગાડે છે.**

*ડૉ. કલામ જ્યારે સ્વિટ્ઝર્લેન્ડની વિઝિટ પર ગયા એ દિવસ ૨૬ મે નો હતો અને ત્યારથી ૨૬ મે ને 'વિજ્ઞાન દિવસ' તરીકે મનાવવામાં આવે છે.*

# સુગંધી પુષ્પો

એક સમયે, શારદાગ્રામ માંગરોળ એના સુગંધી રસ્તા માટે જાણીતું હતું. વર્ષની કોઈ પણ ઋતુમાં, કોઈ પણ સમયે શારદા ગ્રામમાં પ્રવેશ કરી, ઓફિસ સુધી પહોંચો એટલે આપની નાસિકામાં સુગંધ પ્રવેશે જ.

*કયા હતા એ છોડવા...?*

**(૧) ચમેલી** અને **(૨) જુઇ**. વરંડામાં એક તરફ જુઇ અને બીજી તરફ ચમેલી. આ બંને જમીન તો 2 x 2 જગ્યા જ રોકશે પણ એ આકાશને આંબી જશે. ત્રીજા માળ સુધી એ આરામથી પહોંચી જાય છે. શ્રાવણ માસમાં ફૂલોની બહાર આવે છે.

**(૩) રાતરાણી** અને **દિવસનો રાજા.** બંને બધી રીતે સરખા જ દેખાય. સમયાંતરે બારે માસ આવતાં નાની નાની દાંડીવાળા સફેદ ફૂલોના સમૂહમાં ગજબનો સુગંધી ખજાનો ભર્યો છે. દિવસનો રાજા દિવસે મોહરે છે, તો રાતની રાણી... 2 x 2 નીચેથી ફૂટ પડતી રહે. પાંચેક ફિટની ઊંચાઈ પકડે. કોઈ દરવાજામાં પ્રવેશે, ઊંડો શ્વાસ લઈ, ફેફસામાં સુગંધ ઠાંસી ઠાંસીને ભરવા પ્રયત્ન કરે.

**(૪) "મુચકુંદ"** ૩-૪ ફીટનો છોડ. બારેમાસ ફૂલો આવ્યા કરે ને પમરાટ ફોર્યા જ કરે. એક પછી એક વૃક્ષની ડંડી પર ગોળાકારે આવ્યા કરે.

**(૫) "પારિજાતક"** સ્વર્ગનું વૃક્ષ. ૧૦-૧૫ ફિટની ઊંચાઈ. જેવી આપણી માવજત. ચોમાસાથી ફૂલો આવે તે શિયાળો બેસે ત્યાં સુધી. રાત્રે આખી ગલી, શેરી, સ્ટ્રીટ એની મહેકથી પોતાના બાહુપાશમાં લઈ લે.

**(૬) "મોગરો"** વર્ષમાં બે વાર... શ્રાવણ અને માર્ચમાં મોહરે. બાજુમાં ખુરશી નાખીને બેસો એટલે એ આપણને ફોરમથી નવડાવ્યા જ કરે. એની વેણી બનાવીને જો કોઈ કન્યા યુવતી, પ્રૌઢા ગમે ત્યાં જાય, એ મઘમઘતો માર્ગ બની જાય. એક પણ અત્તર કે પરફ્યુમ એની પાસે પાણી ભરે.

**(૭) "પારસ"** વાવો તો આખુંય વરસ મોગરા જેવો જ લાભ મળે. પણ થોડા ઓછા પ્રમાણમાં.

**(૮) "રજનીગંધા કે ગુલછડી"** લીલી કે લીલી ચા ટાઈપનો છોડ છે. જ્યારે એની નાભિમાંથી પુષ્પદંડ નીકળે ત્યારે ૨ ફીટની ઊંચાઈ પકડે. રોજ એક પછી એક ફૂલ નીખરતા જાય. નીચેની પહેલી ફૂલની જોડી ખીલે ત્યારે તેને કાપીને શયનખંડમાં રાખી દો. એક સપ્તાહ સુધી રાત્રિ ફોરી ઉઠશે.

**(૯) "ચંપો"** સામાન્યતઃ ૧૦ ફીટ જેટલો ઊંચો થાય. પણ એની સૌરભથી રાત્રે મદહોશીમાં લાવી મૂકે. લીલો કે નાગચંપો. એમાં એકી સાથે એક જ ફૂલ ખીલે. પણ તમે એને શોધવા બેચેન થઈ ઉઠો.

**(૧૦) "મધુ માલતી"** સફેદ ગુલાબી ફૂલોની લુમવાળી આ વેલ ૪૦ ફિટ ઊંચે જઈ શકે છે. એની ખુશ્બુ મીઠી નથી પણ આખો દિવસ ધીમે ધીમે આવ્યા કરે.

**(૧૧) "બુચ"** લાંબી દાંડીવાળા ફૂલો. પણ મોટું વૃક્ષ ૪૦ ફિટની ઊંચાઈ અને થડની ગોળાઈ પણ ખાસ્સી બધી. દિવાળી આસપાસ નવેમ્બર પછી એના પર ફૂલો આવે. જેમ રાત્રિ વધતી જાય, પરિમલ વધતો જાય. એકવાર જેણે આની સુગંધ જાણી, એ દર શિયાળે એને ગોતતો જાય. ૪૦-૫૦ ફિટના ઘેરાવામાં એની સુગંધનું સામ્રાજ્ય ફેલાયેલું રહે.

**(૧૨) "બોરસલ્લી"** મધુગંધ કે બકુલ... તીવ્ર સુવાસ. પણ એના તારા આકારના ફૂલોથી એ અલગ પડે. આનું પણ ઘટાદાર વૃક્ષ થાય. **દરેક સોસાયટીમાં કોમન પ્લોટમાં એક વૃક્ષ તો વાવવું જોઈએ.**

પારિજાતના કેસરી દાંડીવાળા ફૂલો, બોરસલ્લીના નાના પીળાશ પડતાં ફૂલો. ચંપાના પણ પીળાશ કે લાલ ફૂલો થાય. બાકી તમામના શ્વેત. કદાચ ફૂલો એકાદ માસ આગળ પાછળ થાય.

***૧૯૧૯ની ૧૩મી એપ્રિલે અમૃતસરના જલિયાંવાલા બાગમાં ચળવળકારીઓ એકઠા થયા હતા. એ વખતે પંજાબીઓનો તહેવાર વૈશાખી હતો. ત્યાંના અંગ્રેજ અધિકારી રેજિનાલ્ડ ડાયરે પોતાની સેનાને આ ટોળી પર ગોળીબાર કરવાનો હુકમ આપ્યો હતો. આ સમયે લગભગ ૧૦૦૦ વ્યક્તિઓના મોત થયા હતા.***

## રાષ્ટ્રીય ચિહ્ન

ભારતનાં રાષ્ટ્રીય ચિહ્નને સમ્રાટ અશોકના સારનાથ (વારાણસી)નાં સ્તંભમાંથી લેવામાં આવ્યું છે. આ સ્તંભમાં ચાર સિંહ એકબીજાની બાજુએ પીઠ કરેલી સ્થિતિમાં ઊભા છે. **ચારે સિંહોના મોટાં ખૂલેલા છે, જે શૌર્યનું પ્રતીક છે.** ભારતીય બંધારણ સભાએ, તેની કૃતિમાંથી સામેનાં ભાગ ઉપર આવેલ ત્રણ સિંહોને જે પોતાનાં પ્રતીક ચિહ્નમાં લીધાં છે. ત્રણ ઊભા સિંહોની નીચે આધાર-ભાગ ઉપર એક ચક્ર (ભારતનાં રાષ્ટ્રીય ધ્વજની વચ્ચે આવેલ ચક્ર છે.) **આ ચક્રને ગતિ, વિકાસ અને ધર્મનું પ્રતીક મનાય છે. આ ચક્રમાં કુલ ૨૪ ખાના છે.** આધાર ભાગ ઉપર ચક્રની જમણી બાજુ એક બળદનું ચિત્ર બનેલું છે. આ બળદ સ્ફૂર્તિ તેમજ પરિશ્રમનું પ્રતીક છે. તેને ભારતીય ગ્રામ્ય અને શ્રમનાં પ્રતિનિધિત્વ તરીકે અપનાવાયું છે. ચક્રની ડાબી બાજુ વેગીલા ઘોડાનું ચિત્ર અંકિત છે. તેને પણ ગતિ અને શક્તિ તરીકે મનાય છે. ભારત સરકારે તેને રાષ્ટ્રીય ચિહ્ન તરીકે **૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦**નાં રોજ અપનાવ્યું. આધાર મધ્યે **'સત્યમેવ જયતે'** જેનો અર્થ છે 'સત્યનો સદા વિજય.' આ દેવનાગરી લિપિ છે. તેને મુંડકોપનિષદમાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યું છે. 'સત્યમેવ જયતે'ને ભારતનાં રાષ્ટ્રીય મુદ્રાલેખ તરીકે પણ અપનાવાયું છે.

## રાષ્ટ્રીય ધ્વજ

ભારતનો રાષ્ટ્રીય ધ્વજ ત્રિરંગો છે. અર્થાત્ તેમાં ત્રણ રંગો પ્રતીકાત્મક તરીકે અપનાવાયા છે. જે ત્રણ સરખા પ્રમાણવાળી આડી પટ્ટીઓથી બનેલો છે. **જે કેસરી, સફેદ તથા લીલા રંગની છે.** સૌથી ઉપર કેસરી રંગ છે. જે શૌર્ય, બલિદાન, જાગૃતિ અને ત્યાગનું પ્રતીક છે. વચ્ચે સફેદ રંગની પટ્ટી છે, જે સત્ય, સાદગી અને પવિત્રતાનું પ્રતીક છે. સૌથી નીચે ગાઢ લીલો રંગ સમૃદ્ધિનું સૂચક છે. રાષ્ટ્રીય ધ્વજમાં સફેદ પટ્ટીની વચ્ચે ચક્ર છે. જે ઘેરા વાદળી રંગનું બનેલું છે. આ ચક્રમાં ૨૪ ખાનાઓ છે. **ચક્રનું વ્યાસ સફેદ પટ્ટી જેટલું જ હોય છે.** આ ચક્ર સત્યની પ્રગતિનાં માર્ગનું પ્રતીક છે. તે સારનાથ ખાતે આવેલ અશોક સ્તંભની આકૃતિમાંથી લેવાયું છે. ધ્વજનાં ત્રિરંગા સ્વરૂપને **બંધારણ સભાએ ૨૨મી જુલાઈ, ૧૯૪૭નાં રોજ અપનાવ્યું.** તેને ૧૪મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ બંધારણ સભાના અર્ધરાત્રિકાલીન અધિવેશનમાં રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું. **આ ધ્વજ પોતાનાં ત્રણે રંગો અને ચક્રના માધ્યમથી દેશવાસીઓને ઇમાનદારીપૂર્વક સત્યનો માર્ગ અપનાવી રાષ્ટ્રને સમૃદ્ધ બનાવવાની પ્રેરણા આપે છે.** રાષ્ટ્રધ્વજની લંબાઈ - પહોળાઈનું પ્રમાણ ૨ : ૩ છે. બંધારણમાં તેના સન્માનના સંરક્ષણની પણ વ્યવસ્થા છે. તે દરેક ભારતીયનાં ગૌરવનું પ્રતીક છે. માટે તેનો પ્રયોગ તેમજ પ્રદર્શન બંને જ નિયમાનુસાર થવા જોઈએ. સામાન્ય નાગરિકોમાં ધ્વજ પ્રત્યે શ્રદ્ધા ભાવ જોતાં રાષ્ટ્રીય ધ્વજ સંહિતા, ૨૦૦૨માં સુધારો કરવામાં આવ્યો છે. જેથી હવે રાષ્ટ્ર ધ્વજને ઘરનાં ધાબા, બધા રાજકીય ભવનોમાં સામાન્ય દિવસોએ તથા સમારંભોમાં દરેક સામાન્ય અને વિશિષ્ટ નાગરિકો ફરકાવી શકે છે.

## ભારત વિશેની અન્ય માહિતી

| | |
|---|---|
| *ભારતના અન્ય નામો* | : જંબુદ્વીપ, આર્યાવર્ત, ભારતવર્ષ, હિન્દુસ્તાન, ઈન્ડિયા |
| *રાષ્ટ્રપિતા* | : મહાત્મા ગાંધી |
| *રાષ્ટ્રીય ધ્વજ* | : ત્રિરંગો |
| *રાષ્ટ્રીય મુદ્રાલેખ* | : સત્યમેવ જયતે |
| *સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર* | : ભારત રત્ન |
| *રાષ્ટ્રીય લિપિ* | : દેવનાગરી |
| *રાષ્ટ્રીય પર્વો* | : ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગસ્ટ, ૨જી ઓક્ટોબર |
| *રાષ્ટ્રીયતા* | : ભારતીય |
| *રાષ્ટ્રીય રમત* | : હોકી |
| *રાષ્ટ્રીય દસ્તાવેજ* | : શ્વેતપત્ર |
| *રાષ્ટ્રીય સંવત* | : શક સંવત |
| *રાષ્ટ્રીય વૃક્ષ* | : વટવૃક્ષ |
| *રાષ્ટ્રીય ફળ* | : કેરી |
| *રાષ્ટ્રીય નદી* | : ગંગા |

## રાષ્ટ્રીય ગીત

બાંગ્લા સાહિત્યકાર **બંકીમચંદ્ર ચેટર્જી**નાં ગીતને ભારતનાં રાષ્ટ્રગીત તરીકે સ્વીકારવામાં આવ્યું છે. ચેટર્જીએ સને ૧૮૮૨માં પોતાની નવલકથા આનંદમઠમાં આ ગીત લખ્યું હતું. **'વંદે માતરમ્'** ગીત પણ સૌપ્રથમ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં ગવાયું. ભારતીય બંધારણ સભાએ ૨૪મી જાન્યુઆરી, ૧૯૫૦નાં રોજ તેને રાષ્ટ્રગીત તરીકે અંગીકૃત કર્યું. રાષ્ટ્રગીતમાં સંપૂર્ણ ગીતનું પ્રથમ પદ જ લેવામાં આવ્યું છે. ગીતની કુલ ગાયન અવધિ લગભગ ૬૫ સેકન્ડ છે. તેનો અંગ્રેજીમાં અનુવાદ પણ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય ગીતને સંગીતની અનેક ધૂનોમાં અજમાવાયું, પરંતુ માન્યતા, **પન્નાલાલ ઘોષ** દ્વારા તૈયાર કરાયેલી ધૂનને જ મળી. આ જ ધૂન રાષ્ટ્રીય ગીત માટે અપનાવાઈ છે.

# વિશ્વમાં આવેલા ધરતીકંપ (વર્ષ ૨૦૦૫ સુધી)

| વર્ષ | સ્થાન | દેશ | તીવ્રતા |
|---|---|---|---|
| ૫૨૬ | સ્વેટીઓક | ઇટલી | — |
| ૭૯૬ | એલેકજોડિયા | – | — |
| ૮૫૬ | કોસ્થિ | ઇજિપ્ત | — |
| ૧૦૦૭ | ડ્યુજમા | ડ્યુજમા | — |
| ૧૦૫૭ | મધ્ય ચીન | ચીન | — |
| ૧૨૬૮ | સિલીસિયા | તુર્કી | — |
| ૧૨૯૦ | ચિહની | ચીન | — |
| ૧૩૩૮ | પશ્ચિમ વિભાગ | ત્રિપોલી | — |
| ૧૫૦૫ | રોય | આગરા | — |
| ૧૫૫૬ | શેન્સી | ચીન | — |
| ૧૬૬૭ | શેમાકા | શાકાસિયા | — |
| ૧૬૬૮ | કચ્છ | સિંધ | — |
| ૧૬૯૩ | કાટાનિયા | ઇટલી | — |
| ૧૭૧૭ | અલ્જિરીયસ | અલ્જિરિયા | — |
| ૧૭૩૦ | હાકાઇડો | જાપાન | — |
| ૧૭૫૫ | લિસ્બન | પોર્ટુગલ | — |
| ૧૭૮૩ | કાંબાબ્રિયા | ઇટલી | — |
| ૧૯૦૬ | સાન ફ્રાન્સિસ્કો | અમેરિકા | ૮.૩ |
| ૧૯૦૬ | વાલપારિસો | ચિલી | ૮.૬ |
| ૧૯૦૮ | મેસિસના | ઇટલી | ૭.૫ |
| ૧૯૦૮ | એવેજોના | ઇટલી | ૭.૫ |
| ૧૯૨૦ | ગ્રાન્સુ | ચીન | ૮.૬ |
| ૧૯૨૨ | સેન્ટ્ર ચિલી | ચિલી | ૮.૫ |
| ૧૯૨૩ | મધ્ય રશિયા | રશિયા | ૭.૯ |
| ૧૯૨૩ | કાંટો | જાપાન | ૮.૩ |
| ૧૯૨૭ | નાન-શાન | ચીન | ૮.૩ |
| ૧૯૩૨ | ગ્રાન્સુ | ચીન | ૭.૬ |
| ૧૯૩૨ | મેક્સિકો સિટી | મેક્સિકો | ૮.૧ |
| ૧૯૩૩ | ટોકિયો | જાપાન | ૮.૪ |
| ૧૯૩૫ | ક્વેટા | પાકિસ્તાન | ૭.૫ |
| ૧૯૩૮ | જાવા | ઇન્ડોનેશિયા | ૮.૫ |
| ૧૯૩૮ | પૂર્વ અલાસ્કા | અમેરિકા | ૮.૨ |
| ૧૯૩૯ | ચિલાન | ચિલી | ૭.૮ |
| ૧૯૩૯ | અર્જિન્કાન | તુર્કી | ૭.૯ |
| ૧૯૪૪ | ટોકિયો | જાપાન | ૮.૧ |
| ૧૯૪૬ | — | જાપાન | ૮.૧ |
| ૧૯૪૮ | આશ્ખાંબાદ | અમેરિકા | ૭.૩ |
| ૧૯૪૯ | — | ક્લોમ્બિયા | ૮.૧ |
| ૧૯૫૨ | એકાકટાપુ | અલાસ્કા | ૮.૨ |
| ૧૯૫૨ | – | જાપાન/રશિયા | ૯.૦ |
| ૧૯૫૭ | આઇલેન્ડ | મોંગોલિયા | ૯.૧ |
| ૧૯૫૭ | એકાકટાપુ | અલાસ્કા | ૮.૮ |
| ૧૯૫૮ | આઇલેન્ડ | કુરિસ | ૮.૩ |
| ૧૯૬૦ | અગાદિર | મોરક્કો | ૫.૮ |
| ૧૯૬૦ | સધર્ન આઇલેન્ડ | ચિલી | ૯.૫ |
| ૧૯૬૩ | કુરિલ | આઇલેન્ડ | ૮.૫ |
| ૧૯૬૪ | અંકારેજ | અમેરિકા | ૮.૫ |
| ૧૯૬૪ | સધર્ન અલાસ્કા | અમેરિકા | ૯.૨ |
| ૧૯૬૫ | આયર્લેન્ડ | એન્ટાર્કટિકા | ૬.૭ |
| ૧૯૬૮ | ટોકિયો | જાપાન | ૮.૨ |
| ૧૯૭૦ | સિમ્બારે | પેરુ | ૭.૭ |
| ૧૯૭૨ | તેહરાન | ઇરાન | ૬.૯ |
| ૧૯૭૨ | માનાગ્વા | નિકાસગ્વા | ૬.૯ |
| ૧૯૭૪ | કાશ્મીર (પીઓકે) | પાકિસ્તાન | ૬.૩ |
| ૧૯૭૬ | ટાંગશાન | ચીન | ૮.૨ |
| ૧૯૭૬ | ગ્વાટેમાલા | ગ્વાટેમાલા | ૭.૫ |
| ૧૯૭૭ | જાકાર્તા | ઇન્ડોનેશિયા | ૮.૩ |
| ૧૯૭૮ | તાલાસ | ઇરાન | ૭.૭ |
| ૧૯૮૦ | ખેલઅસ્નાન | અલ્જિરિયા | ૭.૩ |
| ૧૯૮૦ | નૈયલ્સ | ઇટલી | ૭.૨ |

| વર્ષ | સ્થાન | દેશ | તીવ્રતા |
|---|---|---|---|
| ૧૯૮૫ | મેક્સિકો સિટી | મેક્સિકો | ૮.૧ |
| ૧૯૮૮ | આર્મેનિયા | રશિયા | ૬.૯ |
| ૧૯૮૮ | ઉ.પશ્ચિમ અમેરિકા | અમેરિકા | ૬.૯ |
| ૧૯૮૯ | સાન ફ્રાન્સિસ્કો | અમેરિકા | ૬.૯ |
| ૧૯૮૯ | – | ઑસ્ટ્રેલિયા | ૮.૨ |
| ૧૯૯૦ | લુઝ્રાન આઈલેન્ડ | ફિલિપાઈન્સ | ૭.૭ |
| ૧૯૯૦ | કોર્પોરિયમ | રોમેનિયા | ૬.૬ |
| ૧૯૯૦ | મોયામ્બવા | પેરુ | ૫.૮ |
| ૧૯૯૦ | કાસ્પિયન | ઈરાન | ૭.૭ |
| ૧૯૯૧ | હિંદુકુશ | અફઘાનિસ્તાન | ૬.૮ |
| ૧૯૯૧ | જ્યોર્જિયા | અમેરિકા | ૭.૨ |
| ૧૯૯૨ | અર્જિન્કાન | તુર્કી | ૬.૨ |
| ૧૯૯૨ | કેરો | ઈજિપ્ત | ૫.૯ |
| ૧૯૯૨ | ફ્લોરેલ | ઈન્ડોનેશિયા | ૬.૨ |
| ૧૯૯૪ | આયર્લેન્ડ | બોલિવિયા | ૮.૩ |
| ૧૭-૧-૧૯૯૫ | કાબે | જાપાન | ૭.૨ |
| ૧૯૯૬ | જાવા | ઈન્ડોનેશિયા | ૮.૨ |
| ૧૯૯૭ | ઉત્તર ઈરાન | ઈરાન | ૭.૧ |
| ૩૦-૫-૧૯૯૮ | તઝાકિસ્તાન | અફઘાનિસ્તાન | ૬.૯ |
| ૨૫-૧-૧૯૯૯ | પશ્ચિમ ક્લોમ્બિયા | ક્લોમ્બિયા | ૬.૦ |
| ૧૭-૮-૧૯૯૯ | પશ્ચિમ તુર્કી | તુર્કી | ૮.૦ |
| ૨૧-૯-૧૯૯૯ | મધ્ય તાઈવાન | તાઈવાન | ૭.૬ |
| ૨૬-૧-૨૦૦૧ | કચ્છ - ગુજરાત | ભારત | ૭.૧ |
| ૧૩-૨-૨૦૦૧ | – | ઈન્ડોનેશિયા | ૭.૩ |

| વર્ષ | સ્થાન | દેશ | તીવ્રતા |
|---|---|---|---|
| ૨૩-૨-૨૦૦૧ | – | ચીન | ૬.૦ |
| ૨૩-૨-૨૦૦૧ | મધ્ય પૂર્વ | જાપાન | ૫.૩ |
| ૨૪-૨-૨૦૦૧ | ગાલુકુ ટાપુ | ઈન્ડોનેશિયા | ૬.૫ |
| ૨૫-૨-૨૦૦૧ | – | જાપાન | ૬.૮ |
| ૨૫-૨-૨૦૦૧ | ઉત્તર-વાયવ્ય | અફઘાનિસ્તાન | ૬.૮ |
| ૨૮-૨-૨૦૦૧ | પોર્ટલેન્ડ | અમેરિકા | ૬.૮ |
| ૨-૩-૨૦૦૧ | તાઈપેઈ | તાઈવાન | ૫.૫ |
| ૫-૩-૨૦૦૧ | નયામી | તિબેટ | ૬.૪ |
| ૭-૩-૨૦૦૧ | ગુરેરોસ્ટેટ | મેક્સિકો | ૫.૩ |
| ૧૩-૩-૨૦૦૧ | પિતાનાઈ ટાપુ | ઈન્ડોનેશિયા | ૫.૯ |
| ૨૫-૩-૨૦૦૨ | ઉ.અફઘાનિસ્તાન | અફઘાનિસ્તાન | ૫.૮ |
| ૨૨-૬-૨૦૦૨ | ઉત્તર-પશ્ચિમ ઈરાન | ઈરાન | ૬.૦ |
| ૨૪-૨-૨૦૦૩ | પશ્ચિમ ચીન | ચીન | ૬.૮ |
| ૧-૫-૨૦૦૩ | દક્ષિણ-પૂર્વ તુર્કી | તુર્કી | ૬.૪ |
| ૨૧-૫-૨૦૦૩ | ઉ. અલ્જિરિયા | અલ્જિરિયા | ૬.૮ |
| ૨૬-૧૨-૨૦૦૩ | દક્ષિણ-પૂર્વ ઈરાન | ઈરાન | ૬.૩ |
| ૧૨-૧-૨૦૦૪ | અલ્જિયર્સ | અલ્જિરિયા | ૫.૭ |
| ૫-૨-૨૦૦૪ | પાપુઆ | ઈન્ડોનેશિયા | ૬.૯ |
| ૨૪-૨-૨૦૦૪ | અલ હોસેઈમા | મોરોક્કો | ૬.૫ |
| ૨૧-૭-૨૦૦૪ | હોકાઈડો | જાપાન | ૫.૯ |
| ૫-૧૧-૨૦૦૪ | નિગાટા | મધ્ય જાપાન | ૬.૮ |
| ૨૬-૧૨-૨૦૦૪ | સુમાત્રા | ઈન્ડોનેશિયા | ૮.૯ |
| ૨૮-૩-૨૦૦૫ | સુમાત્રા | ઈન્ડોનેશિયા | ૮.૨ |
| ૮-૧૦-૨૦૦૫ | મુઝફ્ફરાબાદ | કાશ્મીર (પીઓકે) | ૭.૪ |

## વંદે માતરમ

*વંદે માતરમ્!*
*સુજલામ્, સુફલામ્,*
*મલયજ શિતલામ્,*
*શશ્ય શ્યામલામ્, માતરમ્!*
*શુભ્રજ્યોત્સનામ પુલકિતયામિનિમ્*
*ફૂલ્લકુસુમિત્ દ્રુમદલ શોભિનિમ્,*
*સુહાસિનિમ્, સુમધુર ભાષિનિમ્*
*સુખદામ્, વરદામ્, માતરમ્!*
*વંદે માતરમ્*

## ઓલિમ્પિક્સ

ઓલિમ્પિક્સ રમતોના મૂળ પ્રાચીન ગ્રીસમાં છે. ઈ.સ. પૂર્વે ૭૦૦થી દર ચાર વર્ષે પ્રાચીન ગ્રીસમાં આવા રમતોત્સવનું આયોજન થતું. ઈ.સ. ૧૮૯૬માં ગ્રીસની રાજધાની એથેન્સમાં પ્રથમ ઓલિમ્પિક રમતોત્સવનો પ્રારંભ થયો હતો. તેના ધ્વજમાં ત્રણ ઉપર, બે નીચે એમ એકબીજા સાથે જોડાયેલી પાંચ રિંગો આવેલી છે. જે આ રિંગો પાંચ ખંડોના દેશોની પરસ્પરના સંગઠન અને જોડાણનું પ્રતીક છે. તેનો મુદ્રાલેખ છે : સાઈટિયસ, અલ્ટિયસ અને ફોરેટિયસ. આ લેટિન શબ્દોનો અર્થ થાય છે કે 'વધારે ઝડપથી, વધારે ઊંચે અને વધારે શક્તિથી.'

# મેરા દેશ મહાન....

- ભારતમાં સૌપ્રથમ સુતરાઉ કાપડની મિલ કોલકાતામાં શરૂ થઈ હતી.
- ગ્રાહક સુરક્ષા ધારો વર્ષ ૧૯૮૬માં ઘડવામાં આવ્યો હતો.
- ભારતના રાષ્ટ્રસૂત્ર તરીકે બંધારણ સભામાં 'સત્યમેવ જયતે'ને અપનાવવામાં આવ્યું છે.
- ગુજરાતના વર્તમાન રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી છે.
- વાહનોમાં 'બહિર્ગોળ' પ્રકારના અરીસાનો ઉપયોગ થાય છે.
- ભારતીય બ્રહ્મો સમાજની સ્થાપના રાજા રામ મોહનરાયે કરી હતી.
- 'ગુલામગીરી', 'ખેડૂતોના આંસુ' અને 'સાર્વજનિક સત્યધર્મ' વગેરે પુસ્તકોના લેખક જ્યોતિબા ફૂલે છે.
- ભોજા ભગતે 'ચાબખા'ની રચના કરી હતી.
- ચૂંટણીમાં ધર્મ, જાતિ અને ભાષાના નામે મત માંગવો ગેરબંધારણીય છે.
- પદ્ય વાર્તાઓના પિતા તરીકે શામળ ભટ્ટ ઓળખાય છે.
- ગુજરાતના વેરાવળ બંદરનો મત્સ્ય બંદર તરીકે વિકાસ થયો છે.
- 'મારી આંખે કંકુના સૂરજ'ના કવિ રાવજી પટેલ છે.
- ગોપાલકૃષ્ણ ગોખલેએ અંગ્રેજ સરકારે આપેલો 'નાઈટ'નો ખિતાબ ઠુકરાવ્યો હતો.
- 'સત્યના પ્રયોગો' એ ગાંધીજીની આત્મકથા છે.
- 'પહાડનું બાળક' તરીકે ઝવેરચંદ મેઘાણી ઓળખાય છે.
- બંધારણ સભાએ ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ સર્વાનુમતે બંધારણ સ્વીકાર્યું હતું.
- જયંતી ગોહિલનું તખલ્લુસ 'માય ડિયર જયુ' છે.
- 'બ્રહ્મપુત્રા' નદી બાંગ્લાદેશમાં 'જમુના' તરીકે ઓળખાય છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદનું મુખપત્ર 'પરબ' છે.
- નરસિંહ મહેતાના 'પ્રભાતિયા' ખ્યાતનામ છે.
- અખંડ ભારતના બે ભાગલા કરવાની યોજના માઉન્ટ બેટનની હતી.
- 'ગરબા' એ વલ્લભ મેવાડાની જાણીતી રચના છે.
- ગુજરાતની પ્રથમ નવલકથા 'કરણ ઘેલો'ના સર્જક નંદશંકર મહેતા છે.
- ભારતના મૂળ બંધારણમાં ૮ પરિશિષ્ટ અને ૩૯૫ કલમો હતી.
- રથમંદિરો પલ્લવ રાજાઓ દ્વારા બનાવવામાં આવ્યા હતા.
- ભવાઈના રચયિતા અસાઈત ઠાકર છે.
- તાપી નદી સાતપુડાની પર્વતમાળામાંથી નીકળે છે.
- ઉત્તમ પ્રકારના કપાસ માટે જાણીતો વિસ્તાર 'કાનમ' ભરૂચ જિલ્લાનો ભાગ છે.
- ગાંધીજીએ કાકા કાલેલકરને 'સવાઈ ગુજરાતી'નું બિરૂદ આપ્યું હતું.
- 'પોળોના જંગલો' ગુજરાતના વિજયનગર તાલુકામાં આવેલા છે.
- 'ગઝલ' વિશ્વ સામયિક વલી ગુજરાતી ગઝલ કેન્દ્ર દ્વારા પ્રગટ કરવામાં આવે છે.
- 'લોહીની સગાઈ' વાર્તાના લેખક ઈશ્વર પેટલીકર છે.
- 'રાશ્ત ગોફતાર' નામે મુખપત્ર દાદાભાઈ નવરોજીએ ચાલુ કરાવ્યું હતું.

*ફૂલ કેટલું પણ સુંદર હોય, તારીફ તેની સુગંધથી થાય છે.*
*માણસ કેટલો પણ મોટો હોય, કદર તેના ગુણોથી થાય છે.*

# ભારતની સર્વપ્રથમ વ્યક્તિ

| | પદ - સ્થિતિ | વ્યક્તિ | વર્ષ |
|---|---|---|---|
| ★ | પ્રથમ બ્રિટીશ ગવર્નર જનરલ | વોરન હેસ્ટિંગ્સ | |
| ★ | સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલ | લોર્ડ માઉન્ટ બેટન | ૧૯૪૭ |
| ★ | ભારતના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ | એચ. જે. કાનિયા | |
| ★ | સ્વતંત્ર ભારતના પ્રથમ કમાન્ડર ઈન ચીફ | જનરલ સર રોય બુચર | |
| ★ | પ્રથમ ભારતીય સેનાધ્યક્ષ | જનરલ કે.એમ. કરિઅપ્પા | ૧૯૪૭ |
| ★ | સ્વતંત્ર ભારતના પ્રથમ ભારતીય કમાન્ડર ઈન ચીફ | જનરલ કે.એમ. કરિઅપ્પા | ૧૯૪૯ |
| ★ | પ્રથમ વાયુસેના અધ્યક્ષ | એર માર્શલ સર થોમસ એલ્મહિર્સ્ટ | |
| ★ | ભારતીય વાયુસેનાના પ્રથમ કમાન્ડર ઈન ચીફ | એર માર્શલ એસ. મુખર્જી | |
| ★ | પ્રથમ નૌસેના અધ્યક્ષ | વાઈસ એડમિરલ આર.ડી. કટારિયા | |
| ★ | પ્રથમ ભારતીય અવકાશ યાત્રી | સ્ક્વાડ્રન લીડર રાકેશ શર્મા | ૧૯૮૪ |
| ★ | પ્રથમ મહિલા સ્નાતક | કાદંબિની ગાંગુલી | ૧૮૮૩ |
| ★ | ભૂતપૂર્વ સ્નાતક એકેડેમિક સંસ્થાની પ્રથમ મહિલા અધ્યક્ષ | ચંદ્રમુખી બસુ | |
| ★ | ઑનર્સમાં સ્નાતક પ્રથમ મહિલા | કામિની રાય | |
| ★ | પ્રથમ મહિલા અધિવક્તા | કોર્નેલિયા સોરાબજી | |
| ★ | પ્રથમ મહિલા ચિકિત્સક | કાદંબિની ગાંગુલી | ૧૮૮૬ |
| ★ | ભારતીય સંઘના પ્રથમ ગવર્નર જનરલ | સી. રાજગોપાલાચારી | ૧૯૪૮ |
| ★ | ઔષધિમાં પ્રથમ સ્નાતક | સૂર્જો કૂમર ગુડેવ ચક્રવર્તી | |
| ★ | ઓસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય | ભાનું અથૈયા | |
| ★ | દક્ષિણ ધ્રુવ પર પહોંચનાર પ્રથમ ભારતીય | કોલ જતીન્દ્રકુમાર બજાજ | |
| ★ | અમેરિકામાં પ્રમુખ સાહિત્યિક સન્માન મેળવનાર પ્રથમ ભારતીય | ધન ગોપાલ મુખર્જી | |
| ★ | ઓલિમ્પિકમાં ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય | નોર્મન પ્રિચાડ | ૧૯૦૦ |
| ★ | પ્રથમ ભારતીય આઈ.સી.એસ. અધિકારી | સત્યેન્દ્રનાથ ટાગોર | ૧૮૬૩ |
| ★ | અંગ્રેજી ચેનલને તરીને પાર કરનાર પ્રથમ ભારતીય | મિહિર સેન | ૧૯૫૮ |
| ★ | અંગ્રેજી ચેનલને તરીને પાર કરનાર પ્રથમ ભારતીય મહિલા | આરતી સાહા | ૧૯૫૯ |
| ★ | પ્રથમ મેગ્સેસે ઍવોર્ડ વિજેતા | આચાર્યા વિનોબા ભાવે | |
| ★ | પ્રથમ નોબલ પુરસ્કાર વિજેતા | રવીન્દ્રનાથ ટાગોર | ૧૯૧૩ |
| ★ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ | ડબલ્યુ.સી. બેનર્જી | ૧૮૮૫ |
| ★ | ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ | રાજેન્દ્રપ્રસાદ | ૧૯૫૦ |
| ★ | ભારતના પ્રથમ વડાપ્રધાન | જવાહરલાલ નહેરુ | ૧૯૪૭ |
| ★ | ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન | સરદાર વલ્લભભાઈ પટેલ | |
| ★ | ભારતની પ્રથમ બોલતી ફિલ્મ | આલમઆરા | |
| ★ | ભારત રાષ્ટ્રીય કોંગ્રેસની પ્રથમ મહિલા અધ્યક્ષ | એની બેસન્ટ | |
| ★ | પ્રથમ મહિલા વડાપ્રધાન | ઇંદિરા ગાંધી | |
| ★ | પ્રથમ મહિલા મંત્રી | રાજકુમારી અમૃત કૌર | |

| | | | |
|---|---|---|---|
| ★ | પ્રથમ મહિલા મુખ્યમંત્રી | સુચેતા કૃપલાની | ૧૯૬૩ |
| ★ | પ્રથમ મહિલા રાજ્યપાલ | સરોજિની નાયડુ | |
| ★ | પ્રથમ મહિલા કેન્દ્રીય મંત્રી | વિજયલક્ષ્મી પંડિત | |
| ★ | પ્રથમ મહિલા વિધાનસભા અધ્યક્ષ | શન્નો દેવી | |
| ★ | પ્રથમ મહિલા વિમાન ચાલક | દુર્ગા બેનર્જી | |
| ★ | પ્રથમ મહિલા એશિયાડ ગોલ્ડ વિજેતા | કમલજીત સંધુ | |
| ★ | પ્રથમ મહિલા ઓલિમ્પિક પદક વિજેતા | કરણમ્ મલ્લેશ્વરી | |
| ★ | સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ | મીરા સાહિબ ફાતિમા બીબી | |
| ★ | પ્રથમ મહિલા આઈ.પી.એસ. અધિકારી | કિરણ બેદી | |
| ★ | મિસ વર્લ્ડનો તાજ જીતનાર પ્રથમ મહિલા | રીતા ફારિયા | |
| ★ | મિસ યુનિવર્સનો તાજ જીતનાર પ્રથમ મહિલા | સુસ્મિતા સેન | |
| ★ | ફોર્ડ સુપર મોડલનો ખિતાબ જીતનાર પ્રથમ મહિલા | બીપાશા બાસુ | |
| ★ | નોબલ પુરસ્કાર મેળવનાર પ્રથમ મહિલા | મધર ટેરેસા | |
| ★ | બિગ બ્રધર શોની પ્રથમ ભારતીય મહિલા | શિલ્પા શેટ્ટી | |
| ★ | દસ ભૂમિકામાં કામ કરનાર પ્રથમ અભિનેતા | કમલ હાસન (દશાવતરમ) | |
| ★ | ફોર્મ્યુલા રેસમાં ભાગ લેનાર પ્રથમ ભારતીય | નારાયણ કાર્તિકેયન | |

## મહાપુરુષોના સમાધિ સ્થળ

| વ્યક્તિ | સ્થળ |
|---|---|
| મહાત્મા ગાંધી | રાજઘાટ |
| જવાહરલાલ નહેરુ | શાંતિવન |
| ડૉ. રાજેન્દ્ર પ્રસાદ | મહાપ્રયાણ ઘાટ |
| લાલબહાદુર શાસ્ત્રી | વિજય ઘાટ |
| ચૌધરી ચરણસિંહ | કિસાન ઘાટ |
| ઈન્દિરા ગાંધી | શક્તિ સ્થળ |
| મોરારજી દેસાઇ | અભય ઘાટ |
| જગજીવનરામ | સમતા સ્થળ |
| રાજીવ ગાંધી | વીર ભૂમિ |

## ભારતના વડા પ્રધાનોના નામ

- ★ જવાહરલાલ નહેરુ
- ★ ગુલઝારીલાલ નંદા
- ★ લાલ બહાદુર શાસ્ત્રી
- ★ ઈન્દિરા ગાંધી
- ★ મોરારજીભાઈ દેસાઇ
- ★ ચૌધરી ચરણસિંહ
- ★ ઈન્દિરા ગાંધી
- ★ રાજીવ ગાંધી
- ★ વિશ્વનાથ પ્રતાપસિંહ
- ★ ચંદ્રશેખર
- ★ પી.વી. નરસિંહરાવ
- ★ અટલ બિહારી વાજપેયી
- ★ દેવગૌડા
- ★ આઈ.કે. ગુજરાલ
- ★ અટલ બિહારી વાજપેયી
- ★ મનમોહનસિંહ
- ★ નરેન્દ્ર મોદી

## મંગલ મંદિર માનવ સેવા પરિવાર

(અનુ. : પાના નં.-૬૩ ઉપરથી ચાલુ)

★ **શ્રી શાંતિનાથ જિનાલય - હીરપુર, કાંકરિયા :** પ્રાચીન શાંતિનાથ ભગવાનનું ભવ્ય જિનાલય છે.

★ **શ્રી સુમતિનાથ જિનાલય - હરિપુરા, અસારવા :** ધૂળેટીના દિવસે હજારો ભક્તો જિનાલયના દર્શને આવે છે. જ્યાં પૂ. દેવસૂરીશ્વરજી મહારાજાની સમાધિ છે. આજેય દેવચંદ્રસૂરીશ્વરજી મહારાજા ત્યાં હાજરાહજુર છે અને ભક્તોને દર્શન દે છે. જ્ઞાન પ્રાપ્તિ માટે સંકલ્પ કરવા ભવ્યતમ સાધના સ્થળ છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

## ભારતીયોનું વિદેશગમન

મોર્ગન સ્ટેનલીના આંકડા મુજબ વર્ષ ૨૦૧૪થી ૨૦૧૭ સુધીમાં ઊંચી આવક ધરાવતા લગભગ ૩૦ હજાર લોકો ભારતથી વિદેશગમન કરી ગયા છે. એમણે અન્ય દેશોની નાગરિકતા લઈ લીધી છે. વિદેશગમનનું આ પ્રમાણ પણ ધીમે ધીમે વધી રહ્યું છે. ૨૦૧૪થી ૨૦૧૬ દરમિયાન દર વર્ષે લગભગ ૫૩૦૦ લોકોએ વિદેશગમન કર્યું હતું. ૨૦૧૭માં તો ૭૦૦૦ વ્યક્તિઓએ વિદેશગમન કર્યું હતું. તેઓ વિદેશગમન સાથે પોતાની મૂડી પણ ભારતમાંથી લઈ જાય છે.

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૨૭)

હંસરાજ સાંખલા

## જ્યોતિકાએ માની ઉદાસીનું કારણ જાણ્યું

એની રતન મા વિશે ભાભીના મોંએથી આવું સાંભળતાં જ્યોતિકા બેબાકળી થઈ ગઈ. એનાથી ન રહેવાયું. એને એ રાત્રી વિતાવવી બહુ વસમી લાગી. દિવસ તો પ્રવૃત્તિમાં જતો રહ્યો. વળી રાત આવી. જ્યોતિકાએ એના પતિને બહુ આગ્રહથી કહ્યું, ‘‘મારી મા બીમાર છે. મને કાલે જ જાવું પડશે. તમે હાલો.’’

અને બીજે જ દિવસે જ્યોતિકા એના બાપુજીના ઘરે ગઈ.

એ માને મલી. મા કંઈ બોલી નહીં ને એને ભેટીને રોઈ પડી. દીકરી માની પીઠ ઉપર હાથ ફેરવતી રહી, ને એને રોવા દીધી.

શારદાએ બંને મા-દીકરીને પાણી પાયું.

જ્યોતિકાએ વાતાવરણ હળવું કરવા દેશની વાતો કાઢી. પરંતુ એની મા વાત ટૂંકાવતી કે હકાર-નકારમાં માથું હલાવતી ને બોલ્યાચાલ્યા વગર પણ ઓચિંતા આવતાં આંસુ એ લૂછી નાખતી.

જ્યોતિકાને વાતની ગંભીરતાનો તાગ મળી ગયો. એણે વિચાર્યું : પૂરી વિગત જાણ્યા વગર મા કને હવે વાત નથી કરવી. એ ત્યાંથી ઊભી થઈ.

જ્યોતિકાએ શારદા કનેથી જીણકીને લઈને એને પોતે તેડી પપ્પી કરી માને રમાડવા આપી. ને બંને નણંદ ભોજાઇ કિશોરભાઈના રૂમમાં ગઈ. દરવાજો આડો કરી જ્યોતિકાએ શારદાને બધી વિગત જણાવવા કહ્યું.

શારદાએ દેશમાં એના સાસુ-સસરા વચ્ચે બનેલ બનાવ જે સાંભળ્યો હતો તે અક્ષરસહ કહી સંભળાવ્યો.

જ્યોતિકા જેમ જેમ સાંભળતી ગઈ તેમ તેમ તેના હૃદયના ધબકારા વધતા ગયા ને એને બાપુજી ઉપર ગુસ્સો ચડતો ગયો.

એને એ ન સમજાયું કે આવા સંજોગોમાં માને કેવા શબ્દોથી આશ્વાસન દેવું? એ મા હતાં. જશોદા મા. એ મૂંઝાઈ ગઈ. એની આંખમાં આંસુ આવી ગયા. આજે એના મગજ ઉપરથી એની માના ભૂતકાળ ઉપરનો પડદો હટી ગયો હતો. એને વિશ્વાસ નતો બેસતો કે સમજણ ને સંસ્કારની દીવાદાંડી જેવી મારી રતનમા આવી ભૂલ કરે? એનામાં પણ કંઈક રહસ્ય હશે. એવી એને શંકા ગઈ. ક્યાંક નજરે ચડેલું પણ ખોટું હોઈ શકે. આ તો નજરે ચડે તે ચોર, એવી વાત છે. પેલા જમાનાની ગેઢેરાની વાતું સાંભળી’તી ઇ પ્રમાણે ગેઢેરાના ન્યાયની પદ્ધતિ દારૂ પાયેલી હાથણીના ન્યાય જેવી હતી. એ જેના પર કળશ ઢોળે એ ગુનેગાર કે એ રાજા જાહેર થાય. ત્યારે હાથણીના મગજમાં ગુણ દોષ કે ન્યાય-અન્યાયનો મુદ્દો તસુભાર નથી હોતો. તેવી વાત હતી. વળી આ તો અનુશાસનમાં માતન પુરુષપ્રધાન અભણ સમાજ!

છોરાં વછોઈ માનો એનાં બાળકનો મલવાનો વલવલાટ, એનાં બાળકો પ્રત્યેની મૂરઝાયેલી લાગણીની પીડા. એનાં વિખૂટાં પડેલાં બાળકો સાથેના લોહી અને લાગણીના સંબંધને લઈને એને મળવાની ઝંખના, એક મમતાભૂખી માની સંતાનોને મળવાની તડપ એની રતનમાની આટલાં વર્ષોની વેદના, ઉદાસી અને આંસુનું રહસ્ય જ્યોતિકાએ જાણી લીધું.

જ્યોતિકાએ મનમાં નક્કી કરી લીધું હું મારી માને એનાં સંતાનો સાથે જેમ બને તેમ જલદી મુલાકાત કરાવીશ.

હવે એને રતનમાને મળવા જવું હતું પણ એને મળવા જવાની હિંમત ન’તી ચાલતી. આજે જ્યોતિકા એના બાપુજીના વર્તન બદલ ક્ષોભ અનુભવવા લાગી. આ સંજોગોમાં પોતાની જાતને પરોક્ષ રીતે ગુનેગાર ગણવા લાગી.

આજે એને એની માના જખમ પર મલમપટો બાંધવો હતો. પણ એની માનો આ જખમ એવી જગ્યા પરનો હતો, જ્યાં એ મલમ લગાવતાં મર્યાદાભંગ થાય એવું લાગ્યું. છતાં એને એ કામ કરવું જ પડશે તેવું લાગ્યું.

એને એ મોટું આશ્વાસન હતું કે આ તો મારી મિત્ર મા છે ને. આજે એને હું આશ્વાસન નહીં આપું તો કોણ આપશે?

માને આવો આઘાત જો કોઈ બીજી વ્યક્તિ આપે તો એના બાપુજીએ આશ્વાસન આપવું જોઈએ. પણ અહીં એના બાપુજીએ જ જો આઘાત આપ્યો છે તો...?

ઇ ભાઈમણ હે. એને એક બાઈમણની આવી વેદના કેમ હમજાય?

મારા બાપુજીએ જો મારી માનો થોડો થકો પણ વિચાર કર્યો હોત તો આવા ઘાય ન માર્યા હોત. જો ઈ મારી માનો આટલો ભૂતકાળ જાણેર્યા તો મારી માએ એનાં હાચાં કારણો અને તેની પૃષ્ઠભૂમિ પણ જણાવી જ હશે. મારી મા કેવા ખુલ્લા દિલની નિખાલસ હે એને કાંય છુપાવ્યું નીં હોય ઈ હાચું. એને ન છુપાવીને ભૂલ નથી કરી. કોઈ પણ બાઈમણ આવા સંજોગોમાં પોતાના ધણીને આવી વાત ન કરે તો આવી વાત કોને કહે? કોઈને કહેવા ધારે તોય એ કોઇનેય ન કહી શકે એવી આ વાત હતી.

દીકરી જ્યોતિકાએ એની માની મનોસ્થિતિનો પૂરેપૂરો તાગ મેળવી લીધો.

એને થયું "રતનમાની જગ્યાએ હું હોત તો કદાચ મારાથી આપઘાત થઈ ગયો હોત. જે વ્યક્તિ કનેથી દુખતા ઘા પર દવાની આશા હોય એ જ વ્યક્તિ જો એ ઘા ઉપર મરચું ભભરાવે તો એની કેવી હાલત થાય?"

જ્યોતિકાએ આંસુ લૂછી હિંમત કરી. એની માને મળવા એના રૂમમાં ગઈ.

મા-દીકરીએ એક દોઢ કલાક બંધ બારણે સુખદુઃખની વાતો કરી.

જ્યોતિકાએ એના બાપુજીની ભૂલ બદલ માફી માગી. હવે આવું નીં થાય અને આ બધું ભૂલી જવાની વિનંતી કરી.

રતન તો વર્ષોથી અહીં આવી ત્યારથી આગળ-પાછળનું બધું ભૂલી જવા માગતી હતી. પણ એનું મરકટ મન ક્યાં કહ્યું કરતું'તું? આગળના ઘા હજી પૂરા રુઝાયા ન'તા, ત્યાં એ જ ઘા ઉપર નવા ઘા થયા.

આગળના ઘા તો ત્ર્યાટ વ્યક્તિઓએ માર્યા હતા. પણ આ તો...?

પારકાના ઘા કરતાં પોતાનાના ઘા રતનને વધુ પીડાકારક લાગ્યા.

એની આંખમાં આંસુ આવી ગયાં.

જ્યોતિકાએ એનાં આંસુ લૂછતાં રતનમાને મનોમન વચન આપ્યું : હું જ્યાં સુધી મારી જશોદામાની આંખમાં આવતાં આંસુ બંધ નીં કરું ત્યાં હુદી હું જલાબાપાના નામના ગુરુવારના ઉપવાસ (એકટાણાં) કરીશ અને મને બહુ પ્રિય એવી એક પણ મીઠાઈ નીં ખાઉં. અને એ બધું હું ન ભૂલું એટલા હારુ ખાતી-પીતી વખતે 'જય જલારામ' બોલીશ. મારી પ્રતિજ્ઞા પૂરી થશે પછી જલાબાપાના દર્શન કરીને આ વ્રત છોડીશ. હે જલારામબાપા, હું મારી જશોદામાનું ઋણ ઉતારી શકું એવી મને શક્તિ અને સંજોગો દેજો.

મા-દીકરીનાં હૈયાં થોડાં હળવાં થયાં.

જ્યારે મા-દીકરી રૂમની બહાર આવી ત્યારે વહુ શારદાને થયું 'મા-દીકરી બેય એક કલાક હરખે હરખી રોઈ લાગેરી' એની બંનેની આંખો લાલઘૂમ હતી.

જ્યોતિકા રાત રોકાઈ. એને એના બાપુજી સાથે થોડી ચર્ચા કરવી હતી. પણ બધાની હાજરીમાં આ ચર્ચા કેમ થઈ શકે?

એણે કિશોર અને સુધીરને વાત કરી. એ ત્રણેય સાળો બનેવી કોઈને મળવા જવાનું કહી બાઈક લઈ બહાર નીકળી ગયા.

જ્યોતિકાએ બંધ બારણે એના બાપુજી સાથે ચર્ચા કરી.

શરૂઆતમાં એના બાપુજીએ પોતાના બચાવમાં વાતનો અવળો અર્થ કરી, એની માને જ દોષી ઠેરવતા હતા. ને એવી જ વાતો કરતા હતા; પરંતુ મહામહેનતે એ સમજાવી શકી કે 'મને મારી માએ આ બાબતે કાંય નથી કેધુ ને મને તમારી કને આ બાબતે ચર્ચા ન કરવા પોતાના હમ દીધા હે. પણ હું તમને કેધા વગર નીં રઉં.' જ્યોતિકાએ સત્તાવાહી અવાજે કહ્યું.

એ અત્યારે ભલે કબૂલ ન'તા કરતા, પણ દેશમાં બોલવાનું થયા પછી એને પોતાની ભૂલ તો સમજાઈ જ હતી. તે દિવસે તલાટીએ મગજ બગાડ્યું હતું ને એનો ગુસ્સો રતન ઉપર કઢાઈ ગયો હતો. એનો એને પસ્તાવો પણ થયો હતો. તેથી તો ઓડા ઓડા થતા હતા પરંતુ એનામાં રહેલા પુરુષનો અહમ્ એને સામેથી ઝુકવા કે ભૂલ કબૂલવા દેતો ન હતો.

'હવેથી તમારી કોઈ વાતથી મારી માને ખોટું લાગશે કે એની આંખમાં આંસુ આવશે તો બાપુજી હું તમારા ઘરનો ત્યાગ કરીશ. આટલામાં હમજી જજો.' જ્યોતિકાનો અવાજ અને હાથ ધ્રૂજતા હતા. એની આંખમાં આંસુ આવી ગયાં.

દીકરાનું માને કે ન માને પરંતુ બાપને દીકરીનું તો માનવું જ પડે.

જ્યોતિકા કેટલી ટેકીલી હતી એ એના બાપુજી જાણતા હતા.

જ્યોતિકા સામે એના બાપુજી હવે મૌન થઈ ગયા.

રાત્રે મા-દીકરી બંને રૂમમાં સૂતી.

રતનને આજે ઘણા દિવસ પછી હૈયું હળવું થતાં થોડી નિરાંતની ઊંઘ આવી.

માને નિરાંતે ઊંઘતી જોઈ દીકરીને પણ શાંતિ થઈ. એને થયું, 'મારી લગાવેલી દવા યોગ્ય સમયે અને યોગ્ય જગ્યાએ કામ લાગી હે.' હવે એને બાકીનું કામ જેમ બને તેમ જલદીથી કરવું'તું.

સવારમાં જ્યોતિકાએ એના ઘરે જવાની રજા લીધી.

એના રૂમમાં જતી રતનની પાછળ-પાછળ જ્યોતિકા પણ ગઈ.

રતન મોકલામણી આપતી'તી તો જ્યોતિકાએ ના પાડી. "મા આજે હું કાંય નીં લઉં. જૈયે હું મારી બોન જ્યોતિને ને બધા ભાઈબોનનો તમારાથી મેળાપ કરાવીશ ને તમારી હગી દીકરી સાબિત થૈશ પછી જ હું તમારા કનેથી મોકલામણી લૈશ. ત્યાં હોદી ઈ લેવાને હું હક્કદાર નથી." રતન જ્યોતિકાને ભેટી. બંનેની આંખમાં આંસુ આવી ગયાં.

દીકરીએ આંસુ લૂછતાં કહ્યું, "મા હવેથી તમે રોશો તો તમને મારા હમ હે... ભલે અમે જૈયે." કહી જ્યોતિકા અને સુમીત નીકળ્યાં.

જ્યોતિકાને હવે એક જ ધૂન હતી. ગમે તેમ કરીને જેમ બને તેમ જલદી એની રતનમાના આગલ્યાં ઘરનાં સંતાનોની ભાળ મેળવવી.

છ-આઠ મહિના પછી એને આ કામ એ ધારતી'તી એના કરતા ઘણું અઘરું દેખાવા લાગ્યું.

મુશ્કેલી એ હતી કે એના વતનના પાંચાડો (વિસ્તાર) અને એના નવા મામાના વતનનો પાંચાડો જુદો હતો. એ ઉગમણા પાંચાડાનાં હતાં ને એના નવા મામા વચલ્યા પાંચાડાના હતા. સમાજમાં જુદાં પાંચાડામાં દીકરા-દીકરીના સંબંધની બંધી ન'તી છતાં પોતાના પાંચાડાની બહાર જલદી કોઈ સંબંધ કરતું નહીં. તેથી તેના નવા મામાના સગા બધા વચલ્યા પાંચાડામાં હતાં જ્યાં એના બાપુજીના પાંચાડાનાં કોઈનાં સગાં ત્યાં ન હોય.

નૈ તો અવળ નવળ સંબંધના છેડા છબતા જ હોય; પરંતુ એવો ત્યાંનો કોઈ તાર આ બાજુ છબતો ન'તો, કે અહીંનો કોઈ તાર ઈ બાજુ છબતો ન'તો. તો હવે કઈ રીતે બધાંનો તાગ મળશે?

બીજા ઉપાયરૂપ જ્યોતિકાએ એના નવા મામા જગદીશમામાને આના માટે બે વાર કાગળ લખ્યા હતા. પરંતુ કોઈ જવાબ ન તો આવ્યો. એના મામાને બીક હતી 'કોઈ નવો પ્રશ્ન ઊભો થશે તો?'

જ્યોતિકા આ કામ માટે નિરાશ થતી જતી હતી. એને થયું 'જોઉંરી. આ રીતે ભાળ મળે તો ઠીક, નૈતો હાતમ માથે દેશમાં જૈને પણ આ કામ પૂરું કરીશ.' એને યાદ આવ્યું. રતનમાની વાતુમાં એના નારણકાકા અને પારૂકાકીની વાતું આવતી.

મામેરા ટાણે રતનમાની સારસંભાળ પારૂકાકી જ કરતાં હતાં. જો એને કાગળ લખીશ તો કદાચ ઈ માહિતી દેશે. એને થયું નાનાબાપાને બીજું કંઈ ન લખું નૈં તો એનેય વિચાર થૈ પડશે. એના કરતાં 'નાનુમાસી'નું બારેનું સરનામું લઈને મોકલજો.' એટલું જ લખું. 'જો ગમે તેમ કરીને નાનુમાસીનું સરનામું મળે તો બધું સેલું થઈ જાય.' એમ વિચારી એણે નારણનાનાને પત્ર લખ્યો.

એનો પણ જવાબ ન આવ્યો.


બીજા પત્રમાં બહુ આગ્રહથી લખ્યું હતું. પછી એનું સરનામું આવ્યું. જ્યોતિકાને થયું આ વખતનાં સમૂહ-લગ્ન નાનુમાસીના ગામમાં હે. તો તૈયેંજ રૂબરૂ મુલાકાત કરીશ. પરંતુ થયું એવું, એ સમૂહ-લગ્નના દિવસે એના મોટા સસરાને ત્યાં પ્રસંગ હતો. એટલે એ પોતે નહીં જઈ શકે એનો એને અફસોસ થયો. પણ સમાજમાં કોઈ જતું હશે તો નાનુમાસીની ઓળખાણ કાઢવા ભલામણ કરીશ – સમૂહ લગ્નના દિવસની એ રાહ જોવા લાગી.


*(ક્રમશઃ)*

## બાલુડેં જ્યું ગાલિચુંમાં આપેલ ક્વીઝના જવાબો

ફિલ્મી ફંડા

(A) બિંદિયા ગોસ્વામી, (B) લીના ચંદાવરકર, (C) રવિના ટંડન, (D) જૂહી ચાવલા, (E) મધુ, (F) આયેશા ઝુલ્કા, (G) માધુરી દીક્ષિત, (H) વૈજંયતિ માલા, (I) નૂતન.



# અમદાવાદના પ્રાચીન જિનાલયો – (૩)

## ટંકશાળ - ખાડિયાના જિનાલયો : ૫

★ **શ્રી સંભવનાથ જિનાલય અને શ્રી પાર્શ્વનાથ જિનાલય - કાળુશીની પોળ :** અમદાવાદની અજાયબી સમાન - અતિ પ્રાચીન - બે જિનાલયોની વચ્ચે વાહનો પસાર થઈ શકે તેવો રોડ છે. તે બંને જિનાલયોના ભોંયરામાંથી એકબીજા જિનાલયમાં જવાય છે. ૧૦૮ પાર્શ્વનાથમાંથી મૂળ હ્રીઁ કાર પાર્શ્વનાથ ભગવાન જ્યાં બિરાજે છે. સરસપુરના ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયની ચૌમુખીમાંથી ૧ પ્રતિમાજી અહીં મૂળનાયક તરીકે બિરાજે છે તથા વરદત્ત આદિ ગણધરોની ભવ્ય પ્રતિમાજી - કાકા ભેમજીનો ગોખલો આદિ અનેક વિશેષતાઓ ધરાવતું આ વિશિષ્ટ જિનાલય અનન્ય સાધના સ્થળ છે.

★ **શ્રી અજિતનાથ જિનાલય - કાળુશીની પોળ :** ખારા પથ્થરમાંથી બનેલું ભવ્યતમ, બારીક કલાકૃતિવાળું તથા કલરકામની વિશિષ્ટ કલાવાળું પોળની મધ્યમાં આવેલું પ્રાચીન જિનાલય છે.

★ **શ્રી આદિનાથ જિનાલય - જહાંપનાહની પોળ, ટંકશાળ :** બે માળનો ભવ્ય ઋષભદેવ જિનપ્રાસાદ છે. જેમાં ૨૪ તીર્થંકર ભગવાનના યક્ષ-યક્ષીણીઓની કૃતિવાળા તથા ચૌદ સુપનની કલાવાળા જોવાલાયક ભવ્ય ભંડારો છે.

★ **શ્રી આદિનાથ જિનાલય - રાજા મહેતાની પોળ :** ઘુમ્મટબંધી જિનાલય - વિશિષ્ટ કલાથી સભર છે.

★ **શ્રી સુમતિનાથ જિનાલય, જ્ઞાનભંડાર, મનસુખભાઈની પોળ; શ્રી નમિનાથ જિનાલય - મનસુખભાઈની પોળ :** બે માળનું ભવ્યતમ કલાવાળું જિનાલય છે. સાધના માટે ઉત્તમ સ્થાન છે. શાંતિનું ધામ છે.

★ **શ્રી કુંથુનાથ જિનાલય - લક્ષ્મીનારાયણની પોળ :** જેસલમેર - સંગેમરમર - શ્યામ ગ્રેનાઈટ માર્બલના સંગમથી બનેલું અદ્‌ભુત કોતરણીવાળું જિનાલય.

★ **શ્રી નમિનાથ જિનાલય - પાડા પોળ :** વિશાળ રંગમંડપ તથા અદ્‌ભુત કોતરણીકામવાળું ત્રણ માળનું જિનાલય જ્યાં ભોંયરામાં પ્રાચીન ચમત્કારિક શ્રી વિમલનાથ દાદાની પ્રતિમાજી બિરાજે છે.

★ **શ્રી મહાવીર સ્વામી જિનાલય - ભાણસદાવ્રતની પોળ :** ઘુમ્મટબંધી બાંધણીવાળું પ્રાચીન મહાવીર સ્વામીની પ્રતિમા ધરાવતું રમણીય જિનાલય છે.



★ **શ્રી સંભવનાથ જિનાલય - ખાડિયા ચાર રસ્તા :** ઝરૂખાબંધ બાંધણીવાળું વિશિષ્ટ કોતરણીવાળું ભવ્ય જિનાલય છે.

## સારંગપુર - રાજપુર આદિ જિનાલયો : ૬

★ **શ્રી પાર્શ્વનાથ જિનાલય - તળિયાની પોળ, સારંગપુર :** સાક્ષાત ઈંદ્ર મહારાજા જેમના દર્શને આવ્યા હતા એવા પૂજ્ય મણિવિજયજી દાદાએ જ્યાં ઉત્કૃષ્ટ સાધનાની સિધ્ધિ કરી હતી. તે ભોંયરામાં બિરાજમાન મહાવીર સ્વામીની ભવ્ય પ્રતિમા સાધના માટે ઉત્તમોત્તમ ઉર્જાદાયક છે. સાક્ષાત્ હાજરાહજૂર મા પદ્માવતી દેવી આજે પણ પરચા પૂરે છે.


★ **શ્રી પદ્મપ્રભુસ્વામી જિનાલય - તળિયાની પોળ, સારંગપુર :** સતીયા પરિવાર દ્વારા બનાવાયેલું ઝરૂખાબંધ બાંધણીવાળું, ભવ્ય કોતરણીવાળું, ઉર્જાદાયક મૂળનાયક પદ્મપ્રભુજીનું જિનાલય છે.

★ **શ્રી ચિંતામણી દાદાનું જિનાલય - રાજપુર ટોલનાકા :** ચાર ચિંતામણી દાદાની ભવ્ય પ્રતિમાજીમાંથી એક પ્રતિમાજી આ જિનાલયના ભોંયરામાં બિરાજે છે. દર્શનાર્થી વ્યક્તિ ઉર્જાથી સભર બને છે, સંકલ્પ સિધ્ધિને પામે છે.

★ **શ્રી નેમનાથ જિનાલય - ગોમતીપુર :** વિશાળ તીર્થસમ પરિસરમાં શોભતું નેમનાથ પ્રભુનું ભવ્યાતિભવ્ય જિનાલય સાધકોને માટે આનંદદાયક છે.

★ **શ્રી મહાવીરસ્વામી જિનાલય - બોમ્બે હાઉસિંગ અને શ્રી સુમતિનાથ જિનાલય - સરસપુર :** સૌમ્યતાના સ્થાન સમા આ જિનાલયો અતિ ઉર્જાવંત છે.

(અનુ. : જુઓ પાના નં.-૫૯ ઉપર)



# જોક્સ જંકશન



## જીગરની સમજદારી

એક ટ્રકમાં કેટલાક સૈનિકો અને મેજર સાહેબ બેઠા હતા. જીગર ટ્રક ચલાવતો હતો. અચાનક ટ્રક બંધ પડી ગઈ.

જીગર : સાહેબ, ડીઝલ ખલાસ થઈ ગયું છે. ધક્કા મારવા પડશે.

બિચારા મેજર સાહેબ અને સૈનિકોએ ધક્કા મારીને ટ્રકને પેટ્રોલ પંપ સુધી પહોંચાડી. જીગર ટ્રકમાં ડીઝલ પુરાવવા લાગ્યો.

મેજર સાહેબે કીધુ : 'જોડે જોડે પાછળ પડેલા પીપડામાં પણ ડીઝલ ભરાવી દેજો.'

જીગર : 'જી વો તો ફૂલ ભરા હુઆ હૈ, ઈમરજન્સી કે લિયે રખ્ખા હૈ ના!'

## લાલ મરચા

દુકાનવાળો : શું જોઈએ બહેન?

બહેન : લાલ મરચા.

દુકાનવાળો : (અંદર બૂમ પાડીને) લીલા મરચા આપ...

બહેન : મને લાલ મરચા જોઈએ છે.

દુકાનવાળો : (ફરી બૂમ પાડે છે) લીલા મરચા આપ....

બહેન : અમે તમને કહ્યું તો ખરું, લાલ મરચા જોઈએ છે!

દુકાનવાળો : શાંતિ રાખો મારા માડી. મારી બૈરીનું નામ લીલા છે... એ અંદર લાલ મરચા જ જોખે છે!



## આશ્ચર્ય

આ દેશમાં પૈસા ના હોવાને કારણે ભણવાનું છોડી દેનારા તમને હજારો મળશે.

પણ પૈસાને અભાવે દારૂ, ગાંજો, ચરસ, તમાકુ કે જુગાર છોડનારો એક પણ નહીં મળે!


## ઇમરજન્સી

લગ્નની તમામ વિધિઓ પત્યા પછી મા-બાપે કન્યાને વિદાય આપી. રડતી આંખે વિદાય લઈને હજી દીકરી ૪૦-૫૦ ડગલાં ચાલી હશે ત્યાં તો એ દોડતી પાછી આવી!

આવીને સીધી ઘરમાં ગઈ! બધા ચોંકી ગયા! દીકરી તો ઘરમાં દોડતી દોડતી પોતાના રૂમમાં પહોંચી ગઈ!

સૌ કહેવા લાગ્યા, 'બેટા, વિદાય પછી ઘરમાં આ રીતે પાછા આવવું અશુભ ગણાય...'

દીકરી : તમને શુભ અને અશુભની પડી છે! અહીં મારું મોબાઈલ ચાર્જર રહી ગયું છે.



પત્ની : કહો જોઈએ... આપણા બેમાંથી મૂર્ખ કોણ છે? હું કે તમે?

પતિ (શાંતિથી) : બધાને ખબર છે કે તું એકદમ ચબરાક અને ચતુર છે. તું કદાપિ મૂર્ખ વ્યક્તિને પરણે નહીં.

*(નિષ્પક્ષ ભાવે અપાયેલ બિનવિવાદાસ્પદ બૌદ્ધિક જવાબ)*



## આર.એસ.વી.પી.

દક્ષિણ ભારતનાં લગ્નની પત્રિકામાં 'આર.એસ.વી.પી.'નો મતલબ શું થાય?

રસમ, સાંભાર, વડા, પયસ્સમ...

પંજાબી શાદીમાં 'આર.એસ.વી.પી.'નો મતલબ : રોટી, શોટી, વોટી ને પેગ!

બાકી ગુજરાતી કંકોત્રીમાં તો સૌ જાણે છે : રોકડા સાથે વહેલા પધારજો!

## SMS

**Respect you parents, they have passed school without Google!**

## કાંટો કા સફર

કહાં માલુમ થા તેરે શહેર સે ફિર અપના ગુઝર હોગા,
ફિર કડકતી ધુપ હોગી ફિર કાંટો કા સફર હોગા...

ચુરાકે આંખ ચલે આયે હમ ગમસે યારો,
કિસે માલુમથા ફિર વહી ગમ અપને રૂબરૂ હોગા
ફિર કડકતી ધુપ...

તુજસે દૂર રહેકર ભી મેં તુજે ભૂલા નહીં,
મીલી અગર તન્હાઈ તો ફિર તેરા તસ્બુર હોગા...
ફિર કડકતી ધુપ...

અબ યે શહેર ઈન્સાનો કે કાબિલ હી નહીં,
રહા અગર યહી હાલ તો એક રોઝ
જંગલોમેં અપના ઘર હોગા...
ફિર કડકતી ધુપ...

તુજકો છોડે યહ મહેફીલ ઈસસે પહલે
તુ ઈસ મહેફીલ કો છોડ દે...

ના રહી યહ મહેફીલ તો, દર્દે દિલ તું કિધર હોગા
ફિર કડકતી ધુપ...

*દીપકપુરી "દર્દે દિલ" - ગાંધીધામ*
*મો. ૯૯૨૪૧ ૯૫૦૫૨*

## શોધ

મારી ભીતર એમની એડીથી
કશુંક કચડાય છે, કશુંક ઘસાય છે.
એ એવા લોકો છે, જે મને ચાહે છે.
એમ કહીને છેતરે છે... મારી ભીતર એમની એડીથી...

દર્દ આપીને મને દૂર હડસેલી દીધો,
ને અત્યંત આઘાત ને દર્દ દીધાં.
હવે એ દર્દને-આઘાત
ગઝલ ને કવિતા બની ગયા છે... મારી ભીતર એમની એડીથી...

હવે મારા મનમાં ઘર કરી બેઠેલી,
આ, મસ્સ મોટી મેદનીનું શું?
હું સુખ ચૈનથી રહેનાર માનવી
હેરાન પરેશાન થઈને, એ મોટી
મેદનીમાં હું મને શોધું છું
હું મને જ શોધ્યા કરું છું... મારી ભીતર એમની એડીથી
કશુંક કચડાય છે, કશુંક ઘસાય છે.

*રમીલા પી. મહેતા - ભુજ*
*મો. ૯૪૨૭૨ ૭૨૬૧૯*

## આંઉં

અભરેંતેં પણ કરીયાં મેંર,
અભરાઈએંસેં મૂંકે વેર.

તુરસીજે પનનૂં પ હલકો,
સવા સેર આંઉં, મને કો સેર.

છડી ધોંઆરકા સામૂં અચંધો,
વાટ મથે તૂં મંઢ તાં પેંર.

સત 'વેતો તિત આઉં હૂવાંતો,
કુલા પુછેં! અવતરેનેં કેંર?

રાણે જે હથ છાલ! પુજે ન,
અમરત પણ થિઈ વિનંધો જેંર.

સબધ-સાયભી જટી સામટી,
ડીયાં મૌનજી લીલાલેંર.

*રવિ પેથાણી 'તિમિર' - ભુજ*
*મો. ૯૭૨૬૮ ૧૦૨૮૭*

## પ્રભુ તેરી કૃપાસે...

પ્રભુ તેરી કૃપા સે યે ચલતા હૈ સંસાર,
કોઇ જીતેજી મરતા હૈ કોઈ હોતા હૈ ભવપાર.

લાખ ચોર્યાસી જીવ બનાયા, સબકો કૈસા દિયા આકાર,
ઈસમેં સબસે શ્રેષ્ઠ બનાયા, માનવ કા અવતાર.
પ્રભુ તેરી કૃપાસે...

કરલે મનવા ખોજ ભીતર સે, ઔર કરલે બેડા પાર,
કલમ જૈસા જીવન બનાકે, કરલે અપના ઉધાર,
પ્રભુ તેરી કૃપાસે...

વેદના હમારી ભક્તિ હૈ, ઔર કલમ હૈ કિરતાર,
માનસ મોહબ્બત કે મેલે મેં, "દીપ" બાંટતા હૈ પ્યાર.
પ્રભુ તેરી કૃપાસે...

*દિનેશ ગરવા "દીપ" - ગાંધીધામ*
*મો. ૯૫૮૬૭ ૫૦૮૭૮*

## ધોરડોમાં ટોયોટાનું સર્વિસ કેન્દ્ર

*રણોત્સવ દરમ્યાન ત્રણ મહિનાથી વધુના સમયગાળામાં ટોયોટા બ્રાન્ડની ઈનોવા, ફોર્ચ્યુનર, ક્રેટા કે અન્ય કાર લઈને મોટી સંખ્યામાં આવતા પ્રવાસીઓની સવલત જાળવવા ૧૯૫ દેશોમાં કારનું ઉત્પાદન કરતી ટોયોટા કંપનીએ પોતાનું સર્વિસ સ્ટેશન શરૂ કરવું પડ્યું છે. આ રીતે કચ્છમાં ધોરડો જેવા ગામ-શહેર વિનાના સ્થળે દુનિયામાં સંભવતઃ પ્રથમ સર્વિસ મથક સ્થપાયેલ છે.*

## રોકડેંજી રામાયણ

અઠ નવેમ્બર આકરી સન સોરોજી સાલ
હાલાકી પંજ-ડો હજારમેં ભંધ નોટું ભૂછડા હાલ
મુધત પિંજા ડીં મિલઇ સરકાર કરે સવાલ
ભધલાય ગિને ઇ ભાયડા બ્યા કરીયેં વિઠા બબાલ

કારે નાંણેંજી કમાલ
બેન્કું છિલકી બરૂક્યું...!

બેન્કું છિલકેં બરૂક્યું લગેં લાઇન લારોલાર
ભ્રષ્ટાચારમેં ભેરો ક્યોં કરચોરીજી કતાર
જમા કર્યું ત જીંધ છૂટે ન કાં પુસ્તીજો ન પાર
અટકલું લગાઈયેં આસામી ગોતીયેં વિઠા ગમાર

તોજે ખાતેમેં વિજ યાર
અઈયેં મુંજો અજીજ તું...!

ચેં અઇયેં મુંજો અજીજ તું પ સરકાર સેં ભેજાર
પિંજા ડીંજા પાંપરા થિયેં લખજા સિત્તેર હજાર
સોન ગિડોં સોરો વલો તોય રૂપિયા ભચેં ચિકાર
સલાઊં ગિનેં સી.એ.સેં કિંક ગોઠવણ કરી ઉકાર

મિણીં બાજુજી માર
ભેરો ક્યો સે ભંધ થ્યો...!

ભેરો ક્યો સે ભંધ થ્યો નાંણું અપરંપાર
બિલ્ડર ફથા બરૂકા હાણે વિકણો કીં વેવાર
ધ્રા લગે ધુતારેં કે વડો ખોટો કરીયેં વેપાર
સરકાર થિઈ સતેજ ને ઇન્કમટેક્ષ વારા ધાર

હિકડે જા ક્યોં ચાર
"પ્રભુ" મોદી સાહેબ મુઠો ડિનોં...!

★

## ધોરા રણ

ચમકે વિઠો ચાંધનીમેં કચ્છજો ધોરો રણ
ઉમટી આયો અજબજો માનવ મહેરામણ
રંગત આય રણોત્સવજી જિજા વિડેસી જણ
ભરચક તંભૂ ટેન્ટ સીટી રીસોટ આય તોરણ

ભૂંગા ભરાણાં સૂણ
રણોત્સવ આય કચ્છજો...

રણોત્સવ હી કચ્છજો ધોરડે ધામા ન્યાર
સફર કરીયેં સેલાણી ઉઠ ગાડી સેં પાર
કિમત મિડે કચ્છીયત જી ને સંસ્કૃતિ જો સાર
રેયાંણ થીયે રાતજો હસ્તકલા સંભાર

કસબીને કલાકાર
ચૂગે વિઠી ચાંધની...

ચૂગે વિઠી ચાંધની સીયારે હરસાલ
કચ્છ ન ડિઠો ત કીં ન ડિઠો બચ્ચન ચિઇ વ્યા ગાલ
પતંગ ઓછવ પૂડ મથે માણીયેં મોજ કમાલ
કચ્છીયતજી કલા જો ધુનિયા મચે ધમાલ

ધોરે રણજા હાલ હવાલ
"પ્રભુ" કચ્છ મુલક કેસરી

*પ્રભુલાલ સિધ્ધપુરા "પ્રભુ" - ગાંધીધામ*
*મો. ૯૮૭૯૭ ૦૦૩૬૯*

## વિચારો

આંખથી અદીઠા ઝબકતા વિચારો
ઘણીવાર ધણની જેમ ઝીંકાતા વિચારો!

ગગનમાંથી ગોળગોળ ગબડતા વિચારો
ગમે તેમ, ગતિહીન ટપકતાં વિચારો!

થીજેલા થડકાટે થથરતા વિચારો
સમણાની સગડીમાં સળગતાં વિચારો!

નશીલી નિશામાં મરકતા વિચારો
વીજ સમ ઝબુકીને સરકતા વિચારો!

આમ તો મજાના વરતાય એ છતાં પણ
મગજનમાં ન બેસે એ વિચરતા વિચારો!

*જયંતિ ધોકાઈ - ઓખા, દ્વારકા*
*ફોન : (૦૨૮૯૨) ૨૬૨૬૧૧*

## હાઈકુ

ફોન પર એ
બહુ મીઠી લાગતી
મળી તો ખારી!

કૈસા જમાના
ડરતી હૈ બીલ્લી
આજ ચુહે સે?

ભાર દઈને
કહે પ્રિયતમને
વિમો કરાવો!

પછી અગર
તમે ન હોતો મને
કામ તો આવે!

સુખી સજોડાં
ઓછા મળે જગમાં
ઘણા કજોડાં!

કરગરતો
મળવા એ મુજને
હવે છુપાતો!

*ધીરુભાઈ ભટ્ટ - આદિપુર*
*મો. ૯૮૨૫૪ ૭૬૧૭૬*




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## ખિલજા મ ભલા

કરણ : બજારમાં ખૂબ જ મંદી ચાલે છે.

અર્જન : સાવ સાચી વાત છે.

કરણ : તને કેવી રીતે ખબર પડી?

અર્જન : હવે તો કામવાળી પણ ખિસ્સા તપાસ્યા વિના કપડા ધોવામાં નાખી દે છે.

☺ ☺ ☺ ☺ ☺

પપ્પુ : (ફોન ઉપર) હલ્લો આન્ટી, અરમાન છે?

આન્ટી : તું મોડો પડ્યો. જવાનીમાં હતા હવે નથી!

☺ ☺ ☺ ☺ ☺

સોહન : મને પાનવાળા પ્રત્યે ખૂબ માન છે.

મોહન : કેમ, તને મફત પાન આપે છે?

સોહન : ના, એમ નથી પણ એ ખૂબ સાચા હોય છે.

મોહન : એટલે?

સોહન : એ લોકો પૂછીને ચૂનો લગાડે છે. જ્યારે બાકી તો ખબર ન પડે એ રીતે ચુનો લગાડી જાય છે.

☺ ☺ ☺ ☺ ☺

ભીખાભાઈ : તું ભીખ શા માટે માંગે છે?

ભિખારી : પેટ ભરવા માટે

ભીખાભાઈ : તું પેટ શા માટે ભરે છે?

ભિખારી : જીવતા રહેવા માટે.

ભીખાભાઈ : જીવતા શા માટે રહેવું છે?

ભિખારી : ભીખ માંગવા માટે.

☺ ☺ ☺ ☺ ☺

રીતેશ : હું જ્યારે જ્યારે ગાયન ગાતો હોઉં છું ત્યારે તું બારી પાસે જઈને કેમ ઊભી રહે છે?

રીતા : હું ગાતી નથી એ બતાવવા માટે!

☺ ☺ ☺ ☺ ☺

ધનજી : તેં શરાબ પીવાનું કેમ છોડી દીધું?

મનજી : હું મારી પત્નીથી ખૂબ પરેશાન તઈ ગયેલો.

ધનજી : પરંતુ પત્ની અને શરાબ વચ્ચે શું સંબંધ?

મનજી : હું જ્યારે જ્યારે શરાબ પીતો ત્યારે મને એકના બદલે ત્રણ - ત્રણ પત્નીઓ દેખાતી હતી.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : મમ્મી, તું મારી સામે આંખો તતડાવતી નહીં.

મમ્મી : કેમ?

મોન્ટુ : હું કંઈ પપ્પા નથી કે ગભરાઈ જઈશ.

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર : તમારો રોગ હું હજુ સુધી પરખી શક્યો નથી. મને દારૂની અસર જણાય છે.

દર્દી : તો પછી સાહેબ, તમે પીધેલા ના હો, ત્યારે હું તપાસ માટે આવીશ!

☺ ☺ ☺ ☺ ☺

મનોજના પપ્પા : (વર્ગ શિક્ષકને) કેમ સાહેબ, મારો મનોજ ઈતિહાસમાં કેવો છે? હું ભણતો હતો ત્યારે તો મને ઈતિહાસ બહુ કંટાળાજનક લાગતો હતો. ઈતિહાસ મને જરાય આવડતો નહોતો.

વર્ગ શિક્ષક : મને લાગે છે અહીં તમારા પુત્રમાં પણ ઈતિહાસનું પુનરાવર્તન થતું લાગે છે!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

## મેરા હી મેરા ન થા

યે બહેતે હુએ આંસુ મેરે થે,
પર વો આંસુઓમેં મૈં હી ન થા;
સિલસિલા યાદોંકા આતા હી રહા,
બહેતે હુએ આંસુમેં સિર્ફ વોહી થા.

યે બહેકી હુઈ મુસ્કાન મેરી ન થી,
કઈ ગમ છુપાને કે સિર્ફ વાસ્તે હી;
જમાનેને કુછ ઐસી જો તાકીદ કી,
વો હઁસતા હુઆ ચહેરા હૈ ઉસકા હી.

યે ધકધક કરતા જો દિલ મેરા,
ઔર રક્ત લાલ અંદર મેરા ન થા;
જો પંચ મહાભૂતકા યે તોહફા થા,
ઔર 'આરસી'કે આત્માકા બસેરા થા.


*'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩*

## સાપોની ભૂમિ શેતપાલ

મહારાષ્ટ્રનું શેતપાલ ગામ સાપની પૂજા માટે જાણીતું છે. અહીં સાપ ખુલ્લામાં ફરે છે. આ ગામના દરેક ઘરની છતમાં કોબરા રાખવા માટે એક વિશેષ જગ્યા બનાવેલી હોય છે.

## ચક્રવ્યૂહ (૫)


**(A) આ રમતમાં આપેલ ચાવીઓની સહાયતાથી પ્રથમ અક્ષર 'જ' હોય તેવા શબ્દો શોધી ચક્રવ્યૂહની રચનામાં જવાબો ભરો...**




૧. જગતને મોહ પમાડનાર, પરમેશ્વર
૨. મુસ્લિમ યુગમાં લેવાતો એક પ્રકારનો વેરો.
૩. પરીક્ષીત રાજાનો પુત્ર
૪. ભાંગીતૂટીને જમીન સરસું થયેલું
૫. માલ પરના કર ઉઘરાવવાનું સ્થાન
૬. વાર-તહેવારમાં સગાઓને આવકારી કરાતો નાતવરો
૭. આવક-જાવકનો હિસાબ
૮. એક રેચક પદાર્થ
૯. પહેલાના જમાનામાં ખેડૂતોના શોષણકર્તા.
૧૦. ફતેહની ખુશાલી જણાવતો ઢંઢેરો.
૧૧. ધનદોલત, એસ્ટેટ.
૧૨. ફાટીતૂટી ગયેલું, ઘણું જૂનું.
૧૩. આવશ્યક્તા, ગરજ.
૧૪. પાણીનું મોજું
૧૫. પાણીના બળથી ઉત્પન્ન થતી વીજળી.
૧૬. ઉત્સવની મોજમજા.
૧૭. બાદશાહ, સમ્રાટ.
૧૮. એક જળચર પક્ષી.

## શબ્દ-સાથી

**(B) આ રમતમાં ___ની જગ્યાએ આવતો બે અક્ષરનો યોગ્ય શબ્દ શોધી શબ્દ-સાથીની રચનામાં જવાબો ભરો...**




૧. ______યર
૨. ______ચાલ
૩. ______શરી
૪. ______કૂદ
૫. ______લીન
૬. ______વટ
૭. ______કસી
૮. ______જણી
૯. ______વન
૧૦. ______ધર
૧૧. ______ભેદ
૧૨. ______ગ્રાહ
૧૩. જમાઈ રાજા
૧૪. ______ગાહ
૧૫. ______કત
૧૬. ______ધાન
૧૭. ______પીટ
૧૮. ______ઝટ
૧૯. ______ધીન
૨૦. ______દાર
૨૧. ______ડક
૨૨. ______ડકો
૨૩. ______જંગી
૨૪. ______મણું
૨૫. ______વાસો

*ઈશ્વર તો એક કલ્પના છે, જ્યારે મા-બાપ એ તો એક હકીકત છે.*
*ઈશ્વર તો નિરાકાર છે, જ્યારે મા-બાપ તો સાકાર છે. ઈશ્વર એ તો આપણી શ્રદ્ધા છે, જ્યારે મા-બાપ તો સાક્ષાત્કાર છે.*

## ફિલ્મી ફંડા

*મિત્રો, આ રમતમાં સેન્ટરમાં ફિલ્મનું નામ આપેલું છે. તે ફિલ્મની મુખ્ય અભિનેત્રી માટે ચાર વિકલ્પ આપેલા છે. તેમાંનો સાચો વિકલ્પ શોધી જવાબ લખો.*

**(A)**

| | | |
|---|---|---|
| | ટીના મુનીમ | |
| યોગીતા બાલી | **ખટ્ટા મીઠા** | વિદ્યા સિંહા |
| | બિંદિયા ગોસ્વામી | |

જવાબ : ____________

**(B)**

| | | |
|---|---|---|
| | લીના ચંદાવરકર | |
| અરુણા ઇરાની | **મનચલી** | હેમા માલિની |
| | શ્રીદેવી | |

જવાબ : ____________

**(C)**

| | | |
|---|---|---|
| | મનીષા કોઈરાલા | |
| રવિના ટંડન | **દમન** | તબ્બુ |
| | આયેશા ઝુલ્કા | |

જવાબ : ____________

**(D)**

| | | |
|---|---|---|
| | માધુરી દીક્ષિત | |
| કાજોલ | **યસ બોસ** | જુહી ચાવલા |
| | ટ્વિંકલ ખન્ના | |

જવાબ : ____________

**(E)**

| | | |
|---|---|---|
| | ઊર્મિલા માર્તોડકર | |
| દિવ્યા ભારતી | **ફૂલ ઔર કાંટે** | ભાગ્યશ્રી |
| | મધુ | |

જવાબ : ____________

**(F)**

| | | |
|---|---|---|
| | આયશા ઝુલ્કા | |
| જુહી ચાવલા | **ખિલાડી** | રવિના ટંડન |
| | શિલ્પા શેટ્ટી | |

જવાબ : ____________

**(G)**

| | | |
|---|---|---|
| | કરીશ્મા કપૂર | |
| માધુરી દીક્ષિત | **અંજામ** | મીનાક્ષી શેષાદ્રી |
| | શ્રીદેવી | |

જવાબ : ____________

**(H)**

| | | |
|---|---|---|
| | નરગીસ | |
| માલા સિંહા | **મધુમતી** | વૈજયંતિ માલા |
| | આશા પારેખ | |

જવાબ : ____________

**(I)**

| | | |
|---|---|---|
| | તનુજા | |
| સાયરાબાનુ | **બંદિની** | મીના કુમારી |
| | નૂતન | |

જવાબ : ____________

*જે મનુષ્ય પોતાના માટે જીવે છે તેનું એક દિવસ મૃત્યુ થાય છે.*
*પરંતુ જે મનુષ્ય બીજા માટે જીવે છે તેનું સ્મરણ હંમેશાં થતું રહે છે.*

## સખાવત ક્ષેત્રે કામ કરતી સંસ્થા : 'ધ ગિવિંગ પ્લેજ'

વોરન બફેટ, બિલ ગેટ્સ તથા મેલિન્ડા ગેટ્સને ૨૦૧૦માં વિચાર આવ્યો કે દરેક અબજપતિએ પોતાની અફાટ ધન દૌલતમાંથી શક્ય હોય એટલું દાન કરવું જોઈએ. આ વિચાર સ્ફુરતાં જ એમણે 'ધ ગિવિંગ પ્લેજ' નામનું સંગઠન બનાવ્યું, જેમાં સભ્ય બનીને તવંગરો પોતાની સંપત્તિના અમુક ટકાને દાન કરવાની જાહેરાત કરી શકે. હેતુ એકબીજાને સખાવતી કામ માટે પ્રેરિત કરવાનો હતો. બફેટ - ગેટ્સે એવો આગ્રહ રાખ્યો કે ધનિકોએ એમના જીવન દરમિયાન જ અથવા તો વારસા ખતમાં અડધી સંપત્તિ દાન કરવાની જાહેરાત કરવી જોઈએ.

૨૦૧૦માં અમેરિકાથી આ ઝુંબેશની શરૂઆત થઈ. ને પહેલા પ્રયાસે ૪૦ પ્રતિજ્ઞાધારી મળ્યા. ડિસેમ્બર ૨૦૧૭ સુધીના આંકડા જોઈએ તો અમેરિકાના ૨૭ રાજ્યના તથા દુનિયાના ૨૨ દેશના ૧૭૧ ધનકુબેરોએ અડધી કે એથી વધુ સંપત્તિ સખાવતમાં આપવાની જાહેરાત કરી છે, જેમાં નીલકેણી સહિત ભારતના અનેક અબજોપતિ સામેલ છે.

ગિવિંગ પ્લેજ દ્વારા દર વર્ષે પ્રતિજ્ઞાધારીઓનો મેળાવડો પણ યોજવામાં આવે છે, જેમાં દાનવીરો એકબીજાને પ્રેરણા આપે છે અને ક્યાં, કેવી રીતે, કોને ડોનેશન કરવું તેના અનુભવની આપ-લે કરે છે. આ પ્રતિજ્ઞા એ નૈતિક ફરજ છે અને કાયદાકીય રીતે બંધનયુક્ત નથી એવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે.

ભારતમાં આજે **આરોગ્ય** અને **શિક્ષણ** એ બે ક્ષેત્ર એવા છે કે જે સખાવત માટે ખૂબ જ યોગ્ય ક્ષેત્ર ગણી શકાય.

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

*સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિને અથવા તો રાષ્ટ્રીય ધ્વજ વંદનના સમયે આપણે જે રાષ્ટ્રગીત ગાઈએ છીએ, તે ગીત જેમાંથી લેવામાં આવેલ છે તે આખું ગીત અત્રે રજૂ કરેલ છે.*

## રાષ્ટ્રગીત - જન ગણ મન અધિનાયક જય હે

*– રવીન્દ્રનાથ ઠાકુર*

**(રાગ : કૌરસ - તાલ : ધ્રુમાળી અથવા રાગ : યમન કલ્યાણ - તાલ : ત્રિતાલ)**

જનગણમન - અધિનાયક જય હે ભારત - ભાગ્યવિધાતા!
પંજાબ, સિંધ, ગુજરાત, મરાઠા, દ્રવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા, ઉચ્છલ-જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માંગે,
ગાયે તવ જય ગાથા.
જનગણ - મંગલદાયક જય હે ભારત - ભાગ્ય વિધાતા!
જય હે! જય હે! જય હે! જય જય જય જય હે!

અહરહ તવ આહવાન પ્રચારિત, સુની તવ ઉદાર વાણી,
હિંદુ - બૌધ્ધ - શીખ - જૈન - પારસિક - મુસલમાન - ખ્રિસ્તાની,
પૂરવ પશ્ચિમ આસે, તવ સિંહાસન પાસે
પ્રેમહાર હય ગાથા.
જનગણ - ઐક્ય વિધાયક જય હે, ભારત ભાગ્ય વિધાતા!
જય હે! જય હે! જય હે! જય જય જય જય હે!

પતન - અભ્યુદય - બંધુર પંથા યુગ-યુગ-ધાવિત યાત્રી;
હે ચિરસારથિ! તવ રથચક્રે મુખરિત પથ દિનરાત્રિ!
દારુણ વિપ્લવ માઝે, તવ શંખધ્વનિ બાજે,
સંકટ-દુઃખ - ત્રાતા,
જનગણ પથપરિચાયક જય હે ભારત-ભાગ્યવિધાતા!
જય હે! જય હે! જય હે! જય જય જય જય હે!

ઘોર તિમિરવન નિબિડ નિશીથે પીડિત મૂર્છિત દેશે,
જાગ્રત છિલ તવ અવિચલ મંગલ નતનયને અનિમેષે,
દુઃસ્વપ્ને આતંકે, રક્ષા કરિલે અંકે,
સ્નેહમયી તુમિ માતા.
જનગણ દુઃખત્રાયક જય હે ભારત - ભાગ્યવિધાતા!
જય હે! જય હે! જય હે! જય જય જય જય હે!

રાત્રિ પ્રભાતિલ ઉદિલ રવિચ્છવિ પૂર્વઉદયગિરિ-ભાલે,
ગાહે વિહંગમ્ પુણ્ય સમિરણ નવજીવન રસ ઢાલે,
તવ કરુણારુણ રાગે, નિદ્રિત ભારત જાગે,
તવ ચરણે નત માથા.
જય જય જય હે જય રાજેશ્વર! ભારત ભાગ્યવિધાતા!
જય હે! જય હે! જય હે! જય જય જય જય હે!

## NanoNine® શબ્દ રમત-૧૪૮

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ | | |
| ૭ | | | | | | | ૮ | ૯ | | | ૧૦ |
| | | ૧૧ | | ૧૨ | | | | ૧૩ | | ૧૪ | |
| ૧૫ | | | | | | ૧૬ | | | | | |
| | | ૧૭ | | | ૧૮ | ૧૯ | | | | ૨૦ | |
| | ૨૧ | | | | ૨૨ | | ૨૩ | ૨૪ | | ૨૫ | ૨૬ |
| ૨૭ | | | ૨૮ | | | | ૨૯ | | ૩૦ | | |
| | ૩૧ | | | | ૩૨ | ૩૩ | | | | | |
| ૩૪ | | | ૩૫ | | | | | | ૩૬ | | |
| | | ૩૭ | | | ૩૮ | | | | | | |
| ૩૯ | | ૪૦ | | ૪૧ | | | | ૪૨ | | ૪૩ | ૪૪ |
| | | ૪૫ | | | | | ૪૬ | | | ૪૭ | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૧-૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. પ્રિયા, ખૂબસુરત સ્ત્રી (૪)
૪. ખબર, પત્તો, પગેરું (૩)
૬. ખોબો, વૈભવી (૨)
૭. ચાલ, ઝડપ (૨)
૮. બોલાવવા માટે પાડેલી મોટી બૂમ (૩)
૯. _____, આજ ઔર કલ (૨)
૧૧. નિરુપાય, લાચાર (૪)
૧૪. આબરૂ, પ્રતિષ્ઠા (૨)
૧૫. બાગ, આનંદ (હિં) (૩)
૧૬. ધાતુની વસ્તુ ખખડવાનો અવાજ (૪)
૧૭. આંકડો, છેડેથી વાળેલો ખીલો (૨)
૧૮. કૃત્ય, વાસના, ઈચ્છા (૨)
૨૧. લોકનૃત્ય, રાશ (૨)
૨૨. ચાલ ચલણ, વર્તણૂંક (૪)
૨૩. રાંધેલા ચોખા (૨)
૨૫. જીભથી માલૂમ પડતો સ્વાદ, મમત, પ્રવાહી (૨)
૨૭. એકઠું થયેલું, ઉધારનું વિરુધ્ધ (૨)
૨૮. ફૂલમાંની રજ (૩)
૨૯. સાવ સહેલી, રમત જેવું કામ (૫)
૩૧. કાળજું, લીવર (૩)
૩૨. રૂપું, ધોળાશ પડતું (૩)
૩૪. પ્રતિજ્ઞા, ટેક, વચન, પરંતુ (૨)
૩૫. ફરિયાદ, ચાડી (૨)
૩૬. મશ્કરી, વિનોદ (૩)
૩૭. ઈસ્લામી ન્યાયાધીશ (૨)
૩૮. કામઠું, ધનુષ (૩)
૩૯. આસોથી કારતક માસ સુધીની ઋતુ (૩)
૪૧. ઠીંગણું (૩)
૪૨. સહાય વિનાનું, નિરાધાર (૪)
૪૫. જંગલ, કાનન (૨)
૪૬. પત્તાની એક ગેમ (૨)
૪૭. જીભથી માલૂમ પડતો સ્વાદ, પ્રવાહી (૨)

### ઊભી ચાવીઓ

૧. નાગ પૂજાનો તહેવાર, શ્રાવણની પાંચમ (૫)
૨. જૈન સાધુ, ગોરજી (૨)
૩. બંદગી (૩)
૪. પ્રવાસ, મુસાફરી (૩)
૫. શાણપણ (૪)
૬. પોલાણ, પીંજેલું રૂ (૨)
૯. ટુકડા, નાનો ભાગ (૩)
૧૦. સીતાના પિતા (૩)
૧૧. અમંગળ (૪)
૧૨. બરાડો, પોકાર, ઘાંટો (૨)
૧૩. પરસન્ટેજ (ગુ.) (૨)
૧૬. ખેલ, ક્રીડા (૩)
૧૮. હાથથી કારીગરી કરનાર, ઉસ્તાદ, પ્રવીણ (૪)
૧૯. મતિ, અભિપ્રાય, મમત, વોટ (૨)
૨૦. આબરૂ, પ્રતિષ્ઠા, સડો, રોગ (૩)
૨૧. રામની જીવનકથા, મુશ્કેલ કામ (૪)
૨૩. _____ આપણો દેશ છે (૩)
૨૪. અંધારું (૨)
૨૬. પંજાબની એક નદી (૪)
૨૮. બડાઈ, શેખી (૪)
૩૦. ચાંદની, ફૂલોનું વૃક્ષ (૩)
૩૩. યજમાન, આશ્રય આપનાર (૪)
૩૪. પાડોશણ, સુનીલ દત્ત - કિશોરકુમાર - મહેમૂદની ફિલ્મ (૪)
૩૫. ખુશ, સંમત (૨)
૩૭. કમળ _____ માં ખીલે (૩)
૩૮. કાદવમાં _____ ખીલે (૩)
૩૯. એક છોડ જેમાંથી કોથળા બને (૨)
૪૦. દાવાનળ, સંતાપ (૨)
૪૨. અમૃત, મીઠાશ, કૃપા (૨)
૪૩. પંક્તિ, પરાજય (૨)
૪૪. હા (ઈ) (૨)

*એક મંદિરના દરવાજે લખાયેલ વાક્ય :*

*"તમે બીજાઓ માટે ક્યારેક કંઈક માંગીને જુઓ, તમને પોતાના માટે કંઈ માંગવાની જરૂરત જ નહીં પડે."*

## NanoNine® શબ્દ રમત-૧૪૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લ | ક્ષ | વે | ધી | ■ | ફુ | ર | સ | દ | ■ | ■ | અ |
| ગ્ન | ■ | પા | ર | ધી | ■ | મ | ગ | ■ | સુ | ર | ભિ |
| ■ | સૂ | ર | જ | ■ | તા | ત | ■ | યા | ■ | ■ | મા |
| ના | ચ | ■ | ■ | ખા | ■ | ■ | બ | દ | ચ | લ | ન |
| મ | ના | ઇ | હુ | ક | મ | ■ | હા | ■ | તુ | લા | ■ |
| શે | ■ | ■ | ■ | ■ | ધુ | ■ | દુ | ■ | ર | ટ | ન |
| ષ | ટ | કો | ણ | ■ | ક | ■ | ર | મી | ■ | ■ | ફો |
| ■ | ■ | મિ | ■ | ચા | ર | ણી | ■ | ના | જુ | ક | ■ |
| પુ | સ્ત | ક | શા | ળા | ■ | ■ | સા | ક્ષી | ■ | લ | ક |
| રા | વ | ■ | લિ | ■ | ■ | વા | હ | ■ | સાં | ક | ળ |
| ત | ન | ■ | ગ્રા | હ | ક | ■ | સિ | ■ | ■ | લ | ત |
| ન | ■ | ક | મ | ળ | ■ | પા | ક | શા | ળા | ■ | ર |

*માસ નવેમ્બર-૨૦૧૮ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૪૬ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ - અમદાવાદ
૨. રંજન શાહ - અમદાવાદ
૩. રીટા ગાંધી - અમદાવાદ
૪. જયંતીલાલ શાહ - અમદાવાદ
૫. ચંદ્રા શાહ - અમદાવાદ
૬. સ્મિતા શાહ - અમદાવાદ
૭. દમયંતી દંડ - અમદાવાદ
૮. તૃપ્તિ સાવલા - અમદાવાદ
૯. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૧૦. મહેન્દ્ર પૂજ - અમદાવાદ
૧૧. નરેન્દ્ર કોઠારી - અમદાવાદ
૧૨. નવલ શાહ - અમદાવાદ
૧૩. જયસુખ સંઘવી - અમદાવાદ
૧૪. ચંદુભાઇ કુબડિયા - અમદાવાદ
૧૫. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૧૬. ચેતના વોરા - અમદાવાદ
૧૭. મીત મહેતા - અમદાવાદ
૧૮. ગીતા મહેતા - અમદાવાદ
૧૯. અલ્કા શાહ - અમદાવાદ
૨૦. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૨૧. સંવિદા વોરા - અમદાવાદ
૨૨. નિશી સંઘવી - ગાંધીધામ
૨૩. તારાચંદ મહેતા - ગાંધીધામ
૨૪. નિરલ કુબડિયા - ગાંધીધામ
૨૫. નેહલ મહેતા - ગાંધીધામ
૨૬. હર્ષા મહેતા - ગાંધીધામ
૨૭. ઉષા સંઘવી - રાઉરકેલા
૨૮. હસમુખ દેઢિયા - અડાલજ
૨૯. કંચનબેન મોરબિયા - ભુજ
૩૦. નેહા શાહ - ભુજ
૩૧. ચેતના મહેશ્વરી - આદિપુર
૩૨. સાવિત્રી જેસરાણી - મુંબઈ
૩૩. ડિમ્પલ શાહ - સિકંદ્રાબાદ
૩૪. શોભના દંડ - અંકલેશ્વર
૩૫. હરખચંદ ગડા - અંકલેશ્વર
૩૬. ધારા ગડા - અંકલેશ્વર
૩૭. નવલ નીસર - સુરત
૩૮. તારાબેન શાહ - નાગપુર

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રૉ કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

(૧) નિશી સંઘવી – ગાંધીધામ
(૨) નેહા શાહ – ભુજ
(૩) ધારા ગડા – અંકલેશ્વર

---

## NanoNine ***Sudoku***

*નવેમ્બર-૨૦૧૮ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૩ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. રીટા ગાંધી - અમદાવાદ
૨. ઉષ્મા શાહ - અમદાવાદ
૩. સ્મિતા શાહ - અમદાવાદ
૪. અવંતી દંડ - અમદાવાદ
૫. નયના ગોગરી - અમદાવાદ
૬. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૭. નિહાર મહેતા - અમદાવાદ
૮. જયસુખ સંઘવી - અમદાવાદ
૯. ધરા વોરા - અમદાવાદ
૧૦. શાંતિલાલ શાહ - અમદાવાદ
૧૧. અલકા શાહ - અમદાવાદ
૧૨. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૧૩. સંવિદા વોરા - અમદાવાદ
૧૪. ગીતા મહેતા - અમદાવાદ
૧૫. તારાચંદ મહેતા - ગાંધીધામ
૧૬. રીશ્વા મહેતા - ગાંધીધામ
૧૭. ગુણવંતી મહેતા - ગાંધીધામ
૧૮. અર્હત શાહ - સિકંદ્રાબાદ
૧૯. ચેતના મહેશ્વરી - આદિપુર
૨૦. હેમલતા દેઢિયા - અડાલજ
૨૧. ચંદ્રિકા શાહ - રાઉરકેલા
૨૨. ઉષ્મા સંઘવી - રાઉરકેલા
૨૩. સોનલ પોલડિયા - નાગપુર

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર દસ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

(૧) રીટા ગાંધી – અમદાવાદ
(૨) અલકા શાહ – અમદાવાદ
(૩) ચેતના મહેશ્વરી – આદિપુર

## NanoNine® Sudoku

**નવેમ્બર-૨૦૧૮ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૩ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**

**જુઓ : પાના નંબર-૭૨**

## ગાંધીજીની નઈ તાલીમ વ્યાખ્યા

*'જુઓ, આ નઈ તાલીમનું કામ મારા જીવનનું છેલ્લું કામ છે. ભગવાને એને પૂરું કરવા દીધું તો હિંદુસ્તાનનો નકશો જ બદલાઈ જશે. આજની કેળવણી તો નકામી છે. જે છોકરાઓ શાળા-કોલેજોમાં શિક્ષણ મેળવે છે તેમને અક્ષરજ્ઞાન ભલે મળતું હોય, પણ જીવનને માટે અક્ષરજ્ઞાન ઉપરાંત બીજું પણ કંઈક છે. એ અક્ષરજ્ઞાન આપણાં બીજાં અંગોને નકામાં બનાવી દે તો કહીશ કે, મારે તમારું જ્ઞાન નથી જોઈતું...*

*સારાંશ એ કે, હરેક પ્રકારના શરીરશ્રમ કરનારા જોઈએ અને તેની સાથે સાથે સૌને માટે અક્ષરજ્ઞાન પણ જોઈએ. જે જ્ઞાન મુઠ્ઠીભર લોકોની પાસે જ હોય તે મારે કામનું નથી. હવે સવાલ એ છે કે, સૌને એ જ્ઞાન કેવી રીતે મળે? એ વિચારમાંથી નઈ તાલીમનો જન્મ થયો છે.*

*હું તો કહું છું કે, નઈ તાલીમ સાત વરસના બાળકથી નહીં, માના ગર્ભથી શરૂ થવી જોઈએ. એનું રહસ્ય તમે સમજી લો. મા પરિશ્રમ કરનારી હશે, વિચારવાન હશે, વ્યવસ્થિત હશે, સંયમી હશે તો બાળક પર એના સંસ્કાર માના ગર્ભમાંથી જ પડશે.'*

*— મહાત્મા ગાંધી*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૦૫ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧-૨૦૧૯સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ માર્ચ-૨૦૧૯ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૦૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | 7 | | | | 9 | | |
| | | 6 | 5 | 9 | | | | |
| | | | | | 6 | 5 | 8 | |
| | 2 | 8 | 4 | | 5 | | 3 | |
| 3 | | | | | | | | 1 |
| | 9 | | 8 | | 1 | 4 | 7 | |
| | 8 | 9 | 1 | | | | | |
| | | | | 5 | 4 | 2 | | |
| | | 2 | | | | 1 | | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | 5 | 9 | | | | | |
| | | 3 | 2 | 6 | | | | |
| | | | | | | | 1 | 8 |
| | 7 | 6 | | 5 | | 3 | 4 | 1 |
| | | | | | | | | |
| 3 | 2 | 1 | | 4 | | 6 | 8 | |
| 4 | 6 | | | | | | | |
| | | | | 7 | 8 | 4 | | |
| | | | | | 6 | 1 | | 2 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | | 9 | | | 8 | | 7 |
| | 4 | 3 | 5 | | | | 1 | |
| 5 | | | 1 | | | | 9 | |
| | 9 | | | | | 1 | | 8 |
| | | | 2 | | 4 | | | |
| 2 | | 8 | | | | | 7 | |
| | 5 | | | | 9 | | | 6 |
| | 2 | | | | 6 | 5 | 8 | |
| 3 | | 9 | | | 5 | | | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 2 | 1 | | 7 | | | 9 | |
| | | 7 | | 6 | 8 | | | |
| 6 | | | 3 | | 1 | | | |
| 7 | | 4 | | | | | 8 | 6 |
| | | | | | | | | |
| 3 | 6 | | | | | 9 | | 2 |
| | | | 6 | | 2 | | | 4 |
| | | | 5 | 9 | | 3 | | |
| | 5 | | | 8 | | 1 | 6 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૦૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 8 | 1 | 2 | 5 | 9 | 4 | 6 |
| 9 | 1 | 4 | 8 | 6 | 3 | 5 | 7 | 2 |
| 6 | 5 | 2 | 7 | 4 | 9 | 1 | 3 | 8 |
| 5 | 4 | 3 | 9 | 1 | 2 | 6 | 8 | 7 |
| 1 | 6 | 9 | 4 | 8 | 7 | 3 | 2 | 5 |
| 2 | 8 | 7 | 3 | 5 | 6 | 4 | 9 | 1 |
| 4 | 3 | 6 | 2 | 7 | 1 | 8 | 5 | 9 |
| 8 | 2 | 1 | 5 | 9 | 4 | 7 | 6 | 3 |
| 7 | 9 | 5 | 6 | 3 | 8 | 2 | 1 | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 4 | 1 | 5 | 9 | 3 | 2 | 7 | 6 |
| 7 | 5 | 2 | 8 | 4 | 6 | 3 | 9 | 1 |
| 3 | 9 | 6 | 1 | 7 | 2 | 8 | 5 | 4 |
| 9 | 2 | 8 | 6 | 3 | 5 | 1 | 4 | 7 |
| 1 | 3 | 7 | 9 | 8 | 4 | 5 | 6 | 2 |
| 5 | 6 | 4 | 2 | 1 | 7 | 9 | 3 | 8 |
| 4 | 1 | 3 | 7 | 2 | 9 | 6 | 8 | 5 |
| 6 | 8 | 9 | 4 | 5 | 1 | 7 | 2 | 3 |
| 2 | 7 | 5 | 3 | 6 | 8 | 4 | 1 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 6 | 4 | 7 | 1 | 2 | 3 | 9 | 5 |
| 7 | 9 | 2 | 6 | 5 | 3 | 8 | 1 | 4 |
| 1 | 3 | 5 | 4 | 9 | 8 | 7 | 2 | 6 |
| 2 | 4 | 8 | 9 | 3 | 7 | 6 | 5 | 1 |
| 3 | 7 | 1 | 5 | 2 | 6 | 4 | 8 | 9 |
| 9 | 5 | 6 | 8 | 4 | 1 | 2 | 7 | 3 |
| 6 | 2 | 3 | 1 | 8 | 9 | 5 | 4 | 7 |
| 4 | 8 | 9 | 3 | 7 | 5 | 1 | 6 | 2 |
| 5 | 1 | 7 | 2 | 6 | 4 | 9 | 3 | 8 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 8 | 9 | 7 | 5 | 6 | 1 | 2 |
| 1 | 7 | 9 | 2 | 6 | 3 | 5 | 8 | 4 |
| 2 | 6 | 5 | 8 | 1 | 4 | 7 | 3 | 9 |
| 5 | 8 | 6 | 3 | 2 | 1 | 9 | 4 | 7 |
| 9 | 2 | 1 | 4 | 8 | 7 | 3 | 6 | 5 |
| 7 | 3 | 4 | 5 | 9 | 6 | 1 | 2 | 8 |
| 4 | 1 | 2 | 6 | 5 | 9 | 8 | 7 | 3 |
| 8 | 9 | 7 | 1 | 3 | 2 | 4 | 5 | 6 |
| 6 | 5 | 3 | 7 | 4 | 8 | 2 | 9 | 1 |

# સંસ્કાર કોઈની ઠેકેદારી નથી

હું વાત કરું છું સન ૧૯૭૨-૭૩ ની સાલની. ત્યારે મારી ઉંમર બત્રીસેક વર્ષની. મારા બિલ્ડિંગ કન્સ્ટ્રક્શનના વ્યવસાયની શરૂઆતનાં વર્ષ હતાં. તે વખતે મારી એક વર્કસાઈટ રાજકોટની સોની બજારમાં સવજીભાઈની શેરીમાં ચાલતી. શેરીમાં ફ્લેટનું બાંધકામ ચાલે. સોની બજારના રસ્તા ખૂબ સાંકડા એટલે ત્યાં ટ્રક, ટ્રેક્ટર કે એવું કોઈ વાહન ચાલી શકે જ નહીં. બાંધકામના માલસામાનની હેરાફેરીમાં ખૂબ તકલીફ પડે. માલસામાનની આ હેરાફેરી માટે વાહનની અવેજીમાં ગધેડાં ઉપયોગમાં લેવાતાં. અમે અમારો બધો માલસામાન- રેતી,કપચી, સિમેન્ટ, ભરતી વગેરે એ રીતે જ ફેરવતા.

મારે ત્યાં રેતી કપચી, ભરતી વગેરેની ફેરવણી માટે વેલજી નામનો ગધેડાવાળો કામ કરતો. આ વેલજી હતો તો ફક્ત ત્રણ ગધેડાંનો માલિક, પણ જાણે રાજકોટ-આખાનાં ૫૦% ગધેડાં એની પાસે હોય એવો એના રૂઆબ. પોતે લગ્ન નહોતાં કર્યા. એટલે કોઈ સંતાન નહોતું, પણ ત્રણે ગધેડાંને પોતાના સંતાનની જેમ રાખે. સવારે ૯-૩૦ વાગ્યો પાણકોરાનું મોટું સફેદ ખમીસ અને લેંઘો, માથે એવું જ સફેદ ફાળિયું, મોઢામાં બીડી, પગમાં મજબૂત બૂટ, હાથમાં નેતરની સોટી. હારે ત્રણ ગધેડાં અને બપોરના ભાતનો ડબ્બો - આટલા વૈભવ સાથે રૂઆબભેર આવે.

સવારે આવે ત્યારે ગઈ કાલનું કોઈ ભારણ નહીં. આવતી કાલની ચિંતા નહીં અને આજનો સંપૂર્ણ ભરોસો જાણે ઉપરવાળા ઉપર હોય એવા ભાવથી આવે. આખો દિવસ પોતે જ પોતાનો બાદશાહ હોય એવી રીતે વ્યવહાર કરતો વેલજી પોતાને કામે લાગી જાય. કોઈ લપ્પનછપ્પન નહીં. અને બાકીના કારીગરો, મજૂર કે દાડિયા સાથે 'કાં, કેમ છો?' ના મીઠા સંબંધ સાથે પોતે પોતાના કામની મસ્તીમાં કામ કરતાં કરતાં હળવા સાદે હંમેશાં કાંઈ ને કાંઈ ગણગણતો જ હોય.

એકવાર આવી જ રીતે કોઈક દુહા જેવું લલકારતાં - લલકારતાં કામ કરતો મેં એને સાંભળ્યો. મારાથી રહેવાયું નહીં. મેં પૂછ્યું, 'વેલજી, શું ગાઈ રહ્યો છે?'

તેણે કહ્યું, 'શેઠ, પાંજો મેકરણડાડો વો ને, એની જો દુવો આય.' (આપણો મેકરણડાડો હતો ને, એનો દુહો છે.) મેં કહ્યું, 'મેકરણડાડો કચ્છવાળો તો નહીં ને - જેને લાલિયો ગધેડો અને મોતિયો કૂતરો હતા. જેઓ કચ્છના રણમાં ભૂલા પડેલા મુસાફરોને મદદ કરતા?' મારું મોસાળ કચ્છ-માંડવી એટલે મને મેકરણડાડા વિશે થોડીઘણી ખબર હતી.

આ સાંભળી જાણે પોતાને કોઈ આપ્તજન મળ્યું હોય એમ હાથની સોટી એક બાજુ ફેંકીને બીડીનો કસ લેતો, પલાંઠી વાળીને મારા સામે બેસીને કહે, 'તડે શેઠ, પાંજી ભરાભર જમંધી!' (તો તો શેઠ, આપણી બરાબર જામશે!) આમ બોલીને કામ પડતું મૂકીને તે મારી સાથે વાતે વળગ્યો. અમે મેકરણડાડા, તેમની ઈશ્વર પરસ્તી, તેમની સેવાવૃત્તિ અને લાલિયા ગધેડા અને મોતિયા કૂતરા દ્વારા કચ્છના બળબળતા રણની રેતીમાં ભૂલા પડેલાં મુસાફરોની તેઓ સેવા કરતા તે વિગતો, તેમના અન્ય અનુયાયીઓની સમર્પણભાવના, પોતે પછાત હોવા છતાં સર્વ ધર્મ તરફની તેમની સમભાવના અને તત્કાલીન કચ્છના સમાજ વિશે તેની સમજણ પ્રમાણે મારી સાથે અડધી કલાક વાતચીત કરી.

ધર્મના બધા જ્ઞાન અને નીતિની સંપૂર્ણ સમજને આચરણમાં મૂકેલ આ વેલજી હરિજન મને આપણા બધા કહેવાતા અને સાચા સાધુ-સંતો-ભક્તો અને સદગૃહસ્થો કરતાં ક્યાંય ઊંચી કક્ષાએ પહોંચેલો લાગ્યો.

મેં તને પૂછ્યું, 'વેલજી, બાલબચ્ચાં છે?' તો કહે, 'શેઠ એ પળોજણમાં કોણ પડે? આપણે લગ્ન ક્યાં કર્યા છે કે બાલબચ્ચાની ઉપાધિ હોય? અને આ ત્રણ કંધોતર છોકરા છે ને! મારી શી ચિંતા છે?' એમ કહીને ત્રણે ગધેડાં તરફ અહોભાવથી તેણે હાથ ચીંધ્યો. આ શબ્દો જ્યારે તેના મોઢેથી સાંભળ્યા અને તેમના મોઢાના ભાવ વાંચ્યા, ત્યારે કચ્છનો મેકરણ ડાડો તેમના લાલિયા ગધેડા અને મોતિયા કૂતરા સાથે કેવો વ્યવહાર કરતો હશે એનો સાક્ષાત્કાર થયો અને સાથોસાથ 'સંસ્કાર કાઈની ઠેકદારી નથી' એ વાતને ચરિતાર્થ કરતા કવિશ્રી ભગીરથ બ્રહ્મભટ્ટની પંક્તિઓ યાદ આવી ગઈ.

*'કુરાનમાંથી કૃષ્ણને ગીતામાંથી ખુદા, માનો તો મક્કાથી રામ નીકળે છે.*
*પ્રત્યેક વ્યક્તિને સમજો જો તીર્થ, ઊભા હો ત્યાંથી ધામ નીકળે છે.'*

**– રસિક મહેતા (પારેખ)**


પંચગની હવાફેર
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવાફેર કરવા પધારો.
શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709

Estd. 1955
Laxmichand Dharshi
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
H.O. : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
L. D. Yard (Jasai, JNPT) : 6522 3399

સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

**★ વાગડમાં જીરાના ૧૦૦ કરોડના પાકના ધોવાણની ભીતિ :** ચાલુ સાલે પાછોતરો વરસાદ ન થવાથી વાગડના ખેડૂતોએ વાવેલ ૧૦૦ કરોડનો જીરાનો પાક નિષ્ફળ જાય તેમ છે. ખેડૂતોની માંગ છે કે નર્મદા નહેરમાં પાણી વહેવડાવી પાકને બચાવવા પ્રયત્ન કરવામાં આવે. જે માટે ફતેહગઢથી ગાગોદર બ્રાંચ કેનાલ પર આવતા ગામો તથા નર્મદાની કચ્છની મેઈન કેનાલ પર આવતા ગામો દ્વારા વાવેલ જીરાના પાકને જીવતદાન મળી જાય.

**★ ભુજના હમીરસર તળાવમાં અતિ દુર્લભ બતક નીલશિરનું આગમન :** પ્રકૃતિ પ્રેમીના લાડલા હમીરસર તળાવ, પાણીની ઓછી આવકને કારણે એક નાનકડા તળાવ જેવું બની ગયું છે. આવા તળાવમાં લગભગ ૪૦ જેટલા પક્ષીઓ કાળઝાળ ગરમી વચ્ચે મોજથી ઘૂમી રહ્યા છે. આવા પાણીમાં ખોરાક મેળવવા છેક કાશ્મીરથી ઉડીને અહીં અતિ દુર્લભ અને અતિશય રૂપાળી બતક 'નીલશિર' ચાર જેટલી સંખ્યામાં વિચરી રહી છે. 'નીલશિર'નું ચમકતું લીલું માથું, પીળી ચાંચ અને સફેદ ગલપટો સુંદર લાગે છે. તેનું સુંદર સ્વરુપ ફોટોગ્રાફર્સને મજા જાય તેવું છે.

**★ એક જ હેતુ માટે રૂા. ૨૦ કરોડનું દાન :** મૂળ ફોટડી (કચ્છ)ના અને હાલે મોમ્બાસા વસતા હસુભાઈ કાનજી ભુડિયા પરિવાર તરફથી અમદાવાદમાં અભ્યાસ માટે આવતી કચ્છી દીકરીઓના આવાસ, ભોજન, છાત્રાલય માટે ૨૮ ફ્લેટ ધરાવતા સાત માળના બિલ્ડિંગ માટે રૂા. ૨૦ કરોડનું દાન સમાજમાં સુવર્ણ અક્ષરે લખાશે તેવો ભાવ પટેલ ચોવીસીના સમાજે, સંતોએ વ્યક્ત કર્યો હતો. સમસ્ત પરિવાર વતી હસુભાઈ ભુડિયાએ માતા વેલીબેન કાનજી ભુડિયા કન્યા અને કુમાર સેવા સદન મોમ્બાસા (કેન્યા) નામકરણ સાથે આ દાન અપાયું છે. જેમાં ૩૨૫ કન્યાઓ, ૩૦૦ કુમાર અને ૧૨૦ ઉતારુ મળી કુલ ૭૪૫ વ્યક્તિઓ એક સાથે સગવડ પામશે. આ અંગે અમદાવાદ તથા કચ્છના પટેલ સમાજે તેમનો આભાર માન્યો હતો.

**★ 'નર્મદા લાવો - કચ્છ બચાવો' અભિયાનની મહાસભા :** નખત્રાણા (કચ્છ) ખાતે રૂડી સતીમાતા મંદિરની સામેના મેદાનમાં ભારતીય કચ્છ કિસાન સંઘ દ્વારા આયોજિત મહારેલી મહાસભામાં કચ્છમાં નર્મદા નીર લાવવા દ્રઢ સંકલ્પ કરવાની ઘોષણા કરવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી લખમશીભાઈ પૂંજા છાભૈયાએ જણાવ્યું હતું કે પક્ષાપક્ષીથી દૂર રહી રાજકારણના ઝભ્ભા ઉતારી એકી અવાજે કચ્છને તાત્કાલિક નર્મદાના વધારાના નીર મળે તે માટે સંગઠિત થઈ બુલંદ અવાજ ઉઠાવવો પડશે.

**★ ભુજ શહેરનો ૪૭૧મો સ્થાપના દિન ઉજવાયો :** હમીરસર તળાવ, ભુજિયો ડુંગર, છતરડી, પ્રાગમહેલ, રામકુંડ, ફતેહ મહમદના ખોરડા સહિતનો ઐતિહાસિક વારસો ધરાવતા ભુજ શહેરનો તા. ૧૨-૧૨-૨૦૧૮ના રોજ ૪૭૧મો સ્થાપના દિન હર્ષોલ્લાસ સાથે ઉજવાયો હતો. પ્રથમ નાગરિક એવા સુધરાઈના પ્રમુખ લતાબેન સોલંકીએ જ્યાં પ્રથમ ખિલ્લી ખોડાઈ હતી, તે દરબારગઢ ખાતેના સ્થળે ખિલ્લી પૂજન કર્યું હતું. શહેરની શાળાના બાળકોએ આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

**★ કચ્છનો ખેલાડી આઈ.પી.એલ.માં પસંદગી પામ્યો :** તા. ૧૮-૧૨ના રોજ જયપુર ખાતે યોજાયેલ આઈ.પી.એલ. ૨૦૧૯ માટે ખેલાડીઓની યોજાયેલી હરાજી દરમિયાન કિંગ્સ ઈલેવન પંજાબે કચ્છમિત્ર કપમાં ૨૦૧૧માં મેન ઑફ ધી સીરીઝ રહેલ ગાંધીધામના અગ્નિવેશ ચંદ્રશેખર અયાચીને ૨૦ લાખની બેઝ પ્રાઈઝમાં ખરીદેલ છે. ■

*કોઈનો સાથ એવું માનીને છોડી ન દેતા કે એની પાસે હવે કાંઈ રહ્યું નથી તમને દેવા માટે... પરંતુ એવું માનીને સાથ નિભાવજો કે એની પાસે ગુમાવવા જેવું હવે કંઈ બાકી રહ્યું નથી – માત્ર તમારા સિવાય.*

તીર્થ પટ

**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# વયસ્ક સમિતિ

**તા. ૧૮-૧૨-૨૦૧૮ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાયેલ કાર્યક્રમની તસવીરી ઝલક**



*બર્થડે કેક કાપતા શ્રી પ્રતાપભાઈ દંડ પરિવાર.*
*તેમની સાથે શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) પરિવાર*



*શ્રીમતી કંચનબેન અને નરેન્દ્ર હરિલાલ સંઘવીનું બહુમાન કરતા*
*શ્રી રમણિકલાલ ગોસર, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી પ્રદીપ મહેતા*



*શ્રીમતી સરલાબેન ચંદ્રકાંત દામજી શાહ (વચ્ચે)નું બહુમાન કરતાં*
*શ્રીમતી મીરા પ્રતાપ દંડ (ડાબે) અને પ્રભાબેન કાંતિલાલ સાવલા (જમણે)*



*કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલા વર્ગ*



*સૂર-સંગીતના તાલે સૌને ડોલાવતા*
*ગાયક કલાકાર શ્રી રાજેશ પરીખ અને અપર્ણાબેન ભટ્ટ*



*ડૉ. શિલ્પાબેન તોશ્નીવાલ*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા. ૧,૧૧,૧૧૧/- સ્વ. અમીતાબેન ભોગીલાલ વેલજી મહેતા (દૂધઈ - કચ્છ)ના સ્મરણાર્થે કાયમી તિથિ (૬ ડિસેમ્બર) હ. શ્રી મેહુલ ભોગીલાલ મહેતા

રૂા. ૧,૦૦૦/- શ્રીમતી કાંતાબેન કાનજી મુનવર - મુંબઈ

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૨,૫૦૦/- ગોલ્ડન એન્ટરપ્રાઈઝ - હૈદ્રાબાદ

રૂા. ૧,૦૦૦/- શ્રી મહેન્દ્ર મોતીલાલ વસા પરિવાર તરફથી (પૌત્રી ચિ. અદિતિ નીરવ વસાને ધોરણ-૧૦માં સારું પરિણામ પ્રાપ્ત થયાની ખુશાલીમાં)

રૂા. ૧,૦૦૦/- શ્રી વિજયભાઈ શાહ - અમદાવાદ

રૂા. ૧,૦૦૦/- શ્રી દર્પણ જિતેન્દ્ર શાહ - અમદાવાદ

રૂા. ૧,૦૦૦/- શ્રી પૃથ્વીભાઈ શાહ - ગાંધીનગર

રૂા. ૧,૦૦૦/- શ્રી ભગીરથભાઈ શેઠ - ચેન્નાઈ

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૨૫,૦૦૦/- ફોરમ ભાવિન મહેતા - મુંબઈ

રૂા. ૫,૦૦૦/- શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ

### તબીબી સહાય ખાતે

રૂા. ૧૫,૦૦૦/- સ્વ. સીતાબેન ડાહ્યાભાઈ ફડિયા ચેરિ. ટ્રસ્ટ - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- જ્યોતિબેન ગંગારામ જુલાની - અમદાવાદ

રૂા. ૨,૬૦૦/- ગોલ્ડન એન્ટરપ્રાઈઝ - હૈદ્રાબાદ

રૂા. ૫૦૦/- શ્રી નલિનભાઈ શાહ - હૈદ્રાબાદ

### મંગલ મંદિર ભેટ ખાતે

રૂા. ૧,૦૦૦/- શ્રી મહેન્દ્ર મોતીલાલ વસા પરિવાર તરફથી (પૌત્રી ચિ. અદિતિ નીરવ વસાને ધોરણ-૧૦માં સારું પરિણામ પ્રાપ્ત થયાની ખુશાલીમાં)

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## સરનામા ફેરફાર

- **નવીનચંદ્ર વાડીલાલ મહેતા**
  બી-૨૦૪, શ્યામ એલિગન્સ,
  રાહુલ ટાવર ચાર રસ્તા પાસે, આનંદ નગર રોડ,
  સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## ટેલિફોન નંબર ફેરફાર

- **હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા)**
  જૂના નંબર : (૦૭૯) ૨૬૬૦ ૧૦૭૦
  નવા નંબર : (૦૭૯) ૨૬૬૦ ૪૪૭૦

## પુત્રી જન્મ

- **રવિવાર, તા. ૨-૯-૨૦૧૮**
  **ચિ. વીઆના વૃતિકા ધવલ કલ્યાણજી રવજી રાંભિયા (રામાણિયા - અમદાવાદ - ઑસ્ટ્રેલિયા)**

## અવસાન નોંધ

- **સોમવાર, તા. ૧૭-૧૨-૨૦૧૮**
  **શ્રીમતી સુશીલા શાંતિલાલ વશનજી શાહ (વારાપધ્ધર - અમદાવાદ)**
- **મંગળવાર, તા. ૨૫-૧૨-૨૦૧૮**
  **શ્રી અમૃતલાલ પ્રેમજી ગડા (મોટા આસંબિયા - લીમડી)**

*સદ્‌ગતશ્રીઓના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના...*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ધ્વજવંદન કાર્યક્રમ : જાહેર આમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આપણા દેશના ૬૯મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવા જઈ રહ્યો છે. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પ્રાંગણમાં તા. ૨૬-૧-૨૦૧૯ને શનિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે **શ્રી મુકુલભાઈ શેઠ** (સિનિયર આર્કિટેક્ટ)ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવશે. દરેક સભ્યે સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

ધ્વજવંદનના કાર્યક્રમ બાદ અલ્પાહાર રાખવામાં આવેલ છે.

સમાજના સર્વે સભ્યોને ઉપરોક્ત કાર્યક્રમમાં પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે.

**હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## ॥ क्षमा वीरस्य भूषणम् ॥

ઈશ્વરે આપણને સૌને એક અદ્‌ભુત વરદાન આપ્યું છે અને તે છે માફી માંગી શકવાની શક્તિ અને માફ કરી દેવાની શક્તિ.

પણ ખાટલે મોટી ખોડ એ છે કે માફી એવી અદ્‌ભુત ચીજ છે, જે આપવી અને માંગવી બંને એકસરખી અઘરી પડે છે.

ગમતા પાત્ર આગળ લાગણીનો એકરાર કરવામાં આખી જિંદગી વહી જાય તેમ મોટાભાગે માફી માંગવામાં પણ આખો જન્મારો નીકળી ગયાના દાખલા છે.

કોઈકે જોઈ લીધેલા અપકર્મનો એકરાર કરવામાં ઈગો હર્ટ થાય છે પણ માત્ર ઈશ્વર સાક્ષીએ કરેલા અપકર્મને કે ભૂલને જ્યારે સામેથી સરે જાહેર કરીને માફી માંગીએ છીએ ત્યારે અજબ શાંતિ અને સંતોષનો અનુભવ થાય છે.

માફી માંગવાથી સંબંધ અને સ્વાસ્થ્ય સુધર્યાના દાખલા તો છે જ પણ માફી ના આપવાથી બંને બગડ્યાના પણ દાખલાઓ છે.

ભલે અંગ્રેજીમાં કહેવાતું હોય કે "Forgive n Forget" પણ મોટાભાગના લોકો I will forgive you but will never forget youના બેધારા ત્રાજવે જીવતા હોય છે.

માફી માંગવા કરતાં માફી આપવામાં વધારે ફાયદો છે એ અનુભવસિધ્ધ છે. જરૂર છે તો માત્ર આ પ્રક્રિયાને સરળ બનાવવાની.

કઈ રીતે ઈગોને વચ્ચે લાવ્યા વગર માફી માંગીને કે આપીને જીવનને વધારે સમૃધ્ધ બનાવી શકાય તે અંગેનો ૨ કલાકનો એક સેમિનાર એક્સેલર્સ ફાઉન્ડેશન અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે તા. ૧૯ જાન્યુઆરીના રોજ રાત્રે ૮.૨૯ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે. જેના સ્પીકર છે શ્રી રાહુલ જૈન કે જેઓ આદર્શ ક્રેડિટ સોસાયટીના ડેપ્યુટી મેનેજર છે.

આપ સૌ કચ્છી માડુઓને આ કાર્યક્રમમાં પરિવાર, પાડોશી અને મિત્રો સાથે પધારવા હાર્દિક નિમંત્રણ છે.

*એક વાત જાણી લો કે :*

*કંજૂસાઈ એ કરકસર નથી, ઉડાઉપણું એ ઉદારતા નથી અને આળસ એ કંઈ આરામ નથી.*

## એપ્ટિટ્યૂડ ટેસ્ટ

તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ "એપ્ટિટ્યૂડ ટેસ્ટ" રાખવામાં આવેલ છે. તો જે વિદ્યાર્થીઓ ધોરણ ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨મા ધોરણમાં ભણે છે, તેઓ પોતાનું નામ નોંધાવી શકે છે. આ ટેસ્ટ "માર્ગ કાઉન્સેલિંગ સેન્ટર", એમ.એસ. યુનિવર્સિટી - વડોદરાની સંલગ્ન સંસ્થા દ્વારા સંચાલિત રહેશે. આ ટેસ્ટની રજિસ્ટ્રેશન ફી રૂા. ૩૦૦/- (ફક્ત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો માટે) રહેશે.

કેરિયર બનાવવા માટે ધોરણ-૧૦ કે ૧૧-૧૨ના બદલે જો બાળકો બને એટલા વહેલા પોતાનામાં રહેલી શક્તિને પીછાણે, પોતાને શું ગમે છે? પોતાને આગળ જતાં ભવિષ્યમાં શું બનવું છે? જેટલું વહેલું જાણી શકશે તો સારી રીતે આગળ વધી શકશે. આથી બાળક ધોરણ-૮ થી જ પોતાના ગમતા ફિલ્ડને નક્કી કરી શકે તે માટે આ ટેસ્ટ ખૂબ મદદરૂપ બની શકે છે.

જો આપ આ વાંચી રહ્યા છો અને ધોરણ-૮થી ૧૨ના બાળકોના વાલી છો, તો ખાસ ધ્યાન રાખીને આપના પાલ્યને ટેસ્ટ માટે મોકલશો. રજિસ્ટ્રેશન વહેલા તે પહેલાના ધોરણે કરાવી શકાશે.

*સંપર્ક :*

*ગુંજલ શાહ : ૯૦૯૯૯ ૮૧૩૭૩*
*નેહા શાહ : ૯૪૨૮૧ ૦૪૮૪૪*
*નમ્રતા દોશી : ૯૮૭૯૪ ૪૧૪૮૮*
*દેવેશ દંડ : ૮૯૮૦૪ ૬૦૮૨૦*

***કન્વીનર - ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### મેડિકલ સેન્ટર - પાલડી

## રેટિના સ્ક્રીનિંગનો નિઃશુલ્ક કેમ્પ

ખાસ કરીને ડાયાબિટીસના દર્દીઓ તથા આંખના પડદાની તકલીફવાળા દર્દીઓ માટે રેટિના સ્ક્રીનિંગનો કેમ્પ મંગળવાર, તા. ૨૨-૧-૨૦૧૯ના રોજ બપોરે ૧૨ થી ૨ દરમિયાન મેડિકલ સેન્ટર - પાલડી ખાતે રાખવામાં આવેલ છે.

તકલીફવાળા દર્દીઓને લાભ લેવા વિનંતી.

***— કન્વીનર, મેડિકલ સમિતિ***

# સુંદર આરાધના અને ભાવમય સાથે શ્રી સમેતશિખરજી યાત્રા સંપન્ન

## રમણિકભાઈ ગોસર અને મણિબેન ગાલાએ ૨૭ કિ.મી.ની પગપાળા યાત્રા શ્રધ્ધાપૂર્વક કરી

જૈનોનું સર્વોપરી તીર્થ સમેત શિખરજી શૈલ સમતાચલ, સમેત ગિરિ, સમિદ ગિરિ, સમાધિગિરિ, મલ્લ પર્વત, શિખરજી આદિ નામોથી અગાઉ ઓળખવામાં આવતું હતું. હાલ આ તીર્થ શ્રી સમેત શિખરજી અને પારસનાથ હિલથી ઓળખાય છે.

અતીત ચોવીસીના કેટલાય તીર્થંકરો આ પવિત્ર પાવનભૂમિમાં મોક્ષ પામ્યા છે. વર્તમાન ચોવીસીના વીસ તીર્થંકરો આ પાવન ભૂમિમાં અનેક મુનિઓ સાથે કઠિન તપશ્ચર્યા કરી મોક્ષે સિધાવ્યા છે. જ્યારે અન્ય ચાર તીર્થંકરોમાં પ્રથમ શ્રી ઋષભદેવ અષ્ટાપદ ઉપર, બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામી પાવાપુરીમાં, બાવીસમા તીર્થંકર નેમનાથ ગિરનારજી ઉપર અને ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી પાવાપુરીમાં મોક્ષે સિધાવ્યા છે. સમેત શિખરજી તીર્થના મહિમાનું વર્ણન કરીએ તેટલું ઓછું છે. ત્યાંનો મહિમા દરેક તીર્થમાળામાં, સ્તવનો આદિમાં ગવાય છે.

આવા મહાન અને સર્વોપરી તીર્થ શ્રી સમેત શિખરજીની યાત્રાનું આયોજન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિના નેજા હેઠળ તા. ૪-૧૨-૨૦૧૮થી તા. ૧૫-૧૨-૨૦૧૮ દરમિયાન ખૂબ સુંદર રીતે કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં સમાજના પરિવારમાંથી ૧૯ સભ્યો સામેલ થયા હતા.

અમદાવાદથી શિખરજી, ઋજુવાટિકા, ભાગલપુર, લચ્છવાડ (ક્ષત્રિયકુંડ), ગુણિયાજી, પાવાપુરી, રાજગિરી, વિરાયતન, કુંડલપુર, ચંદ્રપુરી, શૌર્યપુરી, ભેલપુર, ભદૌની વગેરે તીર્થોની ખૂબ ભાવમય અને શાંતિપૂર્વક યાત્રા, ટૂરમાં સામેલ સૌ યાત્રિકોએ કરી હતી. અનેક તીર્થંકરોએ આ ભૂમિના કણેકણને પોતાના ચરણ કમળોથી સ્પર્શ કર્યા છે. આ રીતે ત્યાંની પાવન બૂમિ મહાન, પવિત્ર અને પૂજનીય છે. શિખર ઉપર પહોંચતા જ ૩૧ ટૂંકોના અલૌકિક દર્શન થાય છે. ત્યાંની ભૂમિના દર્શન માત્રથી સૌ યાત્રિકોના આત્મા પ્રફુલ્લિત થઈને પ્રભુના સ્મરણોમાં લીન થઈ ગયા હતા. યાત્રા દરમિયાન ૫૬ કલ્યાણકના ભવ્ય દર્શન થયા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી રમણિકભાઈ ગોસર તથા સમાજ પરિવારના અન્ય સભ્ય મણિબેન ગાલાએ લગભગ ૨૭ કિ.મી.ની ઉપરોક્ત યાત્રા પગપાળા કરીને મનશાંતિની અનુભૂતિ કરી હતી. ચઢાણ સાધારણ કઠિન હોય છે પરંતુ શ્રધ્ધા અને સત્કાર્ય આવા અમૂલ્ય અવસરે કામ કરી જાય છે.

યાત્રા દરમિયાન અર્હમ્ ટૂર-ટ્રાવેલ્સના સર્વશ્રી ભદ્રેશભાઈ છેડા તથા મયૂરભાઈ દ્વારા ખૂબ સારી વ્યવસ્થા કરવામાં આવી હતી.

યાત્રા-ટૂરનું સર્વાંગી સુંદર આયોજન ડૉ. કેતન શાહ તથા સમિતિના અન્ય સભ્યશ્રીઓને આભારી હતું.

*રજૂઆત : રમણિકલાલ કે. ગોસર*

# સદાબહાર વયસ્ક સમિતિ દ્વારા ફિલ્મી ગીતો સાથેના ધમાકેદાર કાર્યક્રમની • પ્રસ્તુતિ રંગ લાવી •

સમિતિ તરફથી તા. ૧૮-૧૨-૨૦૧૮ના રોજ એક રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના દિવસે જોગાનુજોગ સમાજના પ્રમુખશ્રી અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રતાપભાઈ દંડની અને સહમંત્રી શ્રી પ્રદીપભાઈ મહેતાની વર્ષગાંઠ હતી. સોનામાં સુગંધ ભળે તેમ શ્રી પ્રતાપભાઈ દંડે તેમની પ્લેટિનમ જ્યુબિલી પૂર્ણ કરી હતી. ૭૫ વર્ષ પૂર્ણ કરનાર પ્રમુખશ્રીની વરસગાંઠ ઉજવવાનો અમૂલ્ય અવસર વયસ્ક સમિતિને પ્રાપ્ત થયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં કન્વીનર શ્રી રજનીકાંત પારેખે સૌને આવકાર્યા હતા. ત્યારબાદ હાઉસીની રમત રમાડવામાં આવી હતી.

હિંદી ફિલ્મ જગતનાં ૨૬ જુદા જુદા ગાયક કલાકારના અવાજના બેતાજ બાદશાહ શ્રી રાજેશ પરીખે તેમના સહ ગાયક શ્રી અર્પણાબેન ભટ્ટ સાથે સંગીતની મહેફિલ શરૂ કરી હતી. બરાબર પાંચના ટકોરે શ્રી પ્રતાપભાઈ દંડની કામગીરી તેમજ જીવન ચરિત્ર અંગે એક ટૂંકી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી પ્રતાપભાઈ દંડ અને પ્રદીપ મહેતાએ કુટુંબીજનો સાથે કેક કાપીને જન્મ દિવસ ઉજવ્યો હતો.

ફરીથી ગીત-સંગીતનો દોર ચાલ્યો. ગાયક કલાકારો રાજેશ પરીખ, અર્પણા ભટ્ટ તથા ડૉ. શિલ્પાબેન તોશ્નીવાલે સૂર-સંગીતના તાલે સૌને ડોલાવ્યા.

કાર્યક્રમના અંતે મનભાવતા ભોજનને ન્યાય આપી સૌ છૂટા પડ્યા હતા.

આજના કાર્યક્રમ માટે શ્રી નરેન્દ્ર હરિલાલ મકનજી સંઘવી તરફથી રૂા. ૨૫,૦૦૦/- તથા શ્રીમતી સરલાબેન ચંદ્રકાંત શાહ તરફથી રૂા. ૫,૦૦૦/-ની સ્પોન્સરશિપ મળી હતી. કાર્યક્રમ દરમિયાન બંને દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

શ્રી પ્રતાપભાઈ દંડ તરફથી તેમની પ્લેટિનમ જન્મ દિવસની વર્ષગાંઠ નિમિત્તે કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક પરિવારને એક આકર્ષક ભેટ આપવામાં આવી હતી.

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-૭૬)*

## ઊડતી નજરે....

**માસ નવેમ્બર-૨૦૧૮ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.............** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............. | ૧૦,૮૩૫ |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............. ૪૯૬ | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ............. ૪૭ | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............. ૧૪ | |
| | ● | સોનોગ્રાફી ............. ૧,૦૧૭ | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ............. ૧૯ | |
| | ● | બોડી ચેક-અપ ............. ૩૬૦ | |
| | ● | અન્ય ............. ૮,૮૮૨ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............. ૮૯૭ | ૮૯૭ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............. ૨,૧૪૨ | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............. ૪૭૩ | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... ૪૩૦ | ૩,૦૪૫ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............. ૪૬૯ | ૪૬૯ |
| | | *માસ નવેમ્બર-૨૦૧૮ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .* | ૧૫,૨૪૬ |

*કોઈ ન જોતું હોય ત્યારે આપણે જે રીતે વર્તીએ, તે આપણું સાચું ચારિત્ર્ય.*

## બાળકો માટે ઇનામી નિબંધ સ્પર્ધા


**● બાળ કલ્યાણ સમિતિ ●**

‘મંગલ મંદિર’ના ગત બે અંકોમાં આપેલ વિગત અનુસાર બાળ કલ્યાણ સમિતિ દ્વારા બાળકો માટે ઇનામી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.


*નિબંધ મોકલાવવાની છેલ્લી તારીખ લંબાવીને **તા. ૩૧-૦૧-૨૦૧૯** સુધી રાખવામાં આવી છે.*


***– કન્વીનર, બાળ કલ્યાણ સમિતિ***

# ઘરમાં પુસ્તકાલય ભલે ન હોય, પણ આ પુસ્તકો તો જોઈએ જ !




## તાજેતરમાં ભારતની સાહિત્ય અકાદમીના પુરસ્કારથી સન્માનિત શરીફા વીજળીવાળાનાં વસાવવા જેવાં અને ભેટ આપવા જેવાં પુસ્તકો





| | |
|---|---|
| વિભાજનની વાર્તાઓ(દ્વિતીય આવૃત્તિ પ્રકાશ્ય) | |
| વિભાજનની ગુજરાતી વાર્તાઓ | 175 |
| વ્યથાની કથા | 270 |
| વિભાજનની વ્યથા (મુલાકાતો) | 250 |
| જયંત ખત્રીનો વાર્તાવૈભવ | 160 |
| સઆદત હસન મન્ટો : કેટલીક વાર્તાઓ | 250 |
| જેણે લાહોર નથી જોયું એ જન્મ્યો જ નથી (લે. અસગર વજાહત, નાટક) | 100 |
| સુકાતો વડ (નવલકથા) મંઝૂર એહતેશામની | 250 |
| સંબંધોનું આકાશ (જીવનપ્રેરક) | 100 |
| બાની વાતું (સંસ્મરણો) | 80 |
| શતરૂપા (મા વિષયક) | 250 |
| સરદાર : અસરદાર (રમૂજો) | 10 |
| સન્મુખ (મુલાકાતો) | 240 |

તમારા હૈયે અને કંઠે વસેલાં કેટલાંક ગુજરાતી-હિન્દી કથાકાવ્યોનો આ વૈભવ કદાચ પ્રથમ જ વખત પ્રગટ થઈ રહ્યો છે... તરત જ વસવી લેવા આમંત્રણ છે, આગ્રહ પણ છે.

**ગુજરાતી કથાગીતો**


સંક. જીના વીરેન શેઠ

કિંમત : 300





## ઘેરઘેર વસાવવા જેવા કાવ્યસંગ્રહો


### દુલાભાયા કાગાનાં પુસ્તકો




| | |
|---|---|
| કાગવાણી ભાગ - 1 | 100 |
| કાગવાણી ભાગ - 2 | 120 |
| કાગવાણી ભાગ - 3 | 170 |
| પૌ. કથાનકો અને રૂપકો (કા.વા. 4) | 140 |
| બાવન ફૂલડાંનો બાગ (કા.વા. 5) | 180 |
| ભૂદાનમાળા (કા.વા. 6) | 170 |
| મા (કા.વા. 7) | 125 |
| યોગીમાળા (કા.વા. 8) | 125 |

### દુલેરાય કાલાણીનાં કાવ્યોનાં પુસ્તકો




| | |
|---|---|
| **મિઠે મેરાણ જા મોતીડા [1-2 સંયુક્ત]** *કચ્છી સુભાષિતોની અત્તરક્યારીઓ* | 275 |
| **રસાલો શાહ અબ્દલતીફ ભિટાઈ જો** *કચ્છી કવિની કલમે પ્રેમીપાત્રોનાં ચરિત્રકાવ્યો* | 250 |
| **શાયર નઝીર અકબરાબાદી** *એક કચ્છી શાયરનો કાવ્યવૈભવ* | 250 |
| **સાર્થ કચ્છી કહેવતો** *કચ્છી કહેવતોનો કુબેરભંડાર* | 220 |
| **કચ્છી પિરોલી** *ઉખાણાં-ઉક્તિઓમાં ઉભરાતું જીવનદર્શન* | 130 |
| **કચ્છડો બારે માસ** *કચ્છી લોકસાહિત્યના ધબકારા* | 400 |

### અન્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| પ્રત્યંચાનો કંપ | ધીરેન્દ્ર મહેતા | 125 |
| શબ્દે-શબ્દે શાયરી | સંપા. બીના શાહ | 180 |
| ઈતની શક્તિ હમેં દેના દાતા... (પ્રાર્થનાઓ) | સંપા. દેવેન્દ્ર સી. ભટ્ટ | 60 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્‌લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com


વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ નેટવર્ક
બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

દરેક દર્દીને "ની રીપ્લેસમેન્ટ" ની જરૂર નથી

# માઈક્રોપ્લાસ્ટી



આધુનિક અભિગમ

- ઓછી પીડા - ઓછો હોસ્પિટલ સ્ટે - ઓછો રક્તસ્રાવ - ઓછી ફીઝીયોથેરાપી - ઓછો ખર્ચ
- વધુ કુદરતી અનુભવ - વધુ સલામત - વધુ સંતોષ - વધુ ફ્લેક્સીબીલીટી - વધુ સ્ટેબીલીટી



## ડૉ. હેમાંગ બી. અંબાણી

M.B.M.S

**જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન**

**નિષ્ણાંત, માઈક્રોપ્લાસ્ટી, પ્રાઈમરી એન્ડ રીવીઝન ની રીપ્લેસમેન્ટ સર્જરી**

ફેલો એટલાન્ટા એન્ડ ઈન્ડીયાનાપોલીસ યુ.એસ.એ., વુઝબર્ગ જર્મની, બ્રેશીયા ઈટાલી

**ડૉ. અમીર સંઘવી**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. યુ.કે.

**ડૉ. ચિરાગ પટેલ**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની

**ડૉ. અતીત શર્મા**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની. યુ.એસ.એ

Shivam
Orthopaedic Hospital
& Joint Replacement Centre

Shree
Orthocare
Strength in Togetherness

SAL
HOSPITAL
Healthcare With Human Touch

E-mail : h_amani@hotmail.com
Website : www.hemangambani.com I www.shivamhospitalinfo.co I www.shreeorthocare.com
એપોઈન્ટમેન્ટ : ૦૭૯-૨૬૩૦૧૯૮૬, ૨૬૩૦૮૯૭૬, ૦૯૪૨૮૫૯૫૩૦૨, ૯૮૨૪૦૩૩૩૬૦

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

